સંસ્કૃત અનુવાદ સહિત

મહાવીર-વાણી

મુનિશ્રી પુણ્યવિજયજીના હાર્દિક સદ્‌ભાવ

ડૉ. બાબુ ભગવાનદાસજી કાશીવાળાની પ્રસ્તાવના

માનનીય શ્રી વિનોબાભાવેના પુરોવચન

માનનીય સ્વામી શ્રી આનંદની વીતકોની વીતી રાત

તથા

કવિ શ્રી ઉમાશંકર જોશીના કરુણાનું અમૃત

સાથે

સંપાદક

અધ્યાપક બેચરદાસ દોશી



શ્રી તારાચંદ વચ્છરાજ ટ્રસ્ટની આર્થિક સહાયથી

પ્રકાશક

મનસુખલાલ તારાચંદ મહેતા

(૧૯૬૫ એપ્રીલ)

૧ લી આવૃત્તિ મૂળ અને હિંદી અનુવાદ સહિત ૨૦૦૦ નકલ
(પ્રકાશક દિલ્લી સસ્તા સાહિત્ય મંડળ) ૧૯૪૨

૨ જી આવૃત્તિ માત્ર હિંદી અનુવાદ ૨૦૦૦ નકલ
(પ્રકાશક ચિરંજીલાલજી બડજાતે વર્ધા) ૧૯૮૨

૩ જી આવૃત્તિ મૂળ અને હિંદી અનુવાદ સહિત ૨૦૦૦ નકલ
(પ્રકાશક ભારત જૈન મહામંડળ વર્ધા) ૧૯૫૦

૪ થી આવૃત્તિ મૂળ અને હિંદી અનુવાદ સહિત ૨૦૦૦ નકલ
(પ્રકાશક ભારત જૈન મહામંડળ વર્ધા) ૧૯૫૩

૫ મી આવૃત્તિ મૂળ અને ગુજરાતી અનુવાદ
તથા તુલનાત્મક અને વિવેચનાત્મક
ટિપ્પણ સહિત ૧૦૦૦ નકલ
(પ્રકાશક મનસુખલાલ તારાચંદ મહેતા મુંબઇ)
૧૯૫૮

મૂલ્ય રૂા ૭-૫૦ પૈસા (પોસ્ટેજ સાથે)

પ્રકાશક	મુદ્રક
મનસુખલાલ તારાચંદ મહેતા	અંબાલાલ હીરાલાલ પટેલ
૧૧, પારસી બજાર સ્ટ્રીટ,	એન એમ પ્રિન્ટિંગ પ્રેસ,
શારદા સદન કોટ, મુંબઈ-૧	ઢબગરવાડ, અમદાવાદ

महावीरे चिंध्यो मार्ग
आजे तो अछतो वन्यो,
आपीने प्राण पोताना
छतो जेणे फरी कर्यो.
एवा श्रीगांधीजी संत
आ काळे अरिहंत शा,
साचक छो तमे पुत्र
तेमना वारसा-रखू.
गांधी-वीरे चिंधी वाटे
सर्वनुं श्रेय इच्छता
एवा विनोबा भावे ने
श्रद्धा भक्त्या समर्पण.

वेचरदास

પૈસાવાળાઓ પોતાનો પૈસો અને તેને લીધે મળતી સત્તા એ બન્ને વસ્તુ આપમેળે રાજીખુશીથી છોડી દઈ સર્વના કલ્યાણ માટે બધાની સાથે મળીને વાપરવા તૈયાર નહી થાય તો હિંસક તેમજ ખૂનખાર ક્રાંતિ થયા વિના રહેવાની નથી એમ ચોક્કસ સમજવું

ગાંધીજી

આપણો માનવ સમાજ શોષણવિહીન અને શાસનમુક્ત બને એવી ભગવાનની સ્પષ્ટ ઇચ્છા છે મારુ સૌને આહ્વાન છે કે જેના જીવનમા કંઈક સત્ત્વ હોય, જેના શરીરમા પ્રાણ હોય, જેની બુદ્ધિમા વિવેક હોય તે સૌ આ ભૂદાનયજ્ઞના કામમા કૂદી પડો અને ભગવાનના આશીર્વાદ લો

વિનોબાજી

વિષયસૂચી

વિષય	પૃષ્ઠ
ટિપ્પણમાં વાપરેલાં પુસ્તકો અને તેનાં સંકેતોની સમજણ	
તાજું સંપાદકીય તથા પ્રકાશકીય	
આગમ પ્રભાકર શ્રી પુણ્યવિજયજીનો હાર્દિક સદ્ભાવ	
કવિશ્રી ઉમાશંકર જોશીનું કરુણાનું અમૃત	
પૂ. વિનોબાજીનું પુરોવચન	
ડૉ. બાબુ ભગવાનદાસની પ્રસ્તાવના	
સ્વામી આનંદની વીતકોની વીતી રાત	
પ્રકાશકનું નિવેદન	
સંપાદકીય	
શ્રમણભગવાન મહાવીર (ચિત્ર અને જીવન)	
(૧) શુદ્ધિપત્રક	
૧ મંગલસૂત્ર	૧
૨ ધર્મસૂત્ર	૧૦
૩ અહિંસા સૂત્ર	૨૫
૪ સત્ય સૂત્ર	૩૬
૫ અસ્તેનક સૂત્ર	૪૨
૬ બ્રહ્મચર્ય સૂત્ર	૪.
૭ અપરિગ્રહ સૂત્ર	૫૨
૮ અરાત્રિભોજન સૂત્ર	૫
૯ વિનય સૂત્ર	૬૦
૧૦ ચાતુરંગીય સૂત્ર	૬
૧૧-૧ અપ્રમાદ સૂત્ર	૭
૧૧-૨ અપ્રમાદ સૂત્ર	૮
૧૨ પ્રમાદસ્થાન સૂત્ર	૮
૧૩ કષાય સૂત્ર	૯
૧૪ કામ સૂત્ર	૧૦
૧૫ અશરણ સૂત્ર	૧૧
૧૬ બાલ સૂત્ર	૧૧
૧૭ પંડિત સૂત્ર	૧૩
૧૮ આત્મ સૂત્ર	૧૩
૧૯ લોકતત્ત્વ સૂત્ર	૧૪
૨૦ પૂજ્ય સૂત્ર	૧૭
૨૧ બ્રાહ્મણ સૂત્ર	૧૭
૨૨ ભિક્ષુ સૂત્ર	૧૮
૨૩ મોક્ષમાર્ગ સૂત્ર	૧૯
૨૪ જાતિમદ નિવારણ-સૂત્ર	૨૦
૨૫ ક્ષામણા સૂત્ર	૨૧

વિષય	પૃષ્ઠ
પ્રથમ પરિશિષ્ટ—સંસ્કૃત અનુવાદ	૨૧૭
દ્વિતીય પરિશિષ્ટ—મહાવીર વાણીના પદ્યોની અકારાદિ અનુક્રમણિકા	૨૬૪
તૃતીય પરિશિષ્ટ—પારિભાષિક શબ્દોનો અર્થ	૨૭૧
[illegible]	
ચતુર્થ પરિશિષ્ટ—છંદ અને અલંકાર	૨૭૩
સંપાદકે તૈયાર કરેલાં પુસ્તકો તથા લેખો	૨૮૦

પુસ્તકના વિવેચનમાં વાપરેલાં પુસ્તકો

આવશ્યક સૂત્ર

ગીતા

આશ્રમભજનાવલી

લઘુપાઠ (પાલી ભાષા)

ધમ્મપદ (,,)

મહાભારત

મનુસ્મૃતિ

ઈશુખ્રિસ્ત, પર્વત પરનો ઉપદેશ

હજરત મહમદ અને ઈસ્લામ

કલ્પસૂત્ર

વસુદેવહિંડી

કલ્પસૂત્રકિરણાવલી ટીકા

ઉત્તરાધ્યયન સૂત્ર

પંચતંત્ર–અપરીક્ષિતકારક તંત્ર

દેશીનામમાલા

હેમ અનેકાર્થસંગ્રહ

દિવ્યાવદાન

વિષ્ણુપુરાણ

ોરદેહ અવસ્તા (પારસી ધર્મનો ગ્રંથ)

સંકેતોની સમજણ

સં૦–સંસ્કૃત
પ્રા૦–પ્રાકૃત
શ્લો૦–શ્લોક
અ૦–અધ્યયન
દશ૦–દશવૈકાલિક સૂત્ર
ગા૦–ગાથા
ઉત્તરા૦–ઉત્તરાધ્યયન સૂત્ર
સૂ૦ શ્રુ૦–સૂત્રકૃતાંગ સૂત્ર, શ્રુત સ્કંધ
ઉ૦–ઉદ્દેશક
ઈ૦ ખ્રિ૦ પ૦ ઉ૦–ઈશુ ખ્રિસ્ત પર્વત પરનો ઉપદેશ
હ૦ મ૦ ઈ૦–હજરત મહમદ અને ઈસ્લામ
ગી૦ અ૦–ગીતા અધ્યાય
ધમ્મ૦–ધમ્મપદ
આચા૦ શ્રુ૦–આચારાંગ સૂત્ર, શ્રુત સ્કંધ
મહાભા૦–મહાભારત
દ્વિ૦–દ્વિતીય
પૃ૦–પૃષ્ઠ

महावीर जीवन सहित

तथा

संस्कृत अनुवाद सहित

महावीर वाणी

તાજું સંપાદકીય તથા પ્રકાશકીય

મહાવીર વાણીની પ્રકાશમા આવતી આ છઠ્ઠી આવૃત્તિમા સ પાદકને અને પ્રકાશકને કશુ જ લખવાનુ નથી માત્ર જેમણે જેમણે આમા પુરોવચન લખી આપવાની મહેરબાની કરેલ છે તે સૌનો અને ખાસ કરીને 'કરુણાનુ અમૃત' લખી આ પુસ્તકને વધાર સુશોભિત બનાવનાર સ્નેહી કવિ શ્રી ઉમાશકર જોશીનો આભાર માનવાનો છે છદ અ ગે તેમણે જે સશોધન સૂચવેલ છે તેને આ આવૃત્તિમા સુધારી લીધેલ છે અને આ માટે તેઓ આભાર અભિનદનીય છે શુદ્ધિપત્રક આપેલ છે છતા જે કાઈ મુદ્રણની કે અમારી ભૂલો રહી ગઈ હોય તે અ ગે ક્ષમા માગવા સાથે તે માટે વાચકોને સૂચન કરવા વિનતિ છે

શ્રી ઉમાશકર ભાઈએ પુસ્તકને છાપવાની શૈલી વિશે જે સૂચન કરેલ છે અને અનુવાદ વગેરે વિશે પણ જે નોધ લખેલ છે તે અ ગે હવે પછીની આવૃત્તિ વખતે જરૂર ધ્યાન અપાશે

બેચરદાસ દોશી

તા ૫–૫–૬૫ તથા

મનસુખલાલ મહેતા

તા ક —આ પુસ્તકના વાચકોએ જે ઉત્સાહજનક સહકાર બતાવ્યો છે તે માટે તેમનો અને અર્ધમાગધીના અભ્યાસક્રમમા પણ આ પુસ્તકને સ્થાન મળેલ તે માટે ગુજરાત યુનિવર્સિટીનો પણ આભાર જરૂર માનવો જોઈએ

—બેચરદાસ

કરુણાનું અમૃત

'મહાવીર' એમને શા માટે કહ્યા હશે ?—નાનપણથી મનને કુતૂહલ થતું. કોઈ રણાંગણની લડાઈ સાથે તો એમને કશી લેવાદેવા નથી. જૈનો 'જિન'ના અનુયાયી. જિન એટલે જીતનાર કોના જીતનાર? ધીમે ધીમે એ બંને શબ્દો યોજવા પાછળ રહેલા ઔચિત્યનો પરિચય થયો. હૃદયે સાક્ષી પૂરી :

તમે મહાવીર, ન શસ્ત્ર હાથમાં;
સંજીવનીશું નિજ આત્મ-કોષે
સંચી અહિંસામૃત, જીવમાત્રની
સમક્ષ ઊભા અભયે મુદાભર્યા.

તમે જયસ્વી જિન, લોકમાત્રને
રાખો સદાયે અભયે; કર્યાં વશ
તે માન, માયા, વળી ક્રોધ, લોભ,
દુર્જેય ચારે રિપુ, ને થયા જિન.

*

મહાવીરવાણીના આવા હાથવગા સંગ્રહની ઘણી જરૂર હતી. પં. બેચરદાસજીએ વિષયવાર સ્તબકો પાડી, ૩૧૪ અમૃતવચનો એકત્ર કરી, તેની સંસ્કૃત છાયા આપવા ઉપરાંત, ગુજરાતી સરળ અનુવાદ અને મદદરૂપ નીવડે એવાં ટિપ્પણ આપ્યા છે એથી ગુજરાતી વાચક ઉપર મોટો ઉપકાર થયો છે.

જૈન આગમ સાહિત્યમાંથી એકત્ર કરેલા આ ઉદ્ગારો ભગવાન મહાવીરના જ મુખના છે એવું સમજવાનું નથી અહિંસા વિશેના શ્લોક(૧૧)માંનો "તે તે તમામ ધર્મસ્થાનોમાં ભગવાન મહાવીરે પ્રથમ સ્થાન આ (અહિંસા) બતાવેલું છે"–એવો ઉલ્લેખ મહાવીર દાખવી વસ્તુઓ આગમ ગ્રંથોમાં સંગ્રહાયાનું દર્શાવે છે પાછળના ગણધરો અને સ્થવિરોને મુખે શબ્દબદ્ધ થયેલા સાહિત્યમાંથી વીણેલા આવા સૂક્તિસમુચ્ચયને મહાવીર ભગવાનના ધર્મબોધના નિચોડરૂપે જોઈ શકાય

પૃથ્વી ઉપર માનવનો પગ ઠરવા માંડ્યો એ સાથે સાથે બાહ્ય પ્રકૃતિને સમજવાની એની મથામણ શરૂ થઈ ચૂકી દસવીસ લાખ વરસથી પૃથ્વી ઉપર એ વિચરે છે, પણ છેલા ત્રણ સૈકાઓમાં અને ખાસ કરીને છેલ્લા ત્રણ દસકાઓમાં એ દિશામાં એની ગતિ ઘણી વધી છે પોતાની અંતપ્રકૃતિને સમજવાની મથામણ પણ કાંઈ એણે ઓછી કરી નથી છેલ્લા પાંચેક હજાર વરસમાં જુદા જુદા દેશોમાં એ અંગેની કેટલીક મહાન પ્રયોગશાળાઓ ચાલી છે

બાહ્ય પ્રકૃતિને સમજવા દ્વારા તેની ઉપર 'વિજય' મેળવવાની વાત પણ માણસ કરવા લાગ્યો છે પણ એને અંતપ્રકૃતિ અંગેની સમજ કેળવવાની, એની ઉપર વિજય મેળવવાની, આજે—કદાચ પહેલાં કદી ન હતી તેટલી – જરૂર છે એ વસ્તુઓની ગેરહાજરીમાં બાહ્ય પ્રકૃતિ અંગેની સમજ

કે તેની ઉપર મેળવેલા વિજયનો ઝાઝો અર્થ દેખાતો નથી, કેમકે એના અસ્તિત્વને જ સંશયમાં લાવી મૂકનારાં એ નીવડ્યાં છે.

વિજ્ઞાને આપેલી રિદ્ધિઓ, સિદ્ધિઓ, શક્તિઓ જો માનવને ખાઈ જવાની ન હોય, અને જો એના વિકાસમાં ઉપકારક નીવડવાની હોય, તો ધર્મ વગર– અધ્યાત્મ વગર એને ચાલવાનું નથી. ધર્મનાં–અધ્યાત્મનાં સત્યો આત્મસાધકોની પ્રયોગશાળાઓમાં હજારો વરસોથી તારવવામાં આવ્યાં છે અને વારંવાર સ્વાનુભૂતિથી નાણી જોવામા આવ્યા છે. એથી તો જુદા જુદા ધર્મોની, પાયાની વાતોમાં, એકમતી છે

ભગવાન મહાવીરની પ્રયોગશાળાનાં તારણો શાં જોવા મળે છે?

સંસાર એમનાં કરુણાર્દ્ર નેત્રોને દુઃખસભૃત લાગે છે સૌ જીવોને એમાં કલેશ સહન કરતા જોઈ એમનું હૃદય કકળી ઊઠે છે.

અહો દુઃખિલ સંસાર, જીવો સૌ કલેશ જ્યાં સહે! (૧૬૭)

પહેલી વાત એમને જે સૂઝે છે તે છે સૌ જીવો પ્રત્યેની અનુકંપા, અહિંસા.

સૌ જીવો જીવવું ઇચ્છે, મરવું કો ન ઇચ્છતું. (૧૫)

એથી તમામ પ્રાણધારીઓ પ્રત્યે સંયમપૂર્વક વ્યવહાર કરવો, સમભાવથી વર્તવું, એ યોગ્ય છે.

અસત્ય વચન કે આચરણમાં હિંસા રહેલી જ હોય છે, એનું સૂચન માર્મિક રીતે થયું છે

આત્માર્થે, અન્ય અર્થે વા, ક્રોધથી, ભયથી 'થવા,
નહીં હિંસાભર્યું જૂઠ વદવું કે વદાવવું (૨૨)

આત્માના મુખ્ય દુશ્મનો ચાર ગણાવવામાં આવ્યા છે માન, માયા (શઠતા, કપટ), ક્રોધ અને લોભ એમને શી રીતે વશ કરવા ?

ઉપશમે હણો ક્રોધ માન માર્દવતા વડે,
માયા આર્જવભાવેથી, લોભ સંતોષથી જીતો (૧૪૬)

આત્માર્થીને પ્રમાદ ન પોસાય તેથી પુરાણ અને લોકકથાના ભારુંડપંખી (જેને બે મુખ હોઈ અસાવધપણે એક મુખથી કોઈ ઝેરી પદાર્થ ખાઈ બેસે તો મરી જ જાય)ની જેમ અપ્રમત્ત રહીને વર્તવાનું કહ્યું છે

ભારુંડ પંખી સમ સંચર અપ્રમત્ત (૧૬)

આત્માનું રક્ષણ કરવા ઇચ્છનારે સદા અપ્રમત્ત જ રહેવું રહ્યું

આત્માનુરક્ષી ચર અપ્રમત્ત (૧૦૯)

અપરિગ્રહ અંગે મહાવીર ભગવાનનું નિરીક્ષણ એવું છે કે ટકી રહેવા માટે અનિવાર્ય એવી સામગ્રી સાધક પાસે હોય તે પરિગ્રહ ગણાય નહિ પણ સામગ્રી અંગેની 'મૂર્છા' (આસક્તિ, મમતા) એ પરિગ્રહ છે 'મૂર્છા પરિગ્રહ કથી' (૫૮)

સાધકે જીવનધારણા માટે કેવી રીતે વર્તવું ?

જે રીતે ભમરો ચૂસે દ્રુમના પુષ્પનો રસ,
પુષ્પને ન વિલાવે, ને પોતે પામે પ્રસન્નતા... (૬૫)

એ રીતે સાધકે પોતાનો નિર્વાહ અક્લેશકર રીતે કરવો જોઈએ.

જો સાધક બાહ્ય પદાર્થોની ઉત્તેજના અનુભવવા લાગ્યો, તો તેની ઉપર કામનાઓ ચારે તરફથી આક્રમણ કરવાની·

ઉદ્દીપ્તને ઘેરતી કામનાઓ,
વિહંગ સ્વાદુફળ વૃક્ષને યથા. (૧૩૫)

ઇચ્છા–કામના–ના બળને એક ઉદ્‌ગારમાં સુરેખ રીતે વર્ણવવામાં આવ્યુ છે

ઇચ્છા ખરે આભ સમી અનન્તિકા. (૧૫૦)

સાધકને વળી વળીને વિષયો વળગે તો તેથી એણે કંટાળી જવાનું નથી, બલકે અકંપ રહીને લક્ષ્ય તરફ આગળ વધવાનું છે

મથી રહ્યો સાધક મોહ જીતવા,
તેને સ્પૃશે જૈ વિપયો વળી વળી
અછાજતા કૈંક અનેકરૂપ,
એનો ધટે દ્વેષ કર્યો ન ભિક્ષુએ. (૧૧૦)

સાધકે મનમાં એટલી એક ગાંઠ વાળવાની છે કે આત્મા પોતે તારનાર છે, બધું વાંછિત આપનાર છે: ‘આત્મા વૈતરણી નદી . આત્મા કામદુધા ધેનુ...’ (૨૧૧)

માણસે યુદ્ધ બીજા કોઈની સામે કરવાનું નથી, પોતાની સાથે જ કરવાનું છે

પોતા સાને જ ઝૂઝી લે બાહ્ય યુદ્ધથી શું વળે?
તે પામે સુખ જે જાતે જીતે પોતાની જાતને (૨૧૬)

અને પછી ગાંધીના બે અમર ઉદ્ગારો છે 'આત્મા જીત્યે જીત્યું સર્વ' (૨૧૭)

માણસ પોતે જેટલું પોતાનું બૂરું કરી શકે છે તેટલું ગળાકાપુ દુશ્મન પણ કરી શકતો નથી

ન કંઠછેત્તા અરિ બૂરું આચરે
કરે દુરાત્મા નિજ જેટલું ખરે (૨૧૮)

ધર્માચરણને નિશ્ચયપૂર્વક જે વળગે છે તે ઇન્દ્રિયોના પ્રલોભન સામે અડગ ઊભો રહી શકે છે

આત્મા થયો નિશ્ચિત જેહનો કે
'તજુ હું દેહ ન ધર્મશાસન'
તેને ચળાવી નવ ઇંદ્રિયો શકે
ઝંઝાનિલો મેરુ મહાદ્રિને યથા (૨૧૯)

એ જ વાત ફેરવી ફેરવીને કહેવામાં આવી છે

સમાધિવાળી સહુ ઇંદ્રિયો વડે
આત્મા સદા રક્ષિત રાખવો ઘટે (૨૨૦)

ઉપનિષદના ઋષિએ 'આત્મા રથારૂઢ જાણો, શરીર એ જ છે રથ' એવા રૂપકથી વાત કરી છે મહાવીરવાણીમાં નૌકાનું રૂપક છે

શરીરને કહ્યું નાવ, જીવ નાવિક છે કહ્યો,
કહ્યો અર્ણવ સંસાર, તરે જેને મહર્ષિઓ. (૨૨૧)

આવા આત્મજિત્, સંસારને તરી જનારાઓની ક્ષમાશક્તિ અખૂટ હોય છે, અને તેથી તે સૌના પૂજ્ય ઠરે છે.

ઉત્સાહથી કંટક લોહના જનો
આશાભર્યા કૈં ગરજે સહી લે;
આશા ત્યજી કર્ણશરો સહે જે
કાંટાળ વાણીમય, તેહ પૂજ્ય. (૨૪૮)

શમની આવી શક્તિ વડે શ્રમણ થવાય, બ્રહ્મ-ચર્યાથી બ્રાહ્મણ થવાય, બાહ્ય આળપંપાળથી નહિ:

ન મુંડને શ્રમણ કો, ઓંકારથી ન બ્રાહ્મણ.
મુનિ ના વનવાસેથી, કુશવસ્ત્રે ન તાપસ (૨૬૫)
શમે કરી શ્રમણ, ને બ્રહ્મચર્યેથી બ્રાહ્મણ,
જ્ઞાને કરી મુનિ થાય, તપથી થાય તાપસ. (૨૬૬)

સાચા શ્રમણ કે બ્રાહ્મણ કે મુનિ કે તાપસનો પ્રાણીમાત્ર પ્રત્યે અવૈરભાવ, અહિંસાભાવ, પ્રેમભાવ જ ઊછળવાનો. વિશ્વના ચોકમાં એના હૃદયનો મધુર ઉદ્ઘોષ ગાજી રહેવાનો

મિત્ર હું સર્વ જીવોનો, વેર મારે ન કોઈથી. (૩૧૩)

*

'મહાવીરવાણી' આ રીતે સુલભ કરી આપવા માટે પં. શ્રી બેચરદાસજીનો આભાર માનીએ તેટલો ઓછો. એક સૂચન કરવાનું મન થાય છે ડાબી બાજુએ મૂળ

શ્લોક અને તેની સંસ્કૃત છાયા અને સામે જમણી બાજુએ અનુવાદ એ રીતે પુસ્તક છપાય તો વધુ સગવડ રહે ટિપ્પણો પુસ્તકને છેડે છાપવામા આવે

હું પોતે અક્ષરશ અનુવાદનો પક્ષપાતી છુ પંડિતજી જેવા ભાષાની તેમ જ ધર્મની ઝીણવટો સમજનાર વિદ્વાન અનુવાદમા અર્થવિસ્તાર કરે ત્યારે મૂળ અર્થને હાનિ ન જ થાય 'આત્મા જ દમવો જોઈ આત્મા ખરે જ દુર્દમ (૧૩) એનો અર્થ અને અર્થવિસ્તાર "આત્માને જ દમવો જોઈએ-સયમ અને તપની પ્રવૃત્તિ વડે બરાબર પલોટવો જોઈએ ખરેખર આત્મા પોતે જ દુર્દમ છે-સયમ અને તપની પ્રવૃત્તિ વડે આત્માને પલોટતા તો નાકે દમ આવી જાય છે"—એ રીતે થયો છે, જે સુદર છે તેમ છતા અનુવાદ તરીકે, તો 'આત્માને જ દમવો જોઈએ, આત્મા પોતે જ દુર્દમ છે' એટલુ જ આપવામા આવે અને બાકીના અશો કૌસમા આપવામા આવે એ પદ્ધતિ વધુ ઇચ્છવા જેવી ગણાય.

ચતુર્થ પરિશિષ્ટમા (આવૃત્તિ છઠ્ઠી, પૃ ૬૩, પક્તિ ૧૮-૧૯) 'ઉપેન્દ્રવજ્રા છદના ચારે ચરણોમા અગીયારમો અક્ષર લઘુ હોય તેનુ નામ વશસ્થવૃત્ત' એમ કહેવામા આવ્યુ છે તેમા શરતચૂક થઈ લાગે છે, 'ઉપેન્દ્રવજ્રા છદના ચારે ચરણોમા દસમા અને અગિયારમા અક્ષર વચ્ચે એક લઘુ અક્ષર ઉમેરાયો હોય ત્યારે તેનું નામ વશસ્થવૃત્ત'—એ રીતે એ વસ્તુ મુકાવી જોઈએ.

ટિપ્પણોમાં અન્ય ધર્મોમાંથી સરખા અર્થવાળ
વચનો ઉતાર્યાં છે એમાં સંગ્રાહકની ધાર્મિક ઉદારતાનું
સાચા ધર્મરસનું સુચારુ દર્શન થાય છે. ટિપ્પણો કદાચ
ટૂંકાવી શકાય. કોઈને અરાત્રિભોજનસૂત્ર જેવા, વ્રત અં
આવશ્યક છતા, ઉક્તિચમત્કૃતિ વિનાના સ્તબકની ખાસ
ઉપકારકતા ન પણ જણાય આરંભમાં મહાવીર ભગવાનના
જીવનરેખા આપી છે તે સારું થયુ છે, પણ તેમાંથી છેલ્લાં
પાનાંમા છે તેવી કેટલીક વસ્તુઓ ગાળી નાખીને કે ટૂંકાવીને
આખા લખાણને વધુ સુરેખ કરી શકાય.

ઉપર આપેલી, ચાલતી કલમે આ લખનારે કરેલી,
ગુજરાતી પદ્યાનુવાદ-પંક્તિઓથી મૂળ આગમ-વાણીના
માધુર્ય અને સૌન્દર્યનો કંઈક ઇશારો મળ્યો હશે. ગીતા,
ધમ્મપદ આદિની જેમ 'મહાવીરવાણી' પણ ઉક્તિભંગિને
લીધે ઘણીવાર હૃદયંગમ નીવડતી હોય છે. શ્લોકાન્તે આવતી
'समयं गोयम ! मा पमायए,' 'जे स भिक्खू', પંક્તિઓ
કે અર્ધપંક્તિઓ તે તે સૂક્તિ-સ્તબકની મંત્રશક્તિને સચોટ
રીતે સ્ફુટ કરવામાં મદદરૂપ બને છે. ૨૩મા મોક્ષમાર્ગ
સૂત્રના ૨૮૯ થી ૩૦૦ સુધીના શ્લોકોમાં એક શ્લોકમાંની
વાત બીજામાં આગળ વધતી જતાં સમુદ્રની ભરતીના એક
મહાતરંગની જેમ કથયિતવ્ય ભવ્ય સૌન્દર્યપૂર્વક પ્રસ્તુત
થાય છે

અમદાવાદ
તા. ૨૧-૮-૧૯૬૫

ઉમાશંકર જોશી

આગમપ્રભાકર મુનિરાજ શ્રીપુણ્યવિજયજીનો

હાર્દિક સદ્ભાવ

પં. શ્રીયુત બેચરભાઈએ કરેલ "મહાવીરવાણી" પુસ્તકનું ગુજરાતી સંસ્કરણ શ્રીમાન્ સ્વામી આનંદની વિદ્વત્તાભરી પ્રસ્તાવના સાથે પ્રસિદ્ધ થાય છે, એથી આપણને ખાત્રી થાય છે કે આજની પ્રજાની જિજ્ઞાસા કેવી વ્યાપક દિશામાં જઈ રહી છે!

યુગબળ એ એક અજબ વસ્તુ છે. એક યુગમાં આપણી જિજ્ઞાસા સ્વ-દેશ અને સ્વ-સંપ્રદાય પુરતી સીમિત મર્યાદિત હતી પણ આજે એ જિજ્ઞાસા દૂરદૂરના દેશ અને વિશ્વસંપ્રદાય સુધી પહોંચવા સજ્જ બની છે. આ સ્થિતિમાં સમગ્ર પ્રજાને તેને લગતાં સાધનો પ્રાપ્ત થાય તો જ એ જિજ્ઞાસા સંતોષાય અને પ્રજાનું જીવન વ્યાપકભાવનામય બને. આ હકીકતને લક્ષમાં રાખીને પં. શ્રી બેચરભાઈએ "મહાવીરવાણી" પુસ્તકનું નિર્માણ કર્યું છે. આ પુસ્તકની રચના માટે તેમણે સૂત્રકૃતાંગ સૂત્ર, દશવૈકાલિક, ઉત્તરાધ્યયન સૂત્ર અને આવશ્યક સૂત્રને જ મુખ્ય રીતે પસંદ કર્યાં છે અને તેમાંથી લોકરુચિને પ્રેરણા મળે તે રીતે શ્રીમહાવીર પરમાત્માએ ઉપદેશેલ આંતરજીવનને સ્પર્શતાં ગંભીર તત્ત્વોને લગતી ગાથાઓ અને છંદો ચુંટી કાઢ્યા છે સાથે

સાથે આ ગાથાઓ અને છંદોનો અર્થ અને વિવેચન આપવા ઉપરાંત બૌદ્ધ-વૈદિક સાહિત્ય સાથે તે તે વિષયની તુલના અને સમન્વય કરેલ છે. તેથી સામાન્ય વાચકને રુચિકર થવા ઉપરાંત વિશિષ્ટ અભ્યાસીને અભ્યાસની દિશાની ખાસ સૂઝ પણ આમાંથી મળી શકે તેમ છે પ્રસંગે પ્રસંગે કેટલાક વિષયોની અમુક રીતે છણાવટ કરવામાં આવી છે એ આ પુસ્તકની મહત્તામાં ઉમેરો કરે છે.

પુસ્તકની આદિમાં ભગવાન્ શ્રી મહાવીરનુ સંક્ષિપ્ત જીવન આલેખવામાં આવ્યું છે એમાં પણ ટૂંકમાં ભગવાનની જીવનરેખા ઠીક ઠીક રીતે આલેખાઈ છે જેને લીધે પુસ્તક સવિશેષ આવકાર લાયક બન્યું છે અને છે જ.

અંતમાં મને સહજભાવે એક વિચાર સ્ફુરે છે કે-શ્રીબેચરભાઈએ ઘણાં વર્ષો અગાઉ “ભગવાન શ્રીવીર પરમાત્માનું જીવનચરિત્ર કઈ પદ્ધતિએ લખાવું જોઈએ” એ વિષે એક લેખ લખ્યો હતો. એ લેખને તે પછીન વર્ષોમા થએલા અનુભવને આધારે પુનઃ વિશદ રીતે આલેખવામાં આવે તો પોત-પોતાની પદ્ધતિએ ભગવાન્ મહાવીરના જીવનને આલેખનાર કોઈ પણ લેખકને એમાના વિચારો સવિશેષ માર્ગદર્શક થઈ પડશે.

મુનિ પુણ્યવિજય

જૈન સોસાયટી–અમદાવાદ, સં. ૨૦૧૧ માઘ શુક્લ ૧ સોમવાર.

માનનીય વિનોબાજીનું પુરોવચન

महावीर वाणी का गुजराती संस्करण निकल रहा है, यह खुशी की बात है। इधर बिहार में भूदान-यज्ञ के सिलसिले में घूमते हुओ बुद्ध और महावीर का मुझे निरंतर स्मरण रहा है। लोग जानते है मैंने बोधगया मे समन्वय आश्रम शुरू कर दिया है। कोई नया आरंभ करनेकी वृत्ति अपन में मैं नहीं देखता। लेकिन भूदानकी प्रवृत्ति में से समन्वयकी प्रवृत्ति अनिवार्य रूपसे निकल पड़ी।

भारत भूमि में आत्मा का चिंतन, मनन, और संशोधन बहुत प्राचीन काल से आजतक होता आया है। उसमे वैदिक बौद्ध और श्रमण तीन शाखाओं चली आई हैं। तीनों शाखाओं में अनेक मत पुन्थ निर्माण हुए और उनके विविध पथ चले। इन पंथों में सीखों का भी एक पथ है, जो कि आज विशेष घटना के कारण अपने को अलग धर्म मानने लगे हैं। पर है वह एक उपासना पथ ही। भारत के बाहर के धर्म प्रवाह भी भारतीय संस्कृति में दाखिल हो गये हैं। पारसी तो भारत के ही हो गये हैं, याने भारत के बाहर व वे मिट गये हैं। क्रिस्ती, मुसलमान, यहूदि, तीनों जमातों ने भारत को अपनाया और आज इन तीनों का अपना एक भारतीय रूप भी है। इस तरह औतिहासिक प्रवाह में भारत देश धर्म-विचारों का संगम स्थान हो गया है।

यह औतिहासिक कार्य तभी पूर्ण होगा जब की हमारे

શ્રી વિનોબાજીનું આ પુરોવચન દેવનાગરી લિપિમાં લખાયેલ છે અમદાવાદમાં તેવા બીબા નહીં મળવાથી તેમની અનુમતિ મેળવીને તેને ચાલુ દેવનાગરીમાં છાપ્યું ન.હુ છે —સંપાદક

जीवनदर्शन में इन सब का हम समन्वय कर लेंगे। इस के लिये हर धर्म की सारभूत कोई चीज हमे मिल जाती है तो बडी सहूलियत होती है।

वैदिक धर्म का सार, सूत्र रूप में ईशोपनिषद मे और कुछ विस्तार से भगवद्गीता में मिल जाता है। क्रिस्ती धर्म का सार, ईसा का गिरि-प्रवचन मशहूर है। बौद्ध धर्म का सार बौद्धों का ही चुना हुआ धम्मपद है। सीखों का पूरा धर्म-विचार 'जपुजी' मे आ जाता है। जैन धर्म का सार थोडे मे देनेवाली किताब की बहुत जरूरत थी, वह, मेरा ख्याल है 'महावीर वाणी' ने अच्छी तरह पूरी की है।

इस पुस्तक मे सिर्फ ३१४ वचन दिये हैं, तो यह एक छोटीसी चीज हो जाती है। अध्ययन करनेवाले पर शब्द का बहुत ज्यादा बोझ नही पडता, और जीवन के लिये पाथेय पूरा मिल जाता है। परिभाषा का जंगल कुल टाला गया है। सामान्य पाठक को पचास एक नये शब्द इस में मिलेंगे, जो उसको भयावने नहीं होंगे बल्कि सुहावने होंगे। १९ वे सूत्र मे वे बहुत सारे दाखिल हैं। यह सूत्र यहां नहीं दिया होता तो पाठकों को अपरिचित कोई शब्द नहीं मिलता। लेकिन फिर पुस्तक का वजन भी कम होता। उस सूत्र के बिना जैन-विचार के दर्शन से ही पाठक वंचित रह जाता।

समन्वय आश्रम के लिये इसका बहुत उपयोग होगा। लेकिन समन्वय आश्रम सिर्फ बुद्ध-गया में ही नहीं चलाना है। सारे देश भर मे अध्ययन के और सेवा कार्य के जितने स्थान हैं, उन सब को हमे समन्वय आश्रम बनाना है। उनके लिये यह एक अनमोल देन होगी।

दलसिंगसराय (बिहार)
१०-८-१९५३

विनोबा के प्रणाम

प्रस्तावना

(—०—)

सन १९२५ से सन १९३८ ई० तक सेंट्रल लेजिस्लेटिव असेम्बली का सदस्य होने के कारण मुझको प्रति वर्ष ढाई तीन महीने माघ-फाल्गुन-चैत्र में नई दिल्ली में रहना पड़ा। दिल्ली निवासी श्री गुलाबचन्द जैन वहाँ कई बार मुझसे मिलने को आये और किसी प्रसंग में श्री बेचरदासजी की चर्चा उन्होंने की। सन १९३९ में मार्च के महीने में गुलाबचन्द जी किसी कार्य से काशी आये, मुझसे कहा कि श्री बेचरदास जी ने, जो अब अहमदाबाद कालिज में प्राकृत भाषा और जैन दर्शन के अध्यापक हैं, 'महावीर वाणी' नाम से एक ग्रन्थ का संकलन किया है और उनकी बहुत इच्छा है कि तुम (भगवानदास) उसकी प्रस्तावना लिख दो। मैंने उनको समझाने का यत्न किया, मेरा वयस ७२ वर्ष का, आँखें दुर्बल, सब शक्ति क्षीण, तीन चार ग्रन्थ अंग्रेजी हिन्दी संस्कृत के जिनके कुछ अंश लिखे और छप भी गये हैं, पूर्ण करने को पड़े हुए, अन्य सामाजिक जीवन में अनिवार्य झगड़ों की भी कमी नहीं, ऐसा भी नया काम उठाना मेरे लिये नितान्त अनुचित, सर्वोपरि यह कि मैं प्राकृत भाषा और जैन साहित्य से अनभिज्ञ। पर गुलाबचन्द जी ने एक नहीं माना। दिल्ली जाकर, पुनः पुनः मुझको लिखते ही रहे कि श्री बेचरदासजी ने निश्चय कर लिया है कि बिना मेरी प्रस्तावना के ग्रन्थ छपेगा ही नहीं। इस प्रीत्याग्रह के आगे मुझको मानना ही पड़ा।

श्री गुलाबचन्द जी 'महावीर-वाणी' की हस्तलिखित प्रति ले कर स्वयं काशी आये; मैंने समग्र ग्रन्थ, अधिकांश उनसे पढ़वा कर, शेष स्वयं देख कर समाप्त किया। महावीर-स्वामी का लोक-

के हित के लिये कही, करुणामयी, वैराग्य भरी, वाणी को सुन और पढ कर, चित्त मे श्रान्ति के स्थान में प्रसन्नता ही हुई, और सात्त्विक भावो का अनुभव हुआ ।

महावीर स्वामी और गौतम बुद्ध, कुछ वर्षो की छुटाई वढाइ से, समकालीन हुए–यह निर्विवाद है । किन्तु इन दोनो महापुरुषो के जन्म और निर्वाण की ठीक तिथियो के विषय मे ऐतिह्यविदो में मतभेद है, तथापि यह सर्व-सम्मत है कि विक्रम पूर्व छठी शताब्दी में दोनोने उपदेश किया । जैन सम्प्रदायो का विश्वास है कि महावीर का् जिनका पूर्व-नाम "वर्धमान" है, जन्म, विक्रम पूर्व ५४२ और निर्वाण वि० पू० ४७०, मे हुआ ।

उस समय मे "लिपि" कम थी, "श्रुति" और "स्मृति" की ही रीति अधिक थी, गुरु के, ऋषि के, महापुरुप के, आचार्य के वचनो को श्रोतागण सुनते और स्मृति मे रख लेते थे । महावीर के निर्वाण के वाद दूसरी शताब्दी में वडा अकाल पडा, जिनानुयायी "क्षपण" वा "श्रमण" कहलाने वाले, साधओ का सघ वहुत विखर गया, कठ करने की परम्परा में भग हुआ, वहुत उपदेश लुप्त हो गये । अकाल मिटने के वाद, स्थूलभद्राचार्य की देखरेख में, पाटलिपुत्र में संघ का वडा सम्मेलन हुआ, वचे हुए उपदेशो का अनुसन्धान और राशीकरण हुआ; पर लिखे नही गये । महावीर निर्वाण की नवीं शताब्दी (वीर–निर्वाण ८२७–८४० तक) मे, मथुरा में स्कदिलाचार्य, और वलभी मे नागार्जुन, के आधिपत्य मे, सम्मेलन होकर, उपदेशो का सग्रह किया गया, और उन्हें लिखवाया भी गया । निर्वाण की दसवीं शताब्दी में वहुत से श्रुतधारी साधुओ का विच्छेद हुआ । इस वेर, देवर्धिगणि क्षमा श्रमण ने अवशिष्ट सव को वलभी नगर में एकत्र करके उक्त दोनो, माथुरी और वलभी वाचनाओ की समन्वयपूर्वक लिपि कराई । जिनोक्त सूत्र के नाम से प्रसिद्ध वाक्यो

के संग्रहीता यह देवर्धिगणि ही माने जाते हैं। उमा-स्वाति के 'तत्त्वार्थाधिगम सूत्र' जो प्रायः जिननिर्वाण के ४७१ अर्थात् विक्रम संवत् के प्रारम्भ के लगभग किसी समय में लिखे गये और जिनमें जैनशास्त्र का सार बहुत उत्तम रीति से कहा है वे इनसे भिन्न हैं। देवर्धिगणि के संकलित सूत्र आचारांग, सूत्रकृतांग, व्याख्याप्रज्ञप्ति, दशवैकालिक सूत्रादि का देखने का मुझे अवसर नहीं मिला। श्री बेचरदासजी ने उन्हीं सूत्रों में से स्वयं महावीर स्वामी के कहे श्लोकों का उद्धरण और संदोहन प्रस्तुत ग्रंथ 'महावीर वाणी' में किया है।

२५ सूत्रों या अध्यायों में ३४६ प्राकृत श्लोकों और उनके हिन्दी अनुवादों का संग्रह है। मुझको नहीं ज्ञात है कि जैन वाङ्मय में इस प्रकार का कोई ग्रंथ प्राचीन है या नहीं। प्रायः न होगा, अन्यथा श्री बेचरदासजी को यह परिश्रम क्यों करना होता। बौद्ध वाङ्मय में एक छोटा पर बहुत उत्तम ग्रंथ 'धम्मपद' के नाम से वैसा ही प्रसिद्ध है जैसा वैदिक वाङ्मय में 'भगवद्गीता'। 'धम्मपद' भी स्वयं बुद्धोक्त पद्यों का संग्रह कहा जाता है। संभव है कि 'महावीर-वाणी' जैन सम्प्रदाय में प्रायः वही काम देने लगे जो बौद्ध सम्प्रदाय में धम्मपद देता है।

भेद इतना है कि 'महावीर-वाणी' के अधिकतर श्लोक संसार को निन्दा करने वाले, वैराग्य जगाने वाले, यतिधर्म—संन्यास धर्म सिखाने वाले हैं, गृहस्थोपयोगी उपदेश कम हैं, पर हैं, विनय सूत्राध्याय में कितने ही उपदेश गृहस्थोपयोगी हैं।

मुझे यह देख कर विशेष आनन्द हुआ कि बहुतेरे श्लोक ऐसे हैं जिनके समानार्थ श्लोक प्रामाणिक वैदिक और बौद्ध ग्रंथों में भी बहुतायत से मिलते हैं। प्रथम मंगलाध्याय के बाद के ६ अध्यायों में पाँच धर्मों की प्रशंसा की है—अहिंसा, सत्य, अस्तेय, ब्रह्मचर्य,

अपरिग्रह । मनुस्मृति, बौद्ध पचशील, योग-सूत्र आदि. इन्ही पाँच का उपदेश करते है । ये, गृहस्थ, श्रावक, उपासक के लिये भी, देशकाल-समय के (शर्त के) अवच्छेद के साथ, उपयोगी है, और यति, सन्यासी भिक्षु, क्षपण, श्रमण के लिये भी अधिकाधिक मात्रा में, उन अवच्छेदो को दिन दिन कम करते हुए, परमोपयोगी है जब वह सर्वथा समयो (शर्तो) से अनवच्छिन्न हो जाते है, तब "महाव्रत" होकर सद्य मोक्षके हेतु होते है ।

अहिस-सच्च च, अतेणग च, तत्तो य बम्भ, अपरिग्गह च,
पडिवज्जिया पच महव्वयाणि, चरिज्ज धम्म जिणदेसिय विदू ।
—धम्मसुत्त, श्लोक २

ब्राह्मण सूत्राध्याय के भाव वैसे ही है, जैसे महाभारत के शातिपर्व में कहे हुए प्राय वीस श्लोको के है, जिनमे से प्रत्येक के अन्तिम शब्द यह है, " त देवा ब्राह्मण विदु " । धम्मपद मे भी " ब्राह्मण वग्गो " मे ऐसे ही भाव के श्लोक है ।

न जटाहि न गोत्तेहि न जच्चा होति ब्राह्मणो;
यम्हि सच्च च धम्मो च, सो सुची, सो च ब्राह्मणो ।
न चाह ब्राह्मण ब्रूमि योनिज मत्ति-सम्भव,
अकिंचनमनादान, तमह ब्रूमि ब्राह्मण । (धम्मपद)

" महावीर-वाणी " में कहा है,

अलोलुप, मुहाजीवि अणगार अकिंचन,
असमत्त गिहत्थेसु, त वय बुम माहण ।
कम्मुणा बभणो होइ, कम्मुणा होइ खत्तियो,
वइसो कम्मुणा होइ, सुद्दो हवइ कम्मुणा ।
—जैन आगम उत्तराध्ययन, अ० २५, गाथा २८-३

कुछ लोगों को यह भ्रान्ति होती है कि महावीर और बुद्ध ने वर्णव्यवस्था का खंडन का यत्न किया गया नहीं है उन्होंने तो उसको केवल सुधारने का ही काम किया है। महाभारत में पुन पुन स्पष्ट शब्दों में वही बात कही है जो महावीर ने कही है।

न योनिर्नापि संस्कारो न श्रुतं न च संततिः
कारणानि द्विजत्वस्य वृत्तमेव तु कारणम्।
न विशेषोऽस्ति वर्णानां सर्वं ब्राह्ममिदं जगत्
ब्रह्मणा पूर्वसृष्टं हि कर्मभिर्वर्णतां गतम्।

महावीर ने और बुद्ध ने दोनों ने कर्मणा वर्ण के सिद्धान्त पर ही जोर दिया। यही सिद्धान्त उनकी वर्ण-व्यवस्था का मूल मंत्र है इसको न मानने से इसके स्थान पर जन्मना वर्ण के अपसिद्धान्त की स्थापना कर देने से ही भारतीय जनता की वर्तमान घोर दुर्दशा हो रही है।

यह खेद का स्थान है कि जैन सम्प्रदाय में भी व्यवहार में जिनोपदिष्ट सिद्धान्त का पालन नहीं होता प्रत्युत उसके विरोधी अपसिद्धान्त का अनुसरण हो रहा है। मैं आशा करता हूँ कि 'महावीर वाणी' के द्वारा जैन सम्प्रदाय का ध्यान इस ओर आकृष्ट होगा और सम्प्रदाय के मान्य विद्वान् [illegible] इन महावीर के समान और [illegible] के परमोपकार [illegible] का जीर्णोद्धार अपने अनुयायियों के व्यवहार में करावेंगे।

अन्त में इतना ही कहना है कि मैं प्रस्तुत [illegible] साम्प्रदायिक एकदर्शी हूँ [illegible] [illegible] नहीं हूँ। मेरा यही विश्वास है कि सभी लोकोपकारक महापुरुषों ने सभी उन्हीं सच्चे [illegible] का उपदेश दिया है जीवन के दुःखों से लोक-समाज के रक्षण के लिए और [illegible] है [illegible]

में तो महर्षियो ने, महावीर स्वामी ने, बुद्ध देव ने, मुख्य मु
शब्द भी प्राय: वही प्रयोग किये है ।

"महावीर-वाणी" के अन्तिम 'विवाद सू ' में, कई वा
की चर्चा कर दी है । और उपसहार बहुत अच्छे शब्दो में
दिया है—

एवमेयाणि जम्पन्ता, वाला पडितमाणिणो,
निययानियय सन्त, अयाणन्ता अवुद्धिया ।

अर्थात्,

एवमेतानि हि जल्पन्ति, वाला. पण्डितमानिन,
नियताऽनियत सन्तम् अजानन्तो ह्यवुद्धय ।

यही आशय उपनिषत् के वाक्य का है,

अविद्यायामन्तरे वर्त्तमाना.,
स्वयधीरा पण्डितम्मन्यमाना,
दन्द्रम्यमाणा परियन्ति मूढा.,
अन्धेनैव नीयमाना यथान्धा ।

आज कल के पाडित्य में, शब्द बहुत, अर्थ थोडा; विवाद बहुत, सम्वाद नही, अहमहमिका, विद्वत्ता प्रदर्शनेच्छा बहुत, सज्ज्ञानेच्छा नही, द्वेष द्रोह बहुत, स्नेह प्रीति नही; असार-पलाल बहुत, सार-धान्य नही, अविद्या--दुर्विद्या बहुत, सद्विद्या नही; शास्त्र का अर्थ, मल्लयुद्ध । प्राचीन महापुरुषो के वाक्यो में, इसके विरुद्ध, सार, सज्ज्ञान, सद्भाव बहुत, असार और असत् नही । क्या किया जाय, मनुष्य की प्रकृति ही में, अविद्या भी है और विद्या भी; दुख भोगने पर ही वैराग्य और सद्बुद्धि का उदय होता है ।

सा वुद्धिर्यदि पूर्व स्यात् क. पतेदेव वन्धने ?

फिर फिर अविद्या का प्राबल्य होता है; वैमनस्य, अशाति, युद्ध, समाज की दुर्व्यवस्था वढती है; सत् पुरुषो, महापुरुषो का

भव्य है कि प्राचीनों के सत्पन्थों का पुन पुन जीर्णोद्धार और धार करके और सब की एकवाक्यता समरसता दिखा के मानवसमाज में सौमनस्य शान्ति तुष्टि पुष्टि का प्रसार करें जैसा महावीर और बुद्ध ने किया ।

जैन शास्त्र के प्रसिद्ध दो श्लोक एक हिन्दी का और एक संस्कृत का मन बहुत बच हुए श्री शीतलप्रसाद जी ब्रह्मचारी (जैन) से सुने मुझे बहुत प्रिय लगे ।

> कला बहत्तर पुरुष की ता में दो सरदार
> एक जीव की जीविका एक जीव उद्धार ।
> आस्रवो बन्धहेतुः स्याद् मोक्षहेतुश्च संवरः
> इतीयम् आर्हती मुष्टिः सर्वमन्यत् प्रपञ्चनम् ।

वैशेषिक सूत्र है

> यतोऽभ्युदय निःश्रेयस सिद्धिः स धर्मः ।

तथा वेदान्त का प्रसिद्ध श्लोक है

> बन्धाय विषयासक्तं मुक्त्यै निर्विषयं मनः
> एतज्ज्ञानं च ध्यानं च शेषोऽन्यो ग्रन्थविस्तरः ।

समय समय के सम्प्रदायाचार्य यदि ऐसे विरोध-परिहार पर सम्वाद पर अधिक ध्यान दें और सिखावें तो पृथ्वी पर स्वर्ग हो जाय । पर प्राय स्वयं महा 'आस्रव'-ग्रस्त होने के कारण यति-भिक्षु-संन्यासी का रूप रखते हुए भी भेद बुद्धि, कलह, राग-द्वेष ही मनुष्यों में बढ़ाते हैं । यहाँ तक कि स्वयं महावीर और बुद्ध के जीवनकाल में ही, (यथा ईसा और मुहम्मद के जीवनकाल में ही), प्रत्येक के अनुयायियों में भेद हो गये और एक के अनुयायी श्रमणों और दूसरे के अनुयायी श्रमणों में मारपीट तक हुई अमेन्द्र ने अवदान-कल्पलता काव्य में किया है

के निर्वाण के पश्चात् तो कितने ही भिन्न भिन्न 'पथ' प्रत्येक के अनुयायियो मे हो गये । मै आशा करता हूँ कि इन भेदो के मिटाने मे, और सवाद वढाने में, यह 'महावीर-वाणी' सहायता करेगी ।

काशी
सौर १०–४–१९९७ वि० }

भगवान्दास

द्वितीय संस्करण

"महावीर-वाणी" के द्वितीय सस्करण का समय आ गया, यह जानकर वहुत प्रसन्न हुआ—जैसा मैने अपनी प्रस्तावना में लिखा है, यह पुस्तक जैन धर्म के लिये वह काम करती है, जो वौद्ध धर्म के लिये धम्मपद ।

मुझे कोई वात प्रस्तावना मे घटाना वढाना नही है—द्वितीय सस्करण जल्दी प्रकाशित कीजिये—"शुभस्य शीघ्रम्"—और एक प्रति मुझे अवश्य भेजियेगा—इसी व्याजसे पुनर्वार आद्योपान्त इस उत्तम ग्रथको पढ जाऊँगा ।

वनारस कैंट

भगवान्दास
(वर्तमानमे स्वर्गस्थ)

વીતેંકોની રાત વીતી

પૂર્વ પુણ્યના ઉદયબળ કે કોણ જાણે પણ જુદા જુદા પ્રાન્તો, કોમો અને નાતજાતોના લોકો જોડે આત્મીયતાની સગાઈનો આશીર્વાદ આખી ઉમ્મર મારા પર રહ્યો. તેમાંયે જૈન સમાજ અને કુટુમ્બોનો તો કેમ જાણે હું જિંદગીભર પોષ્યપુત્ર રહ્યો. ઘરના માણસ કે કુટુમ્બીને નાતે વર્ષોનાં વર્ષ એથી વધુ જૈન કુટુમ્બોમાં વીત્યાં. જેમાં પિતૃતુલ્ય વડીલ કે સગાઈ હતું એવા અનેક આત્મીય આત્મા ગયા. પારણે હીંચોળેલાં ને ખોળે રમીને મોટાં થએલાં અનેક બાળકો આંખ સામે મોટાં થઈને સ્ત્રીપુરુષો થયાં.

પણ આ બધા ભાગ્યનો ધણી હું ભણતરમાં મોળો રહ્યો. નિશાળેથી નાસી બચપણથી જ સાધુઓની દુનિયામાં પેઠો. અને ત્યાં તો 'તામે બહુ સોચ-પોચ' ને 'બાવન કી એક બાત *' વાળા જ સંસ્કાર પડ્યા. દૈવયોગે ટૂંક વખતમાં જ રામકૃષ્ણ મિશનના સાધુઓના સંસર્ગમાં આવ્યો ને ભાગ્યનાં કપાટ ઉઘડ્યાં. આ જમાનાના નવ ગુણ નિર્વ્યસન કેળવણી ને સેવા અભણ અવળચંડો એક ન જડે. બસ ત્યારથી આત્મખોજ સંતોની ચરણસેવા ને સર્વધર્મસમભાવના સંસ્કાર સીંચાયા ને હું ન્યાલ થઈ ગયો.

---

* અલખ તો અવધિ ભઈ, તામે બહુ સોચ પોચ
કરિબે કે બહુત હૈ—કાહ કાહ કીજિયે ?
પાર ન પુરાન હૂ કો, બેદ હૂ કો અંત નાહિં
બાની તો અનેક—ચિત્ત કહાં કહાં દીજિયે ?
કાવ્ય કી કલા અનન્ત છંદ કો પ્રબન્ધ બહુ
રાગ તો રસીલે,—રસ કહાં કહાં પીજિયે ?
બાવન કી એક બાત, તુલસી બતાય જાત,
જનમ જો સુધાર ચહો,—રામનામ લીજિયે

ભણવાનીયે મથામણો તો પછી ઘણીયે કીધી; ગીતા, ઉપનિષ ભાષ્યો, ભાગવતાદિ અંગ્રેજીયે આછુપાતળું ભણી નાખ્યું પણ બ સટરફટર ટૂંકપૂંજિયો જ રહ્યો.

આમ હિંદુ ધર્મસંસ્કૃતિ, શાસ્ત્રદર્શન અને વિચારણાનો પરિચય તો થોડોક ભાગ્યને બળે પામ્યો; પણ જૈનો વચ્ચે જિંદગી વીતી છતાં જૈનદર્શન, શાસ્ત્ર, વિચારણાની બાબતમાં કોરોધાકોર રહ્યો. દેરે અપાશરે જાઉં, સાધુસાધ્વીઓનાં વખાણ સાંભળું, ઘરઆંગણે ગોચરી કરવા આવે ત્યારે ય વાતો થાય. પણ મન કોળે નહિ વાતાવરણ બધુ તંગ, સાધુસાધ્વીઓ બધાં લકીરનાં ફકીર, ઠીંગરાએલાં ઓશિયાળાં જેવા લાગે એમની પ્રાચીન પરિભાષા ને સંકીર્ણ આચારવિચારની સૃષ્ટિ મને સળ ન સૂઝે

આમ ઉમ્મર વધતી ગઈ તેમ હિંદુ શાસ્ત્ર સંસ્કૃતિ આદિની વિચારણામાં જેમ કંઈક ચંચુપાત કરી શક્યો, તેમ જૈન સાહિત્ય જે કંઈ ઉપલબ્ધ હતુ તે તરફ મને કશું ખેંચાણ થઈ શક્યું નહિ. બે જ પ્રસંગો વહેલેના ફક્ત યાદ રહ્યા છે રામાયણ મહાભારતના વિખ્યાત પંડિત કલ્યાણવાળા રાવબહાદુર ચિંતામણરાવ વૈદ્ય મારા ગુરુજનોમાં હતા રિટાયર થયા પછી રોજ બપોરે મુંબઈ ટાઉનહૉલની રૉયલ એશિયાટિક સોસાયટીની લાઈબ્રેરીમાં આવે ને હું એમની પાસે ભણું. કામધેનુ પારસો મૂકે તેમ એમની જ્ઞાનગંગાના ધોધ છૂટે ને હું ચસચસ પીઉં. બે ત્રણ વર્ષની એ શ્રવણ–ભક્તિમાંથી મને ઘણું ઘણું મળ્યુ. એકવાર બૌદ્ધ ચાર્વાક જૈન મીમાંસકોની કંઈક ચર્ચા નીકળતાં એમણે બ્રાહ્મણ અને જૈન જીવનદર્શન અંગે વિસ્તારથી સમજણ આપેલી બીજો પ્રસંગ લોકમાન્ય જોડેનો માંડલેના કારાવાસ દરમ્યાન લખીને આણેલા એમના વિખ્યાત 'ગીતા રહસ્ય' ગ્રંથની ૧૯૧૫ની સાલમાં પ્રેસનકલ તૈયાર થતી હતી તે દરમ્યાન પેન્સિલે લખાએલી મૂળ હાથપ્રતમાં ઠેરઠેર નર્યા યાદદાસ્ત ઉપરથી કાંડીઓ મૂકીને એમણે ટાંકેલા શ્રુતિસ્મૃતિ ઉપનિષ

શાસ્ત્રપુરાણ કાવ્યાદિ ગ્રન્થોના આધારના આંકડા મૂળ ગ્રન્થોમાંથી તે તે પ્રસંગો કાઢી તપાસી સરખાવી જોવાનું કામ બીજાઓ સાથે પૂના પાથકરાડ વાડામાં દાદાની લાઈબ્રેરીમાં બેસીને હું કરતો એ દિવસોમાં કપિલ મુનિની એક લુપ્ત સાંખ્ય કારિકા પોતે મહેનત કરીને કેવી રીતે શોધી જીવતી કરી એનો ઇતિહાસ અમને સમજાવીને સાંખ્યોના નિરીશ્વરવાદ અને જૈનોના સ્યાદ્વાદ વિષે લાંબી સમજ દાદાએ અમને આપેલી ને તેની ખૂબીઓ તેમજ ખામીઓ બતાવેલી

સદ્ગત મોતીચંદ કાપડિયાના કુટુંબમાં વર્ષો લગી કુટુંબીને નાતે હું રહેલો એમની જૈન સાહિત્ય તેમજ સમાજની એકનિષ્ઠ સેવા ગુજરાતી જૈન આલમમાં જાણીતી છે ધીમના ધંધાનાં દબાણો અને રોકાણો વચ્ચે ય સૂર્યની નિયમિતતાથી પોતે સવારની સામાયિક પછી રોજ કલાક શાસ્ત્રગ્રન્થોના અનુવાદ વાર્તિક ટિપ્પણ–ટીકાઓ કરવા પાછળ આપતા પારાવાર આદરભાવે રોજેરોજ આ હું જોતો પણ એમના આગાધ ગ્રન્થો વાંચવાનુ તો દરકિનાર * —એ બધાના નામ પણ હું કદી યાદ ન રાખી શક્યો તેવુ જ શ્રી મોહનલાલ દલીચંદ વગેરે બીજા પણ સમકાલીન આર્યવિદ્યાવિભૂષિત આધુનિક જૈન વિદ્વાનો વિષે મને લાગતું નીશ્ચય એક મહાપંડિતને હું ઓળખતો પણ એ તો મને નરા ધસમસીયા ને ધમરાળીયા જ લાગેલા લેખાગુ પણ એક બે મળેલા આ બધાઓની રચનાઓ અને લખાણોમાં પંડિતો અને અભ્યાસુઓને ભલે કીમતી સામગ્રી લાધી હોય મારા જેવા 'ઇતરે જના (layman)ના દિલને તે સ્પર્શ કરી શક્યાં નહિ

રજૂઆત એક કળા છે બલ્કે ઈશ્વરી પ્રસાદ છે અંતરની અનુભૂતિમાંથી એ ઉગે છે ને અજાણતાયે જીભેકલમે આવીને બેસે છે પંડિત હોય તો સોનાથી પીળુ પણ એ પાંડિત્ય વિદ્વત્તાની મોહતાજ નથી તુલસી નાનક, સૂર કબીર જ્ઞાનના તુકારામ નરસી મીરાં આદિમધ્ય

---

* કોરે રહ્યુ

યુગીન સંતોમાંના ઘણા આજના રૂઢ અર્થમાં અભણ હતા. પણ તેમ
ભાવભક્તિ ને કવિતાના જુવાળને હેલે ચડીને હિંદના સામાજિક ઇતિ
હાસની ચાર સદીઓ ઘસડાઈ ગઈ. આજને કાળે પણ એ સંતોની
રચનાઓની, અને એમને જેમનો વારસો મળ્યો તે પ્રાચીન પૂર્વજોએ
રચેલાં ગીતા ઉપનિષદ્ ભાગવત મહાભારત રામાયણની જે રજૂઆત
રામકૃષ્ણ–વિવેકાનંદ, ટાગોર, અરવિંદ. રાધાકૃષ્ણન કે ગાંધીજીએ કરી
અથવા તો મહાભારત કથાઓની રાજાજીએ ને રામાયણ મહાભારતનાં
પાત્રોની મુ નાનાભાઈએ કરી,—એ બધામાં રજૂઆતનો કીમિયો પડે
છે દૃષ્ટિ વિહોણા જૂના સામ્પ્રદાયિક હરદાસો કીર્તનકારોની રજૂઆત
વચ્ચે અને બાઉલોનાં ગાન કે કબીર સાખીઓની ગુરુદેવ ટાગોરે કરે
રજૂઆત વચ્ચે,—અથવા તો પંઢરીના વારકરીઓને મુખે આઠે પહોર
ગવાતા તુકારામના અભંગોની જે રજુઆત મરહૂમ જસ્ટીસ ચંદાવર
કરને મુખે મુંબઈ પ્રાર્થનાસમાજ મંદિરની વ્યાસપીઠ પરથી થતી એ
નાનપણમાં સાંભળેલી તે વચ્ચે,એટલો જ ફેર છે જેટલો દિવાસાં
રાત અને કોન્નગરી વચ્ચે.

એ રજૂઆતનો કીમિયો બૌદ્ધ જૈન સાહિત્યના ક્ષેત્રમાં આપણે
વચ્ચે પહેલપ્રથમ કોસંબીજી, સુખલાલજી વગેરે મહાનુભાવોએ બતાવ્યો.
મરહૂમ કોસંબીજીનુ 'બુદ્ધલીલા સારસંગ્રહ' મરાઠીમાં પહેલવહેલું પ્રગટ
થયુ ત્યારથી બુદ્ધ અને બૌદ્ધ સંસ્કૃતિનો ભક્ત હું બન્યો. તેવો જ રોમાંચ
પ્રજ્ઞાચક્ષુ પૂ પંડિત સુખલાલજીની જૈનદર્શન વિચારણાદિની રજૂઆત
પહેલવહેલી જોઈ ત્યારે મેં અનુભવ્યો જાણે જૈનદર્શન જેવી કોઈક
વસ્તુ છે એની પહેલી જ વાર મને ભાળ લાગી હોય

બુદ્ધ મહાવીરનાં જીવન અને શિક્ષણનો પરિચય વધતો ગયો તેમ
તેમ જેવી વેદ ઉપનિષત્કાલીન ઋષિઓ કે વ્યાસવાલ્મિકીએ ગાયેલી ને
રચેલી સંસ્કૃતિ પ્રત્યે તેવી જ આદરભક્તિ અને મગરૂબી બૌદ્ધ જૈન
સંસ્કૃતિશાખાઓ પ્રત્યે મારામાં મીંચાની ગઈ અને હિંદુજાતિએ માનવ

વિચારણાના વિમર્શમાં જે ફાળો આપ્યો છે તે માટેના ગૌરવ અને અભિમાનની મારી ભાવના દ્વિગુણિત થઈ જૈન બૌદ્ધ સીખ દ્રાવિડ આદિ વિચારણાઓ જંક્શન સ્ટેશનોના યાર્ડના એકબીજા જોડે ગુણાકાર ભાગાકાર કરનારા રેલપાટાઓની ભુલભુલામણીભરી ફૂલગૂંથણી જેવી પણ એક જ રેલ સિસ્ટમનાં અંગઉપાંગોની જેમ એક જ કેન્દ્રસ્થ હિંદુ સંસ્કૃતિનાં અવિભાજ્ય અંગ સમી છે બૌદ્ધો જૈનોએ વેદબ્રાહ્મણને તેના વૈભવ કાજે કુર્નિસ ન બજાવી ને તેની માન્યતા પ્રતિષ્ઠાને અનિવાર્ય ન માની અથવા તો ધર્મને નામે યજ્ઞયાગાદિ રૂપે ઘેરઘેર ચાલતી કસાઈખોરીનો નિષેધ કર્યો એટલા જ અપરાધ ખાતર બુદ્ધ મહાવીરને અને તેમની આખી સાંસ્કૃતિક કમાણીને બ્રાહ્મણોએ ફગાવી દીધી એ બીના જાણી ત્યારે મારું અંતર ચીત્કાર કરી ઊઠ્યું અને હિંદની ધરતી પરથી ને હિંદુજાતિના તમામ સંસ્કારક્ષેત્રમાંથી તેમને તગેડી કાઢીને જ જંપનાર આદિ શંકરાચાર્ય પ્રત્યેના મારા ભક્તિ ભાવને ઉવનેણ ફટકો પડ્યો બુદ્ધિવૈભવના એ કોટિભાસ્કર વિષેનો મારો મત ડગમગ બની ગયો એક મિત્રને મેં લખેલું

"I yield to none in my admiration for Shankar and in paying my homage to that greatest intellectual giant known to mankind But I may be pardoned if I venture to suggest that he lacked vision He found no use for Buddha and his noble Eight-fold Path of Righteousness beyond hotly repudiating both and banishing them beyond India s borders

And where there is no vision people perish as we very nearly did Perish or worse still eked out a humiliating existence as slaves with almost a total loss of manly virtues ever since Gazni s hordes started invading, soon after Shankar I know there is a class of partisan fanatics who maintain that the loss of those

manly virtues was to be attributed precisely to the preceding centuries of Buddhist and Jain influence on India It is an infamous calumny No chapter of India's history has been more glorious than that of the Buddhist period under Ashok and others, when India accomlished a cultural conquest of the world, and the East became a synonym for Wisdom of Life and values everlasting

"I readily admit that regeneration and decay are the Law of life,—of all living organisms But if Shankar found contemporary Buddhism steeped in processes of decay, a man of his intellect and gifts should have crusaded against prevailing practices, as did Gandhi against the curse of untouchability, and brought about a complete reformation He could have recast Brahmanism and brought about a complete reorientation of Hinduism by a process of assimilation and synthesis as did modern masters, Vivekanand dowwnards He should have besides known that the retrograde Brahmanical revival with which he sought to replace Buddhism was equally subject to processes of corruption and decay, and could not survive for all time"

આમ હિંદુ સંસ્કૃતિના રક્ષકો અને ઝનૂઆતદારોએ કોહીનૂરને પાંચીકા તરીકે ઓળખાવીને ફગાવી દેવામા પોતાનો 'દિગ્વિજય' થયો માન્યો અને પોતાની સંસ્કૃતિના કળશકલગીને સ્થાને શોભે એવી બૌદ્ધ તેમજ જૈન સંસ્કૃતિને ઉંએળી ઉખેડીને પોતાની જ દેદીપ્યમાન સંસ્કૃતિને નિસ્તેજ કરી એના મહિમાવન્તા ધરખમ કલેવરને વિકલ ને વામણું કરી મૂક્યું. આમ એમને હાથે ધવાઈને અસ્તાચળે ગએલી એમાંની બૌદ્ધ સંસ્કૃતિ આ દેશમાંથી તો દાળોવાટો થઈ ગઈ, પણ તે કાળે પ્રચારક હતી તેથી એણે તો નવાં સાંસ્કૃતિક સામ્રાજ્યો

ધાપ્યા ને અરધી દુનિયાને અગ્નિ ભરી ને પર પોતાની નિમળ
ભા પાથરી જૈન સંસ્કૃતિ જનાવતન* ન થઈ પણ એને અવકળા
થારી ગઈ અને હાર્યોલૂટાયા જેવી થઈને મૂત્રાવાકે જીવતી રહી

આમ હિંદુ સંસ્કૃતિના રિવાયત અગ્રજોએ પોતાની જ માજણી
બ્હેનોને દેશપાર કરી કે ગૂંગળાવી એટનું જ નહિ પણ પોતાનાં લાખ
લાખ નાનેરાં બાળાભોળાં ભાંડુઓ સામે પણ બોગળો ભીડીને તેમને
ધાના સંસ્કૃતિમંદિરમાં પેસવા પૂજવા કે એના સ્તવનકીર્તનનો ઉચ્ચાર
પણ કરવા સામે જાલીમ પ્રતિબંધો મેલી તેમને ભારવાહી પશુની હારમાં
મૂક્યાં ને પોતાની જ જનેતાને નાકકાન કાપેલી શૂર્પણખા બનાવી.
એવી વિમ્ન વિરૂપ અવસ્થામાં દુનિયાના મોં આગળ મુમૂર્ષુ રહીને
હિંદુ સંસ્કૃતિ આટના કાળ જીવી

હું જાણું છું કે આ કડવાં વચન કા'વા બદલ ઘણા વાચકોનો
રોષ મારા ઉપર ઉતરશે ને નાનાભાઈ જેવા મુરબ્બીઓ કોચવાશે
છતાં આ નિષ્ઠુર સત્ય ઉચ્ચારવાની ધૃષ્ટતા મેં એ દાવે કરી કે હું એ જ
કડવી તુંબડીનો વેલો એ જ સંસ્કૃતિની પેદાશ એની સારપ તેમ જ
શરમનો વારસ ને એ જ માનુ ફરજંદ છું હેમ્નેટે એની જનેતાની ઉગ્ર
નિભર્ત્સના કરી મારી મા એના જ પેગડામાં મારા પિતરાઈઓની
કરેલી મારી આ નિભર્ત્સના સામે 'कुपुत्रो जायेत क्वचिदपि कुमाता न भवति' વાળુ આશ્વાસન લે તે સામે મને વાંધો નથી

પણ આજે એ બની વસમાં વીતકોની રાત વીતી છે સંસારની
ઘટમાળમાં પતન અભ્યુદયનાં ડોલચાં નિરવધિ કાળની કૂખે ચક્રનેમિક્રમે
ચાલ્યા પછી આજે પાછું ઉદયકાળનું આગમન થયું છે અને તે બધી
નવજીવન વેરી રહ્યું છે હજાર વર્ષના અસ્તઅંધાર પછી ફરી એકવાર
હિંદ આત્મજ્ઞાનની મજલે પહોંચ્યું છે આજે જવાહરલાલજીથી માંડીને
એકેએક હિંદી દેશમાં નવી હવા ને નવી તાજગી અનુભવી રહ્યો છે

* દેશવટો પામેલુ

હિંદનું નવું દર્શન કરી રહ્યો છે. સમન્વયની પ્રક્રિયાઓ અને બંને પ્રજાશરીરમાં ને પ્રજામાનસમાં આજે કામ કરવા લાગ્યાં છે હિંદુ સંસ્કૃતિના મહાવૃક્ષની બૌદ્ધ, જૈન, સીખ, એકેએક શાખા પ્રશાખાઓ ના નિર્મળ અને શાશ્વત અંશે પરત્વે એકેએક શિક્ષિત હિંદુ આજે સભાન અને મગરૂબ છે. લીલલૂણાના બાઝેલા પોપડા ઝાડીઝાપરી ભોંયળી તો લી પીગૂંપી ઘોળીને ઘરઆંગણેનાં સંસ્કૃતિ મંદિરોની સમગ્ર વસાહતનો જીર્ણોદ્ધાર કરવા એ મથી રહ્યો છે. બૌદ્ધો, જૈનો, સીખો સનાતનીઓ, સુધારકો, ઉદ્ધારકો તેમજ દેશનાં લાખો કરોડો હરિજન આદિવાસી અને ભૂમિહીનોને માનવી જેવાં માનવાનો દરજ્જો ને પ્રતિષ્ઠા આપીને હારમાં લાવવા માગનારા તરફદારો કે ભૂદાન સેવકો, બધાં જ એ જીર્ણોદ્ધાર કરવાવાળા પથકનાં સૈનિકો છે વિરાટના પગરવે એ વસાહતને દેરેદેરે દેવ જાગ્યાની આલબેલ આપતા નાનામોટા ઘંટારવ સંભળાવા લાગ્યા છે. સંસારની સંસ્કૃતિઓની આપણી આ દાદીમા કે માતામહી સંસારની તમામ સંસ્કૃતિઓ અને વિચારધારાઓ વચ્ચેથી આપસના ડંખ કાઢીને એક વિશાળ સમન્વય સાધશે અને એની આંખનાં અમી હેઠળ સંસારનાં તમામ કાળાં ગોરાં પીળાં સંતાનો, છોરૂવાછરૂને અને દીકરાંદોઈતરને નાતે એને ખોળે જંપશે એવી મારી શ્રદ્ધા છે.

× × ×

દિલગીર છું હું ચગડોળે ચડી ગયો જૈન તીર્થંકરો અને જૈન સંસ્કૃતિને બુદ્ધ અને બૌદ્ધ સંસ્કૃતિથી પ્રાચીન ગણવામાં આવે છે બેઉ વચ્ચે તફાવત પણ એટલો ઓછો છે કે સામાન્ય માણસ ભેદ ભાગ્યે પારખી શકે જૈનોના વિશાળ સાહિત્ય ભંડારો હજાર વર્ષથી ખાંજરે પડયાં છે એને અંગે એક જાતની ગૂઢતા (mystery) સેવાય છે. જ્યાં એમાં અસંખ્ય મણિરત્નો પડયાં છે એમ મનાય છે.

પ્રસ્તુત પુસ્તક 'મહાવીર વાણી'ની પાંચમી નવેસરની આવૃત્તિ છે તેના સંપાદક પંડિત બેચરદાસજી દોશી હું પાછળ કહી ગયો તે

ગુજરાતની નવી જમાનના અગ્રેસર જૈન ધુરંધરોમાંના એક જાણીતા વિદ્વાન મુનિ છે જૂના જૈન સાહિત્યના ધૂળધોયા તરીકે એમની જીવનભરની નિષ્ઠા અને ભક્તિપરાયણતા જાણીતી છે મહાવીર પ્રભુના જીવનમાંથી અને જૈનસાહિત્ય રત્નાગારમાંથી અણમૂલાં રત્નો ઢૂંઢી ઢૂંઢીને તે ઉપર ચડેલા કાળાંતરના મેલપોપડા ને ધૂળ ઝાપટી ખંખેરીને અને ભીતરનાં નગ ધોઈ નિખારીને પ્રજાને ભેટ કરવાના વ્યવસાયને એમણે પોતાના જીવનનુ મિશન બનાવ્યો છે

જૈન વિદ્વાનોનો દાવો ઊભો છે કે છેલ્લા સો વર્ષ દરમ્યાન આપણી ગુલામ પ્રજાને પાશ્ચાત્ય વિદ્વાનોમાંથી આપણા તત્ત્વજ્ઞાન સંસ્કૃતિ અને જ્ઞાનગ્રન્થોના રખડતા ખડયા પ્રશંસકોના અહિંક્રિઓ ટાંકવાની ને તે ઉપર આનંદસમાધિએ ચડી જવાની લત લાગી જૈન વિદ્વાનો આથી અસ્પૃષ્ટ રહે એ અશક્ય હતું પણ હવે એ મૂર્છા વળી રહી છે પાછળ મેં ગણાવ્યા તે પૂ. પંડિત સુખલાલજી વગેરે મહાનુભાવોની પ્રેરણા અને આગેવાની હેઠળ જૈન પંડિતો અને વિદ્વાનો જૈન સાહિત્યને મથીમથીને તેમાંથી અમૃતસમાં નવનીત ઉતારી આજે પ્રજાને પીરસવા લાગ્યા છે એ આપણું ભાગ્ય છે જેમ જેમ આપણે સ્વભાન ઉપર આવતા જઈશું હજારો વર્ષની આપણી નમળીય કમાણીમાં જે જે કંઈ કીમતી ને શાશ્વત મૂલ્યનું છે તેને ઓળખતા જઈશું જેમ જેમ સમર્થ સંપાદકો ને રજૂઆતના કીમિયાગરો આપણી વચ્ચે પેદા થશે તેમ તેમ આપણને અવનવાં દર્શનો થતાં જશે અને જીવનસાધના પરમતસહિષ્ણુતા તથા સર્વધર્મસમભાવમાં આપણે ઝડપભેર આગળ વધીશું કારણ કે આપણા પ્રજાકીય અને સાંસ્કૃતિક હાર્દને એ વસ્તુ ભાવની છે માનવીમાત્રને સારુ એ નરવી ને તંદુરસ્તી બક્ષનારી છે

એ દિશાએ આપણને અગાડી લઈ જવામાં પ્રસ્તુત ગ્રંથ જેવાં રત્નો ધનની ખાણ સમાં છે એનું વાચન મનન ચિંતવન સૌ કોઈને મોટા ધર્મલાભ બક્ષશે અને એવી ખાણોનાં માર્ગ-પથરા જોડે દિનરાત

બાથોડિયાં ભરીને પોતાની એવી જીવનભરની જહેમતો અને સાધના તપસ્યાઓના ફળ રૂપે આવી સાંગોપાંગ સંધાડાઉતાર કૃતિઓ (finished products) ભેટ કરનારા એના નિષ્ઠાવંત પરાયણ સેવકો પ્રત્યે પ્રજાને કૃતજ્ઞભાવે તરબોળ કરશે.

બસ, આથી વધુ કશા અભ્યાસુ પ્રવેશક પુરોવચનની અપેક્ષા મારા જેવા ટૂંકપૂંજિયા પાસેથી કોઈ ન રાખે તેવો કશો પ્રયત્ન કરીને હું મારી જાતને હાંસીપાત્ર ન બનાવું એમાં જ મારી ને મને આ ગોરખધંધામાં ઉતારનાર મારા યજમાન પંડિત બેચરદાસજીની શોભા સચવાય એમ છે.

એટલે માત્ર એટલું જ કહીને રૂખસદ લઈશ કે આ 'મહાવીર વાણી' કોઈ વાદ, દર્શન, ઉપપત્તિ કે તત્ત્વમીમાંસા નથી. આ તો ગીતા, ધમ્મપદ, કુરળ કે ગિરિપ્રવચનની હારનું માનવીજીવનને સારુ અખૂટ ભાતું દેનારું રોજિંદા સ્વાધ્યાયનું રત્ન છે. હીરની ગાંઠ ઉપર તેલને ટીપે ગંઠીને સૌએ સદાય ને હરઘડી હૈયે વળગાડી રાખવાનું'

કૌસાની, આલ્મોરા
બળેવ, ૧૪-૮-'૫૪

સ્વામી આનંદ

* લેખકની લેખી રજા વિના આ લખાણ કે તેમો કોઈપણ અંશ કોઈથી અન્યત્ર છાપી શકાશે નહિ

પ્રકાશકનું નિવેદન

હું ઘણા વરસથી વિમાના ધંધામાં રોકાયેલ છું નેપચ્યુન
ાક પનીના ઘડતરમા મૂળે મારો સબંધ વિશેષ નિમિત્તરૂપ
ા વર્તમાનમા તો આ વિમાકપનીનો પ્રધાન સંચાલક
નેજિંગ ડાયરેક્ટર) હોઈ ધંધામા મન વિશેષ સલગ્ન રહે જ.
ાય સમગ્ર રાષ્ટ્રનું અને વર્તમાન જીવનનું જે જે સાધનો
ા હિત શ્રેય થનારુ હોય તે તે સાધનો વિશે નવું નવું
ણવાની–સમજવાની–વૃત્તિ જિજ્ઞાસા નિરંતર રહ્યા જ કરે
ા, જ્યારથી વિશેષ સમજણ–સદ્રુચિ જાગી છે અને તપ
ામ સદાચરણ તરફ થોડી થોડી વૃત્તિ બહુ જ ધીમે
મે પણ વધતી જાય છે ત્યારથી તો ઔત્સુક્ય સાથે
ધ્યાય કરવાનું અને સત્પુરુષોનો સાક્ષાત્ પરિચય કરવાનું
. થયા કરે છે

આજના નવા નવા ઉપચારો કરવા છતાં જેની જીવન
ી લબાવી ન શકાણી એ મારા પત્ની ઘણો લાબો મદવાડ
ગવી અકાળે (જવાની ઉમર ન હતી માટે અકાળે)
ડી નીકળ્યા, તેથી પણ ઉદાસીન થયેલ ચિત્તને સ્થિર કરવા
ર્શ્વર્યોનું આલબન અને સારા સારા પુસ્તકોના વાચન
રાત ધર્મશાસ્ત્રના વાચનનું આલબન મારા સારુ ખાસ
ને વિશેષ હિતાવહ નિવડેલ છે, એમ મને જાત અનુભવથી
ીત થઈ છે આ એક જ હેતુને લક્ષમા રાખી થોડાં
સ પહેલાં મારા તરફથી સદ્ગત પત્નીની સ્મૃતિનું નિમિત્ત
પી યોગદષ્ટિસમુચ્ચય નામના પરમશાંતિવાહક એક

દળદાર (લગભગ આઠસેંથી વધારે પાનાના) ગ્રંથનું પ્રકાશ
કરવામાં આવેલ અને પડતર કરતાં ઓછી કિંમતે તેને
પ્રચાર કરવામાં આવેલ.

સર્વધર્મસમભાવી, સત્યના ગવેષક, ત્યાગમૂર્તિ અ
વાસ્તવિક આર્યતાના પરમ ઉપાસક ગીતાર્થ સુવિહિ
આચાર્ય શ્રીહરિભદ્રસૂરિએ કેવળ મુમુક્ષુઓના હિતની દૃષ્ટિ
લક્ષ્યમાં રાખી એ ગ્રંથનું પ્રણયન કરેલું છે અને તટસ્થપ
જોતાં ખરેખર કોઈપણ ધર્મમાર્ગને અવલંબેલા તમા
સાધકો માટે એ પુસ્તકનું શ્રવણ વાચન મનન ભારે હિતાવ
છે એમાં મને શંક નથી. એ ગ્રંથ મૂળે સંસ્કૃતમાં છે એટ
મારા કલ્યાણમિત્ર ડો. ભાઈ ભગવાનદાસ મનસુખલાલ ફકીરચ
મહેતા દ્વારા રચાયેલ ગુજરાતી વિવેચન સાથે એ ગ્રંથને પ્રગ
કરેલ છે, જેથી સંસ્કૃત નહીં જાણનારા જિજ્ઞાસુઓ પ
તેનો લાભ લઈ શકે.

આમ તો હું જૈનકુલમાં જન્મેલ છું, પરંતુ વર્તમ
રૂઢ આચારવિચાર કરતાં વાસ્તવિક જૈન આચાર
જૈન તત્ત્વવિચાર સમજવાની વૃત્તિ મારા મનમાં ઘ
વખતથી જાગેલી એટલે તેને સંતોષવા સારું નિર્ભેળ જૈ
દર્શન અને જૈનઆચારને જાણવા સમજવા સારુ મા
પરમમિત્ર તથા નિકટના સગા બેચરદાસભાઈને મારી ઇચ્છ
જણાવી. તેઓએ ઉનાળાની લાંબી રજામાં મારી સાથે ર
ઉક્ત અભ્યાસમાં સહાયક થવાનું કબૂલ્યુ. મુંબઈનાં પ્રવૃ
અને વાતાવરણ ઘણીવાર સ્થિરતાનાં બાધક છે એમ મારે
સારુ મેં અનુભવ્યું છે, એટલે આ અભ્યાસ સારુ અમે
અલમોડા જવાનો વિચાર ગોઠવ્યો.

બેચરદાસભાઈ, તેમનો નાનો પુત્ર ભાઈ શિરીષ, મારા
રસી મિત્ર ડૉ. કટ્રાકટર (હવે આ ડૉક્ટર મિત્ર થોડા
વર્ષ પહેલા જ સ્વર્ગવાસી થયા છે) અને હું એમ ચારે જણા
મહિનાની શરૂઆતમા અલમોડા જવાને રવાના થયા ઋતુ
ાળાની હતી અને જે સ્થળ અમે પસંદ કરેલું તે ઠીકઠીક
તળ હતું એટલે મારા વાચન મનનમા ઘણી અનુકૂળતા
ો થોડા દિવસ અલમોડા રહી અમે કૌસાની ગયા અમે
ણતા હતા કે સ્વામી આનંદ કૌસાનીમા રહે છે, એ જ
ાકર્ષણ કૌસાની જવા માટેનું મુખ્ય હતું અલમોડા કરતાં ય
સાની અમને ખુબજ ગમી ગયું ત્યાનુ પ્રકૃતિક સૌંદર્ય
ને વરસાદથી થતું રમ્ય વાતાવરણ અમને અદ્દ્ભુત લાગ્યું,
ંમા સ્વામી આનંદનો પરિચય વળી વધારે ઉત્સાહપ્રેરક
યો આ રીતે એકંદર જેટલું મે વાચવા ધારેલું તેટલું
રાબર પૂરુ થઈ ગયુ અને સ્વામી આનંદના દર્શન
રિચયનો લાભ વિશેષ નફા સમાન નિવડયો અમદાવાદમા
યારે પૂ૦ ગાંધીજીએ નવજીવન શરૂ કર્યું ત્યારે તેના
ધાન સંચાલક સ્વામી આનંદ પોતે જ હતા ઉપરાત
ાંધીજીની પ્રવૃત્તિના વિશિષ્ટ અંગરૂપ તે તેઓ આજ
ધી પણ છે બેચરદાસભાઈ જ્યારે ગુજરાતવિદ્યાપીઠમા
ંશોધન-સંપાદનનું કામ કરતા હતા ત્યારથી તેઓ સ્વામીજીને
ારોક્ષ રીતે તો ઓળખે અને કૌસાનીમા તેમનો સંઘાત
રિચય થયો આ પરિચય દીર્ઘકાલનો ન ગણાય છતા અમે
ધા સ્વામીજી તરફ ખુબ આકર્ષાયા અને તેમા બેચરદાસભાઈ
ો વિશેષ બેચરદાસભાઈએ મને કહેલુ કે સ્વામીજી તેમના
ચિરપરિચિત છે એવું તેમને લાગ્યા જ કરે છે સ્વામીજી

તદ્દન નિરાડંબરી, સાદા અને સાધનાપરાયણ જીવન જીવ.
છે. તેઓ કદીક કદીક મુંબઈ આવી ચડે છે ત્યારે તે
પરિચયનો લાભ લેવાનું વળી બની જાય છે. કૌસાનીમાં જ
અમે તેમને મળ્યા ત્યારે તેમની વાતચિતમાં તેમનો વ
પ્રેમ, માનવપ્રેમ, રાષ્ટ્રભાષાની ભક્તિ, સેવાવૃત્તિ અને
બધું છતાંય અનાસકત ભાવ અચરજ પામી જઈએ એ
અમે તેમને મળીને પાછા ફરતા હતા તેવામાં ત્યાં વર
પડવા લાગ્યો, તેમણે પોતાની છત્રી આપી એ તો ઠીક;
તેઓ અમારામાંના વયોવૃદ્ધ ડૉકટર કંટ્રાકટરના વરસાદી ડગ
(ઓવરકોટ)ના બટન પણ ભીડવા લાગ્યા, તેમાં તો
તેમનાં માનવપ્રેમ અને સેવાવ્રતની પરાકાષ્ઠા જ જોઈ, અમ
ચિત્ત તેમના ચરણમાં નમી પડચાં અને ધન્ય સંન્યાસ
ધન્ય સેવા!! ધન્ય જીવન!!! ઉદ્‌ગારો આપોઆપ
પડચા. અમને થયેલા એમના આ અલ્પકાલિક પરિચયે
અમારા આખા પ્રવાસને ધન્ય બનાવી દીધો.

મે મહિનાની આખરે અમે મુંબઈ પાછા ફર્યાં ત્ય
બેચરદાસ ભાઈને મેં જણાવ્યુ કે તમારું મહાવીર-વા
પુસ્તક હિન્દીમાં છે તેનું ગુજરાતી કરી આપો તો
સદ્‌ગત માતુશ્રીની સ્મૃતિ માટે તેને પ્રગટ કરવાની વૃત્તિ
હું જ્યારે ઘણો જ નાનો હતો ત્યારે મારાં માતા આ જગતમાં
ચાલ્યાં ગયાં, તેમનું કોઈ ચિત્ર મારા ચિત્ત ઉપર નથી તે
કાગળ ઉપર પણ નથી. પોતાથી થઈ શકે તેવું કોઈ
આવે તો ના પાડવાની વૃત્તિ જ બેચરદાસભાઈમાં નથી એ
એમણે એ કામ કરી આપવાની હા જ પાડી દીધી, એટલું

પણ તેમા તુલનાત્મક અને વિવેચના મક ટિપ્પણો કરવા
મારે પરિશ્રમ કરી પુસ્તકને તદ્દન નવો જ અવતાર
યો તે માટે હુ તેમનો વિશેષ કયા શબ્દોમા કેવો અને
ો આભાર માનુ ? તે જ સૂઝતું નથી એક તરફ
ારી મૈત્રી, અત્યત આદરભાવ, તદ્દન નિકટની સગાઈ અને
તરફ આ ઔપચારિક વિધિ એ બેનો મેળ ખાવો કઠણ
એટલે આભાર પાઠ વિશે ન લખવુ એ જ વધારે ઉચિત
હા, તેમછે મારા આ પ્રકાશનમા પૂ૦ વિનોબાજીનું પુરો
ન અને સ્વામી આનદની પ્રસ્તાવના મેળવ્યા તે સારુ હુ
ત્રણે મહાનુભાવોનો વિશેષ ઋણી છુ એ તો મારે સ્વીકારવુ
રહ્યું

સ્વામીજીએ પોતાની પ્રસ્તાવનામા જૈન સમાજ વિશે
કાઈ લખ્યું છે તે પ્રત્યેક જૈન આચાર્યે અને જૈન
ા જના ઉપલા થર ઉપર રહેલા પ્રત્યેક આગેવાને અવશ્ય
મજવા વિચારવા અને મનન કરવા જેવું છે

ભગવાન મહાવીરના નિર્વાણ પછી આજ સુધીના
મયમા વખતોવખત જૈન શાસનને અને જૈન સમાજને
જે આઘાતપ્રત્યાઘાતો સહવા પડ્યા છે તે તો ઇતિહાસ
 દ્ધ નક્કર હકીકત છે

મને લાગે છે કે એ આઘાતપ્રત્યાઘાતોને લીધે જ
નશાસન અને જૈન સમાજનું ઉત્સાહના પૂરથી તરબોળ જે
તિકારી માનસ હતું તે તડજોડ કરનારુ થઈ ગયું હોય અને
જ માનસના પ્રભાવે તેમની શૂ વૃત્તિ દબાઈ તેને સ્થાને
શ્યવૃત્તિ આવી ગઈ હોય વૈશ્યવૃત્તિ અર્થપ્રધાન હોય છે,
ર્થપ્રધાનતા ઘણીવાર વ્યક્તિમા અને સમાજમા મારે

ળાઇઓને પેદા કરે છે, એટલું જ નહીં પણ સમાજને નિર્તે
સુદ્ધાં બનાવી મુકે છે. સ્વામીજીએ આપણી આ નિસ્તેજ
વિશે જ ખાસ લક્ષ્ય ખેંચ્યુ છે.

અર્થપ્રધાન વૃત્તિ સદાચાર સંયમની વિરોધી છે,
વૃત્તિમાંથી જ આડંબરી ઉપલકિયો ધર્મ જન્મે છે
વર્તમાનમાં વિશેષે કરીને પ્રચલિત છે અને તે વૃત્તિમાંથી
અનીતિ, અપ્રામાણિકતા, અનાચાર વગેરે અનેક દુર્ગુણો પે
થાય છે. એવો આપણો અર્થપ્રધાનતાનો દુર્ગુણ હજી પણ ન
દૂર કરી શકાય તો હમણાં તો આપણે મુવાંને વાંકે જીવી
છીએ અને હવે પછી જે કપરો સમય આવનારો છે તેમાં
આપણી હસ્તી હશે કે નહીં એ એક કોયડો લાગે છે. મારી
કલ્પના ખોટી જ નિવડે એમ ઇચ્છું છું, તો પણ સ્વામીજી
વચનો અવશ્ય વિચારવા જેવાં છે અને તે માટે કો
સબળ ઉપાય પણ લેવાવો જોઇએ એમ મને લાગ્યા કરે છે

મારા પ્રત્યેના બેચરદાસભાઈના નિર્વ્યાજ સ્નેહ વિના આ
પ્રકાશન ન જ બની શક્ત મારાં પૂજ્ય સદ્ગત માતાજીની સ્મૃતિ
મ ટે આ પુસ્તકને પ્રકાશિત કરી હું સવિશેષ ધન્ય થયો છું
અમારી વચ્ચેનો આ સ્નેહ સબંધ બેચરદાસભાઇ દ્વારા આવ
સુંદર બીજાં પ્રકાશનો પણ કરાવે એવી ઉમેદ રાખી અહીં
મારું વિનેદન પૂરું કરું તે પહેલાં આ પુસ્તકના પ્રકાશન
માટેની સુવ્યવસ્થા કરનારા ભાઈ ચદુભાઈ ગુલાબચંદ મહેતા
(મારા કાકાના દીકરા અને નેપચુન વિમા કંપનીની અમદાવાદની
શાખાના મુખ્ય મેનેજર) ના નામનો સસ્નેહ અને સાદર

રેખ કરવો જરૂરી છે, એમ સમજુ છુ અને આ પુસ્તકને રપી આપનાર પ્રેસમાલિકના સૌજન્યને પણ યાદ કરુ છુ

પર્યુષણ પર્વ

અથવા

પર્યુષણમના પર્વ

કટપર્યર–શનીવાર

૨૭–૮–૫૪

મનસુખલાલ તારાચદ મહેતા

તા ક. સ્વામી આનદની પ્રસ્તાવના જન્માષ્ટમીને દિવસે આવી પહોચી, તેઓએ તેના પ્રુફો કૌસાની મગાવ્યા, જન્માષ્ટમીને દિવસે પ્રેસ બધ અને રવિવારે પણ બધ સ્વામીજી પાછા પોતાના સ્થાનેથી પ્રવાસે જવાના હતા એટલે તેમણે આ પ્રુફો તાબડતોબ મગાવેલા. એ કામને પહોચી વળવા અમદાવાદ શારદામુદ્રણાલયના માલિકો ભાઈ શભુલાલ જગશી તથા ભાઈ ગોવિંદલાલ જગશી એ બન્ને ભાઈઓએ અને ભાઈશ્રી બાલાભાઈ (જયભિખ્ખુ) એ પણ મને જે સહાયતા કરી છે અને એક જ દિવસમા આખુ જ કપોજ કરી, બે વાર સુધારી આપવાની તાત્કાલિક વ્યવસ્થા કરી આપી છે તે અર્થે તેમના પણ ખાસ આભારની નોધ કર્યા વિના ચાલે એમ નથી જ

દ મનસુખલાલ મહેતા

સંપાદકીય

મહાવીર-વાણીનો પરિચય

મહાવીર-વાણીની આ પાંચમી આવૃત્તિ, આગલી આ
આવૃત્તિઓ કરતાં જે ખાસ ખાસ વિશેષતા ધરાવે છે તે આ

૧ સમગ્ર મૂળનો ગુજરાતીમાં અનુવાદ
૨ અનુવાદ સાથે જ ટિપ્પણો પણ ગુજરાતીમાં
૩ તુલનાત્મક અને વિવેચનાત્મક એમ બે પ્રકા...
ટિપ્પણો
૪ ભગવાન મહાવીરના જીવનનો સંક્ષિપ્ત પરિચય
૫ માનનીય શ્રીવિનોબા ભાવેનું પુરોવચન
૬ માનનીય શ્રીસ્વામી આનંદની પ્રસ્તાવના
૭ મહાવીર-વાણીમાં આવેલાં પદ્યોના છંદોનો અ
અલંકારનો પરિચય

સર્વધર્મસમભાવની વૃત્તિ મનુષ્યમાત્રના જીવનને
ઉન્નતિના માર્ગ ભણી દોરી જાય છે, જેમ જેમ એ વૃત્તિ
આપણા જીવનમાં વધારે સ્થિર થાય, જામે અને પરિપક્વ
થાય તેમ તેમ આપણા જીવનમાં વિશેષ શાંતિ પ્રગટે છે,
માણસ માત્ર સાથે-પછી ભલે તે, ગમે તે ધર્મને પાળતો હોય-
સહાનુભૂતિ અનુભવી શકાય છે, માણસ માત્ર તરફ આપણું
નિર્મળ પ્રેમઝરણું વહેવા લાગે છે, ચિત્ત અને ભાવના વિશાળ
થતાં જાય છે અને સત્યગ્રહણ માટે, સારગ્રહણ માટે જિજ્ઞાસ
વધતી જાય છે. એથી એ રીતે આપણે વધુને વધુ અહિંસાના-
તેજસ્વી અહિંસાના-ધર્મને મન વચન અને શરીરે આચરતા

થઈ શકીએ છીએ, જેને પરિણામે વ્યક્તિ, સમાજ, રાષ્ટ્ર કે વિશ્વમા શાતિસ્થાપવામા આપણે પણ નિમિત્તરૂપ બનીએ છીએ

સર્વધર્મસમભાવની વૃત્તિનો આવો અદ્ભુત પ્રભાવ છે, એમ સમજીને જ આ આવૃત્તિમા આપેલા ટિપ્પણો બધા એ દષ્ટિએ પ્રધાનપણે લખેલા છે એટલે વિદ્યાર્થીઓ તથા બીજા પણ અભ્યાસીઓ એ તરફ વિશેષ લક્ષ્ય આપે એવી નમ્ર ભલામણ છે

આભાર

૧ તુલનાત્મક ટિપ્પણો આપતી વખતે બ્રાહ્મણધર્મના પવિત્રવચનોનો અને બૌદ્ધધર્મના પવિત્ર વચનોનો ઉપયોગ કરવાનો ખ્યાલ મનમા આવેલો પરતુ કરુણાથી ભરપૂર વન્દનીય શ્રી ઈસુખ્રીસ્તના અને પેગબર મહમ્મદ સાહેબના વચનોનો ઉપયોગ કરવાનો ખ્યાલ તત્કાળ નહી આવેલો, માનનીય પડિત શ્રી સુખલાલજી સાથે આ તુલનાત્મક ટિપ્પણોની વાત કરતો હતો અને તેમને એ ટિપ્પણોનો નમૂનો સમજાવતો હતો ત્યારે તેમણે તરત જ કહ્યુ કે આની સાથે બાઈબલ અને કુરાનના વચનોને મુકીને સરખામણી કરો તો ઘણુ વધારે સારુ થશે આ સૂચના મનમા એકદમ સોસરવી ઉતરી ગઈ અને તરત જ અહીના માણેકલાલ જેઠાભાઈ પુસ્તકાલયમા પહોચ્યો, ત્યાથી 'ઇસુખ્રીસ્ત અને તેમનો ઉપદેશ' એ નામનુ તથા 'હજરત મહમ્મદ અને ઈસ્લામ' એ નામનુ એમ બન્ને પુસ્તક લઈ આવ્યો તે બન્નેને તત્કાળ વાચી તેમાથી મહાવીર–વાણીમા આવેલાં વચનો સાથે અને ભાવ સાથે સરખાવવા જેવા વચનો વીણી

કાઢયાં અને તે તમામ વચનોનો અહીં યથાસ્થાન ઉપયોગ કરેલ છે. આવી મહામૂલી સૂઝ આપવા બદલ અહીં માનનીય પંડિત શ્રી સુખલાલજીના નામનું ઉપકાર સાથે સંકીર્તન કરવું એ મારી ખાસ ફરજ સમજું છું.

૨ ટિપ્પણોમાં અને મૂળમાં અહી જે જે પુસ્તકોનો મેં ઉપયોગ કરેલ છે તે તમામ પુસ્તકોના સંપાદકોનો, પ્રકાશકોનો અને પુસ્તક આપનાર ઉક્ત પુસ્તકાલયનો પણ વિશેષ આભાર માનું છું.

૩ ભારતવર્ષની પ્રજાની ગરીબીનું ભારે દુઃખ અનુભવી જેમનામાં કરુણાનું પ્રેમનું અહિંસાવૃત્તિનું પૂર ઉછળ્યુ છે એવા વંદનીય વિનોબાજીએ–પોતે અસાધારણ પ્રવૃત્તિના બોજા નીચે હમણાં હમણાં નિરંતર દબાયેલા રહે છે, આરોગ્ય પણ બરાબર નથી તેમ છતાં–મારી નમ્ર વિનતિને ધ્યાનમાં લઈ જે પુરોવચન લખી મોકલાવેલ છે તે માટે તેમનો સવિશેષ ઋણી છું એમ કહેવું પૂરતું નથી છતાં તે માટે બીજા કયા શબ્દો લખવા એ જ સૂઝતું નથી.

૪. ગુજરાતથી ઘણે દૂર કૌસાની (જી. અલમોડા) જેવા તદ્દન એકાંતમાં આવેલા નાના ગામડામાં વસતા અને પોતાની ઉગ્ર સાધનામાં તથા કર્તવ્યનિષ્ઠામાં રહેતા સ્વામી આનંદે આ પુસ્તકની જે પ્રસ્તાવના લખી મોકલેલ છે તે અર્થે તેમનો પણ સવિશેષ આભાર માનવાનું ચૂકું તો નર્યો નાલાયક જ ગણાઉ.

વિશ્વવંદ્ય મહાત્મા ગાંધીજીના વારસાને મેળવી પોતાના જીવનમાં યથાર્થ ઉતારનારા એવા શ્રી ભાવેજી અને શ્રી સ્વામી

આનંદને આ પ્રવૃત્તિમા મને જે સહકાર મળ્યો છે તેથી મારી જાતને પણ હું ધન્ય ધન્ય માનું છુ

પૂજ્ય સ્વામી આનંદ સાથે પ્રસ્તાવના લખવા બાબત શેઓ પત્રવ્યવહાર ચાલેલ, તેમણે તો પોતાની જાતને 'ઢ' કહી આ કામ કરવાનો સાફ ઇન્કાર ફરમાવેલ, પરંતુ મે મારુ લખાવવાનું પૂછડુ એવુ મજબૂત પકડી રાખેલુ જેથી તેમણે અકળાઈને પણ સ્વીકારવાની હા પાડી અને જે માનસિક તકલીફ કેવળ મારી મૂર્ખાઈને વશ થઈને વેઠી છે તે કંદી ભૂલાય તેવી નથી મારુ પૂછડુ ઢીલુ મૂકયું હોત તો પોતે શુદ્ધ સનાતની છતાં ય જૈનધર્મ અને બૌદ્ધધર્મ પ્રતિ અને જૈન આલમ પ્રતિ નિષ્પક્ષ એવા તેમના મનમા જે અસાધારણ સહાનુભૂતિ છે, તેમના જે અમૂલ્ય અનુભવો છે, તેમની એ તર્યું સત્ય સંભળાવી દેવાની નિર્ભય વૃત્તિ છે તે બધુ તેમના ચિત્તમા જ પડયું રહેત અહી અપ્રસ્તુત છે છતાં કહી દેવું જરૂરી છે કે બીજા મહાનુભાવો ય તેમને સતાવીને પણ તેમના અનુભવો શબ્દોમા બહાર કઢાવે એવી મારી નમ્ર વિનતી તથા ખાસ ભલામણ છે આ અંગે પૂ૦ સ્વામી આનંદનો ફરી ફરીને અત્યંત સદ્ભાવ સાથે આભાર માનવાની જે તક મને સાંપડી છે તેથી વળી વિશેષ ધન્યતા અનુભવુ છુ

મેં મારી આ પ્રવૃત્તિમા જેમણે જેમણે ભૂતકાળમા સહકાર આપેલ છે તે તમામ સજ્જનો (૧ ડૉ બાબુ ભગવાનદાસજી કાશીવાળા-શ્રી શ્રીપ્રકાશજીના પૂજ્ય પિતાજી ૨ ભાઈ ગુલાબચંદ જૈન દિલ્લીવાળા ૩ કવિ મુનિશ્રી અમરચંદજી ઉપાધ્યાય આગ્રા ૪

'ભાઈ **શાંતિલાલ શેઠ**—માનનીય કાકા કાલેલકરના દિલ્હીથી છપાતા 'મંગળપ્રભાત'ના પ્રકાશન સાથે એમનું નામ સંકળાએલ છે તથા 'જૈનપ્રકાશ' નામના પત્રના સંપાદકરૂપે એમનું નામ પ્રખ્યાત છે. ૫ **સ્નેહીશ્રી રિષભદાસજી** રાંકા, **સંપાદક જૈનજગત. ૬ સ્નેહી ભાઈ માનમલજી જૈન** ખીચનવાળા—મદ્રાસમાં ઝવેરાત તથા સોનાચાંદીનો વેપાર કરનાર) વગેરે)નું આભાર સાથે અહીં નામ સંકીર્તન કરું છું.

૬. મારા આ કાર્યમાં સહાનુભૂતિ દાખવનાર અને તેમાં સક્રિય રસ લેનાર માનનીય **મુનિશ્રી પુણ્યવિજયજી આગમપ્રભાકરનું** નામ વિશેષ આદર અને શ્રદ્ધા સાથે અહીં યાદ કરું છું.

૭. આ આવા પ્રકાશન માટે પ્રેરણા આપનાર અને તે માટે અર્થ વેરનાર ભાઈ મનસુખલાલ તારાચંદ મહેતા ખરેખર ધન્યવાદને પાત્ર છે. તેઓ મારા ખાસ સગા તો છે જ ઉપરાંત અસાધારણ સ્નેહી છે તથા મારી કેટલીક મુંઝવણો અને અગવડોને દૂર કરવામાં ભારે રસ લે છે એટલે 'એક સગા' સમજીને તેમનો આભાર ન માનું તો ભીંત ભુલ્યો જ ગણાઉં.

મહાવીર-વાણીનાં તમામ પદ્યોનું સંસ્કૃત રૂપાંતર આ પુસ્તકને છેડે આપેલ છે તેમાં કેટલાક પ્રયોગો છાંદસ છે તે તરફ વાચકોનું ધ્યાન ખેંચું છું.

સંપાદક.

શ્રમણ ભગવાન મહાવીર

(તેમનુ જીવન અને તેનો મહિમા)

મહાવીર-વાણીમા શ્રમણ ભગવાન મહાવીરની વાણીનો સગ્રહ છે એથી જેઓ આ પુસ્તકને વાચે, ભણે કે વિચારે તેમના મનમા ‘મહાવીર કોણ?’ એવો પ્રશ્ન જરૂર થાય એ પ્રશ્નના સાધારણ સમાધાન માટે આ નીચે તેમનો પરિચય સક્ષેપમા આપેલ છે

જેમ ભગવાન બુદ્ધ ઐતિહાસિક વ્યક્તિ છે તેમ શ્રમણ ભગવાન મહાવીર પણ એક ઐતિહાસિક વ્યક્તિ છે ભગવાન બુદ્ધનુ મૂળ નામ સિદ્ધાર્થ ગોતમ છે ગૌતમ તેમના ગોત્રનુ સૂચક છે અને સિદ્ધાર્થ મૂળ નામ છે સિદ્ધાર્થની પત્નીનુ નામ યશોધરા છે ભગવાન મહાવીરના પિતાનુ નામ સિદ્ધાર્થ છે મહાવીરની પત્નીનુ નામ યશોદા છે માતાપિતાએ પાડેલુ મહાવીરનુ મૂળ નામ વર્ધમાન છે મહાવીરના મુખ્ય શિષ્યનુ નામ ઇદ્રભૂતિ ગૌતમ છે આમા ઇદ્રભૂતિ મૂળ નામ છે અને ગૌતમ ગોત્રસૂચક વિશેષણ છે આ બધા નામોમા કેટલાક નામો-જેવા કે-સિદ્ધાર્થ, યશોદા, યશોધરા, ગોત્રસૂચક ગૌતમ, એ બધા એક બીજા સરખા જેવા લાગે છે તેથી જેઓ ઇતિહાસને જાણતા નથી તેમને મન બુદ્ધ અને મહાવીરની ઓળખમા ભેગસેળ થઈ જાય છે અને એ બન્ને એક જ વ્યક્તિ છે વા જુદી જુદી વ્યક્તિઓ છે એવો શુ ચવાડો પણ ઉભો થાય છે વળી, બુદ્ધના ઉપદેશમા અને મહાવીરના ઉપદેશમાં કેટલાક શબ્દો એવા આવે છે જે તદ્દન એક સરખા છે અને એક સરખા અર્થમા વપરાયેલા છે-જેવા કે-સવર, આસ્રવ, પાણાતિપાતવિરમણ, આરભ, દડ, તસ, થાવર, ભિકખુ, અરહત, થેર, સસાર, સીલ, કસાવ-કસાય, પુણ્ણ-પુણ્ય, પાપ વગેરે આ ઉપરાત તે બન્નેના

જે ઉપદેશ–વચનો વર્તમાનમાં વિદ્યમાન છે તેમાં ય ઘણાં ખરાં એકસરખાં–બરાબર અક્ષરે અક્ષર સરખાં મળે છે–જેવાં કે-

મહાવીર વચન	બુદ્ધ વચન
૧ હત્થસંજએ પાયસંજએ	૧ હત્થસંયતો પાદસંયતો
વાયસંજએ સંજઇંદિએ ।	વાચાય સંયતો સંયતુત્તમો
અજ્ઝપ્પરએ સુસમાહિઅપ્પા	અજ્ઝત્તરતો સમાહિતો
સુત્તત્થં ચ વિયાણઇ જે સ ભિક્ખૂ ॥	એકો સંતુસિતો તમાહુ ભિક્ખું
મહાવીરવાણી–ભિક્ષુસૂત્ર ૨૭૫	ધમ્મપદ ભિક્ખુ વગ્ગ ૩
૨ જહા પોમ્મં જલે જાયં	૨ વારિ પોક્ખરપત્તે વ
નોવલિપ્પઇ વારિણા ।	આરગ્ગેરિવ સાસવો ।
એવ અલિત્તં કામેહિં	યો ન લિંપતિ કામેસુ
ત વયં બૂમ માહણં ॥	તમહં બ્રૂમિ બ્રાહ્મણં ॥
મહાવીરવાણી–બ્રાહ્મણસૂત્ર ૨૬૨	ધમ્મપદ બ્રાહ્મણ વગ્ગ ૧૯
૩ જો સહસ્સં સહસ્સાણં	૩ યો સહસ્સં સહસ્સેન
સંગામે દુજ્જએ જિણે ।	સંગામે માનુસે જિને ।
એગં જિણેજ્જ અપ્પાણં	એકં ચ જેય્યમત્તાનં
એસ સે પરમો જઓ ॥	સ વે સંગામજુત્તમો ॥
મહાવીરવાણી–આત્મસૂત્ર ૨૧૫	ધમ્મપદ સહસ્ર વગ્ગ ૪

(આવાં સરખેસરખાં વચનો તો તે બન્ને મહાપુરુષોનાં ઘણાં ય છે, એ બાબત મહાવીરવાણીનાં ટિપ્પણોમાં તે તે સ્થળે પુસ્તકનો નામ તથા પ્રકરણદ્વારા નિર્દેશ કરીને સ્પષ્ટ જણાવેલું છે) આ ઉપરાંત તે બન્ને મહાપુરુષોના ઉપદેશપ્રસંગોમાં જે કેટલીક ચર્ચાઓ આવે છે તેમાં ય ઘણી સમાનતા છે. ક્યાંય એ સમાનતા અર્થની અને શબ્દની એમ બન્ને દૃષ્ટિએ હોય છે અને કયાંય એ સમાનતા કેવળ અર્થની દૃષ્ટિએ હોય છે, ભલે વાકયરચના જુદા પ્રકારની હોય–જેમકે–જૈન આગમોમાં રાયપસેણીય નામના સૂત્રમાં–ઉપાંગ સૂત્રમાં–રાજા પએસીની

હકીકત આવે છે તેવી જ હકીકત બુદ્ધ પિટકોમા દીઘનિકાયમા સામાયિકસુત્તમા આવે છે તદુપરાત સુત્તનિપાત, દીઘનિકાય વગેરે બુદ્ધસૂત્રોના ઘણા ઘણા વચનો સાથે જૈનસૂત્રો ઉત્તરાધ્યયન, સૂત્રકૃતાગ અને આચારાગ વગેરેના વચનો એક બીજા ઘણા જ મળતા આવે છે વળી, એ બન્ને મહાપુરુષો મગધમા જન્મેલા છે, એ બન્નેની શાસ્ત્રભાષા માગધી અને અર્ધમાગધી, એ બન્ને ભાષા વચ્ચે પણ ઘણુ ઘણુ સામ્ય છે તે બન્નેનો ધર્મપ્રચાર પણ વિશેષે કરીને બિહારમા તથા મગધમા થયેલ છે તથા તેમનો સમય પણ લગભગ પાસે પાસે છે,આ બધા કારણોને લીધે કોઈ ઉપરછલિયો અભ્યાસી એવું માની બેસે કે બુદ્ધ અને મહાવીર જુદી જુદી વ્યક્તિ નથી અથવા તેમણે કહેલો ધર્મ કોઈ એક બીજામાથી જન્મેલો છે, તો આ માન્યતા કાઈ અસભવિત નથી, પરતુ જ્યારે તે બન્ને મહાપુરુષોના વચનોનો, શાસ્ત્રોનો અને તે બન્નેની પરપરાનો ગભીરતાપૂર્વક અભ્યાસ કરવામા આવે, નર્યા શુદ્ધ ઇતિહાસની દૃષ્ટિએ તેમને તપાસવામા આવે અને કશો પૂર્વગ્રહ રાખ્યા વિના તે બાબત વિચારવામાં આવે તો વસ્તુ સ્થિતિ તદ્દન જુદી જ છે એમ સ્પષ્ટપણે કોઈને પણ જણાયા વિના નહી જ રહે આ ઉપરાત શ્રી બુદ્ધ ભગવાનના પોતાના પ્રવચનમા જ્યા તેમના સમયના જુદા જુદા ધર્મપ્રવર્તકોના નામ આપેલા છે તેમા निगठो नातपुत्तो અર્થાત નિર્ગ્રન્થ જ્ઞાતપુત્ર પણ તેમના સમયના એક વિશેષ પ્રકારના ધર્મપ્રવર્તક હતા, એવો સ્પષ્ટ ઉલ્લેખ છે એથી પણ કોઈપણ તટસ્થ ઇતિહાસવિદને શ્રી મહાવીર અને શ્રી બુદ્ધ એ બન્ને તદ્દન જુદી જુદી એક બીજાથી નિરાળી સ્વતત્ર વ્યક્તિઓ હતી

જે ઉપદેશ-વચનો વર્તમાનમાં વિદ્યમાન છે તેમાં ય ઘણાં ખરાં એકસરખાં-બરાબર અક્ષરે અક્ષર સરખાં મળે છે-જેવાં કે-

મહાવીર વચન	બુદ્ધ વચન
૧ હત્થસંજએ પાયસંજએ વાયસંજએ સંજઈંદિએ । અજ્ઝપ્પરએ સુસમાહિઅપ્પા સુત્તત્થં ચ વિયાણઈ જે સ ભિક્ખૂ॥	૧ હત્થસંયતો પાદસંયતો વાચાય સંયતો સંયતુત્તમો । અજ્ઝત્તરતો સમાહિતો એકો સંતુસિતો તમાહુ ભિક્ખું॥
મહાવીરવાણી-ભિક્ષુસૂત્ર ૨૭૫	ધમ્મપદ ભિક્ખુ વગ્ગ ૩
૨ જહા પોમ્મં જલે જાયં નોવલિપ્પઈ વારિણા । એવં અલિત્તં કામેહિં તં વયં બૂમ માહણં ॥	૨ વારિ પોક્ખરપત્તે વ આરગ્ગેરિવ સાસવો । યો ન લિંપતિ કામેસુ તમહં બ્રૂમિ બ્રાહ્મણં ॥
મહાવીરવાણી-બ્રાહ્મણસૂત્ર ૨૬૨	ધમ્મપદ બ્રાહ્મણ વગ્ગ ૧૯
૩ જો સહસ્સં સહસ્સાણં સંગામે દુજ્જએ જિણે । એગં જિણેજ્જ અપ્પાણં એસ સે પરમો જઓ ॥	૩ યો સહસ્સં સહસ્સેન સંગામે માનુસે જિને । એકં ચ જેય્યમત્તાનં સ વે સંગામજુત્તમો ॥
મહાવીરવાણી-આત્મસૂત્ર ૨૧૫	ધમ્મપદ સહસ્સ વગ્ગ ૪

(આવાં સરખેસરખાં વચનો તો તે બન્ને મહાપુરુષોનાં ઘણાં ય છે, એ બાબત મહાવીરવાણીનાં ટિપ્પણોમાં તે તે સ્થળે પુસ્તકનો નામ તથા પ્રકરણદ્વારા નિર્દેશ કરીને સ્પષ્ટ જણાવેલું છે) આ ઉપરાંત તે બન્ને મહાપુરુષોના ઉપદેશપ્રસંગોમાં જે કેટલીક ચર્ચાઓ આવે છે તેમાં ય ઘણી સમાનતા છે. ક્યાંય એ સમાનતા અર્થની અને શબ્દની એમ બન્ને દૃષ્ટિએ હોય છે અને ક્યાંય એ સમાનતા કેવળ અર્થની દૃષ્ટિએ હોય છે, ભલે વાક્યરચના જુદા પ્રકારની હોય-જેમકે-જૈન આગમોમાં રાયપસેણીય નામના સૂત્રમાં-ઉપાંગ સૂત્રમાં-રાજા પએસીની

હકીકત આવે છે તેવી જ હકીકત બુદ્ધ પિટકોમા દીઘનિકાયમા પાયાસિસુત્તમા આવે છે તદુપરાંત સુત્તનિપાત, દીઘનિકાય વગેરે બુદ્ધસૂત્રોના ઘણા ઘણા વચનો સાથે જૈનસૂત્રો ઉત્તરાધ્યયન, સૂત્રકૃતાગ અને આચારાગ વગેરેના વચનો એક બીજા ઘણા જ મળતા આવે છે વળી, એ બન્ને મહાપુરુષો મગધમા જન્મેલા છે, એ બન્નેની શાસ્ત્રભાષા માગધી અને અર્ધમાગધી, એ બન્ને ભાષા વચ્ચે પણ ઘણુ ઘણુ સામ્ય છે તે બન્નેનો ધર્મપ્રચાર પણ વિશેષે કરીને બિહારમા તથા મગધમા થયેલ છે તથા તેમનો સમય પણ લગભગ પાસે પાસે છે,આ બધા કારણોને લીધે કોઈ ઉપલકિયો અભ્યાસી એવું માની બેસે કે બુદ્ધ અને મહાવીર જુદી જુદી વ્યક્તિ નથી અથવા તેમણે કહેલો ધર્મ કોઈ એક બીજામાથી જન્મેલો છે, તો આ માન્યતા કાંઈ અસભવિત નથી, પરતુ જ્યારે તે બન્ને મહાપુરુષોના વચનોનો, શાસ્ત્રોનો અને તે બન્નેની પરપરાનો ગભીરતાપૂર્વક અભ્યાસ કરવામા આવે, નર્યા શુદ્ધ ઈતિહાસની દૃષ્ટિએ તેમને તપાસવામા આવે અને કશો પૂર્વગ્રહ રાખ્યા વિના તે બાબત વિચારવામા આવે તો વસ્તુસ્થિતિ તદ્દન જુદી જ છે એમ સ્પષ્ટપણે કોઈને પણ જણાયા વિના નહી જ રહે આ ઉપરાત શ્રી બુદ્ધ ભગવાનના પોતાના પ્રવચનમાં જ્યા તેમના સમયના જુદા જુદા ધર્મપ્રવર્તકોના નામ આપેલા છે તેમા निग्गठो नातपुत्तो અર્થાત નિર્ગ્રન્થ જ્ઞાતપુત્ર પણ તેમના સમયના એક વિશેષ પ્રકારના ધર્મપ્રવર્તક હતા, એવો સ્પષ્ટ ઉલ્લેખ છે એથી પણ કોઈપણ તટસ્થ ઈતિહાસવિદને શ્રી મહાવીર અને શ્રી બુદ્ધ એ બન્ને તદ્દન જુદી જુદી એક બીજાથી નિરાળી સ્વતત્ર વ્યક્તિઓ હતી

એમ સ્પષ્ટ જણાય એમ છે. આ હકીકતને સ્પષ્ટ કરવા જ ભગવાન મહાવીરનો થોડો પરિચય અહીં આપેલ છેઃ

૧ આજથી આશરે પચ્ચીશ સૈકાઓ પહેલાં પ્રાચીન નામ [૧]વિશાલા કે વૈશાલી નગરી (વર્તમાન નામ વસાડ-જિલા મુજફ્ફરપુર, બિહાર)માં મહાવીર જન્મ્યા હતા.

૨ તેમનો–મહાવીરનો જન્મ દિવસ ચૈત્ર [૨]શુ૦દિ૦ તેરશને દિવસે હતો (તિથિ રાત્રીના બાર પછી શરૂ થાય છે એટલે જ્યારે તેરશ તિથિ શરૂ થઈ ત્યારે તેઓ મધ્યરાત્રે તેરશની બાજુના સમયમાં જન્મ્યા હતા એમ જ્યોતિષના વ્યવહારની દૃષ્ટિએ મનાય છે અને તેમના જન્મનો ઉત્સવ તેરશના સવારના સમયમાં થયેલો એથી આજે પણ તે તેરશના દિવસનું મહત્ત્વ મનાય છે.)

૩ તેમના પિતાનાં ત્રણ નામ હતાં: ૧. સિદ્ધાર્થ ૨. સેજ્જંસ (શ્રેયાંસ) ૩. જસંસ (યશોંડશ અથવા યશસ્વી?) વ્યવહારમાં સિદ્ધાર્થ નામ વધારે પ્રસિદ્ધ છે.

---

૧. શ્રી મહાવીરસ્વામિના જન્મને કારણે વૈશાલી (વસાડ) નગરી વિશેષ પ્રકારનું યાત્રાનું સ્થળ છે. જૈન યાત્રીઓ રાજગૃહ પાવાપુરી વગેરે સ્થાનોમાં યાત્રા માટે પરિભ્રમણ કરે છે પણ કોઈ જૈન યાત્રી વૈશાલી ભાગ્યે જ જાય છે. એમને આ નગરીના નામની પૂરી ખબર નથી હોતી, પટણા (બિહાર)થી સ્ટીમલોંચ દ્વારા નદી ઉતરી ત્યાંથી સામા કાંઠાની રેલ્વેમાં એમી મુઝફ્ફરપુર સુધી જઈ ત્યાંથી બસ વાટે વૈશાલી જઈ શકાય છે. હવે તો બિહાર સરકાર દ્વારા ત્યાં એક પ્રાકૃત વિદ્યાપીઠ પણ સ્થપાયેલ છે અને ત્યાં અહિંસાના સિદ્ધાંતને અંગે સંશોધન કરવાનું કામ પણ ચાલે છે. ભગવાનને જન્મસ્થાને ચરણ-પાદુકાની સ્થાપના છે અને ગામને છેડે તળાવ પાસે એક નાનું મંદિર પણ છે. આમ આ સ્થળ વિશેષ પવિત્ર હોવાથી દરેક યાત્રાળુએ ત્યાં તો જરૂર જવું જોઈએ.

૨. શુ૦ એટલે શુક્લ અને દિ૦ એટલે દિવસ.

૪ તેમના વંશનુ નામ નાત, નાય, નાથ (સંસ્કૃતમા જ્ઞાત કે જ્ઞાતૃ આ વંશ ઉપરથી મહાવીરનુ નામ જ્ઞાતપુત્ર, નાથાન્વય, નાતપુત્ત (બૌદ્ધશાસ્ત્ર) પણ જાણિતુ થયેલ છે)

૫ તેમના ગોત્રનુ નામ કાશ્યપ (જ્યા જ્યા મહાવીરનુ વર્ણન આવે છે ત્યા તમામ સ્થળે ગોત્રનો નિર્દેશ કરેલો હોય છે એટલુ જ નહી, તેમના માતા પિતાના પણ ગોત્રનો ઉલ્લેખ કરવામા આવેલ છે એથી એમના જમાનામા ગોત્રનો નિર્દેશ કરવો જરૂરી હતો એ સાફ જણાય છે)

૬ માતાનુ સુપ્રસિદ્ધ નામ ત્રિશલા આ ઉપરાત તેના બીજા નામો પણ પ્રચલિત હતા વિદેહદિન્ના, પ્રિયકારિણી ત્રિશલાનુ પીયર-પિતૃગૃહ-વિદેહ દેશમા હતુ એટલે જેણીને વિદેહ દેશે-જન્મ-દીધેલ છે માટે વિદેહદિન્ના-વિદેહદત્તા

૭ માતાના ગોત્રનુ નામ વાસિષ્ઠ

૮ મહાવીરના કાકાનુ નામ સુપાસ (સુપાર્શ્વ વા સુપાશ વા સુપશ્ય)

૯ મામાનુ નામ ચેટક એ વૈશાલીના ગણતંત્રના-પ્રજાસત્તાક રાજ્યના-આગેવાન હતા, કેવળ ન્યાયને ખાતર શ્રેણિક-બિંબિસાર-ભંભાસાર-ના પુત્ર કોણિક સાથે તેમને યુદ્ધમા ઉતરવુ પડેલુ તથા ચેટકની પુત્રી ચિલ્લણા દેવી રાજગૃહના રાજા મગધાધિપ

શ્રેણિકની પત્ની થાય. ચેટકે પોતાના કરતાં હલકા વંશના શ્રેણિકને પોતાની કન્યા આપવાની સાફ ના પાડેલી, તેથી શ્રેણિકે સેંકડો સુભટોને સાથે લઈ જઈને તેનું અપહરણ કરેલું અને તે વખતે ભારે લડાઈ થયેલી. (શ્રેણિક અને મહાવીર વચ્ચેનું સગપણ રાણી ચિલ્લણાને લઈને હતું. રાણી ચિલ્લણા અને મહાવીર એ બન્ને મામા ફઈના ભાઈબહેન થાય–ચિલ્લણાનાં ફઈ ત્રિશલાના પુત્ર મહાવીર અને મહાવીરના મામા ચેટકની પુત્રી ચિલ્લણા.)

(શ્રેણિક જેવો જૈન કહેવાતો રાજા પોતાના અંત પુરમાં રાણીઓ હોવા છતાં એક કન્યાને હરી લાવવા તત્પર થયો અને એ માટે સેંકડો સુભટોની હત્યા થઈ–એ બનાવ રાજાની ભોગ લાલસાનો સૂચક–સાક્ષી–કહેવાય)

૧૦ મહાવીરના મોટાભાઈનું નામ નંદિવર્ધન.

૧૧ તેમના બહેનનું નામ સુદંસણા–(સુદર્શના અથવા સુદશના ?)

૧૨ મહાવીરનું જન્મનામ–માતાપિતાએ ઠરાવેલ–જાહેર કરેલ–નામ વદ્ધમાણ (વર્ધમાન)

આ ઉપરાંત જૈન પરંપરામાં તેમનાં બીજાં પણ નામો પ્રચલિત છે :

શ્રમણ–પોતાની ચિત્તશુદ્ધિ માટે અને તે દ્વારા સમસ્ત લોકના કલ્યાણને સારુ સતત શ્રમ કરનાર.

મહાવીર–ચિત્તશુદ્ધિની સાધના કરતા આવી પડેલા ગમે તેવા ભયકર વિઘ્નો, દુસ્સહ આપત્તિઓ વા પરીષહોને ધીરતાપૂર્વક સહન કરનાર વીર

વિદેહ–વિદેહ દેશમા જન્મેલી માતા ત્રિશલાના પુત્ર

વિદેહદિન્ન–વિદેહ દેશે દત્ત–દીધેલ–જન્મ આપેલો

વિદેહજચ્ચ–વિદેહ દેશના વતનીઓમા જાત્ય–ઉત્તમ

વિદેહસૂમાલ–વિદેહ દેશના વતનીઓમા વિશેષ સુકુમાલ

વેસાલિઅ–વૈશાલિક–વિશાલા નગરીમા જન્મેલા

મુનિ–દીર્ઘકાળ સુધી મૌન પાળનાર

માહણ–બ્રાહ્મણ–જન્મે ક્ષત્રિય હોવા છતા ખરા બ્રાહ્મણની પેઠે જીવન વીતાવનાર

સન્મતિ–વિશેષ વિશુદ્ધ એવી મતિ–બુદ્ધિ–ચાતુરી ધરાવનાર

મહામહતિવીર
મહતિવીર } ભગવાન મહાવીરની વ્યાખ્યાન પર્ષદા મહામહતી–મોટામા મોટી–ઘણી વિશાળ–ભરાતી તેમનો ઉપદેશ પ્રચલિત લોકભાષામા થતો હોવાથી કોઈ પ્રકારની રોકટોક વગર મગધની આમજનતા તેમને

બહોળા પ્રમાણમાં સાંભળતી અને ત્યાં સુધી પણ કહેવાય છે કે પશુપંખીઓ પણ તેમની વાણીને સાંભળતાં થંભી જઈ શાંત બની જતા.

અંત્યકાશ્યપ
કાશ્યપ } –કાશ્યપ ગોત્રના છેલ્લા તીર્થંકર

દેવજ્જ–દેવાર્ય–જ્યારે ભગવાન મગધના ગામડાંઓમા વિહાર કરતા ત્યારે ત્યાના ગોવાળિયા વગેરે સાધારણ લોકો તેમને દેવજ્જ–દેવાર્ય કહેતા

નાથાન્વય
જ્ઞાતાન્વય
જ્ઞાતપુત્ર
જ્ઞાતનંદન } જ્ઞાત અન્વય–વંશ–હોવાથી 'જ્ઞાત' ને બદલે પ્રાકૃતમાં 'નાત' ઉચ્ચારણ છે 'નાથ' અને 'નાત' એ બન્ને શબ્દો ઉચ્ચારણમાં ભિન્ન છે છતાં સમાનાર્થક છે.

૧૩ મહાવીર પોતે જાતે તેમના માતા પિતા ભાઈ વગેરે કુટુંબ પ્રત્યે અસાધારણ વત્સલ હતા તેમને માટે એવું કહેવાય છે કે જ્યારે ત્રિશલા માતાના ગર્ભમાં હતા ત્યારે જ તેમણે એવો સંકલ્પ કરેલો કે માતાપિતા હયાત હોય ત્યાંસુધી માતાપિતાને આઘાત થાય એવી કોઈ પ્રવૃત્તિ સ્વીકારવી નહીં', એટલુ જ નહીં; તેઓ માતાપિતાના અવસાન બાદ પણ મોટાભાઈના

કહેવાથી બે એક વર્ષ નિઃસ્પૃહભાવે પણ તેમની સાથે રહેલા ગર્ભસ્થ કેટલાક બાળકો ભારે ચિંતક-વિચાર પ્રવણ હોય છે એ તો અભિમન્યુએ ગર્ભસ્થ રહી પ્રાપ્ત કરેલા જ્ઞાન ઉપરથી સાબીત થાય છે મહાવીર ગર્ભસ્થ હતા ત્યારથી જ ભારે ચિંતક હતા અને તેમની વૃત્તિમા કોઈને પણ ન દુભાવાનો ભાવ ત્યારથી જ પ્રધાનપણે દૃઢ થયેલો હતો જેનુ પરિણામ તેમના જીવનમા ઉત્તરોત્તર વધતું રહે છે કહેવાય છે કે રમતા રમતા એક મોટો સર્પ જોવામા આવતા બીજા રમનાર ગોઠિયાઓને ભય કે ઈજા ન થાય માટે તેમણે સાહસ કરીને-જીવનુ જોખમ ખેડીને-પણ તે સર્પને પકડીને દૂર ફેંકી દીધેલો સર્પને મારવા સરખો ય વિચાર તેમને નહી થયો કોઈપણ ઈજા કરનારને સામી ઈજા ન કરવી, ઉલટુ પ્રેમપૂર્વક તે ઈજાને સહન કરી લેવી, આ વૃત્તિ તમના જીવનમા પ્રત્યક્ષ દેખાય છે, તેના બીજ તેમનામા બાલ અવસ્થાથી જ રોપાયેલા હતા, એ સત્ય તેમના કુમારજીવન દ્વારા સ્પષ્ટ જણી શકાય છે

૧૪ ઘણા લોકો એમ પણ કહી શકે છે કે તે છદ્મસ્થ મહાવીરે માતાપિતા વગેરે કુટુબ પ્રત્યે જે અસાધારણ રાગવૃત્તિ દર્શાવેલ છે તે રાગવૃત્તિ અનુકરણીય નથી માતાપિતાને તરછોડીને પણ ત્યાગભાવને સ્વીકારવામા જરા ય અડચણ ન ગણાવી જોઈએ માતા પિતા વગેરે કુટુબ પોતાના સતાનો તરફ હમેશા

રાગ ધરાવતાં જ હોય છે એટલે એમના રાગને મહત્ત્વ આપવામાં આવે તો કોઈ ત્યાગી જ કેમ થઈ શકે? અને પરિણામે ત્યાગમાર્ગનો લોપ જ થઈ જાય આ જાતની વિચારધારા તરફ ગીતાર્થ અને સુવિહિત આચાર્ય હરિભદ્રે પોતે રચેલા પિતૃભક્તિ અષ્ટકમાં અણગમો બતાવેલ છે અને ભારપૂર્વક કહેલ છે કે જેઓ કોઈને પણ ઉદ્વેગ ન થાય એવું જીવન સ્વીકારવા જ્યારે તત્પર થાય છે ત્યારે તેઓ સૌથી પ્રથમ માતાપિતાને જ ઉદ્વેગ થાય એવી પ્રવૃત્તિ કરે તો તે તેમને માટે "પ્રથમકવલે મક્ષિકાપાતઃ" જેવી કહેવાય અર્થાત્ તેઓ પહેલાં જ ઉદ્વેગજનક પ્રવૃત્તિ કરે છે તો પછી સ્વીકારવામાં આવનારા નવા જીવનમાં અનુદ્વેગ વૃત્તિને કેમ કરીને કેળવી શકશે? આચાર્ય હરિભદ્ર સ્પષ્ટ શબ્દોમાં કહે છે કે,

सर्वपापनिवृत्तिर्यत् सर्वथैषा सता मता ।
गुरूद्वेगकृतोऽत्यन्त नेय न्याय्योपपद्यते ॥६॥
प्रारम्भमङ्गल ह्यस्या गुरुशुश्रूपण परम् ।
एतौ धर्मप्रवृत्ताना नृणा पूजास्पद महत् ॥७॥
स कृतज्ञ पुमान् लोके स धर्म–गुरुपूजक. ।
स शुद्धधर्मभाक् चैव य एतौ प्रतिपद्यते ॥८॥

(હરિભદ્રાષ્ટક પચ્ચીશમું.)

ભાવાર્થ–સ્ત્રી કે પુરુષ જે વ્યક્તિ તમામ પ્રકારના પાપોથી નિવૃત્ત થવા ઇચ્છે છે તે પ્રારંભમાં જ જો પોતાના વડીલ એવા માતાપિતાને ઉદ્વેગ કરનારાં થાય તે

તે વ્યક્તિમા પાપનિવૃત્તિની વૃત્તિ માનવી એ ન્યાય રીતે ઘટતું નથી

મગલરૂપ પાપનિવૃત્તિની જે પ્રવૃત્તિ સ્વીકાર વાની છે તેનું પ્રથમ મગલ જ આ છે કે માતાપિતાની સેવા કરવી જેઓ ધર્મ તરફ પ્રવૃત્ત થયેલા છે તેમને માટે માતાપિતા અવશ્ય પૂજનીય-આદરણીય-છે એટલે ધર્મપ્રવૃત્ત વ્યક્તિ તેમને તરછોડી જ કેમ શકે?

તે જ મનુષ્ય કૃતજ્ઞ છે, ધર્મ અને ગુરુનો પૂજક છે અને તે જ મનુષ્ય શુદ્ધધર્મની આચરણા કરનાર છે જે પોતાના માતાપિતાની પ્રતિપત્તિ કરે છે-સેવા શુશ્રૂષા કરે છે-અને તેમને ઉદ્વેગ થાય એવુ કશુ જ નથી કરતો (૬-૭-૮)

જે પોતે તીર્થંકર થવાના છે તેમણે પણ માતાપિતાની સેવારૂપ મગલમય એ જ પ્રવૃત્તિ પ્રથમ સ્વીકારેલ છે તો આ કાળના આપણે પણ તેમને જ અનુસરવુ ઘટે, પરતુ તેમનો એ તો રાગભાવ છે માટે તેનુ અનુકરણ નહી કરી શકાય એમ કહીને તીર્થંકરની અવજ્ઞા ન કરવી ઘટે

૧૫ જન્મથી તેઓ ચતુર અને કુશાગ્રમતિ તો હતા જ, આશરે આઠ વરસની ઉમરથી તેઓ લેખશાળામા-નિશાળમા—ભણવા જવા લાગેલા એ સમયની લેખશાળાઓમા શબ્દજ્ઞાન, અર્થજ્ઞાન અને ભણાવામા

આવતાં શાસ્ત્રોનું પ્રત્યક્ષજ્ઞાન એટલે ક્રિયાત્મક જ્ઞાન એમ ત્રિવિધ કેળવણી આપવાની પ્રથા હતી. તે તે વર્ણની એટલે બ્રાહ્મણ ક્ષત્રિય વગેરે વર્ણની યોગ્યતા પ્રમાણે શાસ્ત્રાભ્યાસ કરાવવાની પ્રથા હતી. વ્યાયામની પ્રથા પણ ખાસ હતી. સાધનસંપન્ન લોકો વ્યાયામ કરવા માટેના અખાડા પોતાની હવેલીઓમાં રાખતા અને સાર્વજનિક એવા પણ અખાડાઓ હતા. આને પરિણામે અને વર્ણે ક્ષત્રિય હોઈને તેઓએ પોતાનું શરીર ઠીક ઠીક કેળવેલું, ખડતલપણું પરિશ્રમિપણું અને સહનશક્તિ વગેરે ગુણો એ રીતે જ કેળવાયેલા. શસ્ત્ર અસ્ત્રનો અભ્યાસ, ઘોડેસ્વારી, યુદ્ધવિદ્યા વગેરે વીરક્ષત્રિયોચિત વિદ્યાઓ ઉપરાંત તેઓ વ્યાકરણ-શાસ્ત્ર, દર્શનશાસ્ત્ર, વ્યુત્પત્તિશાસ્ત્ર, તે સમયની વેદવિદ્યા વગેરે પણ શિખેલા અને તેમના સમયમાં મુક્તિના ઉદ્દેશથી જે જે સાધનાઓ પ્રવર્તતી, જે અનેક પ્રકારનાં કર્મકાંડો પસરેલાં તેમનો પણ તેમણે ઝીણવટથી કાર્યકારણની દૃષ્ટિથી અભ્યાસ કરેલો, તે બાબત ખુબ મનન ચિંતન કરેલા. આ ઉપરાંત પોતાની કુલપરંપરામાં ચાલતી શ્રીપાર્શ્વનાથની ઉપાસના, શ્રીપાર્શ્વનાથનો તત્ત્વવિચાર, આચારયોજના એ પણ એમના ધ્યાનમાં જ હતા. વળી, શ્રીપાર્શ્વનાથની શિષ્યપરંપરા અને તેમા પેસી ગયેલાં શૈથિલ્ય, પરિગ્રહવૃત્તિ, સ્વચ્છંદ વગેરે પણ ઘણી જ સમીપતાથી તેમણે અનુભવેલાં.

૧૬ માતાપિતા તરફનો, કુટુંબ તરફનો અકારણ વત્સલભાવ કેળવાતા અને કોઈને ય ઉદ્વેગ ન કરવાની બીજરૂપ વૃત્તિનો તેમના જીવનમા વિશેષ વિકાસ થતા જ્યારે એમણે અનુભવ્યુ કે દેહસુખ, ઇંદ્રિયસુખ, અને વાસનાઓને-વૃત્તિઓને-સતોષવાનુ સુખ બીજાની દુભામણી ઉપર જ શક્ય છે બીજા નાના પ્રાણીઓ કે મોટા પ્રાણીઓને દુભાવ્યા-વિના-સતાવ્યા વિના-તેમને દુખી કર્યા વિના-એ બાહ્ય સુખ શક્ય જ નથી, ત્યારે તેમણે એ સુખનો સમૂળગો ત્યાગ કરી દેવાની તૈયારી કરી તેમા સૌથી પ્રથમ પ્રવૃત્તિ તેમણે એ કરી કે, જે સપત્તિ તેમની પોતાની ગણાય એવી હતી તે, તમામ લોકોને વહેચી આપી

૧૭ ભગવાનમા કોઈને ય પણ ઉદ્વેગી ન કરવાની અને સ્વય સહન કરવાની વૃત્તિ પહેલેથી જ હતી એ વાત આગળ જણાવાઈ ગઈ એથી માતાપિતા દેવગત થયા પછી વળી લગભગ બીજા બે વર્ષ પોતાના મોટાભાઈના આગ્રહથી રાજકુટુબમા તેઓ અલિપ્તભાવે રહ્યા હતા ત્યારબાદ તેઓએ મહાભિનિષ્ક્રમણ કરેલુ આમ મહાભિનિષ્ક્રમણ કરવાનુ કારણ એક તો તેમની મૂળથી જ કોઈને ન દુભાવવાની અને જે કોઈ પ્રતિકૂળતા આવે તેને સહી લેવાની વૈરાગ્યપ્રધાન વૃત્તિ તથા તેમના સમયની સામાજિક પરિસ્થિતિ તેમના સમયની સામાજિક પરિસ્થિતિનુ ચિત્ર આ પ્રમાણે કલ્પનાથી દોરી શકાય

—જે દેશમા પોતે જન્મેલા ત્યાં વિશેષે કરીને પુરોહિત બ્રાહ્મણોએ ફેલાવેલાં જડ કર્મકાંડ કે જેમાં પશુવધ મુખ્ય હતો.

—જાતિવાદની પ્રધાનતા એટલે માનવની ઉત્તમતા અને અધમતા વિશેષે કરીને જાતિ ગોત્ર વંશ ઉપર નિર્ભર હોવી અર્થાત્ બ્રાહ્મણજાતિમા જન્મેલો ગમે તેવી દુષ્ટવૃત્તિવાળો કે દુષ્ટ પ્રવૃત્તિવાળો હોય છતાં ઉત્તમ ગણાય અને શૂદ્રજાતિમાં જન્મેલો ગમે તેવી સારી વૃત્તિવાળો કે સારી પ્રવૃત્તિવાળો હોય છતાં અધમ લેખાય. આ જાતની પ્રબળ અન્યાયી પરિસ્થિતિને લીધે બ્રાહ્મણ સિવાય બીજા વર્ણોને માનવના સહજ સમાન હક્કો ભોગવવાનો અનધિકાર અને શૂદ્રવર્ણ તો અત્યંત તિરસ્કારપાત્ર—વર્તમાનમાં શ્રીમંત અને ગરીબની જે પરિસ્થિતિ છે તેને મળતી આવતી તેમના સમયના પુરોહિત અને અપુરોહિત સમાજની સ્થિતિ હતી. એમ કહેવામાં ય ન્યૂનોક્તિ કહેવાય.

—સ્મૃતિઓએ જેમનો ધર્મ આચાર કર્તવ્ય વગેરે નિયત રીતે વ્યવસ્થિત કરી આપેલાં તેવા ક્ષત્રિયો અને વૈશ્યોનું પોતપોતાની મર્યાદાનો ભંગ કરનારું વર્તન—સ્વચ્છંદ વર્તન અને આવું વર્તન છતાં તેમને પુરોહિતોનો સબળ ટેકો.

—તેમના સમયના પરિશ્રમજીવી લોકોની વિશેષ ઉપેક્ષા અને તેમને કરવામા આવતો અન્યાય તથા

વેઠ વગેરેના રિવાજ

—રાજાઓની સ્વચ્છંદ પ્રવૃત્તિ, પ્રજાનિરપેક્ષ વર્તન, અન્યાયપ્રધાન નીતિભાન અને અન્યાય માર્ગના અવલંબન ઉપર વૈભવવિલાસની પ્રચુરતા તથા તેને જ કારણે જ્યાં ત્યાં ગમે તેની સુંદર કન્યાના અપહરણો

—નારીજાતિની અવહેલના, માનવમાત્રને મળતા તમામ હકકો ભોગવવાનો તેમનો અનધિકાર સ્રીના અપહરણનું શૂરતાસૂચક મહત્ત્વ અને તે દ્વારા વીર વૃત્તિની પ્રતિષ્ઠા

—કેવળ વૈભવવિલાસપ્રિય અને લગભગ સ્વચ્છંદે ચાલનારા રાજામાં ઈશ્વરાંશ વા દેવાંશનું ધર્મદૃષ્ટિએ આરોપણ

—ચોરી જેવા અન્યાયી કર્મોની પણ યજ્ઞો માટે છૂટ અર્થાત્ યજ્ઞની સામગ્રી પુરોહિત ચોરીને લાવે પણ ધર્મ્ય મનાય

—નદીસ્નાન વા તીર્થસ્નાનનો અમર્યાદ મહિમા—અંતઃશુદ્ધિ હોય કે ન હોય છતાં જલસ્નાનનો મોટો મહિમા

—ગ્રહણ—સૂર્યગ્રહણ તથા ચંદ્રગ્રહણના પ્રસંગે વળી જલસ્નાનનો ખાસ વિશેષ મહિમા

—લોકભાષાનો અનાદર—ધર્મપ્રવચનો કે ધાર્મિક અનુષ્ઠાનો માટે આમજનતા ન સમજી શકે એવી

ભાષાના ઉપયોગ તરફ વિશેષ કરીને પુરોહિતોનું વલણ.

—શ્રાદ્ધનો ભારે પ્રચાર એટલે મૃત્યુ પામેલ પિતા-પિતામહાદિકને તૃપ્ત કરવા બ્રાહ્મણભોજનનો અથાગ મહિમા, શ્રાદ્ધમાં ય મત્સ્યમાંસ, હરિણમાંસ વગેરે વિવિધ માંસભોજનનાં વિધાન

—યજ્ઞમાં અને શ્રાદ્ધમાં માસભોજનનો આવશ્યક વિધિ, તે ત્યાં સુધી કે એવું માંસભોજન નહીં કરનાર દુર્ગતિએ જાય એવાં વિધાનનો પ્રચાર.

—આજીવન બ્રહ્મચર્ય તરફ અનાદર અને अपुत्रस्य गतिर्नास्ति એ વિધાનની પ્રધાનતા.

—લડતા લડતાં જે મરે તેને સ્વર્ગ મળે અને સ્વર્ગીય અપ્સરાઓ તે વીર પુરુષને વિજયમાળા પહેરાવે એવું વિધાન કરીને વૈરપ્રધાન લડાઈની પ્રવૃત્તિને ઉત્તેજન.

—જેમનો અર્થ ન સમજાય એવા અને આર્ય તથા અનાર્ય એવી મિશ્ર ભાષાની રચનાવાળા ઋગ્વેદ વગેરે વેદોનું જ પ્રામાણ્ય, બ્રાહ્મણ સિવાય કોઈ જિજ્ઞાસુને પણ તેના અભ્યાસનો અનધિકાર તેમ જ બ્રાહ્મણોને પણ વેદોનુ આલોચનપ્રત્યાલોચન કરવાનો અનધિકાર.

—બ્રાહ્મણ સિવાય ક્ષત્રિય વગેરે ત્રણ વર્ણોને સંન્યાસ લેવાનો અનધિકાર તેમ પોતાની જીવનશુદ્ધિ માટે

સાધના કરવાનો–તપ વગેરે કરવાનો–પણ અનધિકાર–એકદરે મર્યાદિત વર્ણવ્યવસ્થા અને આશ્રમ વ્યવસ્થાનો સર્વથા ભગ અને તે દ્વારા માનવ સમાજમા પ્રવર્તેલી અન્યાયયુક્ત પરિસ્થિતિ સક્ષેપમા એમ કહી શકાય કે જ્યારે આપણે ત્યા અગ્રેજોનુ શાસન હતુ ત્યાર જે પરિસ્થિતિ અગ્રેજોની અને આમજનતાની હતી તે કરતા ય મહાવીરના સમયની આમ જનસમાજની બદતર પરિસ્થિતિ હતી અગ્રેજોને સ્થાને પુરોહિતો હતા

—આ ઉપરાત જ ધર્મપરપરામા મહાવીર ઉછરેલા ત શ્રીપાર્શ્વનાથની પરપરામા પણ એવી જ અધાધુધી આનાકાનીનતા અને સ્વચ્છદ પેસી ગયેલા

(આ બધુ સમજવા માટે મનુસ્મૃતિ વગેરે સ્મૃતિઓ, શતપથ વગેરે બ્રાહ્મણગ્રથો, વૈખાનસ ગૃહ્યસૂત્ર વગેરે સૂત્રગ્રથો તથા સૂત્રકૃતાગ, ભગવતીસૂત્ર, આચારાગ સૂત્ર અને ઉત્તરાધ્યયનસૂત્ર વગેરે જૈન આગમ ગ્રથોનુ મનન આવશ્યક છે તથા મહાકવિ કાલીદાસ ભવભૂતિ વગેરે કવિઓએ રચેલા અને જેમા રામદ્વારા નિર્દોષ શૂદ્રકના વધની હકીકત આવે છે તથા દુષ્યત જેવા ક્ષત્રિય રાજા સપત્નીક હોવા છતા આશ્રમની કન્યા સાથે શરીરસબધ કરે છે અને પછી નાસુકર જાય છે એવી એવી હકીકતો આવેલ છે એવા કાવ્યો અને નાટકો તથા પુરાણગ્રથોનો અભ્યાસ પણ ઉપયોગી છે)

આપણે જેમને પ્રત્યક્ષ જોયા છે એવા લોકમાન્ય તિલક સમગ્ર રાષ્ટ્રના કલ્યાણ માટે શા માટે ઝઝુમ્યા? મહાત્મા ગાંધીજી પોતાને ઉપલબ્ધ સુખસામગ્રીને તજીને આમ જનતાના શ્રેય માટે મૃત્યુને પણ ભેટવા શા માટે તત્પર થયા? અને તદ્દન પ્રત્યક્ષ એવા શ્રી વિનોબાજી પણ પોતાના દેહનુ ઇંદ્રિયોનું અને ખાનપાનનુ ઉપલબ્ધ સુખ છોડી દઈને શા માટે સ્થળે સ્થળે ભટકતા ફરે છે? ભૂતકાળના સંત મુનિજનોએ અને વર્તમાન કાળના પણ સંત મુનિજનોએ ભોગવિલાસોને તજી શા માટે મુનિપણું સ્વીકારેલું? આ બધી બાબતોને ગંભીરપણે વિચારવામા આવે અને શ્રી મહાવીર સ્વામીમાં નાનપણથી જ દૃઢ થએલી ચિંતનશીલતા, પરને લેશ પણ ન દુભાવવાની વૃત્તિ, સ્વયં સહન કરવાની વૃત્તિ તથા પોતાના સમયની પરિસ્થિતિની પારખ; આ બધું ધ્યાનમાં લેતાં ભગવાન મહાવીરના મહાભિનિષ્ક્રમણનો કોયડો ઉકલી શકે એવો છે.

—તેમના સમસમયી ક્ષત્રિયકુલભૂષણ શાક્યસિંહ સિદ્ધાર્થ ગૌતમે પણ એ જ રીતે અને એ જ ઉદ્દેશને ધ્યાનમાં રાખીને મહાભિનિષ્ક્રમણ કરેલું એ તો પ્રતીત હકીકત છે

૧૮ શ્રી મહાવીરની પહેલા પણ દેશમા ત્યાગી તપસ્વીઓની પરંપરા ચાલી આવતી હતી, તદનુસાર મહાવીરે ત્રીશ વરસની ભરયુવાન વયે ત્યાગ માર્ગને

સ્વીકાર્યો અને કઠોર સાધના શરૂ કરી બાર વરસ સુધી તેમની આ ઘોર સાધના ચાલી

જે વખતે શ્રી વર્ધમાન મહાવીર રાજ્યસુખ, ભોગસુખ, કુટુમ્બસુખ વગેરે બધા દુન્યવી સુખોને એક તણખલાની પેઠે તજી દઈ આધ્યાત્મિક સુખ, આધ્યાત્મિક શાંતિ અને આધ્યાત્મિક પૂર્ણ વિકાસની શોધમાં નીકળી પડ્યા તે વખતે તેમના સ્વભાવનું જે ચિત્ર જૈનશાસ્ત્રે દોર્યું છે તે આ પ્રમાણે છે

શ્રમણ બનેલા શ્રી વર્ધમાન મહાવીર મન વચન અને કાયાને સારી રીતે પ્રવર્તાવનારા, મનગુપ્તિ વચનગુપ્તિ અને કાયગુપ્તિ સાચવનારા, જિતેંદ્રિય, સર્વથા નિર્દોષપણે બ્રહ્મચર્ય વિહારે વિહરનાર, ક્રોધ અહંકાર છળકપટ અને લોભ વગરના, શાંત, ઉપશાંત, અપરિગ્રહી, અકિંચન, જેમની પાસે ગાંઠવાળીને સાચવી કે સંઘરી રાખવા જેવું કશું જ ન હતું એવા છિન્નગ્રંથ-નિર્ગ્રંથ, કાંસાના વાસણની જેમ કોઈ પ્રકારનો લેપ ન ચોંટે એવા, શંખની જેમ કોઈ પ્રકારનો રાગદ્વેષનો રંગ ન ચડે એવા, આકાશની જેમ પોતા ઉપર જ પ્રતિષ્ઠિત-બીજાના આધારની અપેક્ષા વિનાના, વાયુની પેઠે સ્વતંત્રપણે વિહરનારા અર્થાત્ એક જ સ્થળે બંધાઈને બેસી ન રહેનારા, શરદ્ઋતુના પાણીની જેવા નિર્મળ, કમળની જેવા અલિપ્ત, કાચબાની જેવા ગુપ્તેંદ્રિય, વગડાના સુખ ઉપરના શિંગડાની જેવા એકાકી-સામે પૂરે ચાલનારા,

કોઈ સાથી વિનાના એકાકી, પક્ષીની પેઠે સર્વથા મુક્ત, હાથીની પેઠે શૂર, જાતવંત બળદ પુંગવની પેઠે પરાક્રમી, સિંહની પેઠે કોઈથી ગાંજ્યા ન જાય એવા, મેરુની પેઠે અકંપ–નિશ્ચળ–અડગ, સાગરની પેઠે ગંભીર, ચંદ્રની પેઠે શીતળ, સૂર્યની પેઠે તેજથી ઝળહળતા, સોનાની પેઠે ચમકતી દેહકાંતિવાળા, જેમા ઘી હોમેલુ છે એવા અગ્નિની પઠે જાજ્વલ્યમાન અને સર્વંસહા પૃથ્વીની પેઠે તમામ પરિસ્થિતિઓને સહનારા સર્વસહ એવા હતા.

પ્રવ્રજ્યા લીધા પછી શ્રી વર્ધમાન મહાવીરે અંગને ઢાકવા સારુ કપડાના કટકાનો પણ ઉપયોગ બિલકુલ નહીં કરેલો–અચેલક રહેલા–ગમે તેવી ટાઢ પડો યા ગમે તેવો તાપ પડો તો પણ ભગવાને કોઈ પણ સંયોગોમાં ટાઢ તાપના નિવારણ માટે કપડાના લીરા સરખાનો ય ઉપયોગ નથી કર્યો તે નથી જ કર્યો તેમ બીજા કોઈપણ સાધનોનો–આગનો વા છત્ર વા ઝુંપડા સરખા મકાન વગેરેનો–પણ ઉપયોગ નથી કર્યો. ગામમાં ભગવાન એક રાત રહેતા અને નગરમા પાંચરાતથી વધુ નહીં રહેતા. કોઈ વાંસલો મારે વા કોઈ ચંદન ચોપડે તે બન્ને પરિસ્થિતિમા ભગવાન સમદશામાં જ વર્તતા, તણખલું મણિ ઢેકું કે સોનું તે તમામ પદાર્થોમાં એક સરખી પરીક્ષણ વૃત્તિવાળા ભગવાન હતા અને જીવન વા મરણ બન્ને તરફ સમાન ભાવે જોનારા હતા–સર્વથા સમદર્શી હતા.

૯ સાધનાને પરિણામે વર્તમાન જમુઈ (પ્રાચીન જૃમ્ભિકા-જંભિયા-) ગામ પાસે ઋજુવાલુકા નદીને કાઠે વૈયાવત્ત નામના ચૈત્યની પાસે શ્યામાગ નામના ગૃહપતિના ખેતરમા શાલવૃક્ષની નીચે ગોદોહ આસને ધ્યાનમા બેઠેલા મહાવીરને પ્રવ્રજ્યા સ્વીકાર્યા પછી તેરમું વરસ ચાલતુ હતુ ત્યારે ઉનાળાની ઋતુમા વૈશાખ શુ૦ ૧૦ દશમને દિવસે જે વખતે છાયા પશ્ચિમ તરફ ઢળતી હતી તે વખતે વિજય મુહૂર્તમા અને હસ્તોત્તર નક્ષત્રનો એટલે ઉત્તરાફાલ્ગુની નક્ષત્રનો યોગ થયે સર્વથા નિરાવરણ એવુ આત્મજ્ઞાન-કેવળજ્ઞાન પ્રગટ્યુ હતુ

જ્યારે બાર વરસની સાધનાને પરિણામે ભગવાન બેતાલીશ વરસની વયે બુદ્ધ થવાની-કેવળી થવાની-અણી ઉપર આવી પહોચ્યા હતા ત્યારે તેમની મનોદશા આ પ્રમાણે હતી

તે વખતે ભગવાનનો સયમ અનોપમ હતો, તપ અનોપમ, આત્મબળ-આતર વીર્ય-અનોપમ, તેમની સરળતા પરાકાષ્ઠાએ પહોચેલી, નમ્રતા, ક્ષમા, અપરિગ્રહવૃત્તિ, અલોભભાવ, પ્રસાદભાવ-આત્મપ્રસન્નતા, સત્યનો આગ્રહ, સમ્યગ્ દર્શન, સમ્યગ્ જ્ઞાન અને સમ્યક્ચારિત્ર આ બધા ગુણો ભગવાનમા પરાકાષ્ઠાએ પહોચેલા હતા

૦ હવે તેઓ વીતરાગ, વીતદ્વેષ, જિતેન્દ્રિય અને સર્વ પ્રકારે સમદર્શીની ભૂમિકા ઉપર પહોચી ગયા આમ તેમણે દેહ અને આત્માના પૃથગ્ભાવને પોતે

જાતે અનુભવ્યો અને કેવળ આત્મલીનતા પ્રાપ્ત કરી લીધી. તેમનું જ્ઞાન નિરાવરણ થયુ.

૨૧ મહાવીર સ્થિતપ્રજ્ઞ કેવળી વીતરાગ થયા પછી તેઓ પોતાનું સ્વતંત્ર ધર્મચક્ર ફેલાવવા મગધમા અને તેની આસપાસના પ્રદેશોમાં ભ્રમણ કરવા લાગ્યા. ધર્મચક્રના પ્રવર્તન દ્વારા તેઓ પ્રધાનતઃ અહિંસા અને એ અહિંસામાથી જ ઉદ્ભવતા બીજા માનવ હક્કોનો પ્રચાર કરવા લાગ્યા. અત્યાર સુધી ધર્મને નામે તદ્દન તરછોડાયેલા અને સર્વસાધારણ માનવ હક્ક વિનાના તમામ વર્ણોને તેમણે ભારે સહાનુભૂતિ સાથે અપનાવ્યા, ધાર્મિક કર્મકાંડમાં ચાલતી કોઈ પણ જાતની હિંસા સામે તેમણે પડકાર કર્યો, સાચો યજ્ઞ, સાચું શ્રાદ્ધ, સાચું જ્ઞાન અને સાચા બ્રાહ્મણનું સ્વરૂપ લોકોને સમજાવ્યુ, લોકભાષાને પોતાના પ્રવચનનું માધ્યમ બનાવ્યુ. સ્ત્રીઓને અને શૂદ્રોને માટે સુદ્ધાં યોગ્યતાનુસાર આત્મસાધનનો અધિકાર સ્થાપિત કર્યો.

૨૨ જ્યારે વર્ધમાન મહાવીર કેવલી થયા ત્યારે સૌથી પ્રથમ હિંસાપ્રધાન યજ્ઞો કરનારા તે સમયના સમર્થ લબ્ધપ્રતિષ્ઠ બ્રાહ્મણોને પોતાનો આધ્યાત્મિક અનુભવ, સાધનાનો ક્રમ અને યજ્ઞીય હિંસાની વ્યર્થતા સમજાવવા તેઓ જમુઈથી (વર્તમાન જમુઈ ગામ અને શાસ્ત્રીય જંભિયા ગામ સંભવ છે કે એક જ હોય) આશરે ૩૦–૪૦ કોશ દૂર આવેલી મધ્યમા પુરી નામની નગરીમા રાતોરાત ચાલીને પહોંચી ગયા અને તે

મધ્યમા પુરીના મહસેન વનમા જઈને તેઓએ પોતાના એ જાતના પ્રવચનો પહેલવહેલા આપ્યા એટલે ભગવાન મહાવીરનુ પ્રથમ પ્રવચન પુરીમા થયુ હતુ ('मध्यमाभिधानपुरीप्रथमप्रवर्तितप्रवचनो जिनो महावीर स्थानागटीका પૃ૦ ૭) એને પરિણામે ગૌતમ ઇન્દ્રભૂતિ, અગ્નિભૂતિ, અને વાયુભૂતિ વગેરે હજારા બ્રાહ્મણ બધુઓ જ સૌથી પ્રથમ તેમના તીર્થના અને ધર્મચક્ર પ્રવર્તનના પ્રમુખ આગેવાન બન્યા આમ તેમણે બ્રાહ્મણવર્ણમા જ સૌથી પ્રથમ પોતાના ધર્મચક્રની શરૂઆત કરેલી આ ઉપરાત શ્રીપાર્શ્વ નાથની નવત્ર પરપરાના પાર્શ્વાપત્યો-પાર્શ્વસ્થો-ની સાથે પણ સમન્વયની દૃષ્ટિને મુખ્ય રાખીને તેમને પણ પોતાના અચેલક સઘમા રહીને સાધના કર વાની વ્યવસ્થા કરી આપી અત્યાર સુધી પાર્શ્વ નાથની પરપરામા બ્રહ્મચર્ય મુખ્ય વ્રત ન હતુ પણ પેટાવ્રત હતુ તેને ખાસ જુદુ મુખ્ય વ્રત સ્વીકારી તેમણે પાર્શ્વનાથની પરપરામા ચાલતો અનાચારપ્રધાન સ્વચ્છદ સદતર બધ કરાવી દીધો અને પોતાની પરપરાને પણ શુદ્ધિની સાધના કરવા તરફ વાળી દીધી સયમધર્મ ખાડાની ધાર પર ચાલવા જેવો દુષ્કર છે, વેળુના કોળિયા ભરવા જેવો નીરસ છે માટે જેમનામા હિંસા વગેરે અનેક દોષોના જનક એવા ભોગો તરફ તીવ્ર અરુચિ-અણગમો-આવેલો હોય તેઓને જ સયમના અધિ કારી માની તેમને માટે કોઈ જાતના ભેદભાવ વિના સયમમાર્ગ વહેતો કર્યો ગુલામ તરીકે વેચાએલી એક ઉત્તમ નારીને તેમણે તે વખતના શ્રમણી સઘની મુખ્ય પ્રવર્તિકા તરીકે સ્વીકારી વાસ્તવિક

યજ્ઞ, વાસ્તવિક સ્નાન વગેરેની સ્પષ્ટ વ્યાખ્યાઓ તમામ જનતાને સમજાવી; વાસ્તવિક બ્રાહ્મણ કોને કહેવો? ખરો વેદવિદ કોને સમજવો? એ વિશે પણ સ્પષ્ટ પ્રવચનો કરવા માંડ્યાં.

તે સમયની જે જુની વૈદિક એટલે વેદાનુયાયી તાપસોની સંસ્થાઓ હતી તે પણ મહાવીર વર્ધમાનના પ્રવચનો તરફ આકર્ષાઈ અને તેમાંના અનેક તાપસો પણ શ્રીમહાવીરના સાધનામાર્ગને અનુસર્યા. તત્ત્વવિચારમાં તેઓએ હમેશાં સમન્વય દૃષ્ટિથી જ પ્રવચનો કરેલા, જ્યા જ્યાં તાપસો સાથેના સંવાદો આવે છે, ત્યા તેઓ આ જગત કોણે બનાવ્યું છે? ક્યારથી ચાલ્યું આવે છે? તેની આદિ છે? અંત છે? વગેરે ચર્ચા કરતા દેખાય છે. તેમને મહાવીરે સ્પષ્ટ શબ્દોમાં કહ્યું કે દ્રવ્યાર્થિક દૃષ્ટિએ જોઈએ તો આ જગત અનાદિ છે, કોઈએ પણ કર્યું નથી–પ્રવાહથી ચાલ્યું આવે છે અને પર્યાયાર્થિક દૃષ્ટિથી જોઈએ તો આ જગત ક્ષણે ક્ષણે બદલાયા કરે છે–પરિવર્તનો પામ્યા કરે છે અર્થાત્ પ્રવાહની અપેક્ષાએ વિચારીએ તો જગતનો આ પ્રવાહ અનાદિ અનંત છે અને પ્રત્યેક વ્યક્તિની અપેક્ષાએ વિચારીએ તો તે આદિવાળું છે અને અંતવાળું છે. આમ તેમણે તત્ત્વવિચારણામાં સાપેક્ષવાદને મુખ્ય સ્થાને રાખેલ છે જેથી ભિન્ન ભિન્ન વિચારસરણીઓમાં–ભિન્ન ભિન્ન તત્ત્વવિચારોમાં–ક્યારે ય સંઘર્ષ પેદા ન થઈ શકે. બાહ્ય સાધનામાં પણ તેમણે

એ દૃષ્ટિએ જ પ્રવચનો કરેલા છે અને એથી જ તેઓ શ્રીપાર્શ્વનાથની સચેલક પરંપરા સાથે પોતાની અચેલક પરંપરાની બરાબર સંગતિ કરી શક્યા છે બાહ્યશૌચ અને આંતરશૌચ એ બેમા તેમણે આંતર શૌચને પ્રધાન સ્થાન આપી તેના ઉપર વધારે વજન મૂક્યુ છે, પણ બાહ્ય શૌચનો સદંતર નિષેધ જ કર્યો છે એમ નથી તેમના જમાનામા લોકો અમુક અમુક દિશાઓને પૂજાપાત્ર માનતા હતા અને આજે પણ એ રિવાજ ચાલુ છે તે બાબત તેમણે પોતાના પ્રવચનોમા કહ્યુ છે કે દિશાઓ તો માત્ર આકાશરૂપ-ગગનરૂપ છે એમને પૂજાપાત્ર માનવાનો કશો અર્થ નથી, પરંતુ અંતર્મુખ થઈને પોતામા ગુણો વિકસાવવા એ પ્રધાનવસ્તુ છે પછી પૂર્વ દિશામા બેસો કે ઉત્તર દિશામા બેસો તેનુ ખાસ મહત્ત્વ નથી

ભગવાન મહાવીરે જોયુ કે તેમના પોતાના જમાનામા ઘણા લોકો એમ કહેનારા હતા કે રણ સંગ્રામમા મરનારા લોકો સ્વર્ગમા જાય છે એક તો સ્વર્ગનુ પ્રલોભન અને એવુ પ્રલોભન આપનારા વળી વિશ્વાસપાત્ર સજ્જનો છે, એમ સમજી ઘણા લોકો રણસંગ્રામમા જવા ઉત્સુક રહેતા અને એ રીતે ઘોર હિંસામય ક્રૂરતા ભર્યા સંગ્રામ માટે લોકોને લલચા વાતા મૃત્યુ કોઈને પણ ગમતું નથી અને રણ સંગ્રામમાથી જીવતા પાછા ફરવાનુ પ્રાય અશક્ય છે એટલે મૃત્યુની ભેટ આપનારા રણસંગ્રામમા લોકો

ઉત્સાહપૂર્વક જાય શી રીતે ? લોકો સંગ્રામમાં ન જાય તો રાજ્ય અને સત્તાના લાલચુ રાજાઓ ટકે શી રીતે ? આ દૃષ્ટિએ વિચારતાં એમ જણાય છે કે કોઈ કુશળ રાજકારણી અને રાજભક્ત મહાશયે લોકોમા આ વાત ફેલાવી કે રણસંગ્રામમાં ભલેને મૃત્યુ થાય પરંતુ પછી જન્માંતરમાં એવા મૃત્યુને ભેટનારો સ્વર્ગમા જાય છે, ત્યાં અપ્સરાઓ તેને વરમાળા પહેરાવે છે અને એ વીર નર, સ્વર્ગનાં અતુલ સુખો પામે છે. શ્રીગીતાના બીજા અધ્યાયના સાડત્રીસમા શ્લોકમાં આવી હકીકત નોંધાએલી પણ છે અને એ હકીકતને ગીતાકારે પરમાત્મારૂપ શ્રી કૃષ્ણના મુખથી જ કહેવડાવી છે.

"हतो वा प्राप्स्यसि स्वर्गम्" —ઇત્યાદિ.

આ વિચાર સામે ભગવાન મહાવીરે સાફ સાફ શબ્દોમાં નિર્ભયપણે ઘોષણા કરી કે "સંગ્રામમાં મૃત્યુને ભેટનારો સ્વર્ગે જાય છે, રણસંગ્રામમાં મૃત્યુને ભેટનારને અપ્સરાઓ વરમાળા આરોપે છે અને તે, સ્વર્ગનાં અનુપમ સુખોને ભોગવે છે" એમ જે ઘણા લોકો વાત કરે છે તે મિથ્યા છે-ખોટી છે. કેવળ કષાયવૃત્તિનું જ્યાં પ્રધાનપણું હોય ત્યાં સ્વર્ગપ્રાપ્તિનો સંભવ જ નથી. સ્વર્ગપ્રાપ્તિના સાધનો તો દયા, પરોપકાર, સંયમ, ત્યાગ અને સદાચાર છે. અને ક્રુરતા, બીજાના પ્રાણોનો નાશ, અસંયમ, અસદાચાર, તીવ્ર કષાયભાવ તથા નર્યો અત્યાગભાવ એ બધાં તો નરકનાં કારણો છે. માટે જે કોઈ લોકો યુદ્ધ પછી સ્વર્ગનું

પ્રલોભન શ્રમણ બુદ્ધમાં જયે તો તેમને સ્વર્ગ મળવાનો કશી પણ સંભવ નથી અને એ પ્રલોભનની વાત કરનારા મિથ્યાભાષી છે આ બધી હકીકત ભગવાન ભગવતીસૂત્રના સાતમા શતકના નવમા ઉદ્દેશકમા તથા નિરયાવલીસૂત્રમા પણ જણાવેલી છે

આજકાલ સૂર્યગ્રહણ કે ચંદ્રગ્રહણ પ્રસંગે જે મોટી ધમાલ થાય છે અને સૂર્ય વા ચંદ્ર રાહુનો સ્પર્શ થતા અભડાઈ જાય છે, રાહુ એ ચાંડાળ છે, આવી માન્યતા આપણા દેશમા વિજ્ઞાનના આ યુગમા ય જોરદાર રીતે પ્રચલિત છે તેમ તેમના જમાનામા પણ એ જ ધમાલ અને ધાંધલ પ્રવર્તતા હતા, તે ભગવાન પોતાના સમયના ભૂગોળખગોળ વિશે જે માન્યતાઓ પ્રચલિત હતી તેમને લક્ષ્યમા રાખીને તેમણે પોતાના પ્રવચનમા કહ્યુ છે કે રાહુ કોઈ ચાંડાળ નથી વા પાપી નથી એ તો ગતિમાન એક ગ્રહ છે, જે સંયોગવશાત સૂર્યની આડે અથવા ચંદ્રની આડે આવી જાય છે, તેથી થોડો વખત સૂર્ય કે ચંદ્ર ઢંકાઈ જાય છે એ માટે આવા ધાંધલની જરા પણ જરૂર નથી ગ્રહણ વિશે તેમનું આ પ્રવચન વ્યાખ્યાપ્રજ્ઞપ્તિ-ભગવતી-સૂત્રમા (શતક ૧૨, ઉદ્દેશક ૬) પ્રશ્નોત્તરરૂપે સચવાયેલ છે

ગ્રહોની પૂજા પણ તેમના સમયમા પુરોહિતો કરાવતા અને એ નિમિત્તે ભારે કર્મકાંડો ચાલતા,

શક્તિનો અને ધનનો ધૂમાડો થતો તથા વહેમનું પોષણ થતું. ઉક્ત પ્રવચન દ્વારા ભગવાને પ્રચલિત ગ્રહપૂજા તરફ પણ અરુચિ બતાવેલ છે–એ વાત પણ ધ્યાનમાં રાખવાની છે.

કેવળ જાતિને લીધે પ્રચલિત થયેલી ઉચ્ચ નીચની ભાવનાનો તેમણે સર્વથા ઇન્કાર કરેલ છે અને ગુણો ઉપર જ તે ભાવનાને સ્થાપિત કરી, તદનુસારે જ તેમણે મનુષ્યની પ્રતિષ્ઠા અને અપ્રતિષ્ઠા આંકવાની સ્પષ્ટ સમજુતી આપેલ છે અને તે હકીકતને જ વધુ સ્પષ્ટ કરવા તેમણે ઉત્તરાધ્યયન સૂત્રમાં બ્રાહ્મણના ખરા સ્વરૂપ વિશે સવિસ્તર એક ખાસું પ્રવચન આપેલ છે (અધ્યયન ૨૫) અને જાતિમદ, જ્ઞાનમદ, તપમદ વગેરે વિવિધ મદોને આત્મવિકાસના વિરોધી ગણાવી તેમનો સદંતર ત્યાગ કરવાનું ફરમાવેલ છે. એમના ગુણપ્રતિષ્ઠાના જ ધોરણને માન્ય રાખીને જૈન પરંપરામાં બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય અને શૂદ્ર એવા મનુષ્યના ભેદની કલ્પનાને સ્થાન નથી અપાયુ પરંતુ આર્ય અને અનાર્ય એ રીતે મનુષ્યના બે ભેદ સમજાવવામાં આવેલ છે અને આર્યમાં કર્મ–આર્ય, શિલ્પ–આર્ય, કુલ-આર્ય, જાતિ–આર્ય એવા અનેક ભેદો સમજાવી તેમાં તમામ જાતના લોકોની આર્યતાને સ્વીકારેલી છે. (જુઓ પન્નવણાસૂત્ર પ્રથમપદ) શાસ્ત્રમાં આ ચર્ચા ઠેઠ દસમા સૈકા સુધીના ગ્રંથોમાં ચર્ચાયેલ છે.

જુઓ સન્મતિતર્ક પ્રકરણની ટીકા પૃ૦ ૬૯૭ ત્યારે એ ખબર નથી પડતી કે વ્યવહારમા જૈન પર પરામા નાતજાતના ભેદોને લીધે પ્રતિષ્ઠા-અપ્રતિષ્ઠાના ખ્યાલો અને છૂતાછૂતના ખ્યાલો શા માટે પ્રચલિત છે ? સ ભવ છે કે પાડોશમા રહેનારી અને જાતિ વાદમા માનનારી બ્રાહ્મણ પ્રજાની આ અસર હોય

આત્મશુદ્ધિ અને તેના સાધન અહિંસા, સ યમ તથા તપ માટે તેમનો પ્રધાન આગ્રહ છે, પ્રધાન ઉદ્દેશ છે, તે માટેના બાહ્ય કર્મકાડો વિશે તો તેઓ દ્રવ્ય, ક્ષેત્ર કાળ અને ભાવને અનુસરીને વર્તવાની ભલામણ કરી ગયા છે એટલે આત્મશુદ્ધિ માટેના તેમના સમયના બાહ્ય કર્મકાડો વા બાહ્ય નિમિત્તો આજ કરતા જુદા પ્રકારના હોય વા ભગવાને બતાવેલ ઉદ્દેશની સાધના માટે આજના સમયના બાહ્ય કર્મકાડો વા બાહ્ય નિમિત્તો તેમના સમય કરતા જુદા પ્રકારના હોય એ વિશે તેઓ તટસ્થ છે એટલે તેઓ બાહ્ય નિમિત્તોની વા બાહ્ય કર્મકાડોની તક રારમા કદી પડ્યા જ નથી માટે જ તેમના સુવિહિત અને ગીતાર્થ અનુયાયી આચાર્યોએ કહેલ છે કે, શ્રી જિનભગવાને આત્મશુદ્ધિની સાધના માટે કોઈ એક જ હકીકતને અનુમતિ નથી આપી તેમ કોઈ એક જ હકીકતનો નિષેધ પણ કર્યો નથી પર તુ આત્મશુદ્ધિની સિદ્ધિને માટે જે કાળે જેમ અને જેટલુ યોગ્ય હોય તેમ અને તેટલુ તે કાળે આચરવાનુ છે

ભગવંતની આજ્ઞા છે કે સાધકે પ્રવૃત્તિમાં સત્યયુક્ત–સંયમયુક્ત–હોવું ઘટે. એટલું જ નહીં પણ જે જે ઉપાય વડે દોષો દૂર થાય અને આગલા મલિન સંસ્કારોનો ક્ષય થાય તે તે તમામ ઉપાયોને મોક્ષના ઉપાય સમજવા. રોગની અવસ્થામાં રોગના શમન ઉપર જ જેમ મુખ્ય ધ્યાન રહે છે, પણ તે શમન માટેના અમુક જ ઉપાય માટે કદાગ્રહ નથી રહેતો તેમ આત્મશુદ્ધિની સાધના–અવસ્થામાં દોષોના શમન ઉપર જ ચિત્તને કેન્દ્રિત કરવાનુ હોય છે.

આવા આશયની ગાથાઓ આ પ્રમાણે છે:

ण वि किंचि अणुण्णाय पडिसिद्धं वा वि जिणवरिंदेहिं ।
एसा तेसिं आणा कज्जे सच्चेण होतव्व ॥
दोसा जेण निरुब्भति जेण खिज्जति पुव्वकम्माइ ।
सो सो मोक्खोवाओ रोगावत्थासु समण व ॥

(बृहत्कल्प पृ० ९३६, गा० ३३३०–३३३१)

૨૩ ત્રીશ વરસે તેઓએ પ્રવ્રજ્યા સ્વીકારી, બાર વરસ સાધના કરી એટલે એ સાધનાને પરિણામે બેંતાલીશ વરસની ઉમ્મરે તેઓ બુદ્ધ થયા–કેવળી થયા અને ત્યાર પછીના બીજાં ત્રીશ વરસ સમસ્ત મગધ અને તેની આજુબાજુના પ્રદેશોમાં પ્રવચનો કરવામાં તેમણે વીતાવ્યા અને પોતાનુ અહિંસા પ્રધાન–અવિષમતાપ્રધાન–સર્વોદયકર ધર્મચક્ર જીવનના છેલ્લા શ્વાસ સુધી તેમણે ફેલાવ્યું પણ ખરું; જેની અસર આજે પચ્ચીશસો વરસ પછી પણ સમસ્ત ભારતમાં

દેખાયા વિના રહેતી નથી આ હકીકત વર્તમાન યુગના ઐતિહાસિક પંડિતો પણ મુક્તક ઠે સ્પષ્ટપણે સ્વીકારે છે

૨૪ શ્રી વર્ધમાન મહાવીરે પ્રવ્રજ્યા લીધા પછી સૌથી પ્રથમ ચાતુર્માસ-અસ્થિક ગામમા કર્યું હતુ (અસ્થિક ગામનુ મૂળ નામ વર્ધમાન હતુ હાલનુ બર્દમાન અને આ વર્ધમાન એક જણાય છે) ચાતુર્માસમા ભ્રમણ ન કરતા એક સ્થળે સ્થિર રહીને તેમણે ધ્યાન અને તપમા એ સમય વીતાવેલો ચંપા નગરી (વર્તમાન ભાગલપુર પાસેનુ ચંપા નગર)મા અને પૃષ્ઠ ચંપામા (એટલે ચંપા નગરીના પાછલા ભાગમા) તેમણે ત્રણ ચોમાસા કર્યા હતા વૈશાલી નગરીમા અને વાણિયા ગામમા ભગવાન મહાવીર બાર ચોમાસા કર્યા હતા (વૈશાલી અને વાણિયા ગામ અત્યારે પણ પાસે પાસે છે અને વૈશાલી ભગવાનની જન્મનગરી છે) રાજગૃહમા અને તેના [1]નાલંદા પાડામા શ્રી મહાવીરે ચૌદ ચોમાસા વીતાવ્યા હતા, મિથિલામા છ ચોમાસા, ભદ્દિયા નગરીમા બે ચોમાસા, આલભિકા નગરીમા એક ચોમાસું, સાવત્થી (દરભંગા જિલ્લામા આવેલુ સહેટમહેટ) નગરીમા એક ચોમાસુ વીતાવ્યુ

---

૧ જ્યાં નરેન્દ્રો રહેતા હોય તે સ્થાનનુ નામ નારેન્દ્ર તેનુ માગધી નાલિંદા નાનંદા અથવા ન+અલં+દા એટલે જે સ્થાન દાન માટે કદી પાછી પાની નહી કરતુ તે નાલંદા

હતું. છેક છેલ્લું ચોમાસુ ભગવાને મધ્યમા પાવા નગરીમાં હસ્તિપાળ રાજાની જોજણીકામદારોની કચેરીમાં વીતાવ્યુ હતું. પ્રવ્રજ્યા લીધા પછી તેઓએ આમ ઉપર જણાવેલી નગરીઓમાં બેંતાલીશ ચોમાસાં વીતાવ્યાં હતાં અને ચોમાસાં સિવાયનો સમય તેઓએ મગધ અને તેની આસપાસ નજીક વા દૂર ભ્રમણ કરવામાં વીતાવેલો. તેઓ સિંધુસૌવીર, તુંગિકા, કયંગલા વગેરે અનેક નગરીઓમાં ફરેલા છે, એ હકીકત ભગવતી સૂત્રમાં તેમના જે જે સંવાદો ઉપલબ્ધ છે તે ઉપરથી સમજી શકાય એમ છે. (અહીં ચોમાસાં માટેની જે નગરીઓ બતાવેલી છે તે ક્રમવાર જ હોય એમ માનવાને કારણ નથી. સંભવ છે કે ક્રમવાર પણ હોય અને તેમ ન પણ હોય)

૨૫ ભગવાન મહાવીરે પોતાના સમયની બ્રાહ્મણસંસ્કૃતિ જે છિન્નભિન્ન થઈ ગઈ હતી તેને સાચા સ્વરૂપમાં બરાબર અખંડિત કરી અને બ્રાહ્મણ તથા શ્રમણ એ બન્નેને તેમણે પોતાના પ્રત્યેક પ્રવચનમા એક સરખું માન્ય સ્થાન આપેલ છે માટે જ તેમના પ્રવચનના ગ્રંથોમાં ‘બ્રાહ્મણશ્રમણ’ શબ્દ એક સાથે વારંવાર આવ્યા જ કરે છે વર્તમાનમાં લોકભાષામાં તેનેબદલે ‘સરવણબ્રાહ્મણ’ એવું શબ્દ જોડકું પ્રચલિત છે.

૨૬ જ્યારે તેમણે છેલ્લું ચોમાસું મધ્યમા પાવાગામમાં કર્યું ત્યારે તે તેમનું ખરેખર છેલ્લું ચોમાસું જ નિવડ્યું.

તેઓ પ્રવચન કરતા કરતા પાવા નગરીમાજ વર્ષાઋતુના કાર્તિક માસના કૃષ્ણ પક્ષની પદરમી તિથિએ એટલે અમાવાસ્યાએ રાતને વખતે બહોતેર વર્ષની વયે નિર્વાણ પામ્યા એટલે દેહી મટી વિદેહી થયા તે વખતે સ્વાતિ નક્ષત્ર હતુ

૭૭ તેમના છેલા પ્રવચન વખતે કાશીદેશપતિ મલ્લ વશના ગણુતત્રી નવ રાજાઓ અને કોશલદેશપતિ લિચ્છવી વશના ગણુતત્રી નવ રાજાઓ એમ અઢાર રાજાઓ ત્યા પાવામા તેમની ઉપાસના માટે હાજર હતા અને પાવાનો તથા તેની આસપાસનો પણ મોટો જનસમૂહ પણ તે સમયે ત્યા આવેલો હતો વર્તમાનમા બિહાર પાસે જે પાવાપુરી નામે પ્રસિદ્ધ ગામ છે તેને તેમનુ નિર્વાણસ્થાન માનવામા આવે છે છતા આ અગે વધાર સશોધનની જરૂર છે કાર્તિક વદિ૦ અમાવાસ્યાએ ત્યા આજે પણ એક મોટો મેળો ભરાય છે પાવાપુરીમા આજે પણ તેમના પ્રવચનની જગ્યા બતાવવામા આવે છે અને ત્યા આજે જલમદિર છે તે તેમના અગ્નિસસ્કારનુ સ્થળ છે એમ કહેવામા આવે છે

અહી એ વાત યાદ રાખવાની છે કે પુરી અને પાવા એ બે ગામ જુદા જુદા છે પણ પાસેપાસે આવેલા હોવાથી તેનુ એક નામ પાવાપુરી એમ પ્રચલિત થઈ ગયું છે ખરી ખુબીની વાત તો એ બની કે ભગવાને પોતાનુ પહેલુ પ્રવચન પુરીમા આપી

બ્રાહ્મણોને પોતાના શાસનમાં સૌથી પ્રથમ સ્થાન આપ્યું અને તે જ પુરીની લગોલગ આવેલા પાવા ગામમાં પોતાનુ છેલ્લું પ્રવચન આપી તેઓ નિર્વાણ પામ્યા.

૨૮ તેમના નિર્વાણ પછી તેમના મુખ્ય શિષ્ય ઇંદ્રભૂતિ ગૌતમને બદલે ઇંદ્રભૂતિના જ ગુરુભાઈ આર્ય સુધર્મા નામના સ્થવિર તેમના પટ્ટ ઉપર આવ્યા. એ પણ એક મહાપંડિત બ્રાહ્મણ જ હતા. ઇંદ્રભૂતિ કરતાં શ્રી સુધર્મા દીર્ઘજીવી હતા એટલે તેમને પટ્ટ ઉપર સ્થાપવામાં આવ્યા એમ કહેવાય છે.

૨૯ શ્રી મહાવીરના મુખ્ય શિષ્યો એટલે ગણધરો બધા મળીને અગીઆર હતા. અને તે અગીયારે યજ્ઞયાજી, વેદના પારગામી તથા તે સમયના રાજમાન્ય સમર્થ બ્રાહ્મણ પંડિતો હતા ૧ ઇંદ્રભૂતિ ૨ અગ્નિભૂતિ અને ૩ વાયુભૂતિ નામના ત્રણે ભાઈ (ગણધરો) ગોબર ગામના હતા વર્તમાનમાં પણ રાજગૃહની પાસે ગોબર ગામ પ્રસિદ્ધ છે. ૪ વ્યક્ત અને ૫ સુધર્મા કોલ્લાક ગામના હતા, ૬ મંડિત અને ૭ મૌર્ય-પુત્ર મૌરિક ગામના હતા ૮ અકંપિત મિથિલાના હતા ૯ અચલભ્રાતા કોશલા—અયોધ્યા—ના હતા, ૧૦ મેતાર્ય ગણધર વત્સભૂમિ—તુંગિક ગામના હતા અને ૧૧ અગીયારમા પ્રભાસ ગણધર રાજગૃહના હતા.

૩૦ આમાંના બીજા, ત્રીજા, ચોથા, છઠ્ઠા, સાતમા, નવમા, દસમા અને અગીયારમા ગણધર મહાવીરના નિર્વાણ

પહેલા જ નિર્વાણ પામેલા અને પહેલા તથા પાચમા ગણધર મહાવીરના નિર્વાણ પછી નિર્વાણ પામેલા આ બધા ગણધરો ગ ૪ગૃહમા જ નિર્વાણ પામેલા

૩૧ સુધર્મા પછી જ બુ નામના વણિક પુત્રે સુધર્મા પાસે શ્રમણ દીક્ષા લીધી અને તેઓ જ સુધર્માના પટ્ટ ઉપર આવ્યા આ જ બુ રાજગૃહના વતની હતા જ બુ પછી પ્રવ્રજ્યા પામેલ પ્રભવ નામના ક્ષત્રિયપુત્ર તેમની ગાદી ઉપર આવ્યા આ પ્રભવ જયપુરના રાજા વિંધ્યરાજાનો પુત્ર હતો અને તેમના પછી આર્યશય્ય ભવ નામના બ્રાહ્મણ પુત્ર દીક્ષિત થઈને તેમના પટ્ટ ઉપર આવ્યા આ શય્ય ભવ રાજગૃહના યજ્ઞયાજી પ્રતિષ્ઠિત બ્રાહ્મણ હતા આમ ભગવાન મહાવીરની પટ્ટપર પરામા વધારે ટકા એક દર બ્રાહ્મણ પુત્રો જ આવેલા છે વચ્ચે વચ્ચે ક્ષત્રિયપુત્ર અને વૈશ્યપુત્ર પણ આવે છે ખરા પણ તે થોડા

૩૨ ભગવાનનુ નિર્વાણ થયુ ત્યારે તેમનો શ્રમણ શ્રમણી શ્રાવક શ્રાવિકા વગેરેનો પરિવાર આ પ્રમાણે ગણાવ વામા આવેલ છે

ઇંદ્રભૂતિ ગૌતમ વગેરે ચૌદ હજાર શ્રમણો, આર્ય ચ દના વગેરે છત્રીશ હજાર શ્રમણીઓ, શ ખ શતક વગેર એક લાખ અને ઓગણસાઠ હજાર ઉપાસકો–શ્રાવકો, સુલસા રેવતી વગેરે ત્રણ લાખ અને અઢાર હજાર ઉપાસિકાઓ–શ્રાવિકાઓ

૩૩ ભગવાન મહાવીરની ઉપદેશ શૈલી

આત્મા ઈશ્વર વગેરે તત્ત્વો અનુભવગમ્ય છે. ઈંદ્રિયો દ્વારા જેમ આપણે રૂપ, રસ, ગંધ, સ્પર્શ કે શબ્દને જાણી શકીએ છીએ, સમજી શકીએ છીએ અને અનુભવી શકીએ છીએ તેમ રૂપાતીત આત્મા ઈશ્વર વગેરે અનુભવગમ્ય–સ્વસંવેદનગમ્ય–તત્ત્વોનો સાક્ષાત્કાર કોઈપણ ઈંદ્રિયો દ્વારા સંભવિત નથી. જે લોકો જિજ્ઞાસુ છે અને જિજ્ઞાસાના કુતુહલથી રૂપાતીત તત્ત્વોનો પણ સાક્ષાત્કાર કરવા મથે છે એવા સંશોધકો પોતે પ્રામાણિકપણે પૂરતો પ્રયત્ન કરનારા હોવા છતા તેઓ એ બાબત એકમત જણાતા નથી. મનોમંથનને અનુભવતા એવા સંશોધકો સાચા હૃદયથી એ શોધ માટે ભરચક પ્રયાસ કરે છે અને એ માટે દેહનાં તમામ સુખો, ઘરબાર સ્ત્રી વગેરે પરિવાર સુદ્ધાને તજી એકાંતમા પોતાની શોધ ચલાવતા રહે છે અને તેમ કરતાં એ રૂપાતીત આત્મા ઈશ્વર વગેરે તત્ત્વો વિશે તેઓ પ્રત્યેક જુદો જુદો અનુભવ ધરાવે છે એમ તેઓ કહે છે. આપણો સૌનો એ જાત અનુભવ છે કે જે દૃષ્ટિએ વસ્તુ તરફ જોઈએ તે દૃષ્ટિએ ઘણું ખરૂં વસ્તુનું સ્વરૂપ કળાય છે. સંસારમાં પ્રતિક્ષણ થતા વિવિધ ફેરફારો તરફ નજર કરીએ અને એક જ વસ્તુ જે વહેલી સવારે તો હયાત હતી તેને જ બેચાર ઘડી પછી વિકાર પામતી કે નાશ પામતી જોઈએ અને જે વ્યક્તિ સાથે આપણે જાતે હમણાં જ વાતચિત કરી હતી તે જ વ્યક્તિ ત્યાર પછી એક જ પળમાં કે

ઘડીમા વિશેષ વિકૃત થઈ જાય કે હતી ન હતી થઈ જાય છે એ તરફ ગભીરતાપૂર્વક ધ્યાન દઈએ તો આપણને માલુમ પડશે કે સમસ્ત સસારમા રહેલી જીવત કે નિર્જીવ તમામ વસ્તુ ક્ષણભગુર છે, નાશવત છે–સસારમા કોઈ તત્ત્વ સ્થિર નથી તેથી એ રીતે આપણે કહી શકીએ કે આ જગત આત્મા સુદ્ધા ક્ષણિક છે, ક્ષણભગુર છે, અશાશ્વત છે આ એક દૃષ્ટિની પદ્ધતિએ થએલો વિચાર

હવે આપણે સનાતની ઝપાટાબધ ચાલતી બધી પ્રવૃત્તિઓ જોઈએ અને તેનો નિરતર ચાલ્યા કરતો ધસમસતો પ્રવાહ જોઈએ, નદી, પર્વતો, વનરાજી અને માનવસમૂહ, પ્રાણીસમૂહ વગેરે તરફ જોઈએ તો આપણને લાગશે કે આ બધુ નાશ ન પામે એવુ છે, હમેશા હયાત રહેનારુ છે અને એમ છે માટે જ આ બધુ નિયત્રિત રીતે ચાલી રહેલ છે આમ આ બીજી રીતે જોતા આપણને એવો અનુભવ થાય છે કે આ સસાર આત્મા વગેરે સ્થાયી તત્ત્વો છે, શાશ્વત વસ્તુઓ છે આ પણ એક બીજી દૃષ્ટિની પદ્ધતિએ થએલો બીજો વિચાર

આમ સસારના પરિવર્તનો જોતા સસાર ક્ષણિક માલુમ પડે એ જેવુ અને જેટલુ ખરુ છે તેટલુ અને તેવું જ ખરુ સસારનો પ્રવાહ જોતા તે નિત્ય માલુમ પડે છે તે પણ છે અર્થાત્ જૈનભાષામા પર્યાય દૃષ્ટિએ જગત્ આત્મા બધુ ય અનિત્ય છે અને દ્રવ્યની દૃષ્ટિએ

જગત આત્મા બધુંય નિત્ય છે. બીજાં દર્શનોની પરિભાષામાં પરમાણુની અપેક્ષાએ વા મૂળસ્વરૂપની દૃષ્ટિએ જગત આત્મા વગેરે બધું નિત્ય છે અને કાર્યની અપેક્ષાએ વા માયાની વા ઉપાધિની અપેક્ષાએ જગત આત્મા વગેરે બધું અનિત્ય છે. એ જ રીતે આત્મા એક છે, અનેક છે, કર્તા છે, અકર્તા છે, વ્યાપક છે, અવ્યાપક છે તથા જગત કાર્ય છે વા જગત કાર્ય નથી વગેરે એ વધા વિચારો પણ જુદી જુદી રીતે વિચારવાની દૃષ્ટિને લીધે ઉત્પન્ન થયેલા છે અને એ પ્રત્યેક વિચાર અંશતઃ સાચા ય છે. જ્યારે એ બધા આંશિક સત્ય વિચારોને ભેળા કરીએ અને તે દ્વારા જે જ્ઞાન થાય વા જે અનુભવ થાય તે જગતના અને આત્મા વગેરેના સ્વરૂપ વિશે વિશેષ પ્રકાશ નાખે એવો હોય છે આ જોતા ઘડીભર આપણને એમ પણ થઈ આવે કે આ રીતે તો જગત, આત્મા અને ઈશ્વર વગેરે તત્ત્વો અનિર્વચનીય છે, શબ્દથી કહી શકાય એવાં નથી માટે એ તત્ત્વોના એક જ અંશ વિશે કોઈ ચર્ચા કે વાદવિવાદ કરવો ઉચિત છે ખરો ? આ પરિસ્થિતિને ખ્યાલમા લઈને પ્રાચીન વેદ ઉપનિષદ વગેરે શાસ્ત્રોએ રૂપાતીત આત્મા ઈશ્વર વગેરે બાબત તન્ન તન્ન એમ જ કહ્યા કર્યું છે અને જૈન શાસ્ત્રો પણ એ શ્રુતિવાક્યને અનુસરીને કહેતાં આવ્યાં છે કે "सव्वे सरा णियट्टंति, तक्का जत्थ न विज्जति । मति तत्थ न गाहिता" (આચારાગસૂત્ર અધ્યયન પાંચમું, ઉદ્દેશક છટ્ઠો) અર્થાત જ્યાંથી તમામ સ્વરો–શબ્દો પાછા ફરે છે, જ્યાં કોઈ

તર્ક પહોચી શકતો નથી અને જ્યા બુદ્ધિ પણ પ્રવેશ કરી શકતી નથી એવુ પરજ્યોતિમય આત્મપદ છે આમ છે માટે જ મહાવીરે તત્ત્વવિચારણામા સર્વત્ર દષ્ટિભેદને અવલબીને ઉપદેશ આપેલ છે તેઓ કહે છે કે દ્રવ્ય દૃષ્ટિએ આત્મા જગત બધુ ય નિત્ય છે અને પર્યાય દૃષ્ટિએ આમા જગત બધુ ય અનિત્ય છે ભગવાનના પ્રવચનોમા સયમ, સદાચાર, ઈંદ્રિયજય, તપ, અપરિગ્રહ, ત્યાગ, બ્રહ્મચર્ય વગેરે જીવનશોધક પ્રવૃત્તિઓ ઉપર વધારમા વધારે ભાર અપાયો છે અને મને લાગે છે કે એવો ભાર વિવાદમય વા ખડનાત્મક તત્ત્વચર્ચા માટે નથી અપાયો તત્ત્વનુ સ્વરૂપ, તત્ત્વચર્ચા કરતા તેટલુ જણાતુ નથી વા પોતાને સમત તત્ત્વના સ્થાપનથી અને બીજાને સમત તત્ત્વના ખડનથી પણ તેટલુ મગાતું નથી, જેટલુ તે સ્વરૂપ સયમ, ઈંદ્રિયજય અપરિગ્રહ વગેરે જીવનશોધક પ્રવૃત્તિઓને આચારમા મૂકવાથી જડે છે એ નક્કી વાત છે માટે જ ભગવાન મહાવીરે પોતાના પ્રવચનોમા સ્વમત તત્ત્વસ્વરૂપની જોરદાર સ્થાપના અને પરમત તત્ત્વસ્વરૂપની જોરદાર ઉત્થાપના તેટલા પ્રમાણમા નથી કરી જેટના પ્રમાણમા સયમાદિ પ્રવૃત્તિઓના આચરણ વિશે પોતે ભારે જહેમત ઉઠાવી છે અને તેને આચરણમા ઉતારવા વારવાર પ્રવચનો કરેલા છે આમ ભગવાનના તમામ પ્રવચનોમાં તેમની વિશાળ દૃષ્ટિ, વ્યાપકવૃત્તિ વા અનેકાતદૃષ્ટિ' વા સ્યાદ્વાદ વિચારસરણી વા વિભજ્યવાદની પદ્ધતિ જળવાયેલી છે સ્વયૂથ્ય ભિન્ન

સંપ્રદાય અને તેનાં જુદાં જુદાં કર્મકાંડો વિશે પણ તેમણે એ પોતાની વ્યાપક દૃષ્ટિએ જ વિચારેલું અને એથી જ તેમણે પોતાના પૂર્વવર્તી શ્રીપાર્શ્વનાથનાં પોતાથી ભિન્ન પ્રકારનાં કર્મકાંડો વા સાધનાની પ્રક્રિયા પ્રમાણે વર્તનારા પાર્શ્વાપત્યોને કડક સંયમમય શિસ્ત પાળવાની શરત ઉપર પોતાના સંઘમાં માનભર્યું સ્થાન આપેલું. ભગવાનના અનુગામી ગીતાર્થ પુરૂષોએ રચેલી આ નીચેની ગાથાઓ પણ ભગવાનના વિશાળ હૃદયની દ્યોતક છે.

सेयबरो य आसबरो य बुद्धो वा तह अन्नो वा।
समभावभाविअप्पा लहइ मुक्खं न सदेहो ॥

(આચાર્ય હરિભદ્ર)

અર્થાત કોઈ શ્વેતાંબર સંપ્રદાયનો હોય, વા કોઈ આશાબર–દિગંબર–સંપ્રદાયનો હોય, વા કોઈ બૌદ્ધ સંપ્રદાયનો હોય, વા વળી કોઈ બીજા સંપ્રદાયનો હોય છતા જો તે જુદા જુદા સંપ્રદાયવાળા તમામ લોકો સમભાવથી ભાવિત વૃત્તિવાળા હોય–વીતરાગ ભાવને પામેલા હોય તો અવશ્ય મોક્ષને પામે છે એમાં સંદેહ નથી.

ण वि किंचि अणुण्णाय पडिसिद्ध वा वि जिणवरिंदेहिं।
एसा तेसिं आणा कज्जे सच्चेण होतव्व ॥—

(બૃહત્કલ્પ પૃ૦ ૯૩૬, ગા૦ ૩૩૩૦

અર્થાત્ શ્રીજિનભગવંતોએ કોઈ હકીકત વિશે કશી અનુમતિ જ આપેલ છે એમ નથી, તેમ કોઈ હકીકત વિશે કશો પ્રતિષેધ જ કરેલ છે એમ પણ નથી. તેમ

છતા તેમની આ આજ્ઞા છે કે મનુષ્યે પ્રવૃત્તિમા એટલે સાધનાના કાર્યમા સત્ય હોવુ ઘટે એટલે આચાર્ય શ્રી હરિભદ્રસૂરિજીના શબ્દોમા યોગાવચક રીતે વર્તવુ જોઈએ

दोसा जण निरुम्मति जण सिज्झति पुव्वकम्माइ ।
सा सा मोक्खोवाओ रोगावत्थासु समण व ॥

(બૃહત્કલ્પ પૃ૦ ૯૩૬ ગા૦ ૩૩૩૧)

અર્થાત્ રોગની અવસ્થામા જે જે ઉપચાર વડે શમન થાય તે તમામ ઉપચારો રોગની શાતિ માટે ઉપાયરૂપ છે, તેમ આત્માને સર્વથા સ્વતંત્ર કરવાની સાધનામા જે જે સાધન વડે દોષોને અટકાવી શકાય અને જે જે સાધન વડે આગલા મલિન સસ્કારોનો ક્ષય થાય તે તમામ સાધનો મોક્ષના ઉપાય છે એમ સમજવુ

આ જોતા ભગવાન મહાવીરના પ્રવચનની એટલે જૈન પ્રવચનની વિશાળતા અને વ્યાપકતા કોને નહી જણાય ?

૩૪ ભગવાન મહાવીરના પ્રતિસ્પર્ધી

આવા વિશાળ દૃષ્ટિવાળા અને અહિંસાપ્રધાન જીવન સરણીને વરેલા ભગવાન મહાવીરના પણ પ્રતિસ્પર્ધીએ હતા એ હકીકત માત્સર્યમય માનવની મિથ્યા મહત્ત્વાકાક્ષાના એક નમૂનારૂપ છે આ જગતમા આવા બનાવો કાઈ નવા નથી ઘણા જ જૂના કાળમા જરથુસ્ત, રામ અને કૃષ્ણના તેજને સહન નહી કરી શકનારા અને તેમનો ઘાત કરવા પણ તૈયાર થયેલા એવા પ્રતિ–

સ્પર્ધીઓ થયેલા છે. ભગવાનના જ સમસમયી તથાગત બુદ્ધનો પણ દેવદત્ત નામે રાજપુત્ર એવો પ્રતિસ્પર્ધી થયેલો કે જે, તેમનો પ્રાણ લેવા સુદ્ધાં તૈયાર થયેલો. વર્તમાનમાં પણ પૂ. ગાંધીજીના એવા જ પ્રતિસ્પર્ધી લોકો છે જે પ્રત્યક્ષ દેખાય છે.

ભગવાન મહાવીરના જમાનામાં તેમના બે જણ પ્રતિસ્પર્ધી થયેલા. એક તો પ્રવ્રજિત ક્ષત્રિયપુત્ર **જમાલિ** અને બીજો **મંખલિપુત્ત ગોશાલક.**

જમાલિ પોતે રાજપુત્ર હતો અને ભગવાનના વતનનો વતની હતો. ભગવાનનાં પ્રવચન સાભળ્યા પછી ભોગવિલાસોને તજી તે ભગવાનનો શિષ્ય થયો. અગ્યાર અંગોને ભણ્યો અને કઠોર તપશ્ચર્યા કરતો પોતાની આત્મસાધના કરવા લાગ્યો. જ્યારે તે ભગવાન પાસે દીક્ષા લેવા આવેલો ત્યારે તેની સાથે બીજા પાંચસે પુરુષો હતા અર્થાત્ જમાલિએ અને તેની સાથેના આ પાંચસે પુરુષોએ ભગવાનની પાસે દીક્ષાને સ્વીકારેલી. (ભગવતી સૂત્રના નવમા શતકના તેત્રીશમા ઉદ્દેશકમાં જમાલિ વિશે સવિસ્તર હકીકત આપેલ છે. તેમાં તેના માતાપિતાનો પણ ઉલ્લેખ છે પરંતુ તેમના નામનો ઉલ્લેખ નથી તથા જમાલિને ક્ષત્રિયપુત્ર કહેલ છે અને તેને આઠ સ્ત્રીઓ હતી એમ પણ સૂચવેલ છે તથા જમાલિએ પોતાના માતાપિતાની હયાતીમાં દીક્ષા લીધેલ છે અને તે, પોતાના માતાપિતાનો એકનો એક પુત્ર છે એમ સૂચવેલું છે)

હવે એક વાર જમાલિ અનગાર, ભગવાન મહાવીર પાસે આવ્યો અને તેમને વદન નમન કરીને કહેવા લાગ્યો કે આપ સમતિ આપો તો હુ આ પાચસો અનગારો સાથે અહીથી બહારના પ્રદેશમા વિહાર કરુ આ વખતે ભગવાન મહાવીર વૈશાલીના પગ ક્ષત્રિયકુડ ગ્રામના બહુશાલ ચત્યમા વિરાજતા હતા અને પછી અહીથી વિહાર કરીને ભગવાન ચપા નગરીના પૂર્ણભદ્ર ચૈત્યમા વિરાજતા હતા જ્યાર જમાલિએ પોતા પાસેથી જુદો પડી વિહાર કરવાની ભગવાન પાસે રજા માગી ત્યારે તેમણે કશો જવાબ ન આપ્યો, મૌન રાખ્યુ અને એ રીતે તેમણે રજા તરફ પોતાનો અણગમો બતાવ્યો તેમ છતા આ ક્ષત્રિય પુત્ર જમાલિ અનગાર, ભગવાનના અણગમાની દરકાર ન કરીને પોતાની સાથે દીક્ષિત થયેલા પાચસો સાધુઓને સાથે લઈ તેમનાથી જુદો પડી સાવત્થી નગરી તરફ જઈ ત્યાના કોષ્ઠક ચૈત્યમા રહેવા લાગ્યો ત્યા તે ખાનપાનની મર્યાદાના ભગથી માદો પડી ગયો અને દાહજ્વરથી સખત પીડાવા લાગ્યો એ વખતે તેણે પોતાની સાથેના સાધુઓને પોતાને માટે પથારી પાથરવાનુ કહ્યુ જમાલિ પીડાથી ભારે વિહ્વલ હતો અને ભારે વ્યથા પામતો હતો એટલે તેણે પોતાના સાધુઓને ફરીફરીને પૂછ્યુ કે મારે માટે પથારી કરી છે કે કરાય છે? ત્યારે તે સાધુઓએ જમાલિને જવાબ આપ્યો કે હે દેવાનુપ્રિય! તમારે માટે પથારી પથ ાય છે, પથરાઈ ગઈ નથી આ સાભળતા જ દાહજ્વરથી ઘેરાયેલા જમાલિના મનમા વિચાર આવ્યો

કે 'પથરાય છે' અને 'પથરાણી નથી' એમ બે જુદાં જુદાં ક્રિયાપદો છે એટલે એ બે વચ્ચે કશો સંબંધ નથી એટલે વર્તમાન અને ભૂત એ વચ્ચે કશું અનુસંધાન નથી ત્યારે ભગવાન મહાવીર તો એમ કહે છે કે એ બે ક્રિયાપદો વચ્ચે પરસ્પર અનુસંધાન છે અને તેથી વર્તમાન અને ભૂત વચ્ચે ઘનિષ્ઠ સંબંધ છે. માટે જ મહાવીર કહે છે કે જે 'ક્રિયમાણ' છે તેને 'કર્યું' સમજવું, ત્યારે અહીં તો પથારી ક્રિયમાણ છે તેને મારે 'કરેલી પથારી' કેમ સમજવી ? ક્રિયમાણ પથારી, સુવાના કામમાં શી રીતે આવે ? અને કરેલી પથારી તો સુવાના કામમાં આવે છે. માટે જો ભગવાનના કહેવા પ્રમાણે ક્રિયમાણ અને કૃત એ બન્ને એક હોય તો ક્રિયમાણ પણ પ્રયોજનસાધક બનવું જોઈએ, પણ અહીં આ તો પ્રત્યક્ષ છે કે ક્રિયમાણ પથારી મારું આરામ મેળવવાનું પ્રયોજન સાધી શકતી નથી. એથી ભગવાનનો 'ક્રિયમાણ' ને 'કૃત' કહેવાનો અભિપ્રાય મિથ્યા છે એમ તેણે ધાર્યું અને આ પોતાનો અભિપ્રાય તેણે પોતાની સાથે આવેલા પાંચસો અનગારોને પણ સમજાવ્યો. એ અનગારોમાના જે કેટલાકને જમાલિનો વિચાર ગમ્યો તેઓ તેની પાસે જ રહ્યા અને જેમને એ વિચાર ન ગમ્યો તેઓ તેની પાસેથી જુદા પડીને ચંપા નગરીના પૂર્ણભદ્ર ચૈત્યમા જ્યા ભગવાન મહાવીર બિરાજતા હતા ત્યા પહોચી ગયા. હવે જ્યારે જમાલિ નિરોગી થયો અને વિહાર કરવાને સશક્ત થયો ત્યારે તે, ચંપા નગરીમાં જ્યાં ભગવાન મહાવીર બિરા-

જતા જતા ત્યાં આવી પહોંચ્યા અને ભગવાનને વંદન નમન કર્યા વગર અદૂર દૂર નહીં તેમ બહુ પાસે નહીં એમ ઊભા રહીને કહેવા લાગ્યા કે જેમ આપ દેવાનુપ્રિયના બીજા શિષ્યો હજુ સુધી છદ્મસ્થ રહ્યા છે અને અરહા જિન કેવલી થયા નથી તેમાંનો હું નથી, હું તો જ્ઞાન દર્શનને પામેલો છું અને જિન અરહા કેવલી થઈને આપની પાસે આવ્યો છું કારણ કે મેં વર્તમાનકાળ અને ભૂતકાળને ઘનિષ્ઠ નજીક થવાના માનવાની આપની ભૂલ પકડી પાડી છે અને થોડા દિવસ પહેલા મારી માંદગીની હાલતમાં એ અનુભવસિદ્ધ થઈ ગયું છે કે વર્તમાનકાળ અને ભૂતકાળ કદી ઘનિષ્ઠ નજીક થવાના ન હોઈ શકે માટે જ તમો જે 'ક્રિયમાણ'ને 'કૃત' કહો છો, તે વાત ખોટી છે ભગવાને તેને સમજાવવા સારુ એક રોગીની વાત કહી અને એક આત્મસાધના કરનાર અનગારની વાત કહી હે જમાલિ! ધાર કે કોઈ લાંબા સમયનો રોગી છે, તે ઉપચાર કરવા લાગે છે અને ઉપચારથી તેના શરીરના એક આની બે આની એ રીતે ધીરે ધીરે સુધારો થવા માંડ્યો છે, એ અપેક્ષાએ—એને કે હજી તે તદ્દન સાજો થયો નથી છતાં—તેને 'સાજો છે' એમ કહેવાને હરકત નથી કોઈ સાધક પોતાની ચિત્તશુદ્ધિ માટે ભારે પ્રયત્ન કરે છે, વિવેકપૂર્વક અને લક્ષ્યસિદ્ધિને ધ્યાનમાં રાખીને સંયમ વ્રત તપ વગેરે બાહ્ય અને આભ્યંતર સાધના કરી રહ્યો છે એથી તેની ચિત્તશુદ્ધિ થોડી થોડી જરૂર થવા માંડી છે, કષાયો પાતળા પડવા લાગ્યા છે, શરીર,

મન અને ઈંદ્રિયો ઉપર તેનો કાબુ આવવા લાગ્યો છે, તૃષ્ણાઓ–આશાઓ–વાસનાઓના પાશથી પણ તે છૂટો થવા માંડ્યો છે. એ જોતા જો કે હજી તે તદ્દન મુક્ત થયો નથી અર્થાત 'મુચ્યમાન' છે છતાં તેને 'મુક્ત થયો છે' એમ કહેવાને હરકત નથી. આમ ન માનવામાં આવે તો આવા લાબા કાળના રોગીઓ તેમની આશાભંગને લીધે નિરોગી ન થાય અને લાંબા કાળ સુધી સાધના કરનારા તપસ્વીઓ તેમના ઉત્સાહભંગને લીધે મુક્ત પણ ન થાય.

વળી, જમાલિને સમજાવવા ભગવાન કહેવા લાગ્યા કે— 'ક્રિયમાણ' એ જ 'કૃત' થાય છે, એ અપેક્ષાએ વિચારતાં એ બે વચ્ચે અભેદ સંબંધ છે અને એ બન્ને અવસ્થા જુદી જુદી છે, એ અપેક્ષાએ વિચારતાં એ બે વચ્ચે ભેદ સંબંધ પણ છે. જો 'ક્રિયમાણ' 'કૃત' ન કહેવાય તો તે હમેશાં 'ક્રિયમાણ' જ રહેવાનું અને કદી 'કૃત' દશાને નહી પામવાનુ. જ્યારે 'ક્રિયમાણ' જ 'કૃત' દેખાય છે ત્યારે એ માનવું જોઈએ કે એમાં 'કૃત'નો અર્થ પણ બરાબર ઘટમાન છે.

સૂક્ષ્મદૃષ્ટિએ વિચારતાં ક્રિયમાણ અને કૃત વચ્ચે એક અપેક્ષાએ અભેદ છે. કેમકે 'ક્રિયમાણ' હોય તે જ 'કૃત' થાય છે અને સ્થૂલદૃષ્ટિએ જોતા તારી વાત પણ ઠીક છે અર્થાત્ 'ક્રિયમાણ અને 'કૃત' વચ્ચે ભેદ સંબંધ પણ છે. આપણે તો સૂક્ષ્મદૃષ્ટિ અને સ્થૂલદૃષ્ટિ એમ

बन्ने बाजुએ વિચાર કરવાનો છે કેવળ સ્થૂલદૃષ્ટિને વિચાર વ્યવહારસાધક બનતો નથી એટલે તારા કથનમ આંશિક સત્ય છે, પરંતુ તારા કહેવા પ્રમાણે તે પૂ સત્ય છે એમ નથી આમ સમજાવ્યો છતા જમાલિ સમજ્યો તે ન જ સમજ્યો અને જીવ્યો ત્યા સુધી પોતા ભગવાન મહાવીરનો પ્રતિસ્પર્ધી માનતો રહ્યો અને પો પણ અરહા છે, જિન છે, કેવળી છે એમ લોકોને કહેતો રહ્યો

૩૫ બીજો પ્રતિસ્પર્ધી મંખલિપુત્ર ગોશાલ

જૈન આગમ ભગવતીસૂત્રના પંદરમા શતકમા ગોશાલકન હકીકત આ પ્રમાણે આપેલ છે

[1]મંખ જાતિનો મંખલિ નામનો એક પુરુષ, તેન ભદ્રા નામે ભાર્યા તે ગર્ભવતી થઈ, પછી એ બન્ને ફરત ફરતા સરવણ નામના ગામમા ગોબહુલ નામના બ્રાહ્મણન ગોશાલામા આવીને ઉતર્યા ગોશાલામા જ પુત્રનો જન્મ થયો માટે તેનુ નામ 'ગોશાલક' પાડયુ ગોશાલક મોટે થયો એટલે તે, પોતાના પિતા પ્રમાણે 'મંખ' જાતિને ધંધો કરી જીવન નિર્વાહ કરવા લાગ્યો

ભગવતી સૂત્રકારે શ્રીમહાવીર પાસે કહેવરાવ્યુ છે કે તે વખતે તેઓ ચોત્રીશ વરસના હતા તેઓ શ્રમણ થઈ વિહાર કરતા કરતા રાજગૃહ નગરના નાલંદા પાડાની વણ કરશાલામા વર્ષાવાસ હેલા ગોશાલક પણ ફરતો ફરતો એ વણકરશાલાના એક ખૂણામા આવીને ઉતર્યો તે મારા

૧ હાથમાં ચિત્રનુ પાટિયું રાખી લોકોને ચિત્રો બતાવી તે દ્વાર જીવનનો નિર્વાહ કરનારા 'મંખ' કહેવાય

મહિમા સાંભળી મારા તરફ ખેંચાયો અને તેણે મારો શિષ્ય થવા સારુ મારી સંમતિ માગી, પરંતુ મેં તેને તેમ કરવાની સંમતિ ન આપી. પછી તો હું રાજગૃહથી વિહાર કરી તેની નજીકમા આવેલા કોલ્લાક નામના ગામડામા આવ્યો, એટલે મારી તપાસ કરતો ગોશાલક પણ મારી પછવાડે પછવાડે કોલ્લાક નામના ગામડામાં આવી પહોચ્યો અને ત્યાં વળી મારો શિષ્ય થવા માટે મને વિનંતિ કરવા લાગ્યો, એથી મેં તેને તેમ કરવાની રજા આપી. ત્યારથી તે, મને પોતાનો ધર્માચાર્ય–ધર્મગુરુ માનવા લાગ્યો. શ્રીમહાવીર કહે છે કે, એ રીતે તે મારી સાથે છ વરસ રહ્યો. મારી પાસેથી યોગથી ઉત્પન્ન થતી લબ્ધિઓ વિશે માહિતી મેળવી, તે પ્રમાણે સાધના કરી તેણે તેજોલેશ્યા નામની લબ્ધિ પ્રાપ્ત કરી અને પછીથી તે મારાથી જુદો પડી ગયો અને પોતાનો નવો મત સ્થાપવો શરૂ કર્યો. એક વાર શ્રાવસ્તી નગરીમાં ભગવાન મહાવીર બિરાજતા હતા અને ગોશાલક પણ ત્યાં આવ્યો અને પોતે અરહા છે, જિન છે, કેવળી છે એમ કહેવા લાગ્યો. ભગવાનને આ સમાચાર મળ્યા એટલે તેમણે પોતાના સંઘના લોકોને અને શ્રાવસ્તીની જનતાને એ બાબત ખુલાસો કરતા ગોશાલકના જીવનની બધી હકીકત કહી સંભળાવી અને તે જિન નથી, અરહા નથી તેમ કેવળી નથી એમ પણ કહ્યુ. એથી ગોશાલક રીસે ભરાયો અને ક્રોધથી ધમધમતો ભગવાન પાસે પહોંચ્યો. ત્યાં જઈ ભગવાનને કહેવા લાગ્યો કે "અરે ! તું તો પહેલાં એકાંતમા રહેતો હતો અને હવે તો આ રીતે સમૂહ વચ્ચે

રહેવા લાગ્યો માલુમ પડે છે કે તુ આચારમા ઢીલો પડી ગયો છે" વગેરે જેમ ફાવે તેમ યદ્વાતદ્વા બોલવા લાગ્યો જ્યારે ભગવાને તેને તેના પૂર્વ જીવનની પોતે અનુભવેલી વાત કહી સભળાવી ત્યારે તે વધારે ગુસ્સે થઈ ગયો અને આવેશમા આવી જઈ તેણે ભગવાન ઉપર તેજોલેશ્યા છોડી પરતુ ગુરુ ઉપર તેજોલેશ્યા ન જતા પાછી તે ગોશાલક ઉપર જ ગઈ અને તે બળવા લાગ્યો એટલે ભગવાને તેના ઉપર શીત લેશ્યા મૂકીને તેને ઠડો કર્યો અને બળતરાના દુખમાથી બચાવી લીધો (આ ઠડો કરવાની હકીકત ભગવતી સૂત્રમા નથી પણ શ્રી શીલાકાચાર્ય રચિત ચઉપ્પન્ન મહાપુરિસચરિયમા પૃ ૩૦૭–૩૦૮ ભગવાનના ચરિતમા નોધેલ છે) આ વખતે તકલીફ પામેલો ગોશાલક પોતાની ભક્તાણી હાલાહલા કુભારણને ત્યા પહોચ્યો અને સાત રાતો વીતતા તો કાળધર્મ પામ્યો

જૈનશાસ્ત્રમા આ [1] ગોશાલકને ગુરુદ્રોહી કહેલ છે અને સાથે સાથે કહેલ છે કે મરતા મરતા પણ ગોશાલકને પોતાની કુપ્રવૃત્તિનો તીવ્ર પસ્તાવો થયો હતો અને તેને પરિણામે તેને સમ્યગ્દર્શન થયુ હતુ જેને લીધે તે ઘણો વધાર કાળ સસારમા રખડી રખડીને છેવટે નિર્વાણ પામશે

આ રીતે ભગવાન મહાવીરના બે મોટા પ્રતિસ્પર્ધી હતા

---

૧ ગોશાલકની આ કથા એક દતકથા જેવી છે ગોશાલક મતના સાહિત્યમાં ભગવાન મહાવીર ગોશાલકના શિષ્ય હતા એવી કથા હોવાની કલ્પના કરી શકાય જૈન આગમોમાં ગોશાલક વિશે આ જે પ્રસ્તુત કથા છે તે દ્વારા એટલુ કલ્પી શકાય એમ છે કે ભગવાન મહાવીરનો ગોશાલક પ્રતિસ્પર્ધી હતો હમણાં હમણાં ગોશાલક વિશે સારુ સશોધન

૩૬ ભગવાન મહાવીરમાં જ્ઞાન અને ક્રિયા-સાધના-એ બન્ને વિશે સમતોલપણું-ભગવાન મહાવીરના પોતાના સમયમાં મગધદેશમાં ભગવાન મહાવીર જ એક એવા પુરુષ હતા જેઓ સાધના અને વસ્તુસ્વરૂપનો વિચાર એ બન્ને વિશે લેશ પણ ઉદાસીન ન હતા. ભગ-

---

થયેલ છે અને તે લેખો દ્વારા તથા પુસ્તક દ્વારા પ્રગટ થતું જાય છે. તે ઉપરથી એટલું સ્પષ્ટ માલુમ પડે છે કે ગોશાલક એક પોતાના સ્વતંત્ર તીર્થનો પ્રવર્તક તીર્થંકર હતો તેના અનુયાયીઓ પણ ઘણા જ વધારે હતા બારમા સૈકા સુધી તેના સંપ્રદાયની હયાતી હોવાનુ ઐતિહાસિકોએ શોધી કાઢેલ છે. ઘણા પ્રાચીન સમયમાં તેનાં લેણો-ગુફાઓ-હતાં અને તેના ભક્ત લોકોએ તેને મોટાં મોટાં દાનો આપ્યાની પણ હકીકતો મળી આવેલ છે. ગોશાલકનો વિશેષ ઐતિહાસિક વૃત્તાંત જાણવાની વૃત્તિવાળા અભ્યાસીએ તેને લગતું જે સાહિત્ય પ્રગટ થયેલ છે તે વાંચી લેવું ઘટે જૈન આગમોમા ગોશાલકના મતને આજીવિકમત વા નિયતિવાદનુ નામ આપેલ છે, બૌદ્ધ પિટકોમાં ગોશાલકના મતને સસારશુદ્ધિવાદનુ નામ આપેલ છે અને બુદ્ધના સમયમા જે જે તીર્થકરો વિદ્યમાન હતા તેમાં ગોશાલકને એક ખાસ તીર્થંકર તરીકે ગણાવેલ છે ગોશાલકનું બીજું નામ મક્ખલિપુત્ત છે આ 'મક્ખલિ' શબ્દ વિશે બૌદ્ધ પિટકોમાં 'मा खलि' અર્થાત્ 'લપસી ન પડતો' એવી વ્યાખ્યા આપેલી છે. એમા એમ પણ કહેલુ છે કે તે, પોતાના શેઠના ઘીના કે તેલના કુબા ફેરવતો હતો એટલે તેના સ્વામીએ તેને ચેતવણી આપી કે તું मा खलि-સ્ખલન ન પામતો-લપસી ન પડતો આ પછી ગોશાળક પરિવ્રાજક થઈ ગયો. આમ ગોશાલક વિશે ઘણી અધૂરી માહિતી તેના પ્રતિસ્પર્ધી એવા જૈન અને બૌદ્ધ ગ્રંથોમાં હોય એ સ્વાભાવિક છે.

વતી સૂત્રમા કે બીજા સૂત્રોમા જે જે સવાદો, ચર્ચાઓ અને દૃષ્ટાતો વા કથાઓ આવેલા છે તે તમામનો અભ્યાસી, આ હકીકતને બરાબર તારવી શકે એમ છે ભગવાન સાધનામા એટલા બધા કઠોર હતા કે તેઓ જીવન પર્યંત કેવળ ભિક્ષા ઉપર-બના અર્થમા માધુકરી વૃત્તિ ઉપર—જ પોતાનો નિભાવ કરતા રહ્યા છે કદી તેઓ મોટા મોટા નિમત્રણોમા ભોજન માટે ગયા જ નથી તેમ જે ભિક્ષાભોજન દોષવાળુ હોય એટલે પોતાને માટે જ તૈયાર કર્યુ હોય વા કોઈપણ વ્યક્તિને માટે ખાસ તૈયાર કે પીડા કરનારૂ હોય તે તેઓએ કદી નથી જ સ્વીકાર્યું નિર્દોષ ભિક્ષા ન મળે તો ઉપવાસોના ઉપવાસો તેઓ ખેચી કાઢતા પરતુ ભક્તિભાવથી પ્રેરાઈ કોઈ અનુયાયી ઉપાસકે વા ઉપાસિકાએ જે ભોજન તેમને માટે ખાસ તૈયાર કરેલુ જણાય તે તેઓએ કદી પણ સ્વીકાર્યું જ નથી તેમ પોતાના અનુયાયી શ્રમણશ્રમણીઓને પણ એવુ ભોજન લેવાની મનાઈ કરેલી છે તેમણે પોતાના નિર્વાહ માટે કે પોતાના સઘના નિર્વાહ માટે કોઈ નાના કે મોટા દાનો પણ સ્વીકાર્યા નથી, તેમ દાનમા અપાતા જમીન, બગીચા વા મઠો પણ સ્વીકાર્યા નથી, તેમ પોતાના કે પોતાના સઘના કાયમી નિભાવ માટે કોઈ પોતાના અસાધારણ ઉપાસક વા ઉપાસિકાને કદી પ્રેરણા પણ નથી કરી અરે માંદા હોય ત્યારે પણ ઔષધ લેવાની વા બીજા વૈદ્યકીય ઉપચારો લેવાની લેશ ઇચ્છા પણ નથી સેવી, તેમ તેમના સઘના શ્રમણશ્રમણીઓને એ બાબત ડગલે ને પગલે સાધારણ સ્થિતિમા એ વૈદ્યકીય રાહત લેવાનો કે ઔષધાદિ લેવાનો સાફ સાફ નિષેધ કરેલો છે આ તેમની કઠોર

સાધનાની રીત હતી અને એ જ પ્રમાણે તેમને જે કોઈ જિજ્ઞાસુએ જે કાંઈ પૂછ્યું તે તમામ વિશે જે પોતે જાણતા હતા–સમજતા હતા તે બધું તેઓ જીવન પર્યંત છેલ્લા શ્વાસ સુધી જિજ્ઞાસુને કહેતા જ રહ્યા છે પણ તેઓએ ક્યાંય એમ તો નથી જ કહ્યું કે વસ્તુસ્વરૂપના આ વિચાર વિશે સ્પષ્ટતા થઈ શકે તેમ નથી, વા આ હકીકતનું વ્યાકરણ કરી શકાય એમ નથી, વા આ ચર્ચા અવ્યાકૃત છે. ભગવતી સૂત્રમાં (શતક ૧૦ મું ઉદ્દેશક ૩ જો) ઘોડો દોડતો હોય છે ત્યારે તેના પેટમાં અમુક પ્રકારનો અવાજ થાય છે એ બાબત પણ એક પ્રશ્ન આવે છે. તેમણે આવા મામુલી પ્રશ્નનો પણ જવાબ આપેલો છે. કહેવાનું તાત્પર્ય એ છે કે તેમની પાસે જે જિજ્ઞાસુ આવ્યો તે કાંઈ ને કાંઈ મેળવીને જ પાછો ફર્યો છે એ રીતે તેમની વૃત્તિ જ્ઞાનની બાજુ પણ અસાધારણ હતી.

અહીં આ એક વાત ધ્યાનમાં રાખવાની છે કે ભગવાન મહાવીરે જે જે હકીકતો તત્ત્વના સ્વરૂપ વિશે વા બીજી બીજી બાબતો વિશે કહેલી છે તે તેમનો જમાનાની પરિસ્થિતિ પ્રમાણે કહેલી છે અને તેમનો પોતાનો જેટલો જાતઅનુભવ હતો અને જેટલી તેમની પોતાની સમજ હતી તે પ્રમાણે કહેલી છે. વળી શાસ્ત્રમાં જ આ વાત કહેલી છે કે—

"यावतः पदार्थान् श्रुतकेवली भाषते तावत एव केवल्यपि ।
ये तु श्रुतज्ञानस्य अविषयभूता भावा केवलिनाऽवगम्यन्ते,
तेषामप्रज्ञापनीयतया केवलिनाऽपि वक्तुमशक्यत्वात् ॥

आह–कियन्त प्रज्ञापनीया कियन्तो वा अप्रज्ञापनीया ?

पन्नवणिज्ज भावा अणतभागो उ अणभिलप्पाण ।
पन्नवणिज्जाण पुण अणतभागो सुअनिबद्धो ॥

(બૃહત્કલ્પ ગા૦ ૯૬૩ ૯૬૪ પૃ૦ ૩૦૪)

અર્થાત્ શ્રુતકેવળી એટલે સપૂર્ણ શ્રુતને–શાસ્ત્રને–ગ્રહણ કરનાર જેટલી હકીકતો કહે છે તેટલી જ હકીકતોને કેવલી પણ કહે છે જે કેટલીક હકીકતો શાસ્ત્રગમ્ય નથી તે જો કે કેવલી એટલે સર્વજ્ઞ જાણે છે તો પણ તે તમામે તમામ હકીકતો કહેવી શકય ન હોવાથી કેવલી પણ કહી શકવા સમર્થ નથી તાત્પર્ય એ છે કે જણાવવા જેવી બાબતો અને નહી જણાવવા જેવી બાબતો એમ બે જાતની બાબતો છે તે બન્ને બાબતો અનત છે છતા જે બાબતો અનભિલાપ્ય છે એટલે શરીરાદિક સબધી સામર્થ્યના અભાવને લીધે કહેવી શકય નથી તેની સખ્યા ઘણી જ વધાર છે અને જે બાબતો જણાવવા જેવી છે તે પણ બધી જ જણાવવી શકય નથી ધારો કે સો બાબતો જણાવવા જેવી છે તો તેમાથી માડ પાચ ટકા ભાગ શાસ્ત્રમા નોંધી શકાય છે અને બાકીનો ભાગ નહી જણાવવા જેવી કોટિમા પડયો રહે છે તાત્પર્ય એ છે કે સર્વજ્ઞ પોતે પણ જેટલુ જાણે છે, સમજે છે તે બધુ ય ભાષામા કહી શકવા અસમર્થ છે, તથા જેટલુ તે કહી શકે છે તેટલુ બધુ બરાબર કોઈ જિજ્ઞાસુ શ્રોતા પોતાના મનમા અવધારી શકતો નથી શ્રોતાએ તે જેટલુ મનમા અવધાર્યુ હોય તેટલુ બીજાને તે સમજાવી કે કહી શકતો નથી તથા તેટલુ તે બરાબર શબ્દમા ઉતારી

શકતો પણ નથી. આ રીતે વિચારતાં ભગવાન મહાવીર ના વારસો દ્વારા આપણને જે જ્ઞાનવારસો મળ્યો છે તે પૂર્ણ ન કહેવાય, તેથી જ તેને કસવાની જરૂર છે અને સંશોધન તથા જાતઅનુભવ દ્વારા તેમાં વધઘટ કે ફેરફાર કરવાનો ય ઘણો અવકાશ છે. વર્તમાનમાં તો જ્ઞાનવિજ્ઞાનના બીજાં ઘણાં નવાં નવાં સાધનો વધતાં જાય છે તથા ઘણા ખંતિલા અને કેવળ વિજ્ઞાનને માટે જ આપભોગ આપનારા શોધકો પણ પાકતા જાય છે, એથી આપણે પણ એ સાધનો અને શોધકોના સહકારથી આપણને વારસામા મળેલા એ જ્ઞાનભંડારને ચકાસવો જોઈએ, તેનું તમામ રીતે પરીક્ષણ કરવું જોઈએ અને તેમ કરતા તેમાં જ્યાં જ્યા ફેરવવું પડે વા વધઘટ કરવી પડે તે બધું ઘણા વિશાળ મનથી કરવું જોઈએ. આમ કરવાથી તે જ્ઞાન વારસો વધશે અને સુરક્ષિત રહેશે. બંધીયાર જ્ઞાન વા વિદ્યા નકામી બને છે, વિશ્વસ્ત મનાતી નથી અને છેવટે તેનો કોઈ આદર પણ કરતું નથી.

ભગવાન મહાવીર પછી આજ સુધીમાં તેમણે કહેલાં તત્ત્વો વા આચારો વિશે મહાવીરાનુયાયી મહાનુભાવોએ પોતાની શોધક બુદ્ધિનો ઘણો જ ઓછો ઉપયોગ કરેલ છે અને જે કેવળ કર્મકાંડ વિષયક વા સાધનભેદ વિષયક એવો વિચાર થયેલ છે તે, સંઘમાં ભેદજનક નિવડ્યો છે. માટે એ પ્રવચન આજ સુધી અંધારામાં રહ્યુ છે અને એ આચાર-બંધારણ સર્વોદયકર-સર્વલોકકલ્યાણકર હોવા છતાં તેવું નિવડી શક્યું નથી. તેથી જ ઉક્ત રીતે જૈનપ્રવચનની પરીક્ષા કરવામાં જરા પણ ગભરાવાની જરૂર નથી તેમ કોઈ

વસ્તુ ખોટી પડી જશે તો ભગવાન મહાવીરના નામને કલંક લાગશે એવો લેશ ભય પણ રાખવાની જરૂર નથી જ્ઞાન હમેશા શોધાતુ જ રહે અને તેમા નવી નવી શોધો દ્વારા જરૂરી ફેરફાર થતો રહે તો જ તે ટકાઉ રહે છે અને એમ ન કરવામા આવે તો ફેરવ્યા વિનાના પાનની પેઠે તે સડી જાય છે– ગંધાઈ જાય છે અને પરિણામે તેના પ્રરૂપક ઉપરનો વિશ્વાસ ઉઠી જાય છે

વર્તમાનમા શોધાયેલા વિજ્ઞાનાદિકના સાધનો વડે નવી આંખો બેસાડવામા આવે છે, સાંભળવા માટેના યંત્રો વાપરવાથી બહેરાઓ સાંભળી શકવા લાગ્યા છે તથા જેમના અંગઉપાંગ જન્મથી ખોડખાંપણવાળા હોય છે તેઓને નવા અંગઉપાંગો બેસાડી શકાય છે અરે આમ ટીનો [illegible] પણ બદલાવી શકવા સુધી વર્તમાન વૈજ્ઞાનિક સંશોધન પહોંચેલ છે એટલે, અંધાપો કે આંખ વગેરેની પ્રાપ્તિના અભાવ સાથે તથા અંગઉપાંગોની ખોડો સાથે કર્મપુદ્ગલોનો જે રીતે સંબંધ સમજાવવામા આવે છે તે અંગે વિશેષ વિચારણા તથા સંશોધન કરવાની જરૂર નથી જણાતી ?

૩૭ ભગવાન મહાવીરે પોતે આચરેલી અને દર્શાવેલી અહિંસક રહેણી કરણી

ભગવાન મહાવીરે અહિંસાની સાધના માટે અને જીવનમા અહિંસા ઊતરી જાય એ માટે બે માર્ગ બતાવેલા છે સર્વવિરતિ અને અંશવિરતિ સર્વવિરતિ એટલે અંતરંગ અને બહિરંગ એમ તમામ પ્રકારની હિંસામય તથા પાપમય પ્રવૃત્તિઓથી અટકી જવુ અને કેવળ આત્માર્થ શોધન માટે

તત્પર બનવું. અંશવિરતિ એટલે અમુક મર્યાદાઓ સ્વીકારીને હિંસામય પ્રવૃત્તિઓથી અટકી જવું અને આત્માર્થના લક્ષ્ય પોષક મૂલગુણરૂપ સત્યાદિ સદ્ગુણોની પ્રાપ્તિના લક્ષ્ય સાથે પોતાની જાતને પ્રધાનપણે પાપમય વિચારણાથી અને પાપ મય પ્રવૃત્તિઓથી દૂર દૂર રાખવાને સતત પ્રયત્ન કરવાપૂર્વક જીવનયાત્રા નભાવ્યે જવી.

આ માટે તેમણે આંતર પરિગ્રહ એટલે આસક્તિ, મૂર્છા વા વિવિધ પ્રકારની આશાઓનો સર્વથા ત્યાગ કરવાનું સૂચવ્યું છે. આંતર પરિગ્રહનો જેટલે અંશે ત્યાગ કેળવાય એટલે અંશે જીવન અહિંસામય બને. 'અહિંસા' એટલે 'હિસા નહીં' એ રીતે તેનો અર્થ નિષેધાત્મક છે, એથી પ્રશ્ન થાય કે હિંસા નહીં તો એની અવેજીમાં બીજું શું ? તો તેનો ઉત્તર આપતાં ભગવાને સ્પષ્ટ કહેલુ છે કે–

समया सव्वभूएसु सत्तु–मित्तेसु वा जगे ।
पाणाइवायविरई जावज्जीवाए दुक्कर ॥
(ઉત્તરાધ્યયન અ. ૧૯ ગા૦ ૨૫)

અર્થાત જગતમાં જે કોઈ જીવો છે તે તમામ તરફ અને તે જીવોમાં જે કોઈ આપણા મિત્રો છે વા આપણા વિરોધીઓ છે તે તમામ તરફ સમતા રાખવી–સમતાભાવ કેળવવો તેનું નામ અહિંસા છે અને આવી અહિંસા જીવન સુધી ટકાવી રાખવી ભારે દોહ્યલું છે. આ સાથે એમણે એમ પણ જણાવી દીધું છે કે—

जहा दुमस्स पुप्फेसु भमरो आवियइ रस ।
न य पुप्फं किलामेइ सो य पीणेइ अप्पय ॥
(દશવૈ. અ૦ ૧ ગા૦ ૨

અર્થાત જેમ ભમરો વૃક્ષના વિવિધ ફૂલોમાંથી રસ ચૂસે છે અને પોતાની જાતને નભાવે છે તેમ છતા તે ભમરો ફૂલોનો વિનાશ નથી કરતો, ફૂલોને કિલામણા-દુ ખ થાય-ત્રાસ થાય તેમ નથી કરતો તેમ શ્રેયાર્થી મનુષ્યે-પછી તે સર્વવિરતિને વરેલો હોય વા અ શવિરતિને વરેલો હોય-ભમરાની પેઠે પોતાની જાતને નભાવવી અર્થાત જેઓ એટલે જે મનુષ્યો, પશુઓ, પક્ષીઓ વા બીજા વૃક્ષ વગેરે જેનો આપણી પોતાની જાત નભાવવામા સહાયક છે, તેમની પાસેથી એવી રીતે મેળવવું કે જેથી તે સહાયકો નગણ્ય ન પડે, તેમનો ઉચ્છેદ ન થાય વા શ્રેયાર્થીની પોતાની મોટી કમાણીથી એ સહાયકોની આજીવિકાનો નાશ ન થઈ જાય અને પરિણામે તેમના જીવન છિન્નભિન્ન ન થઈ જાય આન્તરપરિગ્રહનો ત્યાગ કેળવવા સારુ બાહ્ય પરિગ્રહનો પણ ત્યાગ જરૂરી છે એટલે સર્વવિરતિવાળા શ્રેયાર્થીઓ માટે ભગવાને બાહ્ય પરિગ્રહની ઘણી કડક મર્યાદાઓ બાંધી છે તેઓ ધન ન રાખી શકે, એ જ રીતે ઘર, જમીન, સોનું રૂપુ, સ્ત્રી, નોકર વગેરેને પણ ન રાખી શકે લજ્જા ઢાકવા પૂરતા કપડા, શરીરના આરોગ્ય માટે ઉપયોગી હોય તેટલુ બિછાનું અને ખાવાપીવા માટે માટીના કે લાકડાના પરિમિત જ વાસણો રાખી શકે પોતે જેટલો ભાર ઉપાડી શકે તેટલો રાખે, તેથી વધારે નહીં પોતાનો ભાર બીજા પાસે ઉપડાવી જ ન શકે, એ સાધારણ નિયમ છે બ્રહ્મચર્યનિષ્ઠ આવા શ્રેયાર્થીની હાજતો ઘણી ઓછી હોય અને જે હોય તે પણ ઘણી જ ઓછી ખર્ચાળ હોવી જોઈએ, ખાવા માટે

કશું ન રાખવું તથા રોજના ખાનપાન વગેરેની મર્યાદા નક્કી કરી લેવી, જેથી હાજતો માપમાં રહે અને મન તથા શરીર ચંચળ થવા ન પામે. આ બધું એ અંશવિરતિવાળાએ જીવનમાં સંયમ કેળવાય અને ચિત્તમાં તૃષ્ણાના જે પ્રબળ સંસ્કારો છે તે ધીરે ધીરે ઓછા થાય એ બુદ્ધિથી જ આચરવાનું છે. એવા કોઈ પવિત્ર ઉદ્દેશ વિના કેવળ મૂઢભાવે વા જડભાવે તથા વિશેષ ભોગ સામગ્રી મળશે કે ધન વગેરે મળશે એવી વૃત્તિ રાખીને કરેલા કોઈ નિયમ જીવનને લાભપ્રદ થતા નથી આવો અંશવિરતિવાળો વેપારી હોય, ખેડુત હોય, શિક્ષક હોય, ઘાંચી હોય, મોચી હોય, ધોબી હોય વા ગમે તે જાતનો વા ગમે તે ધંધો કરનારો હોય માત્ર તેનુ લક્ષ્ય સંયમ કેળવવાની બુદ્ધિથી અંશવિરતિ તરફ વળેલું હોવું જોઈએ. આતર પરિગ્રહ ઓછો કરવા આ અંશવિરતિવાળાએ બાહ્યપરિગ્રહની મર્યાદા બાંધી લેવી જોઈએ અને બરાબર તદનુસાર વર્તનને કેળવવું જોઈએ લોભ ઓછો થાય તો જ બાહ્યપરિગ્રહની મર્યાદા બાંધી શકાય અને એ બંધાય તો જ આંતર પરિગ્રહનો ત્યાગ કેળવાય આ માટે વિવિધ પ્રકારની ભાવનાઓ કેળવીને ચિત્તમા એ અંશવિરતિના સંસ્કારોને દૃઢીભૂત કરવાના છે પ્રાણીમાત્ર મારો બંધુ છે એવી ભાવના કેળવ્યા કરવી તમામ પ્રાણીઓને જીવન વલ્લભ છે, કોઈપણ પ્રાણીને મરણ પ્રિય નથી એટલે આજની ભાષામા 'જીવો અને જીવવા દ્યો'ની ભાવના ખુબ મનમાં સ્થિર કરવી જોઈએ બીજું સાદાઈ અને ઓછી હાજતોની ટેવ

પાડવા માટે પોતાના વતનની ઉપજથી જીવનનિર્વાહ કરવાનો અભ્યાસ કરવા જોઈએ વતન બહાર જઈને લોભવશે ધન મેળવવાની વૃત્તિ જાગે તો તે લોભ વૃત્તિને કાબુમા રાખવા માટે વતન બહાર કેટલે દૂર સુધી જવુ તેની મર્યાદા બાંધી લેવી જોઈએ તથા વતન બહારથી વસ્તુઓને લાવવી જ પડતી હોય તો પણ તે કેટલે દૂરથી અને કેટલી મગાવવી તેની પણ મર્યાદા બાંધી રાખવી જોઈએ અને ધનલોભને કારણે વતનની વસ્તુઓ બહાર મોકલવી પડતી હોય તો પણ લોભને ઓછો કરવા ખાતર તે કેટલી મોકલવી અને કેટલે દૂર સુધી મોકલવી તેની હદ નક્કી કરી લેવી જોઈએ આમ હદ નક્કી કરવાથી લોભ ઉપર અકુશ રહેશે અને વતનમા રહેનારા લોકોની આજીવિકાનો નાશ નહી થાય તથા બહારના લોકોને ચૂસવા-ચૂસાવાનો ક્રમ ઓછો થઈ જશે આવુ વ્રત ભગવાન મહાવીરે દેશાવકાશિકને નામે અશવિરતિવાળાઓ માટે ખાસ બતાવેલ છે આ ઉપરાત અતિથિની પરિચર્યા-કોઈ જાતના નાત જાત ધર્મ સપ્રદાય ભાષા દેશ વેશ કે રંગના ભેદને લેશ પણ પ્રાધાન્ય ન આપતા માનવી તરીકે માનવ અતિથિની પરિચર્યા-આગતાસ્વાગતા કરવાનુ પણ એક વ્રત બતાવેલ છે તથા તમામ પશુ પક્ષીઓ અને આપણા ખાસ સહાયક ગાય બળદ ઘોડા વગેરે પશુઓ તરફ પણ ખુબ સદ્ભાવ રાખવાનુ કહેલ છે પશુઓ ઉપર વધારે ભાર ન લદાય, તેમ એક ઘોડો કે બળદ વા બીજુ કોઈ પશુ ખેચી ન શકે

એટલી સ્વારી એક ગાડીમાં ન બેસી શકે વગેરે એમ અનેક પ્રકારે પશુઓ તરફ આત્મવત્ લાગણીથી વર્તવાની આ અંશવિરતિવાળાઓની ફરજ છે આ ઉપરાત જે ધંધાઓમાં ઘોરહિંસા છે, સ્વ અને પર જીવનનો ઘાત છે, જેવા કે મીલો ચલાવવી, સટ્ટા કરવા, રેસ રમવી, જંગલો બાળવા, સુરંગો ફોડવી, ગુલામોનો વેપાર કરવો, વાળોનો વેપાર કરવો, ઝેર દારુ વગેરે હાનિકારક ચીજોનો વેપાર કરવો, માણસોની વાંદરાઓની અને પશુપક્ષીઓની હિંસા દ્વારા બનતા ઔષધોનો વેપાર કરવો, પશુપક્ષીઓની હિંસા દ્વારા પેદા થતાં ચામડાં, વાળ, પીંછા વા એવી હિ સામાથી બનતી વસ્તુઓનો વેપાર કરવો વગેરે એવી હિંસાપ્રધાન અને હિસાને ઉત્તેજન આપે એવી તમામ પ્રવૃત્તિઓ વા એવા તમામ વેપારધંધા, એ બધાંનો નિષેધ કરવામા આવેલ છે જે ધંધાથી અસંયમ વધે અને લોકો પાયમાલ થાય એવા કોઈ પણ ધંધા કરી જ ન શકાય તથા ધર્મને નામે પણ આવી હિસાજનક વસ્તુઓ ન વાપરી શકાય જેવી કે, રેશમી કાપડ, ચામર, કસ્તૂરી વગેરે

ત્રીજો વર્ગ માત્ર ભગવાન મહાવીરના ધર્મની શ્રદ્ધાવાળો છે, કિતુ ઉપર જણાવેલ બેમાથી એકે વિરતિનુ આચરણ કરવાને અસમર્થ છે, તેમને માટે ભગવાને કહેલ છે કે આવા લોકો બધી પ્રવૃત્તિમા પ્રામાણિક રહે, ન્યાયનીતિના નિયમને બરાબર પાળે અને પોતાનો વ્યવહાર ધધો વા નોકરી એ બધું પ્રમાણિકપણે ચલાવે. સત્યની જિજ્ઞાસાને પોષે અને સંત પુરુષોનો વધારે સહવાસ કરી

વિનયાદિ ગુણોને ખીલવે આમ કરવાથી આ બીજા વર્ગના લોકો ધીરે ધીરે અંશવિરતિ તરફ આવી શકશે અને એવી રીતે ક્રમે ક્રમે જીવનનો પૂર્ણ વિકાસ પણ ખીલવી શકશે

આ બધી યોજના વર્તમાન સમાજજીવનને સુખમય બનાવવા માટે જ યોજેલ છે સમાજની પ્રત્યેક વ્યક્તિને ભાગે પરંતુ સુખ મળે અને સૌ માનવ સંતોષ સાથે જીવન જીવી ધર્મનું આરાધન કરે એ જ એક ઉદ્દેશ આ યોજનાઓનો પ્રેરક છે આ બધી યોજનાઓ સારુ હોય અને તેનું પરિણામ સમાજમાં ન જણાતું હોય તો આસ્થા થીએ સમજી લેવું ઘટે કે મૂળ યોજનાઓના આ ચરણમાં જ કાંઈક ખોડખાંપણ રહેલ છે

ભગવાને ઉપર જણાવેલો જે સાધનામાર્ગ બતાવેલ છે તે વર્તમાનમાં યથાર્થપણે લાગ્યે જ દેખાય છે વર્ણવ્યવસ્થા અને આશ્રમવ્યવસ્થા જે સમાજોપયોગી હતી તે આજ લાંબાકાળથી તૂટી ગઈ છે અને તેની વિકૃતિ સમાજમાં ટકી રહી છે, તેમ ભગવાને જે સર્વવિરતિ, અંશવિરતિ અને મધ્યસ્થ માર્ગની સાધના માટે જે જે પ્રક્રિયાઓ બતાવેલ છે તે પણ જૈન પ્રજામાં ઠીક ઠીક રીતે પળાતી જણાતી નથી, એટલું જ નહીં તેમાં અનેક વિકૃતિઓ અને અસંગતતાઓ ધર્મને નામે પેસી ગઈ છે એટલેથી ન અટકતા જૈનને નામે ઓળખાતા કેટલાક વર્ગમાં એવી પણ માન્યતા ફેલાએલી દેખાય છે કે પરોપકાર ન કરવો, દાન ન આપવું, ખેતી ન કરવી, કૂવા ન ખોદાવવા, આગ લાગી હોય તો

તે ન ઓલવવી, કોઈ તરસ્યો હોય તો તેને પાણી ન આપવું, અને ખુબી તો એ છે કે આ બધી વિકૃત માન્યતાઓ અહિંસાને નામે ચાલે છે. માનનીય (હવે સ્વ.) નરહરિભાઈ પરીખે મને એકવાર કહેલું કે અમારા ગામમાં બપોરના બાઈઓ ભેગી થઈને બેસીને વાતચીતો કરે જ્યારે સાંજ પડવા આવે, રસોઈનો વખત થાય ત્યારે ઊઠવાનો વખત થાય છતા ય તેમાં જૈન બૈરાઓ પહેલાં ન ઊઠે, જ્યારે કોઈ બીજાં બૈરાં પહેલું ઊઠવાનો પ્રસ્તાવ મૂકે ત્યારં પછી જ જૈન બૈરાં ઊઠે એનો આશય એ છે કે જે બૈરું પહેલું ઊઠે તેના માથા ઉપર ઊઠ્ય પછી રાંધવા વગેરેની હિંસામય પ્રવૃત્તિના પાપનો ટોપલો જાય, માટે જ કોઈ જૈન બૈરું ઊઠવાની પહેલ ન કરે. આસોદરના મારા એક મિત્ર મને કહ્યા કરતા કે અમારી વાડીમા નિયમિત કોસ ચાલે છે અમારા ગામનુ જૈનકુટુંબ 'અમે તમારી વાડીએ ધોવા આવીએ' એમ રોજ રોજ પૂછીને જ ધોવા આવે. અમે તો સરળભાવે હા જ કહીએ, પણ જ્યારથી અમને પેલો પાપનો ટોપલો માથે આવવાની ખબર પડી ત્યારથી એમને હવે અમે કશું જ કહેતા નથી, માત્ર એટલું કહીએ છીએ કે તમારી ઈચ્છા હોય તેમ કરો. આવી અજ્ઞાનમય માન્યતા ધર્મજડ બૈરાઓમાં હજી ચાલતી હોય એ અસંભવિત નથી પૂજ્ય રવિશંકર મહારાજ હમણાં મને કહેતા હતા કે મુંબઈમાં તેઓ મરીનડ્રાઈવ ઉપર એક શેઠના બંગલામાં ઊતરે, ત્યાં પાયખાનામા જે ધર્મજડ લોકો જાય તેઓ પાયખાનામાં જ્યાં પગ મૂકવાની જગ્યા

હોય ત્યા ન બેસે પણ આજુ બાજુ બેસે તે બેસનારા એમ માને છે કે જો પગ મૂકવાની જગ્યાએ બેસે તો મળમૂત્ર ગંદરના જાય અને તેથી તેમને ભારે હિંસાનુ પાપ લાગે એ રીતે એ ધર્મજડ મહાનુભાવો આખુ પાયખાનું ગંદુ ગંદુ કરી મૂકે પછી રવિશંકર મહારાજ પોતે પાણીની બાલ ટીઓ લઈને તેને સાફ કરી નાખી તેનો ઉપયોગ કર શ્રી મહારાજ મને કહે કે શું ભગવાન મહાવીરે આવી અહિંસા બતાવેલી છે? આ રીતે આ લોકો ભગવાનના પ્રવચનની ભારે વગોવણી કરતા હોવા છતા ધાર્મિકમા ખપે છે એ શુ ઓછી વિકૃતિ કહેવાય?

આ યાર પણ ઘણા જૈનો, બીજાને પૂછે છે કે હું દીવો કરુ વા કપડા ધોવા જાઉ વા હું અમુક જગ્યાએ જાઉ? બીજો માણસ તેમ કરવાની સંમતિ આપે એટલે તે જૈન બધુ દીવો કર અને કપડા ધોવા જાય વા જવાને માટે પગ ઉપાડે એનો આશય એવો થયો કે દીવો કરવાનુ, ધોવાનુ કે ચાલવાનુ જેણે કહેલ છે તેને પાપ પરંતુ દીવો કરનાર વા કપડા ધોનાર વા ચાલનાર પોતે નિષ્પાપ આ રિવાજ તો વર્તમાનમા ઘણે સ્થળે જૈન પંથોમા દેખાય છે મને ખબર છે કે ખેડામા મારા એક જૈન મિત્રને ત્યા ઘરમા ખાળો મૂકવાનો પ્રસંગ આ યો ત્યાર તેમના ધાર્મિક માતાજીએ ભારે વિરોધ કરેલો, તેઓ કહે, અહીંથી બારીમાથી પેશાબને નીચે ફકેવો એ સારુ છે પણ ખાળો મૂકવામા પાપ છે પછી તો તે વિચારક મિત્રે ગમે તેમ કરીને ખાળો મૂકી જ


મારા ગામમાં મારે ઘરે અથવા બીજે ઘરે મેં જોયું છે કે દીવો સળગાવવા સારુ બીજાના દીવાનો ઉપયોગ કરવો તથા ચૂલો સળગાવવા સારુ બીજાને ત્યાંથી દેવતા માગી લાવવો. દીવાસળી ઘરમાં ન હોય અને એમ કરવામાં આવે તો તે અનુચિત નથી પણ બાકસ ઘરમા હોય છતાં એમ ચાલતું જોયેલ છે આ રીતે ભગવાન મહાવીરે બતાવેલ સર્વવિરતિ, અંશવિરતિ અને મધ્યસ્થ માર્ગ ઘણા જ વિરૂપ બની ગયા છે, તેમ છતાં જેઓ એ માર્ગોને શુદ્ધ રીતે ચોક્કસ લક્ષ્યથી વિવેકપૂર્વક આરાધે છે તેઓ જરૂર જૈન જીવનને શોભાવે છે અને જીવનમાં વિકાસ મેળવવા સાથે ભારે શાતિને અનુભવે છે.

ઉપર ભગવાન મહાવીરનું જીવનચરિત્ર અને તેમના સંબંધમાં બીજું જે કાંઈ આળેખ્યુ છે તે પૂર્ણ તો નથી જ, બલ્કે ઘણું અપૂર્ણ છે–દરેક રીતે અપૂર્ણ છે, હજી આ વિશે ઘણું ઘણું લખવાનો અવકાશ છે. સૂત્રગ્રથોને વાંચતાં મારી અલ્પ સમજના આભલામાં જે રીતે ભગવાન મહાવીરનું પ્રતિબિબ પડ્યું છે તે રીતે અહીં તેમને લોકો સમક્ષ આળેખી બતાવ્યા છે. કયા વીતરાગ, સર્વોદયકર અને સ્થિતપ્રજ્ઞ ભગવાન મહાવીર અને કયા રાગદ્વેષની વૃત્તિવાળો, મારા પોતાના સંકુચિત સ્વાર્થની દૃષ્ટિવાળો તથા અલ્પબુદ્ધિવાળો આ સપાદક? છતા ભગવાન તરફની અનન્ય ભક્તિને લીધે આ પ્રયત્ન કરેલ છે—

जल्पन्ति वा निजगिरा ननु पक्षिणोऽपि ।

જેમના જીવનતત્ત્વો આગળ જણાવેલ છે એવા રત્ન શિરોમણિ, પીડિતોને અભય આપનારા ખરા ક્ષત્રિય, સર્વ ભૂતોને ખરા અર્થમા પોતાના આત્મવત્ સમજતા ખરા બ્રાહ્મણ એવા શ્રીમહાવીર ભગવાને જે જે ઉપદેશો આપેલા, તેનો કેટલોક અંશ વર્તમાન જૈન આગમોમા જળવાઈ રહ્યો છે, તે જૈન આગમોમાથી તેમના ઉપદેશાનુસાર સુભાષિત પદ્યોને ચૂટીને તે દ્વારા આ મહાવીર-વાણીને સાંકળેલી છે એટલે આ પુસ્તકનુ નામ ખરા અર્થમા મહાવીર-વાણી છે

સંપાદક



सूचना

ઘણે સ્થળે મૂળમાં, અનુવાદમાં અને ટિપ્પણમાં માત્રાઓ, અનુસ્વાર તથા રેફ અસ્પષ્ટ છપાયેલાં છે તે બધાં સુધારીને વાંચવાની ભલામણ છે.

ટિપ્પણમા જે ઉત્તરાધ્યયન સૂત્રનો ઉપયોગ કરેલ છે તે મોટી ટીકાવાળું આગમોદય સમિતિએ છપાવેલ સમજવાનું છે.

અમરેલી નિવાસી મહેતા તારાચંદ વચ્છરાજના
પુત્ર ભાઈ મનસુખલાલનાં સદ્ગત પૂજ્ય
માતુશ્રી જડાવ બાઈની પવિત્ર સ્મૃતિ માટે

શુદ્ધિપત્રક

૧ આ આખા ય પુસ્તકમાં આદિથી અંત સુધીમાં 'નિરુપણ' 'સ્વરુપ' 'તદ્રુપ' 'રુપ' વગેરે શબ્દોમાં હ્રસ્વ 'રુ'ને બદલે દીર્ઘ 'રૂ' સમજવાનો છે

૨ આ આખા ય પુસ્તકમાં તમામ સ્થળોમાં જ્યાં પદવિભાગ બરાબર ન છપાયો હોય ત્યાં તેને સુધારીને વાંચવાનો તથા સમજવાનો છે જેમકે હિંસા મય ને બદલે હિંસામય વગેરે વગેરે

શ્રમણ ભગવાન મહાવીર

અશુદ્ધ	શુદ્ધ
પૃ૦ ૭૫ આત્થાર્થીએ	આત્માર્થીએ
પૃ૦ ૭૮ જીવન વશે	જીવન વિશે

મહાવીર વાણી

૧લુ મંગલ સુત્ત

અશુદ્ધ	શુદ્ધ
પૃ૦ ૩ અરૂહંત	અરુહંત
અરહંત	અરહંત
ગા૦ ૩—અ૦ ૧૧	અ ૧૯
ગા૦ ૫૭—विभूस	विभूय
ગા૦ ૭૦—૧૯૦	૧૯
ગા૦ ૭૮—साहाप्पयाहा	साहप्पसाहा

૧૬મુ ભાવસૂત્ર

પૃ૦ ૧૨૯ મે પાને આઠ નંબરનું જે ટિપ્પણ છપાયેલ છે તે ૧૨૮મે પાને ૧૯૪મી ગાથાના जावत શબ્દ ઉપર સમજવાનું છે અને ટિપ્પણનો આઠ નંબર जावत શબ્દ ઉપર સમજવાનો છે

ભલભલા વિશાલાક્ષ અને કુશળ પ્રૂફ જોનારાઓને પણ મુદ્રારાક્ષસના પંજામાંથી છૂટી શકવું ભારે કઠણ પડે છે તો પછી મારા જેવો નબળી આંખવાળો માણસ એ ભયંકર પંજામાંથી કેમ કરીને છૂટી શકે ? એટલે આ પુસ્તકના વાચનારા તથા અભ્યાસી ભાઈઓને સવિનય વિનંતિ કરવાની કે આ આખા ય પુસ્તકમાં પહેલેથી તે ઠેઠ છેલ્લે સુધી અમારી શબ્દસંબંધી અને અર્થસંબંધી જે કોઈ નાનીમોટી ભૂલો થઈ ગઈ હોય કે છાપભૂલથી રહી ગઈ હોય તે બધી સુધારીને વાંચવા મહેરબાની કરે અને એ અંગે અમોને સૂચના કરવા પણ કૃપા કરે.

मिच्छा मि दुक्कडं

તા. ૨૭-૫-૧૯૬૫ — બેચરદાસ દોશી

ગુરુવાર

ભલભલા વિશાલાક્ષ અને કુશળ પ્રૂફ જોનારાઓને પણ મુદ્રારાક્ષસના પંજામાંથી છૂટી શકવું ભારે કઠણ પડે છે તો પછી મારા જેવો નબળી આંખવાળો માણસ એ ભયંકર પંજામાંથી કેમ કરીને છૂટી શકે? એટલે આ પુસ્તકના વાંચનારા તથા અભ્યાસી ભાઈઓને સવિનય વિનંતિ કરવાની કે આ આખા ય પુસ્તકમાં પહેલેથી તે ઠેઠ છેલ્લે સુધી અમારી શબ્દસંબંધી અને અર્થસંબંધી જે કોઈ નાનીમોટી ભૂલો થઈ ગઈ હોય કે છાપભૂલથી રહી ગઈ હોય તે બધી સુધારીને વાંચવા મહેરબાની કરે અને એ અંગે અમોને સૂચના કરવા પણ કૃપા કરે.

मिच्छा मि दुक्कडं

બેચરદાસ દોશી

તા. ૨૭-૫-૧૯૬૫

ગુરુવાર

છે તેનું નામ અંગ બહારનુ શ્રુત. ગણધર એટલે પ્રધાન આચાર્ય અને
સ્થવિર એટલે અનુભવી મુનિરાજ. તીર્થંકરનાં વચનોને સાંભળ્યા પછી
જૈન શાસ્ત્રોની રચના થાય છે અને જૈન શાસ્ત્રો જ્યારે બન્યાં ત્યારે
કંઠાગ્ર રાખવામાં આવેલાં અને પછી એકબીજા પાસેથી સાંભળી
સાંભળીને તે બધાંને સાચવવામાં આવ્યાં છે માટે તેમનુ એક નામ
'શ્રુત' (શ્રુત-સાંભળેલુ) એવુ પ્રસિદ્ધ છે વેદોનુ નામ 'શ્રુતિ' છે, તે
પણ પ્રસ્તુત 'શ્રુત' નામને મળતું છે અને એ બન્ને નામો એક સરખા
કારણથી પ્રચારમાં આવ્યાં છે. મહાવીરવાણીનાં વચનો અંગશ્રુત-સૂત્ર-માંથી
અને અંગ બહારનાં શ્રુત-સૂત્ર-માંથી એમ બન્ને પ્રકારના શ્રુતમાંથી
લીધેલાં છે.

આ ચુંટેલા વચનોનો મોટો ભાગ પદ્યરુપ છે ગદ્યભાગ ઘણો જ
ઓછો છે: મંગલસૂત્રમાં 'નમસ્કાર'માં नमो अरिहंताण વગેરે પ્રથમ પાંચ
પદો છે તે, તથા 'મંગલ' ભાગ, 'લોકોત્તમ' ભાગ, 'શરણ' ભાગ
અને ૨૪ મા જાતિમદનિવારણ સૂત્રમાં આવેલો પ્રથમ સૂત્રવાળો
ભાગ, એટલુ આમાં ગદ્યરુપ છે. આ સિવાય બાકીનો બધો ભાગ
પદ્યરુપ છે.

આ આખા ય પુસ્તકમાં જે જાતની વિચારધારા બતાવેલી છે
તે જાતની વિચારધારા વૈદિક પરંપરાના એટલે બ્રાહ્મણધર્મના વેદ,
ઉપનિષદ, ગીતા, મનુસ્મૃતિ, મહાભારત, પુરાણ વગેરે ગ્રંથોમાં ય મળે
છે તથા બૌદ્ધ ધર્મના પાલિ ભાષામાં લખાયેલા પ્રાચીન હીનયાન
પરંપરાના મૂળ પિટક ગ્રંથોમાં તેમ જ મહાયાન બૌદ્ધ પરંપરાના
સંસ્કૃતમા લખાયેલા ગ્રંથોમાં પણ મળે છે. આ ઉપરાંત પારસી ધર્મ
પુસ્તક ખોરદેહઅવેસ્તામાં, ખ્રીસ્તી ધર્મપુસ્તક બાઈબલમાં અ
ઇસ્લામી ધર્મપુસ્તક કુરાનમાં પણ આ જાતની વિચારધારાને મળ
વિચારધારા મળે છે.

[2] અરિહંતોને—અર્હંતોને—નમસ્કાર,

સિદ્ધોને નમસ્કાર,

આચાર્યોને નમસ્કાર,

ઉપાધ્યાયોને નમસ્કાર,

આ ટિપ્પણોમાં તે તે ઉપર્યુક્ત ગ્રંથોમાંથી વચનોને ટાંકી બતાવી યથાસ્થાને અહીંના વચનો સાથે તેમની સરખામણી કરી બતાવી છે તે તરફ વિદ્યાર્થીઓ અને વાચકો જરૂર લક્ષ્ય રાખે કેટલાક ટિપ્પણો વિવેચનાત્મક પણ છે

તુલનાત્મક ટિપ્પણો ઉપરથી તમામ ધર્મોનો પાયો કેટલો બધો પરસ્પર મળતો આવે છે તેનો ખ્યાલ આવશે

નગ્ગાવેલા વચનોમાં કેટલાક તો શબ્દશ પણ સરખાં છે સરખામણી કરવા માટે બ્રાહ્મણ ધર્મનાં અને બૌદ્ધ ધર્મના મૂળ વચનોનો વિશેષ ઉપયોગ કર્યો છે

२ अरिहंत–આ શબ્દનુ સંસ્કૃત ઉચ્ચારણ अर्हत છે સ० अर्ह અને પ્રા अरिह ધાતુ ઉપરથી આ શબ્દ આવેલ છે अरिह ધાતુને વર્તમાન કૃદંતનો अत પ્રત્યય લાગવાથી अरिहत अरूहत અને अरन्त એવાં ત્રણ પદો બને છે પાલિ ભાષામાં अरहत રૂપ પ્રચલિત છે अरिहताण એ છઠ્ઠી વિભક્તિનુ બહુવચન છે એકવચનમાં अरिहतस्स અથવા अरहत्ता એવા રૂપ થાય છે नमो (नम) શબ્દ સાથે જોડાયેલ નામને ચોથી વિભક્તિમાં વાપરવાની પ્રથા વ્યાકરણે બતાવેલી છે પરંતુ પ્રાકૃતભાષાઓમાં ચોથી વિભક્તિને બદલે મોટે ભાગે છઠ્ઠી વિભક્તિ વપરાય છે અહીં આપેલાં ગદ્ય કે પદ્ય તમામ વચનોનુ સંસ્કૃત રૂપાંતર આ પુસ્તક પૂરું થયા પછી પરિશિષ્ટમાં આપેલું છે

अरहत કે अरिहंत શબ્દનો પ્રયોગ ઘણા પ્રાચીન સમયથી પ્રચલિત છે. મથુરામાંથી મળેલા ઈ. સ. પૂર્વેના શિલાલેખમાં 'नमो अरहतो वधमानस' એ વાક્યમાં अरहत શબ્દ वधमानसના વિશેષણરૂપે વપરાયેલ છે. વધમાન (વર્ધમાન) એ ભગવાન મહાવીરનું જન્મનામ છે તથા કલિંગાધિપતિ મહામેઘવાહન મહારાજા ખારવેલનો એક મોટો શિલાલેખ ઓરિસા પ્રાંતમાં આવેલી ખંડગિરિ અને ઉદયગિરિની ટેકરીઓમાંની હાથી ગુફામાં કોતરાયેલો મળે છે. તેની શરૂઆત नमो अरहतानं नमो सव सिधानं એ પદોથી થાય છે, અહીં જે नमो अरहंताणं અને नमो सिद्धाणं એમ બે પદો આપેલાં છે તેને બરાબર મળતાં જ એ શિલાલેખનાં આદિનાં બે પદો છે. શિલાલેખમાં વપરાયેલો सव શબ્દ 'સબ' અર્થને સૂચવે છે. સબ એટલે સર્વ–બધા–તમામ. અહીં પાંચમા પદમાં सव्वसाहूणं વાક્યમાં એ શબ્દ सव्व રૂપે વપરાયેલ છે. વર્તમાન * ગુજરાતીમાં અને હિન્દી વગેરે ભાષાઓમાં વપરાતો 'સવ' કે 'સબ' શબ્દ કેટલો બધો પ્રાચીન છે તેનો પણ ખ્યાલ આ શિલાલેખનું એ વચન આપે છે. અહીં એ યાદ રાખવું જરૂરી છે કે મંગલસૂત્રના પાંચ પદોમાં ફક્ત પાંચમા પદમાં सव्व શબ્દ છે છતાં તેને દરેક પદમાં સમજવાનો અર્થાત્ જેમ 'સર્વ સાધુઓને' અર્થ કરેલ છે તેમ 'સર્વ અરિહંતોને,' 'સર્વ સિદ્ધોને' એમ પણ અર્થ સમજવાનો છે.

બૌદ્ધ ગ્રંથોમાં 'नमो तस्स भगवतो अरहतो सम्मासंबुद्धस्स' આ વાક્ય મંગલરૂપે પ્રારંભમાં જ મૂકેલું હોય છે. આ વાક્યમાં अरहतो (सं०

---

* જુની ગુજરાતીમાં सव કે सव्व શબ્દનો પ્રયોગ મળે છે. ચાલુ ગુજરાતીમાં એ પ્રયોગ ઓછો થઈ ગયો છે છતાં તે મળે છે તો ખરો. જ્યારે નોતરીયો જમણના નોતરાં આપવા આવે છે ત્યારે તે 'આ નોતરું સવે જણનું છે' એમ પણ કહે છે. આ વાક્યમાં વપરાયેલું 'સવે'—સવનું બહુવચન सवे રૂપ ગુજરાતીમાં 'સવ' શબ્દના પ્રયોગનું સૂચક છે. सवे પ્રા० सव्वे સં सर्वे એટલે બધા

अर्हत) એ ૫ ૧ વિભક્તિનું એક વચન છે

વિષ્ણુસહસ્રનામનામના સ્તોત્રમાં अर्हं નામ શ્રીવિષ્ણુ માટે વપરાયેલ છે આ રીતે પ્રા० अरिह અને સં० अर्ह ધાતુ ઉપરથી નિષ્પન્ન થયેલો अरिहंत अरहंत અને अर्ह શબ્દ જૈન પરંપરામાં બૌદ્ધ પરંપરામાં અને બ્રાહ્મણ પરંપરામાં તે તે પરંપરાના પૂજ્ય પુરુષોને માટે વપરાયેલ છે

अरिहंतનો અર્થ—અરિહંત, અરહંત કે અર્હ શબ્દનો સીધો અર્થ 'પૂજા કરનાર' થાય છે અર્થાત્ જે પૂજા કરતો હોય તે અરિહંત અરહંત કે અર્હં કહેવાય છે અહીં શંકા થવાનો સંભવ છે કે ભગવાન મહાવીર, ભગવાન બુદ્ધ કે ભગવાન વિષ્ણુ વળી શું બીજા કોઈની પૂજા કરનારા છે? એનું સમાધાન આ છે પૂજાના બે પ્રકાર છે—અંતરંગ પૂજા—માનસપૂજા અને બીજી બાહ્ય પૂજા તમામ આત્માઓ—જીવો નાશીઓ પછી ભલે તે નાનામાં નાના કીડા હોય અને મોટામાં મોટા હાથી કે ચક્રવર્તી હોય તેમની તમામની તરફ સમભાવે વર્તવું—કોઈનો લેશ પણ અનાદર તિરસ્કાર કે અપમાન ન થાય તેમ વર્તવું—કોઈ વંદન કરે કે કોઈ નિંદા કરે તો પણ તે બંને જાતના પ્રાણી તરફ સર્વથી સ્વાભાવિક સમતાભાવે વર્તવું—સમ રહેવું—મન વચન અને શરીર એમ ત્રણે પ્રકારે સહજ સમતા ધારણ કરી રાખવી—એક રોમમાં પણ ક્રોધ ઈર્ષ્યા કે રાગ કે મોહ ન આવે તેવી વૃત્તિ રાખી પ્રવૃત્તિ કરવી તેનું નામ અંતરંગ પૂજા વા માનસપૂજા વા આત્મપૂજા કહેવાય અને ચંદન ચડાવવું ટીલાં ટપકાં કરવાં સ્નાન કરાવવું ફૂલ ચડાવવાં નિવેદ ધરવું ચામર કે વીંજણા કરવા તથા ધૂપ વગેરે કરવો તે બધી બાહ્યપૂજા કહેવાય જે પુરુષ આવી બાહ્ય પૂજામાં નથી પડતો પરંતુ ઉપર કહી તેવી જાતની અંતરંગપૂજા મનસા વચસા અને શરીરેણ એમ ત્રણે પ્રકારે નિરંતર કરતો રહે છે તે પુરુષ અરિહંત અરહંત કે અર્હં કહેવાય અર્થાત અરિહંત અરહંત કે અર્હનો આ વ્યુત્પત્ત્યર્થ છે અને તે જ અહીં બરાબર સીધી રીતે ઘટમાન છે

૭લોકમા સર્વ સાધુઓને નમસ્કાર

આ પાચ નમસ્કાર સર્વ પાપોનો નાશ કરનાર છે, તથા સર્વ મગલોમા પ્રથમ મગલરૂપ છે

૭ લોકમા સર્વ—આ પાંચે પદના નમસ્કારપાઠનો ઘણો વિશાળ આશય છે જૈન સસ્કૃતિ અને બૌદ્ધ સસ્કૃતિ ગુણોની પ્રધાનતાનો જ સવિશેષ આદર કરે છે અને બ્રાહ્મણ સસ્કૃતિ પણ न लिङ्गं धर्म-कारणम् (મનુસ્મૃતિ અધ્યાય ૬ શ્લો૦ ૬૬) કહીને ગુણોની જ મુખ્યતાને સ્વીકારે છે એટલે કોઈ વ્યક્તિ પરત્વે તેના આદરસત્કાર સારૂ કેવળ ચન્દનાદિની પ્રતિષ્ઠા હોય માત્ર વેશ હોય બીજો કર્મકાંડનો કે ભાષાનો આડબર હોય, કુલ વશ કે જાતિની મહત્તા હોય રગરૂપ કે વર્ણનુ પ્રાધાન્ય હોય વા ખાસ દેશની ખ્યાતિ હોય વા શારીરિક લાવણ્ય કે સૌદર્યનુ આકર્ષણ હોય તે બધુ પછી અને ગુણોને પહેલાં જોવા એવુ ત્રણે સસ્કૃતિનુ મૂળ બધારણ છે તથા અહિંસાપ્રધાન સસ્કૃતિમાં એમ હોય એ જ ઉચિત છે એટલે આ નમસ્કારપાઠમાં એમ કહેવાનો આશય છે કે સમગ્ર લોકમાં જે જે અરહતો છે સમગ્ર લોકમાં જે જે સિદ્ધો છે સમગ્ર લોકમાં જે જે આચાર્યો છે સમગ્ર લોકમા જે જે ઉપાધ્યાયો છે અને સમગ્ર લોકમાં જે જે સાધુ સતો છે તે તમામને નમસ્કાર આવો આ નમસ્કારપાઠનો ઉદાર ગભીર આશય છે કોઈ ખાસ સપ્રદાય કે વેશ વગેરેની અપેક્ષા હોત તો તેવા શબ્દો નમસ્કારપાઠના પ્રણેતાએ આ પાઠમાં જરૂર મૂક્યા હોત પરતુ તેમ નથી દેખાતુ માટે જ આ પાઠનો ઉદાર આશય સમજવો જોઈએ

मगल

अरिहता	मगल।
सिद्धा	मगल।
साहू	मगल।
केवलिपन्नत्तो धम्मो	मगल।

(आवश्यक सूत्र)

*લોકમા સર્વ સાધુઓને નમસ્કાર

આ પાચ નમસ્કાર સર્વ પાપોનો નાશ કરનાર છે, તથા સર્વ મગલોમા પ્રથમ મગલરૂપ છે

---

* લોકમા સર્વે—આ પાંચે પદના નમસ્કારપાઠનો ઘણો વિશાળ આશય છે જૈન સસ્કૃતિ અને બૌદ્ધ સસ્કૃતિ ગુણોની પ્રધાનતાનો જ સવિશેષ આદર કરે છે અને બ્રાહ્મણ સસ્કૃતિ પણ "न लिङ्गं धर्मकारणम्" (મનુસ્મૃતિ અધ્યાય ૬ શ્લો૦ ૬૬) કહીને ગુણોની જ મુખ્યતાને સ્વીકારે છે એટલે કોઈ વ્યક્તિ પર કે તેના આદરસત્કાર સારુ કેવળ સપ્રદાયની પ્રતિષ્ઠા હોય, માત્ર વેશ હોય બીજો કર્મકાંડનો કે ક્રિયાનો આડબર હોય, કુલ, વશ કે જાતિની મહત્તા હોય રગરૂપ કે વર્ણનુ પ્રાધાન્ય હોય વા ખાસ દેશની ખ્યાતિ હોય વા શારીરિક લાવણ્ય કે સૌંદર્યનુ આકર્ષણ હોય તે બધુ પછી અને ગુણોને પહેલાં જોવા એવુ ત્રણે સસ્કૃતિનુ મૂળ બધારણ છે તથા અતિશ્રમપ્રધાન સસ્કૃતિમાં એમ હોય ત જ ઉચિત છે એટલે આ નમસ્કારપાઠમાં એમ કહેવાનો આશય છે કે સમગ્ર લોકમાં જે જે અરહતો છે, સમગ્ર લોકમાં જે જે સિદ્ધો છે, સમગ્ર લોકમાં જે જે આચાર્યો છે, સમગ્ર લોકમાં જે જે ઉપાધ્યાયો છે અને સમગ્ર લોકમાં જે જે સાધુ સતો છે તે તમામને નમસ્કાર આવો આ નમસ્કારપાઠનો ઉદાર ગભીર આશય છે કોઈ ખાસ સપ્રદાય કે વેશ વગેરેની અપેક્ષા હોત તો તેવા શબ્દો નમસ્કારપાઠના પ્રણેતાઓ આ પાઠમાં જરૂર મૂકયા હોત પરતુ તેમ નથી દેખાતું માટે જ આ પાઠનો ઉદાર આશય સમજવો જોઈએ

मगल

अरिहंता मगलं

सिद्धा

साहू

केवलिपन्नत्तो धम्मो

लोगुत्तमा

अरिहंता लोगुत्तमा ।
सिद्धा लोगुत्तमा ।
साहू लोगुत्तमा ।
केवलिपन्नत्तो धम्मो लोगुत्तमो ।

(આવશ્યક સૂત્ર)

લોકોત્તમ

અર્હંતો લોકોત્તમ છે
સિદ્ધો લોકોત્તમ છે
સાધુઓ લોકોત્તમ છે
[5] કેવલીએ નિરૂપેલો ધર્મ લોકોત્તમ છે

ક્ષમા રાખવી સારી વાણી બોલવી નમ્રપણે કથન કરવું અને વખતસર ધર્માચરણ કરવું એ મંગલ ઉત્તમ છે

૫. કેવલીએ–કેવલી એટલે કેવલજ્ઞાની–કેવલજ્ઞાનવાળો પૂરેપૂરી રીતે આત્માને જેણે જાણી લીધો છે એવો પુરુષ જૈન પરિભાષામાં કેવલી કહેવાય છે રાગ દ્વેષ ક્રોધ માન માયા લોભ ભય વગેરે અઢાર દૂષણો એનામાં હોતા નથી અને પૂર્ણ વીતરાગની ભૂમિકાએ એવો પુરુષ પહોંચી ગયો હોય છે 'જેણે આત્માને જાણ્યો તેણે બધું જ જાણ્યું' એવું જૈન આગમનું વચન છે એ દૃષ્ટિએ કેવલીએ 'સર્વજ્ઞ' કહી શકાય જૈન દૃષ્ટિએ વીતરાગની ભૂમિકા માનવના–આત્માની–પૂર્ણ વિકાસની ભૂમિકા છે

૨

ધર્મ-સૂત્ર[1]

૧ ધર્મ ઉત્કૃષ્ટ મંગલ છે [2]અહિંસા, [3]સંયમ અને [4]તપ-એ ધર્મ છે જેમનું મન સદા ધર્મમાં છે, તેમને દેવો[5] પણ નમન કરે છે

---

૧ માનવના સર્વ સામાન્ય ધર્મની વાતને આ સૂત્રમાં સમજાવવામાં આવેલ છે

૨ અહિંસા-સર્વ આત્માઓ સાથે પોતાનો વાસ્તવિક એકે ભાવ અનુભવવાની વૃત્તિ અથવા મને જેવાં સુખદુઃખ થાય છે એવાં જ તે તમામ જીવોને થાય છે એમ સમજી કોઈપણ પ્રાણીને ન દુભાવવાની વૃત્તિ અથવા આત્મામાં રહેલા રાગ દ્વેષ કામ ક્રોધ લોભ મદ મોહ વગેરે દુર્ભાવોને નિગ્રહમાં લાવવાની વૃત્તિ એ અહિંસાનું લક્ષણ છે જેને જેટલે અંશે ઉપર જણાવેલી કોઈ ગમે તે એક વૃત્તિ કેળવાય-થોડી પણ કેળવાય તેટલે તેને અંશે આત્મામાં અહિંસાનો ગુણ પ્રગટ થાય બીજી રીતે વિચારીએ તો અહિંસા અને સંયમ એ બન્ને એક જ અર્થના વાચક જેવા શબ્દો છે અહિંસાવૃત્તિ અને સંયમ વૃત્તિ એ બન્ને વૃત્તિનો પરસ્પર સહચરભાવ છે-અવિનાભાવ છે અને એમ છે માટે જ સર્વભૂતસંયમને-સર્વ ભૂતો તરફના સંયમયુક્ત વર્તનને જૈનશાસ્ત્રમાં અહિંસા કહેવામાં આવેલ છે

૩ સંયમ એટલે બાહ્ય પ્રવૃત્તિઓની મર્યાદા અને આંતર વૃત્તિઓનું શોધન એ બન્નેનું સાહચર્ય અકુશલ વા પાપયુક્ત મનનો નિરોધ કરી તેને કુશલ તરફ વા પવિત્ર પ્રવૃત્તિ તરફ વાળવું તેનું નામ મનસંયમ એ જ રીતે અકુશલ વચનનો નિરોધ કરી કુશલ વચન બોલવા તરફના વલણનું નામ વચનસંયમ અને અકુશલ પ્રવૃત્તિઓને રોકી કુશલ પ્રવૃત્તિઓ તરફ શરીરનું વલણ તે શરીરસંયમ તથા જેટલી

(२) अहिंस सच्च च अतेणग च,
तत्तो य बम्भ अपरिग्गह च ।
पडिवज्जिया पच महव्वयाणि,
चरिज्ज धम्म जिणदेसिय, विदू ॥२॥
(उत्तरा० अ० २१ गा० १२)

૨ પંડિત મનુષ્યે અહિંસા, સત્ય, અચૌર્ય, બ્રહ્મચર્ય અને અપરિગ્રહ એ [६]પાંચ મહાવ્રતોને સ્વીકારીને, શ્રીજિન[७] ભગવાને જે ધર્મ ઉપદેશ્યો છે તે ધર્મનું આચરણ કરવું

જૈન ધર્મની દૃષ્ટિ ચિત્તશુદ્ધિપ્રધાન છે અને ચિત્તશુદ્ધિનાં મુખ્ય વાધન અહિંસા સંયમ અને તપ છે એમને તે દૃષ્ટિએ દેવો કરતાં યથાર્થ મનુષ્યો જ વિશેષ પ્રતિષ્ઠિત છે, જ્યારે દેવો મોટે ભાગે નર્યા ભોગપરાયણ હોઈ યથાર્થ મનુષ્યની સરખામણીમાં તેમનું મૂલ્ય નહિવત છે એ ધ્યાનમાં રાખવાનું છે

૬ પાંચ મહાવ્રતોને-સરખાવો पञ्चतानि पवित्राणि सर्वेषां धर्मचारिणाम् । अहिंसा सत्यमस्तेयं त्यागो मैथुनवर्जनम्" આ સુપ્રસિદ્ધ શ્લોક અર્થાત્ તમામ ધર્મને અનુસરનારાઓએ આ પાંચ આચારોને પવિત્ર માનેલા છે અહિંસા સત્ય અચૌર્ય ત્યાગ અને બ્રહ્મચર્ય એ પાંચ મહાવ્રતોના ઉલ્લેખવાળું વાણીનું આ પદ્ય ઉત્તરાધ્યયન સૂત્રમાં સમુદ્રપાલિત નામનો મુનિ બોલે છે તેની કથાનો સાર આ છે

ચંપા નગરીમાં-વર્તમાન ભાગલપુર પાસેના ચંપા નગરમાં-પાલિત નામનો એક મોટો સાર્થવાહ-વહેવારી-રહેતો હતો તે ભગવાન મહાવીરનો ઉપાસક-શ્રાવક-હતો એક વખત વહાણમાં વિવિધ કરીયાણું ભરી તે [illegible] પિહુંડ નામને ગામે પહોંચ્યો તે ગામના [illegible] પોતાની પુત્રી પરણાવી. પાલિત પોતાની

૨

ધર્મ-સૂત્ર[1]

૧ ધર્મ ઉત્કૃષ્ટ મંગલ છે [2]અહિંસા, [3]સંયમ અને [4]તપ—એ ધર્મ છે જેમનું મન સદા ધર્મમાં છે, તેમને દેવો[5] પણ નમન કરે છે

---

૧ માનવના સર્વ સામાન્ય ધર્મની વાતને આ સૂત્રમાં સમજાવવામાં આવેલ છે

૨ અહિંસા—સર્વ આત્માઓ સાથે પોતાનો વાસ્તવિક અભેદભાવ અનુભવવાની વૃત્તિ અથવા મને જેવાં સુખદુઃખ થાય છે એવાં જ તે તમામ જીવોને થાય છે એમ સમજી કોઈપણ પ્રાણીને ન દુભાવવાની વૃત્તિ અથવા આત્મામાં રહેલા રાગ દ્વેષ કામ ક્રોધ લોભ અને મોહ વગેરે દુર્ભાવોને નિયંત્રણમાં લાવવાની વૃત્તિ એ અહિંસાનું લક્ષણ છે જેટલે જેટલે અંશે ઉપર જણાવેલી કોઈ પણ તે એવી વૃત્તિ કેળવાય—થોડી પણ કેળવાય તેટલે તેટલે અંશે આત્મામાં અહિંસાનો ગુણ પ્રગટ થાય બીજી રીતે વિચારીએ તો અહિંસા અને સંયમ એ બંને એક જ અર્થના વાહક જેવા શબ્દો છે અહિંસાવૃત્તિ અને સંયમવૃત્તિ એ બંને વૃત્તિનો પરસ્પર સહચરભાવ છે—અવિનાભાવ છે અને એમ છે માટે જ સર્વભૂતસંયમને—સર્વ ભૂતો તરફના સંયમયુક્ત વર્તનને જૈનશાસ્ત્રમાં 'અહિંસા' કહેવામાં આવેલ છે

૩ સંયમ એટલે બાહ્ય પ્રવૃત્તિઓની મર્યાદા અને આંતર વૃત્તિઓનું શોધન એ બન્નેનું સાહચર્ય અકુશલ વા પાપયુક્ત મનનો નિરોધ કરી તેને કુશલ તરફ વા પવિત્ર પ્રવૃત્તિ તરફ વાળવું તેનું નામ મનસંયમ એ જ રીતે અકુશલ વચનનો નિરોધ કરી કુશલ વચન બોલવા તરફના વલણનું નામ વચનસંયમ અને અકુશલ પ્રવૃત્તિઓને રોકી કુશલ પ્રવૃત્તિઓ તરફ શરીરનું વલણ તે શરીરસંયમ તથા જેટલાં

सरणं

अरिहंते सरणं पवज्जामि ।
सिद्धे सरणं पवज्जामि ।
साहू सरणं पवज्जामि ।
केवलिपन्नत्तं धम्मं सरणं पवज्जामि ।

(आवश्यक सूत्र)

શરણ

[૬]અર્હંતોનું શરણ સ્વીકારું છું.
સિદ્ધોનું શરણ સ્વીકારું છું.
સાધુઓનું શરણ સ્વીકારું છું.
કેવલીએ નિરૂપેલા ધર્મનું શરણ સ્વીકારું છું.



: २ :

धम्म-सुत्तं

(१) धम्मो मंगलमुक्किट्ठं अहिंसा संजमो तवो ।
देवा वि तं नमंसन्ति जस्स धम्मे सया मणो ॥१॥

(दश० अ० १ गा० १)

---

૬ અર્હંતોનું શરણ—અહીં જેમ ચાર શરણ સ્વીકારેલાં છે તેમ બૌદ્ધ પરંપરામાં ય ત્રણ શરણોને સ્વીકારેલાં છે; १ बुद्ध सरण गच्छामि २ धम्म सरण गच्छामि ३ सघ सरण गच्छामि અર્થાત્ બૌદ્ધ ધર્મની દૃષ્ટિએ ૧ બુદ્ધ ૨ ધર્મ અને ૩ સંઘ શરણરૂપ છે. 'मामेकं शरणं व्रज'—(ગીતા અ૦ ૧૮ શ્લો૦ ૬૬) 'तमेव शरण गच्छ'—(ગીતા અ૦ ૧૮ શ્લો૦ ૬૨) 'મને એકલાને જ શરણે જા' 'તું તેને જ શરણે જા' એવું એવું કહીને ગીતા ઈશ્વરનું એક શરણ સ્વીકારવાની ભલામણ કરે છે.

૨

ધર્મ-સૂત્ર[1]

૧ ધર્મ ઉત્કૃષ્ટ મંગલ છે [2]અહિંસા, [3]સંયમ અને [4]તપ—એ ધર્મ છે જેમનું મન સદા ધર્મમાં છે, તેમને દેવો[5] પણ નમન કરે છે

---

૧ માનવના સર્વ સામાન્ય ધર્મની વાતને આ સૂત્રમાં સમજાવવામાં આવેલ છે

૨ અહિંસા—સર્વ આત્માઓ સાથે પોતાનો વાસ્તવિક એકભાવ અનુભવવાની વૃત્તિ અથવા મને જેવાં સુખદુઃખ થાય છે એવાં જ તે તમામ જીવોને થાય છે એમ સમજી કોઈપણ પ્રાણીને ન દુભાવવાની વૃત્તિ અથવા આત્મામાં રહેલા રાગ દ્વેષ કામ ક્રોધ લોભ મદ મોહ વગેરે દુર્ભાવોને નિગ્રહમાં લાવવાની વૃત્તિ એ અહિંસાનું લક્ષણ છે જેમ જેમ અને જેટલે જેટલે અંશે ઉપર જણાવેલી કોઈ પણ તે એમ વૃત્તિ કેળવાય—થોડી પણ કેળવાય તેટલે તેટલે અંશે આત્મામાં અહિંસાનો ગુણ પ્રગટ થાય બીજી રીતે વિચારીએ તો અહિંસા અને સંયમ એ બંને એક જ અર્થના વાહક જેવા શબ્દો છે અહિંસાવૃત્તિ અને સંયમવૃત્તિ એ બન્ને વૃત્તિનો પરસ્પર સહચરભાવ છે—અવિનાભાવ છે અને એમ છે માટે જ સર્વભૂતસંયમને—સર્વ ભૂતો તરફના સંયમયુક્ત વર્તનને જૈનશાસ્ત્રમાં 'અહિંસા' કહેવામાં આવેલ છે

૩ સંયમ એટલે બાહ્ય પ્રવૃત્તિઓની મર્યાદા અને આંતર વૃત્તિઓનું શોધન એ બન્નેનું સાહચર્ય અકુશલ વા પાપયુક્ત મનનો નિરોધ કરી તેને કુશલ તરફ વા પવિત્ર પ્રવૃત્તિ તરફ વાળવું તેનું નામ મનસંયમ. એ જ રીતે અકુશલ વચનનો નિરોધ કરી કુશલ વચન બોલવા તરફના વલણનું નામ વચનસંયમ અને અકુશલ પ્રવૃત્તિઓને રોકી કુશલ પ્રવૃત્તિઓ તરફ શરીરનું વલણ તે શરીરસંયમ તથા જેટલાં

જરૂરી હોય તેટલાં સાધનોનો-ઉપકરણોનો, રાચરચીલું તથા છવિકાનાં નિમિત્તોનો, કપડાં, આસનો, રમતગમતનાં સાધનો, રહેવાનાં સાધનો વગેરેનો ઉપયોગ તેનું નામ ઉપકરણસંયમ ટુંકાણમાં જે જે પ્રવૃત્તિઓ કરવાની આવશ્યક હોય તેમને વિવેક સાથે અને યતના સાથે કરવી તેનુ નામ સંયમ : આ સંયમ સર્વોદયકર છે.

૪ **તપ**–ચિત્તશુદ્ધિના હેતુ માટે વિવેકપૂર્વક મનનુ દમન કરતાં, વચનનું દમન કરતાં અને શરીરનુ દમન કરતાં જે કાંઈ દુ.ખ પીડા વા સંકટ સહવું પડે તેનુ નામ તપ તપ સંયમપ્રાપ્તિનું સાધન છે તે બે પ્રકારનુ છે: બાહ્ય તપ અને આંતર તપ બાહ્ય તપ ૭ પ્રકારનું છે: ૧ અનશન, ૨ ઊનોદરી, ૩ વૃત્તિસંક્ષેપ, ૪ રસત્યાગ, ૫ કાયક્લેશ અને ૬ સંલીનતા **અનશન** એટલે સમયની મર્યાદા કરીને ખાનપાનનો સર્વથા ત્યાગ વા આંશિક ત્યાગ જેમ કે; ઉપવાસ, એકાસણુ વગેરે. વૈદિક દૃષ્ટિએ ચાંદ્રાયણ, નિર્જલા એકાદશી વગેરે **'ઊનોદરી** એટલે જમતા જમતાં કે પીતાં પીતાં પેટને ઊણુ રાખવું, આ ભોજનપાનની ઊનોદરી બીજી ઉપકરણની ઊનોદરી. ઉપર જણાવેલ ઉપકરણસંયમ અને ઉપકરણોની ઊનોદરી એ બન્ને સરખાં છે. **વૃત્તિસક્ષેપ** એટલે આપણી વિવિધ વૃત્તિઓનો-ટેવોનો-વ્યસનોનો અને વધારે પડતી બીજી પ્રવૃત્તિઓનો સંક્ષેપ કરવો એટલે તેમને જરૂર કરતા વધારે ન વધવા દેવી **રસત્યાગ** એટલે સ્વાદેન્દ્રિય કે જે તમામ દુ:ખનું મળ છે તેનો અને સ્પર્શ, ગધ, શબ્દ તથા રૂપની ઇંદ્રિયોનો નિગ્રહ કેળવવા વિવિધ રસોને તેમજ વિવિધ સ્પર્શોને, વિવિધ ગંધોને, વિવિધ શબ્દોને અને વિવિધ રૂપોને મેળવવાની વધારે પડતી પ્રવૃત્તિનો ત્યાગ કરવો. **કાયક્લેશ** એટલે સંયમપ્રાપ્તિ માટે શરીરને ખડતલ બનાવવા અને સયમ કેળવતાં જે જે કષ્ટો આવે વા પોતાનો શુદ્ધ સંકલ્પ સિદ્ધ કરવા જતાં જે જે શારીરિક કષ્ટો આવે તેમને પ્રસન્નભાવે સહવા માટે શરીરને તૈયાર કરવા, જે જે પ્રકારનો શરીરને દુ:ખકર

પણ વ્યાયામ કરવો પડે વા જે જે વિવિધ આસનો વગેરે કરવાં પડે વા ટાઢ તાપ શરદી વગેરે જે જે પ્રાકૃતિક પીડા સહવી પડે તે અર્થે શરીરની તાલિમ લેવી સંલીનતા એટલે કોઈપણ પ્રયોજન વિના શરીરને વા શરીરના કોઈપણ એક વા બધા અવયવોને ચંચળ ન થવા દેવા અર્થાત શરીરને બરાબર સ્થિર રાખવાની ટેવ પાડવી ઇંદ્રિયોને હાથ પગ વગેરે ભાગોને અને મનને પણ સ્થિર રાખવાની ટેવ પાડવી આ છ પ્રકાર બહારના તપના છે આંતર તપના છ પ્રકાર આ પ્રમાણે છે ૧ પ્રાયશ્ચિત ૨ વિનય ૩ વૈયાવૃત્ય ૪ સ્વાધ્યાય ૫ ધ્યાન અને ૬ કાયોત્સર્ગ પ્રાયશ્ચિત્ત એટલે વિવિધ પ્રવૃત્તિઓ કરતાં નાના મોટા શારીરિક વાચિક કે માનસિક જે કોઈ દૂષણો લાગે તેમનું નિરંતર શોધન કર્યા જ કરવું વિનય એટલે વિદ્યાગુરુ ધર્મગુરુ લોકમાન્ય પુરુષો વડીલજનો માતાપિતા, સાધુસંતો વગેરે તરફ ભક્તિ બહુમાનથી વર્તવું વૈયાવૃત્ય એટલે અશક્તો માંદાઓ બાળકો વૃદ્ધજનો દુખી વા રોગી સ્ત્રીઓ વગેરેની ફરી ફરીને વાર વાર સેવા કરવી તથા કુટુંબજનો સમાજ કે દેશની સેવા કરવી સેવા કરવા જતાં કોઈ નાત જાત કુલ વંશ ધર્મ સંપ્રદાય રંગ કે દેશ વગેરેનો ભેદ ન રખાય તો તે ઉત્તમ સેવા કહેવાય સ્વાધ્યાય એટલે પોતાની સદ્વૃત્તિને જાગૃત રાખવા સારુ શાસ્ત્રનાં વચનોનો સાધુસંતોની વાણીનો ભજનોનો સ્તવનોનો સજ્ઝાયોનો તેમનાં અર્થની વિચારણા સાથે વાર વાર પાઠ કરવો–તે તે વચનોને સ્થિર ભાવે વાર વાર વાગ્યા કરવા ધ્યાન એકાન્ત સ્થાનમાં જ્યાં કોઈ બીજો વિક્ષેપ ન આવે એવું હોય તેવા સ્થાનમાં બેસીને પોતાના ગુણદોષોનું નિરીક્ષણ કરવું અથવા પોતાનાં દૂષણો દૂર થાય અને ગુણો પ્રગટે એ માટે કોઈ આદર્શ આલંબનનું ચિંતન કર્યા કરવું કાયોત્સર્ગ એટલે ગમે તે કાળે અને ગમે તે સ્થળે શુદ્ધ હેતુ માટે ચાલી નીકળવું પડે તેની નિર્ભયતા કેળવવા એકલા રહેવાની ટેવ પાડવી–જંગલમાં કે એવી કોઈ ભયવાળી જગ્યાએ જતાં કે રહેતાં

વસમું ન લાગે અને પ્રસન્ન ભાવે રહી શકાય તે માટે અભ્યાસ કરવો અને ઉપયોગ પૂરો થઈ જતાં શરીર વગેરે આલંબનોને છોડી દેવાં પડે તો તે માટે પણ તૈયારી કરવાનો અભ્યાસ કરવો અર્થાત્ સાધકે સાધના માટેના આલંબનો તરફ ઉપયોગ પૂરતું જ લક્ષ્ય રાખવું

કેવળ બાહ્ય તપ ચિત્તશુદ્ધિ માટે લગભગ નિષ્ફળ જેવું છે. બાહ્ય તપ અને આંતર તપ બન્ને સાથે સાથે ચાલતાં રહે તો જ તે ચિત્તશુદ્ધિનુ નિમિત્ત બને છે, નહીં તો નહીં; એ વાત જરૂર યાદ રાખવાની છે

૫. દેવો પણ–જ્યારે વૈદિક કર્મકાંડોમાં યજ્ઞયાગ વગેરેની પ્રધાનતા હતી, દેવોને પ્રસન્ન રાખવા એ કર્મકાંડો કરવામાં આવતાં અને દેવો સુદ્ધા યજ્ઞનો ભાગ લેવા આવતા એમ મનાતુ ત્યારે દેવોની ભારે પ્રતિષ્ઠા હતી એટલે આ પદ્યના કર્તા શય્યંભવસૂરિ જણાવે છે કે જેમનુ મન અહિંસા સંયમ અને તપ રુપ ધર્મ તરફ સદા વળેલું છે તેમને એ પ્રતિષ્ઠિત દેવો પણ નમસ્કાર કરે છે વૈદિક પરંપરા અને તેના ગ્રંથોમાં દેવોનુ જેટલુ મહત્ત્વ છે તેટલું મહત્ત્વ જૈન પરંપરામા કે તેના સાહિત્યમાં નથી.

આચાર્ય શય્યંભવસૂરિએ ધર્મસૂત્રના આ પદ્યને પોતે રચેલા દશવૈકાલિક સૂત્રમા પ્રથમ મૂકેલ છે તેઓ પ્રખર કર્મકાંડી બ્રાહ્મણ હતા પાછળથી તેઓએ જૈન દીક્ષા સ્વીકારેલી પછી જ્યારે મનક નામનો તેમનો પુત્ર પિતાને શોધતો શોધતો તેમની પાસે આવ્યો ત્યારે તેમણે તે નાના મનકને પણ જૈન દીક્ષા આપી જ્યારે તેમને ખબર પડી કે મનક હવે વધારે જીવે એમ નથી તેથી તેના વાચનને માટે જેમા સક્ષેપે કરીને તમામ જૈન આગમોનો સાર આવી જાય એવુ દશવૈકાલિક સૂત્ર રચી કાઢયુ પૂર્વાવસ્થાના પ્રખર કર્મકાંડી એ બ્રાહ્મણના સમયમાં તે વખતના સમાજમા દેવોની પ્રતિષ્ઠા હોય એ સ્વાભાવિક છે

(२) अहिंस सच्च च अतेणग च,
तत्तो य बम्भ अपरिग्गह च ।
पडिवज्जिया पच महव्वयाणि,
चरिज्ज धम्म जिणदेसिय, विदू ॥२॥
(उत्तरा० अ० २१ गा० १२)

૨ પડિત મનુષ્યે અહિંસા, સત્ય, અચૌર્ય, બ્રહ્મચર્ય અને અપરિગ્રહ એ [6]પાચ મહાવ્રતોને સ્વીકારીને, શ્રીજિન[7] ભગવાને જે ધર્મ ઉપદેશ્યો છે, તે ધર્મનુ આચરણ કરવુ

જૈન ધર્મની દૃષ્ટિ ચિત્તશુદ્ધિપ્રધાન છે અને ચિત્તશુદ્ધિના મુખ્ય સાધન અહિંસા સયમ અને તપ છે એટલે તે દૃષ્ટિએ દેવો કરતા યથાર્થી મનુષ્યો જ વિશેષ પ્રતિષ્ઠિત છે જ્યારે દેવો મોટે ભાગે નર્યા ભોગપરાયણ હોઈ ત્યાગાર્થી મનુષ્યની સરખામણીમા તેમનુ મૂલ્ય નહિવત છે એ ધ્યાનમા રાખવાનુ છે

૬ પાચ મહાવ્રતોને–સરખાવો 'पञ्चतानि पवित्राणि सर्वेषा धर्मचारिणाम । अहिंसा सत्यमस्तेय त्यागो मैथुनवर्जनम" આ સુપ્રસિદ્ધ શ્લોક અર્થાત્ તમામ ધર્મને અનુસરનારાઓએ આ પાંચ આચારોને પવિત્ર માનેલા છે અહિંસા સત્ય અચૌર્ય ત્યાગ અને બ્રહ્મચર્ય એ પાંચ મહાવ્રતોના ઉ નેખવાળુ વાણીનુ આ પદ્ય ઉત્તરાધ્યયન સૂત્રમાં સમુદ્રપાલિત નામનો મુનિ બોલે છે તેની કથાનો સાર આ છે

ચપા નગરીમાં–વર્તમાન ભાગલપુર પાસેના ચપા નગરમાં–પાલિત નામનો એક મોટો સાથવાહ–વહેવારી–રહેતો હતો તે ભગવાન મહાવીરનો ઉપાસક–શ્રાવક–હતો એક વખત વહાણમાં વિવિધ કરીયાણાં ભરી તે સમુદ્ર માર્ગે ચપાથી નીકળી પિહુ ડ નામને ગામે પહોંચ્યો તે ગામના કોઈ વાણિયાએ પાલિતને પોતાની પુત્રી પરણાવી. પાલિત પોતાની

પત્નીને લઈ ને ચંપા તરફ પાછો ફરતો હતો તેવામાં વચમાં જ વહાણમાં તેની પત્નીએ પુત્રને જન્મ આપ્યો તેથી તેનું નામ 'સમુદ્રપાલિત' પાડ્યું. આ નામમાં પિતાનુ નામ જોડાયેલ છે એ ઉપરથી જણાય છે કે પુત્રનાં નામો સાથે પિતાનું નામ જોડવાનો જૂનો રિવાજ હતો સમુદ્રપાલિત યોગ્ય ઉમરમાં આવતાં તેને કલાચાર્ય પાસે ગણિત લેખન નૃત્ય સંગીત શસ્ત્રવિદ્યા વગેરે બહોતેર કળાઓને શીખવા મોકલ્યો પછી તો તે બહોતેરે કળાઓને શીખી યુવાન થયો ત્યારે સંગીત, નૃત્ય, રાંધણ, કાવ્ય વગેરે ચોસઠ કળાઓને શિખેલી એવી રુપિણી નામની કન્યાને પિતાએ તેને પરણાવી, પાસે અઢળક સંપત્તિ હોવાથી તે બન્ને વરવધૂ સંસારના કામવિલાસનાં સુખોને અનુભવવા લાગ્યાં દેવભવન જેવાં રહેવાનાં ઋતુઋતુનાં જુદાં જુદાં ભવનો, આજુબાજુ દાસદાસીઓનો મોટો પરિવાર, વિપુલ ભોગ સામગ્રી તથા ખીલતુ બન્નેનું યૌવન પછી મોજમજા માણવામાં શી કમી રહે? એવામાં એકવાર સમુદ્રપાલિત પોતાની પત્ની સાથે ભવનના ગોખમાં બેઠો હતો ત્યાંથી તેણે શૂળીએ ચડાવવા લઈ જવાતો એક ચોર જોયો ચોરને જોઈ ને તરત જ તેને વિચાર આવ્યો કે જે કર્મ-કામ-ચોરે કર્યું છે તેનુ ફળ—મરણ તેને અહીંજ ભોગવવાનુ આવ્યુ અર્થાત જે જેવાં કામ કરે છે તેને તેના તેવાં ફળો અવશ્ય ભોગવવાં પડે છે. આ વિચાર સાથે તેને પોતાની અમર્યાદ વિલાસપ્રવૃત્તિ વિશે અને તેનાં દુષ્પરિણામો વિશે પણ તીવ્ર વિચાર આવ્યો, તેથી તેનું મન એ વિલાસોથી ઉદાસ થઈ ગયુ અને તે, એ બધા વિલાસો તથા અનર્ગળ સંપત્તિવૈભવ છોડી દઈ ને ભગવાન મહાવીરને શરણે આવ્યો અને તેમની પાસે શ્રમણદીક્ષા લઈ તેમના શ્રમણસંઘમાં રહી આ પાંચ મહાવ્રતોને આચરવા લાગ્યો તે મુનિ થયેલ સમુદ્રપાલિત આ બીજા પદ્યને બોલે છે

૭. *જિન*—આ શબ્દ जि जये ધાતુ ઉપરથી આવેલ છે. *જે*, રાગદ્વેષ વગેરે આંતર શત્રુઓને જિતનાર છે તે જિન કહેવાય છે. *જૈન*

(३) पाणे य नाइवाएज्जा, अदिन्नं पि य नायए ।
साइयं न मुसं बूया, एस धम्मे वुसीमओ ॥३॥

(सू० श्रु० १ अ० ८ गा० १९)

૩ નાના મોટા કોઈ પણ પ્રાણીના પ્રાણનો કે પ્રાણોનો ઘાત ન કરવો, અદત્ત ન લેવું, વિશ્વાસઘાત ન કરવો, અસત્ય ન બોલવું—આ, સાધુઓને બેસણે બેસનારા મનુષ્યનો આચાર છે—ધર્મ છે

(४) जरामरणवेगेणं, वुज्झमाणाण पाणिणं ।
धम्मो दीवो पइट्ठा य, गई सरणमुत्तमं ॥४॥

(उत्तरा० अ० २३ गा० ६८)

૪ જરા અને મરણના વેગથી ઘસડાતા પ્રાણીઓને માટે એકલો ધર્મ બેટરૂપ છે, ટકી રહેવાના સ્થાનરૂપ છે, આધાર સમાન છે, અને ઉત્તમ શરણ[૮] સમાન છે

એ'ને જિનનો અનુયાયી આ શબ્દ જૈન તીર્થંકરો માટે વપરાય છે તેમ બૌદ્ધ તીર્થંકરો માટે અને શ્રીવિષ્ણુ ભગવાન માટે પણ વપરાય છે સંસ્કૃત કોશકાર અમરસિંહ હેમચંદ્ર અને પુરુષોત્તમ પંડિત વગેરેએ જિન શબ્દના એ ત્રણે અર્થો બતાવેલા છે

૮ શરણ—આ પદમાં ધર્મને શરણ સમાન બતાવેલ છે તેનો આશય આ છે જે શ્રેયાર્થી શુદ્ધનિષ્ઠાથી ધર્મનું એટલે સદાચરણ સંયમ તપ વગેરેનું આચરણ કરે છે તેને જરા મરણ વગેરેની વેદના સતાવતી નથી શરીરધારી માત્રને જરા મરણ આવવાં એ તદ્દન સ્વાભાવિક છે શરીરનો એવો જ સ્વભાવ છે એટલે એ વેદનાઓ મોટા ભૂપ તો શું તીર્થંકરોથી પણ ટાળી ટળતી નથી.

(५–६) जहा सागडिओ जाणं, समं हिच्चा महापहं ।
विसमं मग्गमोइण्णो, अक्खे भग्गम्मि सोयई ॥५॥

एवं धम्मं विउक्कम्म, अहम्मं पडिवज्जिया ।
बाले मच्चुमुहं पत्ते, अक्खे भग्गे व सोयई ॥६॥

(उत्तरा० अ० ५ गा० १४, १५)

૫–૬. જેમ કોઈ ગાડાખેડુ કે ગાડીવાળો જાણી જોઈને સમ–સપાટ–રાજમાર્ગને છોડી દઈ વિષમ–વાંકાચૂક–માર્ગે પોતાના વાહનને ઉતારે, અને ધરી તૂટી જાય ત્યારે શોક કરવા બેસે, તેમ મનુષ્ય જાણી જોઈને ધર્મમાર્ગને છોડી દઈ, અધર્મમાર્ગને પકડે અને છેવટ મૃત્યુના મુખમાં સપડાતાં જીવનની ધરી તૂટી જાય, ત્યારે શોક કરવા બેસે છે.

(७–८) जा जा वच्चइ रयणी, न सा पडिनियत्तई ।
अहम्मं कुणमाणस्स, अफला जन्ति राइओ ॥७॥

जा जा वच्चइ रयणी, न सा पडिनियत्तई ।
धम्मं च कुणमाणस्स, सफला जन्ति राइओ ॥८॥

(उत्तरा० अ० १४ गा० २४, २५)

૭–૮. જે જે રાત વીતી જાય છે, તે પાછી આવતી નથી. જે મનુષ્ય અધર્મને આચરે છે તેની તે વીતી ગયેલી રાત નિષ્ફળ જાય છે

કેવળ ધર્મારાધન સમતાનુ કારણુ બને છે, એથી એ વેદનાઓ તદન હળવી થઈ જાય છે એ દૃષ્ટિએ દુઃખમાત્રમાં 'ધર્મ'ને શરણ સમજવાનો છે.

જે જે રાત વીતી જાય છે, તે પાછી આવતી નથી જે મનુષ્ય ધર્મને આચરે છે, તેની તે વીતી ગયેલી રાત સફળ જાય છે

(९) जरा जाव न पीडेई, वाही जाव न वड्ढई ।
जाविंदिया न हायंति, ताव धम्मं समायरे ॥९॥
(दश० अ० ८ गा० ३६)

૯ જ્યાં સુધી [૯]ઘડપણ સતાવતું નથી, જ્યાં સુધી વ્યાધિઓ વધતા નથી, અને જ્યાં સુધી આંખ વગેરે જ્ઞાનેંદ્રિયો, તથા હાથ વગેરે કર્મેંદ્રિયો નબળી પડી નથી, ત્યાં સુધી ધર્મનું આચરણ કરી લેવું જોઈએ

---

૯ ઘડપણ—સંયમ તપ સદાચરણ આદિની પ્રવૃત્તિ વગેરેની સાધના વિવેક પ્રાપ્ત થતાં યુવાવસ્થાથી જ શરુ કરી દેવી જોઈએ એમ કરવાથી એનો સારો એવો અભ્યાસ પડી જશે અને આપણાં મન વચન અને શરીરના વલણો એ તરફ વળી જશે અને યુવાવસ્થા પછીની આવેલ ઉંમર આવતાં કે ઘડપણ આવતાં યે આપણું એ ધર્મમય વલણ ટકી રહેશે એટલે યુવાવસ્થાથી માંડી છેક છેલ્લી અવસ્થા સુધી બીજી કોઈ અશાંતિનો સંભવ નહિ રહે વળી નાનપણમાં જ આપણે જે ટેવ પાડીએ જેવાં વલણો રાખીએ તે જ ટેવ અને તેવાં વલણો ઠેઠ સુધી ટકે છે માટે જ આ પદ્યમાં ઘડપણ આવતાં પહેલાં જ ધર્મપ્રવૃત્તિ કરવાની ભલામણ કરેલી છે પ્રેય તરફનાં વલણ ભારે જોરદાર હોય છે એને મર્યાદામાં રાખવા માટે બળની—શક્તિની—જરૂર છે ઘડપણમાં શરીરબળ, ઈંદ્રિયબળ હાથપગની શક્તિ અને મનોબળ ઘણાં ઓછાં થઈ જાય છે એટલે તે સ્થિતિમાં પ્રેય તરફનાં વલણ ઉલટાં વધારે જોરાવર બની માનવને સતાવે છે એથી આ પ્રેય તરફનાં વલણોને મર્યાદામાં રાખવાની ટેવ ધીરે ધીરે વિવેક સાથે યુવાવસ્થાથી જ પાડવી શરૂ કરી દેવી જોઈએ. ખરી વાત આ છે કે જીવનવ્યવહાર માટે જે

જે પ્રવૃત્તિ કરતા હોઈએ તે તમામ પ્રવૃત્તિ શ્રેય તરફના વલણ સાથે કરવી ઘટે, એ પ્રવૃત્તિઓ કરતી વખતે જ પ્રેય તરફના વલણને મર્યાદામાં રાખવાનુ પ્રબળ લક્ષ્ય રાખવુ જોઈએ તો જ વલણો બદલી શકાય. જીવનવ્યવહારની પ્રવૃત્તિની દિશા પશ્ચિમની હોય અને સંયમ તપ વગેરે અનુષ્ઠાનોની સાધનાની દિશા પૂર્વની હોય અર્થાત એ અનુષ્ઠાનો જીવનને અડતાં જ ન હોય, વિવેક વગર મનને તાણ ન પડે એ રીતે, એક વ્યસન થઈ ગયુ હોય એવી શુષ્ક રીતે કરવામા આવતા હોય વા મૂળ લક્ષ્ય ચૂકી જઈ ધનની આશા, સ્ત્રીપુત્રની આશા, રૂપલાવણ્ય સૌંદર્યની પ્રાપ્તિની આશા એવી અનેક આશાઓ સાથે એ અનુષ્ઠાનો કરવામાં આવતાં હોય તો સમજવુ કે સાધનાની દિશા લક્ષ્યથી ઊંધી છે. જ્યાં શ્રેય તરફનુ વલણ અને સાધના વચ્ચે કશો જ મેળ ન હોય તે પરિસ્થિતિ જીવનને હાનિ કરે છે એટલું જ નહીં એવી મેળ વગરની સાધનાથી ઘણીવાર વિપરીત પરિણામો ય આવે છે અને પોતાને શ્રેયાર્થી માનતા મનુષ્યનુ જીવન વણમી જાય છે એ ધ્યાનમાં રાખવાનુ છે. આ બધું સ્પષ્ટ સમજવા એક ડોશીની આ વાત ધ્યાનમાં રાખવાની છે.

એક ડોશી હતી, શરીરે ખડતલ અને ભગવાનની ભારે ભગત, રોજ ને રોજ મંદિરે જાય અને રહવું આવી જાય એ રીતે કલાકેક સુધી ભગવાનની સેવા પૂજા ભક્તિ દીવો આરતી બધું જ કરે અને છેલ્લે સંસાર-માંથી છૂટકારાની માગણી કરે સૂરજ ઊગવાનુ કદાચ ભૂલી જાય પણ ડોશી મંદિરે આવવાનુ ન ચૂકે એવો તેનો દૃઢ નિયમ પૂજારી પણ ડોશીની ભક્તિ ઉપર ફીદા થઈ ગયો એમ કરતાં એક દિવસ ડોશી મંદિરે ન આવી શકી. પૂજારીએ વિચાર્યું કે આમ કેમ થયુ–શુ ડોશી મોક્ષધામમાં પહોચી ગઈ? એ સિવાય તે આવ્યા વિના ન રહે, પૂજારી તો લોટ માગવાનું બાનુ કરીને ડોશીને ઘરે પહોંચ્યો ડોશીએ પૂજારીને ખામો મજાનો આવકાર આપ્યો અને દોચો ભરીને તાજો હાથે દળેલા ઘઉંનો લોટ આપ્યો. વાતનો તાગ લેવા પૂજારી તો બેઠો અને ડોશીમા સાથે

(१०) मरिहिसि राय ! जया तया वा
मणोरमे कामगुणे विहाय ।

વાતે વળગ્યો. વાત કરતાં ખબર પડી ગઈ કે આજે ડોશીની ભેંસને ભગેનું પાડું આવેલું તેથી ભેંસ કેમે કરીને દોહવા ન દે. એની મથામણમાં જ ડોશી મંદિર આવવું ચૂકી ગયાં. પૂજારી સમજ્યો કે ડોશીના મનમાં મોક્ષધામની કલ્પના કાંઈ જુદા પ્રકારની લાગે છે. ફરી વળી ડોશીમાએ મંદિરનાં પગથિયાં ઘસવાં શરૂ કરી દીધાં અને એ જ ભક્તિ પૂજા આરતી ધૂપ વગેરે આંખમાં આંસુ આવી જાય એવા પ્રાર્થનાના સૂરો નીકળવા લાગ્યા. પૂજારીને થયું કે લાવને ડોશીને મોક્ષધામનું સ્વરૂપ સમજાવું એટલે એક દિવસ એ દેવમૂર્તિની પાછળ લપાઈ ગયો અને જેવાં ડોશી પૂજા પ્રાર્થના કરીને ઊઠ્યાં તેવો જ જાણે કે દેવ ન બોલતા હોય એ રીતે બોલ્યો. ડોશીમા! આજ તો હું તારી ભક્તિથી ખુશમાન થઈ ગયો છું. માગ માગ તું માગે તે આપું. મારું વચન અફર છે. ડોશીને મોક્ષધામની જ જરૂર હતી એટલે તેણે તરત જ મોક્ષધામની માગણી કરી. દેવ બોલ્યા સાંભળ હમણાં જ તારું પાડું મરી ગયું ને? તે જ રીતે તારી ભેંસ મરી જશે. તારા દીકરા મરી જશે. તેમની વહુઓ ય મરી જશે. પછી છેલ્લી તું ય મરી જઈશ એટલે મોક્ષધામ તને મળી જશે. ડોશી તો ક્યારે જાણે આ બધું સાંભળીને ડઘાઈ જ ગઈ અને ગળગળી થઈને કહેવા લાગી કે હે જિન ભગવાન! હે વિષ્ણુ ભગવાન! હે ભોળાશંકર! આવું મોક્ષધામ મારે ન ખપે. મારે તો જ્યાં પાડી હોય ભેંસ હોય દીકરાઓ હોય તેમની વહુઓ ય હોય અને હું તેમના ઉપર રોફ જમાવતી મારું રાજ્ય ચલાવતી હોઉં એવું મોક્ષધામ જોઈએ. આ સાંભળીને બિચારા દેવ જ શરમાઈ ગયા અને ડોશી ત્યાંથી વળો માપી ગઈ છતાં ય તે પગથિયાં ઘસવાનું હજુ સુધી ચૂકી નથી. આનું નામ ધર્મની દિશા અને સાધનાની દિશા ઊલટી કહેવાય.

एक्को हु धम्मो नरदेव ! ताणं,
न विज्जई अन्नमिहेह किंचि ॥१०॥
(उत्तरा० अ० १४ गा० ४०)

૧૦ હે ¹⁰રાજા! તું આ પ્રત્યક્ષ મનોહર દેખાતા કામભોગોને છોડી દઈને જ્યારે ત્યારે મરવાનો છે.

હે નરદેવ! તું યાદ રાખ કે એ વખતે તારે સારુ એક માત્ર ધર્મ શરણુરૂપ છે. આ જગતમાં માત્ર ધર્મ સિવાય કોઈ ચીજ કે પ્રવૃત્તિ મરણસમયે તને ખપમાં આવવાની નથી.



---

૧૦. હે રાજા!—આ દસમુ પદ્ય એક રાજગણી બોલે છે તેનો પ્રસગ આ છે: કુરુ દેશમાં 'ઇષુકાર' નગરમાં ઇષુકાર નામે રાજા હતો. કમળાવતી તેની રાણી. ભૃગુ નામે તેનો પુરોહિત ભૃગુની પત્ની જશા વસિષ્ઠગોત્રની. પુરોહિતે અને તેની પત્નીએ ઘણી ઘણી માનતાઓ કરી, બાધા આખડીઓ રાખી, પત્થર એટલા દેવ કર્યા ત્યારે માંડ દીકરાનુ મોઢુ જોયુ. પછી તો બીજો પણ દીકરો તેમને થયો. ભૃગુએ પોતે છોકરાનુ ભવિષ્ય જોયુ તો માલૂમ પડયું કે આ તો બન્ને યુવાન થતાં જ શ્રમણોની દીક્ષા લઈ લેવાના છે જ્યારે છોકરા સમજણા થયા ત્યારથી તેમનાં માબાપ તેમની સામે શ્રમણોની નિંદા જ કરતા રહે; એઓ તો ગંદા હોય છે, કોઈ દી ન્હાય પણ નહીં, એમના શરીરમાંથી ભારે દુર્ગંધ છૂટે તથા શ્રમણો નાનાં નાનાં બાળકોને પકડી જાય છે; પછી તેમને મારી નાખી તેમનુ માંસ ખાઈ જાય છે માટે તમે બન્ને કદી પણ શ્રમણોનો પડછાયો લેશો નહીં આવી આવી વાતો સાંભળી આ બન્ને ભાઈઓ શ્રમણોને જોતાં જ ગભરાઈ જાય અને બીને ઘરમાં સંતાઈ જાય. છોકરાંઓ ઉપર પોતાની ધારી અસર પડેલી જોઈ માબાપને નિરાંત થઈ એવામાં બનવાકાળ એટલે તે બન્ને ભાઈઓ રમતાં રમતાં ગામ બહાર નીકળી આવ્યા.

ત્યાં તો રસ્તા ઉપર તેમણે સામા આવતા શ્રમણોને જોયા જોતાં જ તે બન્ને ભયભીત થઈ ગયા અને ગભરાઈને પાસેના વડના ઝાડ ઉપર ચડી ગયા દૈવયોગે એ શ્રમણો પણ એ જ વડના ઝાડની નીચે બેસીને પોતાના મહિનાના ઉપવાસનું પારણું કરવા ખાવા બેઠા વડ ઉપર બેઠેલા તે છોકરાઓએ તેમનું ખાવાનું બરાબર જોયું તો માલૂમ પડ્યું કે તેમના ખાવામાં માંસ કે એવું બીજું કશું અભક્ષ્ય ન હતું ઊલટું શ્રમણોનો સરળ સ્વભાવ મધુર ભાષણ અને સૌમ્ય આકાર જોઈને તેઓ તેમના તરફ એવા આકર્ષાયા કે તેમને એમના શિષ્ય થઈને રહેવાનો વિચાર એકાએક થઈ આવ્યો પછી તેઓ બન્ને માતા પિતાની સમ્મતિ મેળવવા ગયા ત્યારે તેમનો પિતા તેમને કહે છે કે બેટા! આપણે બ્રાહ્મણ કહેવાઈએ તેમાંય આપણું કુળ ઊંચુ પુરોહિતનું એટલે ગૃહસ્થાશ્રમ માંડયા વિના આપણી સદ્ગતિ જ ન થાય અપુત્રસ્ય ગતિર્નાસ્તિ એવું વેદવચન છે તે તમે કયાં નથી જાણતા? તમારો વેદોનો અને બીજા બીજા વૈદિક કર્મકાંડનાં શાસ્ત્રોનો અભ્યાસ પૂરો થઈ જાય પછી તમે ગૃહસ્થાશ્રમ માંડો પુત્રોના પિતા થાઓ અગ્નિની સ્થાપના કરો બ્રાહ્મણોને જમાડો અને પછી વાનપ્રસ્થ થઈ સંન્યાસ લેવાનો વિચાર કરી શકાય પુત્ર સિવાય ગત થયેલા પિતાને બીજો કોણ પિંડ આપે? તમને ખબર તો છે કે પિંડ વિના પિતા અવગતિયો થાય છે આવી અનેક વાતો ભૃગુએ પોતાના પુત્રોને સમજાવી પણ તેઓ તો એમના બે ન થયા અને દીક્ષા લેવાનો જ આગ્રહ કરવા લાગ્યા છેવટે પિતાએ તેમને કહ્યું કે જેના નિર્વાણ માટે તમે વિચારો છો તે આત્મા જ કયાં છે? કોણે જોયો છે? આ રીતે છોકરાઓને તેમના સંકલ્પથી ચળાવવા ભૃગુએ નાસ્તિકવાદનો આશરો લઈ સમજાવવા માંડયું પરંતુ પિતાની તમામ તકજાળનો પુત્રોએ બરાબર જવાબ વાળતાં કહ્યું કે આ હિંસાવિધિપ્રધાન વેદોના અભ્યાસથી અમારું શું ભલું થવાનું છે? આ નામના બ્રાહ્મણોને જમાડીને પણ અમને શો ફાયદો થવાનો છે? મરી ગયેલો પિતા કયાં

છે? તેની જ ખબર નથી તો પછી તેને પિંડ ક્યાં પહોંચે? (જુઓ મહાવીરવાણી અશરણ સૂત્ર પદ્ય પાંચમુ) છેવટે થાકીને પિતાએ અને માતાએ પોતાના બન્ને સંતાનોને શ્રમણ થવાની સંમતિ આપી. જ્યારે પોતાના જુવાન પુત્રો જ શ્રમણ થવાની તૈયારી કરે છે ત્યારે પછી ભૃગુ પોતે અને તેની પત્ની જશા જે ઘરડાં ખંખ થઈ ગયાં છે તે હવે ગૃહસ્થાશ્રમમાં કેમ રહી શકે? એટલે લોકલાજે તે બન્ને પણ પુત્રોની સાથે જ શ્રમણદીક્ષા લેવા તૈયાર થયાં આમ આખુંય બ્રાહ્મણકુટુંબ શ્રમણદીક્ષા માટે તૈયાર થયુ જાણીને અને તેમની પછવાડે બીજો કોઈ વારસ ન હોવાથી તેમની સંપત્તિનો, ઘરબારનો કબજો લેવા ત્યાં રાજા પોતે પોતાના કબજેદાર માણસો સાથે આવી પહોંચ્યો એ વખતે રાણી કમલાવતી પોતાના પતિ રાજાને સમજાવે છે કે હે રાજા! જે ધન માલ અને ઘરબાર આ બ્રાહ્મણોએ વમી નાખ્યાં છે—છોડી દીધાં છે તેને લઈને ભૂંડા! તુ કેટલુંક વધુ મેળવી શકીશ? તારી પાસે ક્યાં સંપત્તિ ઓછી છે? રાજા હે? તૃષ્ણા તો અંત વિનાની છે તેનો છેડો કદીય આવવાનો નથી. આમ કહેતાં કહેતાં રાણી છેવટે જે કહે છે તે જ આ દસમા પદ્યમાં કહેલું છે. આ સાંભળીને રાજાને પણ બોધ થયો એટલે આ છએ જણા—ઇષુકાર રાજા, કમલાવતી રાણી, ભૃગુ, તેની પત્ની જશા અને તેના બે પુત્રો—એ સાથે દીક્ષા લઈ આત્મશ્રેયની સાધનામાં લાગી ગયા. પ્રસ્તુત ધર્મસૂત્રમાં જે સાતમું અને આઠમું પદ્ય છે તે, પોતાના પિતાને સમજાવતા ભૃગુના પુત્રો બોલે છે

ભૃગુના પુત્રોનો પોતાના પિતા સાથે જે સંવાદ થયેલ છે તેવો જ સંવાદ મહાભારતના બારમા શાંતિપર્વના ત્રીજા મોક્ષધર્મપર્વના ૧૭૫મા અધ્યાયમાં આવે છે ત્યાં રાજા યુધિષ્ઠિર અને ભીષ્મપિતામહ વચ્ચે શ્રેયસ્કર પ્રવૃત્તિને અંગે ચર્ચા ચાલે છે. તેમાં પિતામહ, બ્રાહ્મણ પિતાપુત્ર વચ્ચે થયેલો જે પ્રાચીન સંવાદ ટાંકી બતાવે છે તે જ આ

३

अहिंसा-सुत्त

(११) तत्थिमं पढमं ठाणं, महावीरेण देसियं ।
अहिंसा निउणा दिट्ठा, सव्वभूएसु संजमो ॥१॥

૩

અહિંસા-સૂત્ર

૧૧ તે તે તમામ ધર્મસ્થાનોમાં ભગવાન મહાવીરે પ્રથમ સ્થાન આ બતાવેલું છે. નાના મોટા તમામ જીવો સાથે સંયમપૂર્વક વ્યવહાર કરવાની પ્રવૃત્તિમાં તેમણે નિપુણ[1] તેજસ્વી અહિંસા [2]જોયેલી છે, અર્થાત્ એવી અહિંસાને તેમણે પ્રથમ સ્થાને બતાવેલ છે.

સંવાદ છે. આની જ હકીકત કુમ્ભકાર જાતકમાં પણ નોંધાએલી મળે છે. આમ આ એક જ સંવાદ જૈન પરંપરામાં, બૌદ્ધ પરંપરામાં અને બ્રાહ્મણ પરંપરામાં સચવાયેલ છે એથી માલૂમ પડે છે કે આ વિચાર કેટલો બધો પ્રાચીન છે અને આ સંવાદ જૂનાકાળની ધર્મસંબંધી કલ્પનાને પણ ઠીક આકાર આપે છે. આ વિશે વિશેષ જાણવા માટે જુઓ સને ૧૯૫૨ના ફેબ્રુઆરીના 'અખંડઆનંદ' માસિકમાં 'મહાભારત અને જૈન આગમ' નામનો લેખ.

૧ નિપુણ: મૂળ ગાથામાં 'अहिंसा निउणा दिट्ठा' એ વાક્ય છે. આમાં निउणा અહિંસાનું વિશેષણ છે. निउणा એટલે નિપુણ. વ્યાખ્યાકારે તેનો અર્થ 'સૂક્ષ્મ' બતાવેલ છે. સૂક્ષ્મ એટલે સંકલ્પમય–ખરેખરી મૂળભૂત–તેજસ્વી. અહિંસા વળી તેજસ્વી કેવી? અને અતેજસ્વી કેવી? તેજસ્વી અહિંસા સંકલ્પપૂર્વકની હોય છે એટલે જેમાં મન વચન અને શરીરથી થતી તમામ સત્પ્રવૃત્તિઓમાં

એકરૂપતા-સંગતિ-હોય છે ત્યારે અતેજસ્વી અહિંસામાં એવું નથી હોતુ-એમાં સંકલ્પ જ શુદ્ધ નથી હોતો અથવા તેની બરાબર જાગૃતિ નથી હોતી એટલે ચાલતી સત્પ્રવૃત્તિ ગતાનુગતિક હોય છે. જેમકે, કોઈ દુકાનદારનું શ્રેયાર્થનું લક્ષ્ય પ્રધાન હોય તો તે તેની તમામ પ્રવૃત્તિ શ્રેયાર્થને અનુકૂળ હોય તેવી જ રીતે ગોઠવશે, તે ધન નહીં કમાય તેમ નહીં પણ શ્રેયાર્થને લેશ પણ આંચ આવે તેમ નહીં જ વર્તે અર્થાત્ તે પોતાની દુકાનદારી ચલાવતો નીતિના તમામ નિયમોને બરાબર પાળવાનું રાખશે. આ રીતે જાગૃતિ સાથે ધંધો કરતો તે કોઈને છેતરવાનો વિચાર સરખો પણ નહીં કરે, વેચવાના સામાનમાં ભળતી ચીજો ભેળવી દેવા તેની વૃત્તિ જ નહીં થાય, ગ્રાહકને નુકસાન થાય તેવું એક પણ પગલુ નહીં ભરે સંભવ છે કે આમ કરવાથી તે ધન ઓછું મેળવે છતાં તેને ખેદ કે ગ્લાનિ નહીં થાય, જેટલું મળે તેનાથી સંતોષપૂર્વક પ્રસન્નભાવે જીવશે-પોતાનો મુખ્ય શ્રેયાર્થ છે તે બરાબર સચવાયાનુ તેને ખાસ સમાધાન હોય છે એટલે તેને અસંતોષનુ કે ખેદનુ વલણ રહેતુ નથી આવા દુકાનદારની અહિંસા તેજસ્વી કહેવાય-નિપુણ કહેવાય, કેમકે તેની પ્રવૃત્તિમાં સર્વ જીવો તરફ તેનો આત્મવત્ભાવ તરતમભાવે ખંડિત થતો નથી. ત્યારે એવો જ બીજો કોઈ દુકાનદાર કે જેનો ધર્મમય સંકલ્પ જાગૃત નથી, તે કોઈને જીવથી મારી ન નાખવાના સ્થૂલ નિયમને પાળતો હોય છે. છતાં લોભવશ થઈ, સ્વાર્થવશ થઈ તે પોતાના શ્રેયાર્થને ગૌણ સમજે છે, એને લીધે ધનને માટે વા બીજી કોઈ સુખસગવડને માટે નીતિના નિયમોને નેવે મૂકી દે છે, તેનુ વલણ સર્વ જીવો તરફ જોઈએ તેવું અને જોઈએ તેટલુ આત્મવત્ રહેતુ નથી તેથી ગ્રાહકોને હાનિ થાય તેમ કરતાં તે અચકાતો નથી, વેચવાના માલમાં ભળતી ચીજો ભેળવી ગ્રાહકોની જિંદગી જોખમમા આવી પડે તેમ કરતાં ય અટકતો નથી અને પોતે કોઈને જીવથી નથી મારી નાખતો એનો સંતોષ માની પોતે કલ્પેલી અહિંસા પાળે છે તેની આ અહિંસા અતેજસ્વી

કહેવાય—અનિપુણ કહેવાય મનુષ્ય વગેરે તમામ નાના મોટા પ્રાણીઓની સાથેના વ્યવહારમાં સંયમથી વર્તવાનું નામ તેજસ્વી અહિંસા છે માટે જ ભગવાન મહાવીરે સર્વભૂતસંયમને નિપુણ અહિંસા કહેલી છે જીવન અને શ્વાસને જેવો અને જેટલો સંબંધ છે તેવો અને તેટલો સંબંધ અહિંસા અને સંયમ વચ્ચે છે અહિંસા વિના સંયમ ટકી શકતો નથી અને સંયમ વિના અહિંસા ટકી શકતી નથી એ જ રીતે જાતમહેનત અને સંયમ વચ્ચે પણ એવો જ સંબંધ છે જાતમહેનત જેટલા પ્રમાણમાં હોય તેના પ્રમાણમાં સંયમ સાધી શકાય છે વધારે પ્રમાણમાં બીજાના શ્રમ ઉપર રહેનાર અને બીજાના શ્રમનો લાભ લેનાર સંયમને બરાબર સાધી શકતો નથી અને સંયમ ન સધાય તો અહિંસા તો કેમ કરીને સધાય ? આ વાત બરાબર સમજાય એ માટે જ અહીં તેનો અર્થ સર્વભૂતસંયમ એવો બતાવેલ છે સાધારણ રીતે હિંસા એટલે કોઈને મારવું કે મારી નાખવું અને અહિંસા એટલે કોઈને ન મારવું કે મારી ન નાખવું એવો અહિંસાનો શબ્દાર્થ છે છતાં તે અર્થને પ્રધાનસ્થાન ન આપતાં અહીં સર્વભૂતસંયમને અહિંસા કહેલી છે તેનો આશય અહિંસા અને સંયમ તથા સંયમ અને શ્રમ એ બન્ને જોડકાં એક બીજા વગર રહી શકતાં નથી એમ બતાવવાનો છે અને એવું વિધાન કરવાનો છે કે અહિંસા આચરનારે સંયમ કેળવવો જ પડશે જાતશ્રમ કરવો જ પડશે, એ વિના અહિંસા—તેજસ્વી અહિંસા—નિપુણ અહિંસા—સંકલ્પપૂર્વકની અહિંસા—શક્ય નથી વળી, આવી તેજસ્વી અહિંસામાં કોઈને ન મારવાનો અર્થ તો સમાઈ જ જાય છે અહીં જેમ દુકાનદારનું ઉદાહરણ આપેલ છે તેમ તે જ રીતે રાજ્યના પ્રધાનો વગેરે આખુંય સરકારી કમચારીમંડળ વૈદ્ય વકીલ ડૉક્ટર મોચી ઘાંચી દૂધ વેચનારા ઘીવા—ઘી વેચનારા કડિયા, મોટા મોટા પૂલો કે મકાન બાંધનારા ઈજારદાર દિ ર કાછીયા માળી, અત્તારીયા—સરૈયા, [illegible] સારવારનો ધંધો કરનારી નર્સો વગેરે, દવા આપવાનો ધંધો કરનારા કંપાઉંડરો વગેરે,

દવાને વેચનારા, ગાંધી, મોદી, કાપડિયા, વાળંદ વગેરે અનેક ધંધાદારીઓ વિશે પણ સમજવાનું છે તથા મુનીમ, મહેતા વાણોતર ગુમાસ્તા રસોયા, ગૃહપતિ (બોર્ડિંગોના), તારમાસ્તર, ટપાલમાસ્તર, સ્ટેશનમાસ્તર, શિક્ષક, પ્રોફેસર, અધ્યાપક, પ્રીન્સીપાલ–આચાર્ય તે તે તમામ સરકારી કે બિનસરકારી કર્મચારીઓ વિશે અને ઓફિસોમાં કામ કરનારા નાના પટાવાળાથી માંડીને મોટામાં મોટા તમામ જાતના કામદારો વિશે, મજૂર સંસ્થાઓ વિશે, તમામ પ્રકારના મજૂરો વિશે અર્થાત્ વિવિધ જાતની પ્રવૃત્તિ કરનારાઓ પુરુષો કે સ્ત્રીઓ વિશે પણ તેજસ્વી અને અતેજસ્વી અહિંસાની દૃષ્ટિએ સમજી લેવાનું છે. તેઓ ધારે તો જરૂર પોતાની ફરજને બરાબર અનુરૂપ તેજસ્વી અહિંસાને આચરી શકે છે અને એમ ન ધારે તો અહિંસા પાળતાં છતાં તેનું જીવનમાં અને વ્યવહારમા સ્વાસ્થ્યકર પરિણામ આવતુ નથી એ સૌ કોઈને સ્વાનુભવથી પ્રત્યક્ષ છે.

૨ **દિટ્ઠા–જોએલી** છે–અનુભવેલી છે અર્થાત્ ભગવાન મહાવીરે પોતે જાતે મનુષ્ય વગેરે નાના મોટા તમામ પ્રાણીઓ સાથેના વ્યવહારમાં સંયમપૂર્વકનુ વર્તન કેળવીને આ તેજસ્વી અહિંસાને–નિપુણ અહિંસાને–અનુભવેલી છે–પ્રત્યક્ષવત્ કરેલી છે–એમણે પોતે જાતે સંયમનો પ્રયોગ કરીને અહિંસાનુ જ્વલંત તેજ અનુભવી જોએલ છે એ આશય બતાવવા જ મૂળ ગાથામાં દિટ્ઠા શબ્દનો ઉપયોગ કરેલ છે. પરંતુ જોયા જાણ્યા વિના કે અનુભવ કર્યા વિના એમ ને એમ જ અહિંસાને વખાણી છે એમ નથી કોઈ સારી પ્રવૃત્તિ કે સારી વસ્તુ હોય તો તેને ઘણા લોકો અનુભવ્યા વિના જ એમ ને એમ વખાણવા મંડી પડે છે–ગતાનુગતિક પ્રવાહે તેનુ જોરદાર સમર્થન કરવા મંડી પડે છે એવુ અહીં નથી એમ સ્પષ્ટ કરવા દિટ્ઠા શબ્દને વાપરેલ છે. એમ આ ગાથાની વ્યાખ્યા કરનારા પૂર્વાચાર્યોનો ઊંડો આશય છે.

(१२) जावन्ति लोए पाणा, तसा अदुव थावरा ।
ते जाणमजाण वा, न हणे नो वि घायए ॥१२॥

(दश० अ० ६ गा० ८,९)

१२ આ દુનિયામાં જેટલાં [3]ત્રસ પ્રાણી છે અથવા જેટલાં [4]સ્થાવર પ્રાણી છે, જાણતાં કે અજાણતાં તેમને કોઈને હણવાં નહિ, તેમ બીજા પાસે હણાવવાં પણ નહિ

(१३) सयं तिवायए पाणे, अदुवऽन्नेहिं घायए ।
हणन्तं वाऽणुजाणाइ, वेरं वड्ढइ अप्पणो ॥१३॥

(सूत्र० श्रु० १ अ० १ उ० १ गा० ३)

१३ [5]પરિગ્રહધારી મનુષ્ય પોતે જાતે પ્રાણીના પ્રાણોને હણે છે અથવા બીજા પાસે હણાવે છે, અથવા હણનારા

---

૩ ત્રસ પ્રાણી—જે પ્રાણીઓ ગતિવાળાં છે એટલે ત્રાસ થતાં પોતાના રક્ષણ માટે આમ તેમ ગતિ કરે છે તેમને જૈન પરિભાષામાં બૌદ્ધ પરિભાષામાં અને વૈદિક પરિભાષામાં ત્રસ કહેલાં છે (જુઓ ધમ્મપદ ૨૬ મો બ્રાહ્મણ વગ શ્લો૦ ૨૩ આ માટે જુઓ ૨૧ ના બ્રાહ્મણ-સૂત્રના ચોથા પદ ઉપરનું ટિપ્પણ) તથા ध्रुवं प्रणिहिता यच्चान्यत् त्रस-स्थावरजङ्गमम् —(મહાભારત શાંતિપર્વ રાજધર્માનુશાસન પર્વ અધ્યાય નવમો શ્લો૦ ૧૯) નાની કીડીથી માંડીને માણસ સુધીનાં બધાં પ્રાણીઓ ત્રસ છે

૪ સ્થાવર પ્રાણી—જેમને ભલે તેવો ત્રાસ પડે તો પણ પોતાના રક્ષણ માટે ગતિ કરી શકતાં નથી તેમને ભારતીય ત્રણે ધર્મના ગ્રંથોમાં સ્થાવર કહેલાં છે—(જુઓ મનુસ્મૃતિ અધ્યાય બારમો શ્લો૦ ૪૨ स्थावराः कृमिकीटाश्च) ૧ ઝાડ વેલા નાના નાના છોડ લીલું છૂટું ઘાસ તથા ૨ પૃથિવી ૩ પાણી ૪ અગ્નિ અને ૫ પવન એ પાંચ સ્થાવર જીવો છે

૫ પરિગ્રહધારી—હિંસાનું મૂળ પરિગ્રહ છે એમ ભગવાન મહાવીરે અને ભારતીય તમામ સંતોએ પોતાના અનુભવથી કહેલ છે. જેમ જેમ અંદરની તૃષ્ણા અને આશા વધારે તેમ તેમ બહારનો

તરફ પોતાની સમ્મતિ બતાવે છે, અને એમ કરીને તે, પોતાનું વૈર વધારે છે

પરિગ્રહ વધારે મેળવવાનું મન થાય, કદાચ એ મળે કે ન મળે તો પણ એવી વૃત્તિમાંથી જ હિંસા જન્મે છે અને જેઓ એવો બહારનો પરિગ્રહ બીજાની સરખામણીમાં પ્રમાણથી વધારે મેળવે છે તેઓ હિંસા સિવાય તેમ કરી શકતા નથી જેમ જેમ વૃત્તિમાં સંતોષ તેમ તેમ પરિગ્રહ વૃત્તિ ઓછી, તેને પરિણામે હિંસા પણ ઓછી. આદર્શ તો સર્વપ્રકારે અહિંસાનો છે. પણ તે કાંઈ જીવનમાં ઝટપટ આવી શકતો નથી, તેને મેળવવા ક્રમપૂર્વક ટેવ પાડવાની હોય છે એવી ટેવ પાડવા સારુ ભગવાન મહાવીરે ગૃહસ્થો માટે બાર વ્રતોની યોજના કરેલી છે અને તેમાય ખાસ પરિગ્રહની મર્યાદા કરી લેવાની યોજના બતાવીને અહિંસાના આદર્શને પામવા સરળ માર્ગ ચિંધી બતાવેલ છે વ્યક્તિ કુટુંબ સમાજ ગ્રામ વગેરે પ્રત્યેકનો અભ્યુદય લક્ષ્યમાં રાખીને પરિગ્રહની મર્યાદા ઉપરાન્ત પ્રવાસની પણ મર્યાદાનુ વ્રત બતાવેલ છે આ બન્ને નિયમો બરાબર પળાય તો સર્વોદય અવશ્યંભાવી છે પરિગ્રહની મર્યાદાનુ સ્વરૂપ આ છેઃ માણસે પોતાના જીવનવ્યવહાર માટે જે જે ચીજો જોઈએ-ખાવાની, પીવાની, રહેવાની, ખેતી કરવાની, પહેરવાની, સેવા ચાકરીની એમ તમામ પ્રકારની હાજતો માટે જેની જેની એટલે જે જે સજીવ પ્રાણીની કે નિર્જીવ પદાર્થની અપેક્ષા પડે તે તમામનો ઉપયોગ મર્યાદામાં કરવો-અમુક સંખ્યા બાંધી તેમનો ઉપયોગ કરવો તેનું નામ પરિગ્રહમર્યાદા પ્રવાસની મર્યાદાનુ સ્વરૂપ આ છે : માણસ પોતાના વતનમાં રહેતો હોય, ત્યાં જ તેને પોતાની મર્યાદામાં સ્વીકારેલ જીવનનુ ધારણ પોષણ અને સંવર્ધન કરવાની પૂરતી સગવડ મળી રહેતી હોય અર્થાત્ જાત મહેનત દ્વારા વા મર્યાદામાં સ્વીકારેલી બીજાઓની મહેનત દ્વારા પોતાનો અને કુટુંબનો નિર્વાહ આરોગ્ય સાથે ચાલી શકતો હોય એટલે રહેવાનુ કપડાં અને ખાવાપીવાની ચીજો ઉપરાંત બીજી બીજી

જરૂરિયાતની સામગ્રી ગામમાં જ વસતાં કુંભાર સઈ-દરજી ઘાંચી મોચી સુતાર લુહાર ચમાર વગેરે દ્વારા મેળવી શકતો હોય અને આ રીતે પોતાની અને ગ્રામજનતાની આજીવિકા બરાબર ચાલી શકતી હોય અને એ પ્રકારે ગામનો શેઠ કે ગૃહસ્થ સમાજસાપેક્ષ રહીને પોતાનું અને આખા ગામની વસ્તીનું યોગક્ષેમ અનુભવતો હોય તો પછી આવા માણસે કેવળ ધનના લોભને કારણે વા વધારે મોજશોખ મેળવવાના કારણે વા શરીરનાં કે આંખ કાન વગેરે ઇંદ્રિયોનાં વિશેષ ભોગો મેળવવાની લાલચને લીધે વા પોતાના વતનમાં જે સામગ્રી સાંપડે છે અને જેને લીધે પોતે અને આખું ગામ સ્વસ્થ રહી શકે છે તે સામગ્રી કરતાં વધારે વિલાસમય દેખાવડી ચપકડી વા મોહક સામગ્રી મેળવવાની તૃષ્ણાને લીધે વા પોતાના કેવળ સ્વચ્છંદને લીધે વતન બહાર ન જવું એ ગૃહસ્થો માટે સામાન્ય મર્યાદા છે છતાં તૃષ્ણા લોભ કે સ્વચ્છંદનો આવેગ પ્રબળ થઈ જાય અને જ્યારે તે વતન બહાર નીકળવાનું ગમી જન શકે ત્યારે તેને એટલે તે આવેગને મર્યાદામાં રાખવા હરકોઈ સ્ત્રી વા પુરુષ બહારના પ્રવાસની મર્યાદા નક્કી કરી લેવી અર્થાત્ અમુક દિશામાં કેટલે સુધી જવું અને કઈ દિશામાંથી પોતે ધારેલી સામગ્રી કેટલી મંગાવવી અને કઈ દિશામાં વતનની સામગ્રી કેટલી બહાર મોકલવી આ પ્રકારની તમામ જાતની મર્યાદા નક્કી કરી સર્વોદયમાં બાધક ન થવાય એ રીતે વર્તવાનું નામ પ્રવાસમર્યાદા છે જૈન પરિભાષામાં આનું જ નામ દિક્પરિમાણ વ્રત આપેલ છે જેમ જેમ આ વિશે વિશેષ વિચાર કરીએ છીએ તેમ તેમ માલૂમ પડે છે કે પરિગ્રહમર્યાદા અને પ્રવાસમર્યાદા આંકી તે પ્રમાણે જ વર્તવામાં આવે તો સર્વોદય, ગ્રામોદ્યોગ, ગ્રામસંરક્ષણ અને પ્રત્યેક ગામની વસ્તીનું સંરક્ષણ બરાબર થઈ રહે છે બેકારીનો ભય તો તદ્દન ટળી જાય છે આ ઉપરાંત આવાં જ મર્યાદાવાળાં બીજાં દસ વ્રતો ભગવાન મહાવીરે ગૃહસ્થો માટે યોજી બતાવેલાં છે આ યોજનામાં તેમની દૂરદેશી સર્વ મનુષ્યના કલ્યાણની તીવ્ર ભાવના અને સમયના પ્રવાહને ઓળખવાની અસાધારણ કુશળતા

(१४) जगनिस्सिएहिं भूएहि, तसनामेहिं थावरेहिं च ।
नो तेसिमारभे दंडं, मणसा वयसा कायसा चेव ॥४॥
(उत्तरा० अ० ८ गा० १०)

૧૪. જગતમાં રહેલા ત્રસ જીવો વડે અથવા સ્થાવર જીવો વડે પીડા પામવા છતાં ય તેમની ઉપર મનથી વચનથી કે શરીરથી દંડનો પ્રયોગ નહિ કરવો જોઈએ.

(१५) सव्वे जीवा वि इच्छंति, जीविउं न मरिज्जिउं ।
तम्हा पाणिवहं घोरं, निग्गंथा वज्जयंति णं ॥५॥
(दश० अ० ६ गा० १०)

૧૫. બધા ય જીવો [૬]જીવવા ઇચ્છે છે, કોઈ જીવ મરવા ઇચ્છતો નથી તેથી નિર્ગ્રંથો, ભયંકર એવા પ્રાણીવધનો ત્યાગ કરે છે.

એ બધું આપોઆપ જાણી શકાય છે, જો ભગવાન મહાવીરે બતાવેલાં એ વ્રતોનુ અર્થશઃ પાલન થાય તો પ્રજામાં ક્યાંય તો મોટા મોટા ટેકરા છે અને બીજે વધારે પ્રમાણમાં ઊંડા ઊંડા ખાડા છે એવી વિષમતા ઘણી જ ઓછી થઈ જાય.

[૬] જીવવા ઇચ્છે છે—સરખાવો ધમ્મપદ દસમો દંડવર્ગ :

सब्बे तसन्ति दण्डस्स सब्बे भायन्ति मच्चुनो ।
अत्तानं उपमं कत्वा न हनेय्य न घातये ॥१॥
सब्बे तसन्ति दण्डस्स सब्बेसं जीवितं पियं ।
अत्तानं उपमं कत्वा न हनेय्य न घातये ॥२॥
सुखकामानि भूतानि यो दंडेन विहिंसति ।
अत्तनो सुखमेसानो पेच्च सो न लभते सुखं ॥३॥

(१६) अज्झत्थं सव्वओ सव्वं, दिस्स पाणे पियायए ।
न हणे पाणिणो पाणे, भयवेराओ उवरए ॥६॥
(उत्तरा० अ० ६ गा० ६)

૧૬ બધી બાજુઓથી આવી પડનારા બધા સુખ
: ખોનું મૂળ [७]આપણા અંતરમાં છે એમ જાણીને, અને
પ્રાણી માત્રને એક પોતાનો જીવ વહાલામાં વહાલો છે એમ

તમામ પ્રાણીઓ દુઃખથી ત્રાસ પામે છે તમામ પ્રાણીઓ મરણના
ભયથી થરથરે છે, તમામ પ્રાણીઓને જીવવું વહાલું છે માટે તમામ
પ્રાણીઓને પોતાની જેવા જ સમજીને કોઈપણ પ્રાણીને મારવો નહીં
તેમ બીજા પાસે મરાવવો નહીં ૧-૨

પ્રાણીમાત્ર સુખની ઈચ્છાવાળાં છે પોતાના સુખની ઈચ્છા રાખતો
જે કોઈ તેમને દંડવડે મારે છે—તેમની હિંસા કરે છે તે ભવિષ્યમાં સુખ
પામતો નથી ૩

સંયમને જેટલે અંશે જીવનમાં કેળવેલો હોય અને જેટલે અંશે
જાત મહેનતની ટેવ પાડી હોય તેટલે અંશે હિંસા ઓછી થાય છે
માટે જ અહિંસાને આચરવા ખાસ કરીને સંયમની તથા જાતમહેનતની
ભલામણ કરવામાં આવી છે—અહિંસાને 'સર્વભૂતસમ' કહેલ છે એ
ધ્યાનમાં રાખવાનું છે

૭ આપણા અંતરમાં છે— मन एव मनुष्याणां कारणं बन्ध-मोक्षयोः ના સિદ્ધાંતનું સૂચન મહાવીરવાણીના આ વાક્યમાં
છે તાત્પર્ય એ કે દુઃખ વા સુખનું કારણ આપણું પોતાનું મન છે
આપણે બહારનાં નિમિત્તોમાં દુઃખની કે સુખની કલ્પના કરીને તે
નિમિત્તોની પાછળ દોડયા જ કરીએ છીએ અને પરિણામે અસ્વસ્થતા
અનુભવીએ છીએ કોઈ એક નિમિત્ત પછી ભલે તે જીવંત પ્રાણી
હોય વા નિર્જીવ પદાર્થ હોય તે જ આપણા દુઃખનું કે સુખનું નિમિત્ત

સમજીને, જેઓ ભય અને દ્વેષના દોષોથી નિવૃત્ત થએલ છે તેઓ, કોઈ પણ [૮]પ્રાણીના પ્રાણને હણતા નથી.

છે એ માન્યતા વધારે અંશે ભૂલ ભરેલી છે. જે એક વસ્તુ આજે આપણને સુખકર લાગે છે તે જ વસ્તુ કાળ જતાં દુઃખકર લાગે છે અને એ જ રીતે જે નિમિત્ત આજે આપણને દુઃખકર લાગે છે તે જ વખત વીતતાં સુખકર નીવડે છે એવો અનુભવ કોને નથી? મનની ભૂમિકાને સ્વસ્થ અને ધ્યેયનિષ્ઠ કરવા તરફ આપણો પ્રયાસ વિશેષ હોય તો નિમિત્તો આપણને પીડી શકતાં નથી એક તરફ આપણી મનની સ્થિતિ સ્વસ્થ હોય અને બીજી તરફ દરેક સજીવ કે નિર્જીવ પદાર્થના સ્વભાવથી આપણે પૂરેપૂરા પરિચિત હોઇએ તો નિમિત્તો દ્વારા નીપજતી પરિસ્થિતિ આપણને બાધ નહીં કરી શકે ધારો કે આપણને દૂધપાક કે શીખંડ પ્રિય છે, તેને આપણે રોજ ને રોજ ખાયા કરીએ તો શું તે આપણને પ્રિય જ લાગવાનાં છે? એ જ રીતે એક સ્ત્રી પુત્ર બહેન ભાઈ કે મિત્ર આપણને પ્રિયમાં પ્રિય લાગે છે પણ સંયોગો ફરતાં તે જ સ્ત્રી પુત્ર બહેન ભાઈ કે મિત્ર આપણને અપ્રિય લાગવા માંડે છે; આ બધી હકીકત સૌ કોઈને અનુભવ સિદ્ધ છે. આ ઉપરથી ફલિત એ થાય છે કે સુખ કે દુઃખ બહારનાં નિમિત્તો ઉપર અવલંબતુ નથી; અપિતુ આપણા અંતર ઉપર અવલંબે છે. એટલે સુખને મેળવવા માટે કે દુઃખને છોડવા માટે બહારનાં નિમિત્તોની પાછળ દોડ્યા કરવા કરતાં વિશેષ લક્ષ્ય આપણા અંતર તરફ આપવું એ વિશેષ ઉચિત છે એમ આ પદ્યમાં કહેવાનું છે

૮. **પ્રાણીના પ્રાણને હણતા નથી**—સરખાવો ઇશુખ્રિસ્ત, પર્વત પરનો ઉપદેશ ૧૦ "કદી કોઈનો ઘાત કરવો નહીં એ આદેશ તમે જાણો છો. હત્યારો અધોગતિએ જશે એમ તમે માનો છો પણ હું કહું છું કે કેવળ હત્યા એટલી જ હિંસા નથી. જો તમે તમારા ભાઈ સામે પણ ગુસ્સો કરો, તો હું કહું છું કે તમે નરકના અધિકારી

(१७) सव्वाहिं अणुजुत्तीहिं, मतिमं पडिलेहिया ।
सव्वे अक्कन्तदुक्खा य, अओ सव्वे न हिंसया ॥७॥

૧૭ મતિમાન મનુષ્યે તમામ પ્રકારની યુક્તિઓથી વિચારીને, અને તમામ પ્રાણીઓને દુઃખ ગમતું નથી એ હકિકતને પોતાના જાત અનુભવથી સમજીને, કોઈ પણ પ્રાણીની હિંસા ન કરવી

(१८) एयं खु नाणिणो सारं, जं न हिंसति किंचण ।
अहिंसासमयं चेव एयावन्तं वियाणिया ॥८॥
(सूत्र० श्रु १ अ० ११ गा० ९, १०)

૧૮ કોઈને પણ પીડા ન કરવી, એ, ખરેખર જ્ઞાનીઓ માટે સારરૂપ છે અહિંસાનું એટલું જ તાત્પર્ય સમજાય તો ય ઘણું છે

(१९) संबुज्झमाणे उ नरे मइमं,
पावाउ अप्पाणं निवट्टएज्जा ।
हिंसप्पसूयाइं दुहाइं मत्ता,
वेराणुबंधीणि महब्भयाणि ॥९॥
(सूत्र श्रु० १ अ० १० गा० २१)

થવાના જો તમે તમારા ભાઈને માન દેશો તો પણ તમે અધોગતિને જ પામશો' ઇત્યાદિ.

સરખાવો હજરત મહમદ અને ઇસ્લામ ઇમાન માણસને દરેક પ્રકારનો જુલમ કરતાં અટકાવવા માટે છે કોઈ મોમિન (ઇમાનદાર) કોઈ પર જુલમ ન કરી શકે —(પૃ० ૧-૩)

૧૯. દુઃખો હિંસાથી જન્મેલાં છે, વૈરને વધારનારાં છે અને મહાભયંકર છે, એમ જાણીને સમજણવાળો બુદ્ધિમાન મનુષ્ય તો પોતાની જાતને પાપથી અટકાવે.

(२०) समया सव्वभूएसु, सत्तु-मित्तेसु वा जगे ।
पाणाइवायविरई, जावज्जीवाए दुक्करं ॥१०॥
(उत्तरा० अ० १९ गा० २५)

૨૦. દુનિયામાં તમામ પ્રાણીઓ તરફ-પછી ભલે કોઈ શત્રુ હોય અથવા મિત્ર[૯] હોય-સમભાવે વર્તવું એનું નામ અહિંસા છે. એવી અહિંસામાં અર્થાત્ સમતાભાવમાં રહીને તમામ પ્રાણીઓને પીડા કરવાની પ્રવૃત્તિનો ત્યાગ-નાની મોટી તમામ પ્રકારની હિંસાનો ત્યાગ-જિંદગી પર્યંત ટકાવવો-નભાવવો દુષ્કર છે.



: ४ :

सच्च-सुत्तं

(२१) निच्चकालऽप्पमत्तेणं, मुसावायविवज्जणं ।
भासियव्वं हियं सच्चं, निच्चाऽऽउत्तेण दुक्करं ॥१॥
(उत्तरा० अ० १९ गा० २६)

---

૯. સરખાવો ઇ० ખ્રિ० ૫૦ ઉ० ૧૩ "મિત્ર પર પ્રેમ કરવો અને શત્રુનો દ્વેષ કરવો એ લૌકિક નીતિ છે પણ મારી સલાહ છે કે તમે તમારા શત્રુ પર પણ પ્રેમ કરજો અને કદી કોઈનો દ્વેષ તો કરશો જ નહીં. જે તમને શાપ દે તેનુ હિત ઇચ્છજો; જો તમને હેરાન કરે તેના ઉપર ઉપકાર કરજો"

४

સત્ય-સૂત્ર

૨૧ નિરંતર અપ્રમાદી બનીને અને સદા સાવધાન રહીને અસત્યનો ત્યાગ કરવો તથા હિતકર સત્ય[1] બોલવું અઘરું જણાય છે

(२२) अप्पणट्ठा परट्ठा वा, कोहा वा जइ वा भया ।
हिंसगं न मुसं बूया, नो वि अन्नं वयावए ॥२॥

૨૨ પોતાને માટે કે પારકાને માટે, ક્રોધના આવેશમાં આવીને અથવા બી જઈને કોઈની હિંસા થાય એવું અસત્ય વચન બોલવું નહિ અને બીજા પાસે બોલાવવું ય નહિ.

(२३) मुसावाओ य लोगम्मि, सव्वसाहूहिं गरिहिओ ।
अविस्सासो य भूयाणं, तम्हा मोसं विवज्जए ॥३॥

(दश० अ० ६ गा० ११, १२)

૨૩ બધા સજ્જન લોકોએ અસત્ય વચનને વખોડેલું જ છે અસત્ય વચન પ્રાણીઓમાં અવિશ્વાસને પેદા કરનાર છે, તેથી તેનો ત્યાગ કરવો જોઈએ

(२४) न लवेज्ज पुट्ठो सावज्जं, न निरट्ठं न मम्मयं ।
अप्पणट्ठा परट्ठा वा, उभयस्सन्तरेण वा ॥४॥

(उत्तरा० अ० १ गा० २५)

---

[1] સરખાવો દ૦ અ૦ ૬૦ અને હમેશાં સત્ય બોલ ભલી ભવે તે તારી વિરુદ્ધ જતું હોય (પૃ૦ ૧૩૬)

૨૪. પોતાને માટે અથવા પારકાને માટે અથવા બેમાંથી ગમે તેને માટે કશું પૂછવામાં આવે તો પાપવાળું વચન બોલવું નહિ; એ જ પ્રકારે નિરર્થક વચન અગર તો મર્મભેદી વચન પણ બોલવું નહિ.

(२५) तहेव सावज्जऽणुमोयणी गिरा,
ओहारिणी जा य परोवघायणी ।
से कोह लोह भय हास माणवो,
न हासमाणो वि गिरं वएज्जा ॥५॥

(दश० अ० ७ गा० ५४)

૨૫. તે જ રીતે, મનુષ્યે, ક્રોધના આવેશમાં આવીને કે લોભમાં ખેંચાઈને, બીકને લીધે કે મશ્કરીમાં, અગર તો અમથું હસતાં હસતાં અથવા હસાવતાં હસાવતાં પણ પાપને વખાણનારી, 'આમ જ કરી નાખીશ' એવા નિશ્ચયવાળી અને બીજાનો ઘાત કરનારી ભાષાને બોલવી નહિ

(२६) दिट्ठं मियं असंदिद्धं, पडिपुण्णं वियंजियं ।
अयपिरमणुव्विग्गं, भासं निसिर अत्तवं ॥६॥

(दश० अ० ८ गा० ४९)

૨૬ આત્માર્થી મનુષ્યે, પોતે જોએલી વાત પણ પરિમિત શબ્દોમાં, સંદેહ ટળે એ રીતે, તમામ રીતે પૂરેપૂરી, સર્વ પ્રકારે સ્પષ્ટતાવાળી, બડબડાટ વિનાની અને ઉદ્વેગ ન કરે એવી ભાષામાં કહેવી.

(२७) भासाइ दोसे य गुणे य जाणिया,
तीसे य दुट्ठे परिवज्जए सया ।
छसु संजए सामणिए सया जए,
वएज्ज बुद्धे हियमाणुलोमियं ॥७॥
(दश० अ० ७ गा० ५६)

૨૭ ભાષાના દોષોને અને ગુણોને જાણીને તેના (ભાષાના) દોષોને સદા તજી દેવા છ* કાયના જીવો સાથે સંયમથી રહેનાર, સદા સાવધાન અને આત્મશુદ્ધિ માટે શ્રમ કરનાર સમજદાર મનુષ્ય સર્વ જીવોને અનુકૂળ એવી હિતકારી ભાષા બોલે

(२८) सयं समेच्चा अदुवा वि सोच्चा,
भासेज्ज धम्मं हिययं पयाणं ॥
जे गरहिया सणियाणप्पओगा,
न ताणि सेवन्ति सुधीरधम्मा ॥८॥
(सूत्र० श्रु० १ अ० १३ गा १९)

૨૮ પોતાની મેળે સમજીને અથવા સતજનો પાસેથી સાંભળીને પ્રજાનું હિત કરે એવી ધર્મમય ભાષા બોલવી, ધર્મનું આચરણ કરીને કે આકરુ તપ કરીને આ જન્મમા કે આવતા જન્મમા ધનની, પુત્રની કે ભોગોની આશા

* ચેતનવાળાં પૃથ્વી, પાણી, પવન અગ્નિ અને વનસ્પતિ એ પાંચ સ્થાવર કાય અને એક ત્રસ એમ છ કાય જાણવા

વચન વિચારીને બોલે આવુ બોલનારો, સત પુરુષોની વચ્ચે પ્રશસાને પામે છે

(३०) तहेव काणं काणे त्ति, पंडगं पंडगे त्ति वा ।
वाहियं वा वि रोगि त्ति, तेणं चोर त्ति नो वए ॥१०॥
(दश० अ० ७ गा० १२)

૩૦ તેજ પ્રકારે 'કાણા'ને 'કાણો' ન કહેવો, 'હિજડા'ને 'હિજડો' ન કહેવો, 'રોગી'ને 'રોગી' ન કહેવો, અને 'ચોર'ને 'ચોર' ન કહેવો

(३१) वितहं वि तहामुत्ति जं गिरं भासए नरो ।
तम्हा सो पुट्ठो पावेणं, किं पुण जो मुसं वए ? ॥११॥
(दश० अ० ७ गा० ५)

૩૧ ખોટી વાતને પણ સાચી જેવો ઢોળ ચડાવીને બોલનારો મનુષ્ય પ પથી ખરડાય છે, તો પછી જે નરાતાલ ખોટુ જ બોલે છે તેના માટે શું કહેવુ ?

(३२) तहेव फरुसा भासा, गुरुभूओवघाइणी ।
सच्चा वि सा न वत्तव्वा, जओ पावस्स आगमो ॥१२॥
(दश० अ० ७ गा० ११)

૩૨ તે જ પ્રકારે, પ્રાણીઓને ભારે આઘાત પહોચાડે એવી કઠોર ભાષ કદાચ સાચી હોય તો પણ નહિ બોલવી. કારણ કે એવી કઠોર ભાષા બોલવાને લીધે ઘણીવાર પાપ થવાનો-લાગવાનો-સભવ છે



૩૫. ઊંચી, નીચી, અને તિરછી દિશાઓમાં ચારે બાજુ જે ત્રસ પ્રાણો છે અને જે સ્થાવર પ્રાણો છે, તે તમામ તરફ હાથ અને પગને સંયમમાં રાખીને વર્તનારાએ, બીજાઓ પાસેથી તેમણે નહિ આપેલું એવું કાંઈ પણ[1] લેવું નહિ

(૩૬) तिव्व तसे पाणिणो थावरे य,
जे हिंसति आयसुहं पडुच्च ।
जे लूसए होइ अदत्तहारी,
ण सिक्खई सेयवियस्स किंचि ॥८॥
(सूत्र० श्रु० १ अ० ५ उ० १ गा० ४)

૩૬ જે [2]મનુષ્ય પોતાની જાતના સુખને માટે ત્રસ પ્રાણોનો કે સ્થાવર પ્રાણોનો ક્રૂરભાવે ઘાત કરે છે, જે હિંસક અને ચોર બને છે, એવો એ, પોતે આદરપાત્ર મનેલા વ્રતોનું લેશ પણ પાલન નથી કરી શકતો

---

૧ સરખાવો હ૦ મ ૪૦— જેમ આ નગરમાં આ મહિનામાં આ દિવસ પવિત્ર મનાય છે બરાબર તે જ રીતે તમારામાંથી દરેકનાં તન, ધન અને માલ મિલકત એકબીજાને માટે પવિત્ર વસ્તુ છે કોઈ બીજાનાં જાન કે માલ મિલકતને હાથ ન લગાડી શકે (પૃ ૧૦૫)

૨ જે મનુષ્ય—સરખાવો ધમ્મપ૦ એકવીશમો પ્રકીર્ણક વર્ગ શ્લોક૦ ૨

परदुक्खुपधानेन अत्तनो सुखमिच्छति ।
वेरसंसग्गसंसट्ठो वेरा सो न परिमुच्चति ॥

બીજાને દુઃખ દઈને જે પોતાનું સુખ ઈચ્છે છે તે વૈરભાવવાળો થાય છે અને વૈરભાવથી છૂટી શકતો નથી.

६

बंभचरिय-सुत्त

(३८) विरई अबंभचेरस्स, कामभोगरसन्नुणा ।
उग्गं महव्वयं बंभं, धारेयव्वं सुदुक्करं ॥१॥

(उत्तरा० अ० १९ गा० २८)

૩૮ જે માણસ કામભોગોના રસનો જાણ છે–અનુભવી છે, તે અબ્રહ્મચર્યનો ત્યાગ કરે અને ઉગ્ર બ્રહ્મચર્ય મહાવ્રતને સ્વીકારે તે ભારે દુષ્કર છે

(३९) अबंभचरियं घोरं, पमायं दुरहिट्ठियं ।
नाऽऽयरन्ति मुणी लोए, भेयाययणवज्जिणो ॥[1]॥

૩૯ સંયમઘાતક દોષોનો ત્યાગ કરનારા મુનિજનો દુનિયામાં રહેતા છતાં, મહાભયંકર, પ્રમાદરૂપ અને દુઃખનું કારણ એવા અબ્રહ્મચર્યને આચરતા નથી

(४०) मूलमेयमहम्मस्स महादोससमुस्सयं ।
तम्हा मेहुणसंसग्गं, निग्गंथा वज्जयंति णं ॥३॥

(दश० अ० ६ गा० १५, १६)

૪૦ નિર્ગ્રંથ જનો અબ્રહ્મચર્યનો–મૈથુનસંસર્ગનો ત્યાગ કરે છે, કારણ કે, 'અબ્રહ્મચર્ય' અધર્મનું મૂળ છે, તેમ જ મોટા મોટા દોષોનું સ્થાન છે

---

૧ સરખાવો હ૦ મિ૦ પ૦ ઉ૦ ૧૧ 'વ્યભિચાર શાસ્ત્રથી વિરુદ્ધ છે એ તો તમે સાંભળ્યું છે. પણ હું કહું છું કે જે કોઈ

(४१) विभूसा इत्थिसंसग्गो, पणीयं रसभोयणं ।
नरस्सऽत्तगवेसिस्स, विसं तालउडं जहा ॥४॥
(दश० अ० ८ गा० ५७)

૪૧. જે મનુષ્ય પોતાના ચિત્તને શુદ્ધ કરવા-પોતાના સ્વરૂપની શોધ કરવા-તત્પર બન્યો છે, તેને માટે, દેહનો શણગાર, ખાતાં જ પ્રાણ જાય એવા તાલપુટ ઝેર જેવો ભયંકર છે; વળી તેને માટે સ્ત્રીઓનો સંસર્ગ પણ એવા જ ઝેર જેવો ભયકર છે; તેમ જ તેને માટે ઉત્તેજક સ્વાદવાળું તથા દૂધ મલાઈ ઘી માખણ અને વિવિધ મિઠાઈ વગેરેથી યુક્ત વિધવિધ ભોજન પણ એવા જ ઝેર જેવુ ભયંકર છે.

(४२) न रूपलावण्णविलासहासं,
न जंपियं इंगिय-पेहियं वा ।
इत्थीण चित्तंसि निवेसइत्ता,
दट्ठुं ववस्से समणे तवस्सी ॥५॥

૪૨. આત્મશોધન માટે શ્રમ કરનાર તપસ્વી [૨]શ્રમણે પોતાના ચિત્તમાં [૩]સ્ત્રીઓને લક્ષ્યમાં રાખીને, તેમનાં રૂપ,

---

કુદૃષ્ટિથી પરસ્ત્રી સામે જુએ છે તેણે પણ પોતાના મન વડે વ્યભિચાર કર્યો જ છે" ઇત્યાદિ

૨ શ્રમણ—જુઓ સત્યસૂત્ર-ટિપ્પણ બીજું **મુનિજન**,

૩ **સ્ત્રીઓને**—આ બ્રહ્મચર્યસૂત્રમાં જે જે સ્થળે 'સ્ત્રીઓ' શબ્દ વપરાયેલ છે અર્થાત્ સ્ત્રીઓને ઉદ્દેશીને જે જે વિધિનિષેધ કરવામા આવેલ છે તે બધા વિધિનિષેધ પુરુષોને ઉદ્દેશીને પણ સમજી લેવાના છેઃ અબ્રહ્મચારી પુરુષોને પણ સંસર્ગ ઝેર જેવો ભયંકર છે. વળી, સ્ત્રીઓ તરફની ભાવનામાં જેમ સુધારો સૂચવેલ છે તેમ પુરુષો તરફની ભાવનામાં પણ સુધારાનું સૂચન સમજવાનુ છે. સ્ત્રીઓ

કાવણ્ય, વિલાસ, હાસ્ય, જલ્પન, ચેનચાળા કે કટાક્ષોને જેવાનો પ્રયાસ કદી ન કરવો

(૪૩) अदसण चेव अपत्थण च,
अचिंतण चेव अकित्तण च ।
इत्थीजणस्साऽऽरियझाणजुग्ग
हियं सया बम्भवए रयाण ॥६॥
(उत्तरा० अ० ३२ गा० १४, १५)

૪૩ સ્ત્રીઓ તરફ રાગ વૃત્તિથી નજર ન કરવી, એ જ ભાવે સ્ત્રીઓનો અભિલાષ ન કરવો, તેમ વિચાર ન કરવો અને તેમનું કીર્તન ન કરવુ—એ બધુ બ્રહ્મચર્ય પાલન માટે તત્પર થએલા મનુષ્યોને સારુ સદા હિતરૂપ છે અને ધર્મધ્યાન સાધવાની યોગ્ય ભૂમિકારૂપ છે

(૪૪) मणपल्हायजणणिं, कामरागविवड्ढणिं ।
बम्भचेररओ भिक्खू, थीकहं तु विवज्जए ॥७॥

તરફની પુરુષની દુર્ભાવના વા પુરુષો તરફની સ્ત્રીઓની દુર્ભાવના એ બન્ને બન્નેના બ્રહ્મચર્યની ઘાતક છે એ સર્વત્ર ધ્યાનમાં રાખવાનું છે અબ્રહ્મચર્ય માટે કેવળ સ્ત્રીઓ જ દોષપાત્ર છે એમ નથી તેમ કેવળ પુરુષો જ દોષપાત્ર છે એમ પણ નથી દુર્ભાવના માત્ર દોષપાત્ર છે પછી તે ગમે તેની હોય એટલે આ અબ્રહ્મચર્ય દોષ માટે કેવળ સ્ત્રીઓને જ વખોડવી બરાબર નથી.

एविन्दियग्गी वि पगामभोइणो,
न वंभयारिस्स हियाय कस्सई ॥१४॥
(उत्तरा० अ० ३२ गा० ११)

૫૧. જેમાં સૂકાં ઇંધણાં એકઠાં કરવામાં આવેલાં છે એવા વનમાં દાવાનળ લાગે અને સાથે સાથે તે જ વખતે જોરદાર પવન ફુંકાવો શરૂ થયો હોય તો પછી, એ દાવાનળ જેમ જલદી ન બુઝાય, એ જ પ્રકારે જે બ્રહ્મચારી ભિક્ષુ ઠાંસી ઠાંસીને ભોજન અને પીણાંનો ઉપયોગ કરે છે, તેનો ઇંદ્રિય દાવાનળ જલદી બુઝાતો નથી પણ ઉલટો વધારે વધે છે, અને તે, તેના હિત માટે નથી. કારણ કે, છેવટે તો એ દાવાનળ તેનાં સંયમ, સાધના વગેરેને બાળીને ખાખ કરી નાખે છે.

(૫૨) विभूस परिवज्जेज्जा, सरीरपरिमंडणं ।
वंभचेररओ भिक्खू, सिंगारत्थं न चारए ॥१५॥

૫૨. માત્ર શરીરની શોભારૂપ શણગારને ભિક્ષુએ તજવો જ ઘટે. બ્રહ્મચર્યપરાયણ ભિક્ષુ એવી કોઈ શોભાને કે આડંબરને કેવળ શણગાર માટે ન ધારે.

(૫૨) सद्दे रूवे य गन्धे य, रसे फासे तहेव य ।
पंचविहे कामगुणे, निच्चसो परिवज्जए ॥१६॥

૫૩. શબ્દ, રૂપ, ગંધ, રસ અને સ્પર્શ—એ પાંચે પ્રકારના કામગુણોને ભિક્ષુ, કેવળ કોઈ વાસનાના વિલાસની દૃષ્ટિએ તો સદા તજી જ દે.

(५४) दुज्जए कामभोगे य, निच्चसो परिवज्जए ।
संकाथाणाणि सव्वाणि, वज्जेज्जा पणिहाणवं ॥१७॥

(उत्तरा० अ० १६ गा० ९, १, १४)

૫૪ વાસનાઓ અને ભોગો ઝટપટ જીતી શકાય એવા નથી, માટે તેમનો સદા ત્યાગ કરે ધ્યાન સમાધિને સાધનારા ભિક્ષુએ પોતાની સાધનામાં વિઘ્ન કરનારાં જે જે ભયસ્થાનો હોય તે તમામનો ત્યાગ કરવો

(५५) कामाणुगिद्धिप्पभवं खु दुक्खं,
सव्वस्स लोगस्स सदेवगस्स ।
जं काइयं माणसियं च किंचि,
तस्सऽन्तगं गच्छइ वीयरागो ॥१८॥

(उत्तरा० अ० ३२ गा० १९)

૫૫. સ્વર્ગમાં ય જે કાંઈ શારીરિક અને માનસિક દુઃખ છે તથા આ નજરે દેખાતા આખા ય સંસારમાં જે કંઈ શારીરિક અને માનસિક દુઃખ છે, તે બધું ય કામભોગોની લાલસામાંથી જ પેદા થયેલ છે, માટે રાગદ્વેષથી પર થયેલો એવો વીતરાગ જ તે દુઃખોનો અંત પામી શકે છે

(५६) देवदाणवगन्धव्वा, जक्खरक्खसकिन्नरा ।
बम्भयारिं नमंसन्ति, दुक्करं जे करेन्ति तं ॥१९॥

૫૬ દુષ્કર બ્રહ્મચર્યની સાધના માટે જેઓ સતત સાવધાન છે એવા બ્રહ્મચારીઓને દેવો, દાનવો, ગાંધર્વો, યક્ષો, રાક્ષસો અને કિન્નરો એ બધા ય નમસ્કાર કરે છે

(५७) एस धम्मे धुवे निच्चे, सासए जिणदेसिए ।
सिद्धा सिज्झन्ति चाणेण, सिज्झिस्सन्ति तहाऽवरे ॥२०॥
(उत्तरा० अ० १६ गा० १६, १७)

૫૭. બ્રહ્મચર્યની સાધનાનો—બ્રહ્મચર્યના સંરક્ષણનો આ ધર્મ શ્રી જિન ભગવાને બતાવેલો છે, અને એ ધર્મ ધ્રુવ છે, નિત્ય છે, શાશ્વત છે. એ ધર્મની સાધનાને લીધે મનુષ્યો સિદ્ધિ પદને પામી ચુકયા છે, પામતા રહે છે અને ભવિષ્યમાં પામશે પણ ખરા.



: ७ :

अपरिग्गह-सुत्तं

(५८) न सो परिग्गहो वुत्तो, नायपुत्तेण ताइणा ।
मुच्छा परिग्गहो वुत्तो, इइ वुत्तं महेसिणा ॥१॥
(दश० अ० ६ गा० २०)

: ૭ :

અપરિગ્રહ-સૂત્ર

૫૮ ભિક્ષુ પોતાના સંયમની સાધના માટે વા તેના નિર્વાહ માટે જે કંઈ ઉપકરણો—સાધનસામગ્રી પોતાની પાસે રાખે છે, તેને દયાળુ એવા જ્ઞાતપુત્ર મહાવીર ભગવાને [1]પરિગ્રહરૂપે કહેલી નથી—ગણેલી નથી પણ એ સામગ્રીમાં રાખવામાં આવતી આસક્તિ—મમતા કે મૂર્છા જ પરિગ્રહરૂપ છે, એવું તે મહર્ષિએ કહેલું છે—જણાવેલું છે.

---

૧. પરિગ્રહ—જુઓ અહિંસાસૂત્ર—ટિપ્પણ ૫ પરિગ્રહધારી.

(५९) धण-धन्न-पसवग्गेसु, परिग्गहविवज्जणं ।
सव्वारंभपरिच्चाओ, निम्ममत्तं सुदुक्करं ॥२॥
(उत्तरा० अ० १९ गा० २९)

૫૯ ધનના, ધાન્યના અને નોકર[2]ચાકરના પરિગ્રહનો ત્યાગ કરવો, તમામ પ્રકારના આરંભ–સમારંભોનો પરિત્યાગ કરવો અને મમતા વગરની વૃત્તિ કેળવવી એ ઘણું દુષ્કર છે

(६०) बिडमुब्भेइमं लोणं, तेल्लं सप्पिं च फाणियं ।
न ते सन्निहिमिच्छंति, नायपुत्तवओरया ॥३॥

૬૦ જે સાધકો જ્ઞાતપુત્ર ભગવાન મહાવીરના વચનોમાં ભારે રુચિ ધરાવનારા છે તેઓ સૈંધવ કે દરિયાઈ મીઠાનો પોતા પાસે સંચય કરવા ઇચ્છતા નથી એ જ રીતે તેલનો, ઘીનો કે ગોળનો પણ તેઓ સંઘરો કરવા ઇચ્છતા નથી

(६१) जं पि वत्थं व पायं वा, कंबलं पायपुंछणं ।
तं पि संजमलज्जट्ठा, धारेंति परिहरन्ति य ॥४॥
(दश० अ० ६ गा० १८, १९)

૬૧ 'ચિત્તશુદ્ધિ' એનું ધ્યેય છે એવા સાધકો, જો કે પોતા પાસે વસ્ત્ર, પાત્ર, કંબલ કે રજોહરણ વગેરે

[2] સરખાવો હ૦ મ૦ ઉ૦ "તમારા ગુલામો વિષે ખબરદાર. તેમને તમે પોતે ખાતા હો તેવું જ ખાવાનું આપજો અને તમે પોતે પહેરતા હો તેવાં જ કપડાં પહેરાવજો. તેમના ગજા ઉપરનું કામ કરવાની તેમને કદી આજ્ઞા ન કરશો અને એવું જ કામ હોય તો વધારો ખમજો કે તે કામ કરવામાં તમે પોતે તેમને મદદ કરો." કલમ ૬ (પૃ૦ ૨૬)

ઉપકરણો રાખે છે, પરંતુ તે કેવળ સંયમના રક્ષણ માટે જ રાખે છે, અને તે ઉપકરણોને કેવળ સંયમના [3]રક્ષણ માટે જ ફેંકી પણ દે છે. અર્થાત્ ઉપકરણોનું હોવું કે ન હોવું-એ માત્ર સંયમના રક્ષણ માટે જ છે-મહત્તા ઉપકરણોની નથી પણ સંયમની છે.

(६२) सव्वत्थुवहिणा वुद्धा, सरक्खण-परिग्गहे ।
अवि अप्पणो वि देहम्मि, नाऽऽयरन्ति ममाइयं ॥५॥

૬૨. જ્ઞાની પુરુષો તમામ પ્રકારની ઉપધિના એટલે વસ્ત્ર, પાત્ર વગેરે સાધન સામગ્રીના સ્વીકારમાં કે તેને સાચવવામાં આસક્તિ-મમતા-રાખતા નથી. જેઓ પોતાના દેહમાં પણ મમતા રાખતા નથી, તેઓ શું આવી નજેવી સાધન સામગ્રીમાં મમતા રાખે ખરા?

(६३) लोहस्सेस अणुप्फासो, मन्ने अन्नयरामवि ।
जे सिया सन्निहीकामे, गिही पव्वइए न से ॥६॥

(दश० अ० ६ गा० २१, १८)

---

૩. રક્ષણ માટે જ—આજે રખાય છે એટલાં ઉપકરણો રાખ્યા વિના મુનિજનો માટે સંયમની સાધના શક્ય નથી એવી શ્વેતાંબર સંપ્રદાયની એકાંગી માન્યતાને અને એક પણ ઉપકરણ હોય તો સાધક જનો માટે સંયમની સાધના શક્ય નથી અર્થાત્ મુનિએ એક પણ ઉપકરણ ન રાખવું જોઈએ-તદ્દન યથાજાત-નગ્ન-જ રહેવું જોઈએ એવી દિગંબર સંપ્રદાયની પણ એકાંગી માન્યતાને આ પદ્ય સ્પષ્ટ પડકારરૂપ છે તથા ઘણા પ્રાચીન સમયમાં અભિનિવેશપરાયણ આવા એ સંપ્રદાયો નહોતા એમ પણ આ પદ્ય સૂચિત કરે છે.

६३ પોતાના સંયમની મર્યાદાનો ભંગ કરીને ગમે તેવી કોઈ પણ વસ્તુનો સંઘરો કરવાનું મન થવું, એ પોતાના ચિત્તમાં ઊંડે ઊંડે રહેલા લોભની જ ઝલક છે એમ હું માનું છું માટે હું એમ કહું છું કે, જેઓ એવો સંઘરો કરવાની વૃત્તિવાળા છે તેઓ પ્રવ્રજ્યામાં પ્રવ્રજિત થએલા નથી, પણ સાંસારિક વૃત્તિઓમાં રાચતા ગૃહસ્થો છે

(६४) चित्तमंतमचित्तं वा, परिगिज्झ किसामवि ।
अन्नं वा अणुजाणाइ एवं दुक्खा ण मुच्चइ ॥७॥
(सूत्र० श्रु० १ अ० १ उ० १ गा० २)

६४ સજીવ કે નિર્જીવ એવી કોઈ પણ ચીજનો પોતે પરિગ્રહ કરીને એ વિશે જે કોઈ, બીજાને પણ તેમ કરવાની સમ્મતિ આપે તો તે, એ રીતે કદી પણ દુઃખથી છૂટો થઈ શકતો નથી સજીવ એટલે મનુષ્ય, પશુ અને પક્ષીઓ વગેરે જીવતાં પ્રાણી નિર્જીવ એટલે ધન, ધાન્ય, સોનું, રૂપું, વાસણ, વાહન, ખેતર વાડી, જમીન, પથારી, કપડાં, રાચરચીલું, ઘર મહેલાત વગેરે આમાંની કોઈ પણ ચીજનો થોડો પણ પરિગ્રહ કરીને અર્થાત એ એ કોઈ પણ ચીજ ઉપર પોતાનો માલિકીનો હક સ્થાપવો અને કોઈ બીજો પણ એ ચીજ ઉપર પોતાનો માલિકી હક સ્થાપે એવી સમ્મતિ આપવી એ બન્ને પ્રકારે દુઃખથી છૂટા થવાતું નથી એમ ભગવાન મહાવીર કહે છે

(६५) जहा दुमस्स पुप्फेसु भमरो आवियइ रसं ।
न य पुप्फं किलामेइ सो य पीणेइ अप्पयं ॥८॥
(दश० अ० १ गा० २)

૬૫. જેમ [4]ભમરો વૃક્ષનાં વિવિધ ફૂલોમાંથી રસ ચૂસે છે અને પોતાની જાતને નભાવે છે છતાં ફૂલોનો વિનાશ કરતો નથી અર્થાત્ ફૂલોને ઓછામાં ઓછી પીડા થાય એમ વર્તે છે તેમ શ્રેયાર્થી મનુષ્યે પણ પોતાની વ્યાવહારિક તમામ

---

૪. **ભમરો**—સરખાવો ધમ્મપદ ચોથો પુષ્પવર્ગ શ્લો૦ ૬:

यथा पि भमरो पुप्फं वण्णगन्धं अहेठय ।
पलेति रसमादाय एव गामे मुनी चरे ॥

મહાભારતમાં જ્યાં દુર્યોધન અને વિદુર વચ્ચે વાતચિત ચાલે ત્યાં પણ આવી જ હકીકત છે.

यथा मधु समादत्ते रक्षन् पुष्पाणि षट्पद ।
तद्वदर्थान् मनुष्येभ्य आदद्यात् अविहिंसया ॥

આ બન્ને પદ્યોનો ભાવાર્થ આ છે જેમ ભમરો ફૂલોને બચાવતો બચાવતો—સાચવી સાચવીને—તેમાંથી રસ—મધ—લે છે તે પ્રમાણે મનુષ્યો પાસેથી ધન, અહિંસાપૂર્વક મેળવવું જોઈએ

શ્રેયાર્થી મનુષ્ય બીજા કોઈ પાસેથી ધન વગેરેને મેળવવા જતાં વા તેના શ્રમનો લાભ લેવા જતાં કેવી રીતે વર્તે ? એની સૂચના આ પદ્યોમાં આપેલી છે. આખાય સંસારમાં સ્વાર્થ વિશેપ ભાગે પ્રધાન છે સ્વાર્થને સાધવા જતાં મનુષ્ય પોતાના સહાયકોના જીવન તરફ એવો બેદરકાર બની જાય છે કે તે તરફ ભાગ્યે જ નજર સરખી પણ કરે છે. વળી મનુષ્યમાત્રમાં સ્વાર્થ લોભ સત્તામદ વગેરે દૂષણો વ્યાપેલાં છે એને લીધે પણ તેને ઉપરની વાત સૂઝતી નથી; તેમ છતાં સ્વ અને પર બન્નેનો બચાવ થાય એવો માર્ગ શ્રેયાર્થીએ આમાંથી કાઢવો જ રહ્યો. જે માર્ગ નીકળી શકે એમ છે અને જે રીતે નીકળી શકે એમ છે તે વાત મહાવીર-વાણીનુ મૂળ પદ્ય અને ધમ્મપદ તથા મહાભારતનું આ પદ્ય સ્પષ્ટ પણે સૂચવે છે

પ્રવૃત્તિઓ કરતા પોતાના સહાયકોમાંથી-પોતાનાં આહારો રૂપ વિવિધ આલંબનોમાંથી એવી રીતે લાભ ઉઠાવવો ઘટે અને પોતાની જાતને એવી રીતે નભાવવી ઘટે જેથી એ પોતાનાં સહાયક રૂપ આલંબનોનો વિનાશ ન થઈ જાય-તેમની આજીવિકા જ ન છિનવાઈ જાય-તેઓ સમૂળગા ચૂસાઈ જઈ વિનાશ ન પામે, એ રીતે ધ્યાન રાખીને તેમને ઓછામાં ઓછી પીડા ક્લેશ વા તકલીફ થાય એમ વર્તવું ઘટે



८

अराइभोयण-सुत्तं

(६६) अत्थगयम्मि आइच्चे, पुरत्था य अणुग्गए ।
आहारमाइयं सव्वं, मणसा वि न पत्थए ॥१॥
(दश० अ० ८ गा० २८)

૮

અરાત્રીભોજન-સૂત્ર

૬૬ સૂર્ય આથમી ગયા પછી અને સૂર્ય ઊગ્યો ન હોય તે પહેલાં આહાર પાણી વગેરેને લગતી બધી પ્રવૃત્તિને એટલે ખાવા-પીવાની તમામ પ્રવૃત્તિને મનથી પણ ન ઇચ્છવી જોઈએ.

(६७) संतिमे सुहुमा पाणा, तसा अदुव थावरा ।
जाइं राओ अपासंतो कहमेसणियं चरे ॥२॥

૬૭ આ ત્રસ પ્રાણો અથવા આ સ્થાવર પ્રાણો એવાં

સૂક્ષ્મ છે કે જેમને રાત્રીએ જોઈ શકાતાં નથી. [1]આવી સ્થિતિમાં રાત્રીએ નિર્દોષ ભિક્ષા માટે કેમ કરીને ફરી શકાય? તો પછી રાત્રે ભોજન પણ કેમ કરીને લઈ શકાય?

(६८) उदउल्लं वीयसंसत्तं, पाणा निव्वडिया महिं ।
दिया ताइं विवज्जेज्जा, राओ तत्थ कहं चरे ? ॥३॥

૬૮. જમીન ઉપર પાણીની ભિનાશ હોય, જ્યાં ત્યાં બીઆં વેરાએલાં પડ્યાં હોય અને એ રીતે જમીન ઉપર જ્યાં ત્યાં કીડી, મંકોડી, વગેરે પ્રાણો ફરતાં હોય-એવી પરિસ્થિતિમાં દિવસે પણ હરી ફરી ન શકાય. તો રાત્રે તો એવે સ્થળે ભિક્ષા માટે કેમ કરીને ચાલી શકાય?

(६९) एयं च दोसं दट्ठूणं नायपुत्तेण भासियं ।
सव्वाहारं न भुंजति, निग्गंथा राइभोयणं ॥४॥
(दश० अ० ६ गा० २३, २४, २५)

૬૯. આ દોષોને જોઈને ભગવાન [2]જ્ઞાતપુત્રે કહેલું છે કે, નિર્ગ્રંથ મુનિઓ રાત્રીએ તમામ પ્રકારના આહારનો ત્યાગ જ કરે-રાત્રિભોજન ન જ કરે.

---

૧. **આવી સ્થિતિમાં** જુઓ સત્યસૂત્ર-ટિપ્પણ બીજું **મુનિજન**

સંયમપ્રધાન વૃત્તિવાળો ગૃહસ્થ પણ આવી પરિસ્થિતિમાં ખાનપાન શી રીતે લઈ શકે? એવો અર્થ પણ અહીં સમજી લેવાનો છે.

૨. **જ્ઞાતપુત્ર**—ભગવાન મહાવીરના વંશનું નામ 'જ્ઞાત' હતું. તેથી તેઓ માટે જ્ઞાતપુત્ર, જ્ઞાતનંદન વગેરે નામો પણ વપરાય છે. બૌદ્ધપિટક ગ્રંથોમાં તો તેમની પ્રસિદ્ધિ दीघतपस्सी निग्गंठो नातपुत्तो એ રીતે જ છે.

(७०) चउव्विहे वि आहारे, राइभोयणवज्जणा ।
सन्निही-सचओ चेव, वजेयव्वो सुदुक्कर ॥५॥
(उत्तरा० अ० १९ गा० ३०)

૭૦ રાત્રે અશન, પાન, ખાદિમ અને સ્વાદિમ એ ચારે પ્રકારના આહારને છોડી દેવો અર્થાત રાત્રીભોજનનો ત્યાગ કરવો તથા ખાવા પીવા વગેરેની કોઈ પણ વસ્તુઓને પોતાની પાસે રાખી ન મૂકવી અથવા તેવી વસ્તુઓનો પોતાની પાસે સંઘરો ન કરી રાખવો એ બધું ભારે દુષ્કર છે

(७१) पाणिवह-मुसावाया ऽदत्त-मेहुण-परिग्गहा विरओ ।
राईभोयणविरओ, जीवो भवइ अणासवो ॥६॥
(उत्तरा० अ० ३० गा० २)

૭૧ હિંસા, અસત્ય, ચોરી, અબ્રહ્મચર્ય અને પરિગ્રહ, આ [૩]પાંચે પાપમય પ્રવૃત્તિઓથી અટકી ગએલો અને રાત્રી ભોજનની પ્રવૃત્તિથી પણ વિરામ પામેલો જીવ, આસ્રવ વગરનો હોય છે—નિર્દોષ હોય છે



---

૩ આ પાંચે પાપમય—આ પાંચે કુપ્રવૃત્તિઓ એક બીજા સાથે એવી સંકળાયેલી છે કે એમાંની ગમે તે એકને કરવા જતાં એ પાંચે સાથે જ આવી જવાની એવો એ પાંચેનો પરસ્પર સંબંધ છે એથી ઉલટી પાંચ સત્પ્રવૃત્તિઓ એટલે અહિંસા સત્ય અસ્તેય બ્રહ્મચર્ય અને અપરિગ્રહ એ પાંચે પણ પરસ્પર એવી જ સંકળાયેલી છે એટલે તેમાંથી ગમે તે એકની આરાધના કરનારે એ પાંચેને આરાધવી પડે તો જ એ આરાધના કલ્યાણકારી બને. એકની આરાધના કરે અને બીજાને પડતી મૂકે તો જીવનશુદ્ધિનો સંભવ નથી જ એ ધ્યાનમાં રાખવાનું છે

: ९ :

विणय-सुत्तं

(७२) मूलाओ खंधप्पभवो दुमस्स,
खंधाउ पच्छा समुवेन्ति साहा ।
साहा-प्पयाहा विरुहन्ति पत्ता,
तओ सि पुप्फं च फलं रसो अ ॥१॥

: ૯ :

વિનય-સૂત્ર

૭૨. વૃક્ષના મૂળમાંથી થડ ઉગે છે, થડમાંથી પછી જુદી જુદી શાખાઓ ઉગે છે, એ શાખાઓમાંથી બીજી નાની નાની ડાળો ફૂટે છે, એ ડાળો ઉપર પાંદડાં ઉગે છે, પછી તેને ફૂલ આવે છે, ફળ લાગે છે અને ત્યાર બાદ તે ફળોમાં રસ જામે છે.

(७३) एवं धम्मस्स विणओ, मूलं परमो से मोक्खो ।
जेण कित्तिं सुयं सिग्घं, निस्सेसं चाभिगच्छइ ॥२॥
(दश० अ० ९ उ० २ गा० १, २)

૭૩. એ જ પ્રકારે ધર્મરૂપ વૃક્ષનું મૂળ વિનય છે અને મોક્ષ તે મૂળમાંથી પ્રગટ થતો ઉત્તમોત્તમ રસ છે. વિનયથી જ મનુષ્ય કીર્તિ, વિદ્યા, શ્લાઘા-પ્રશંસા અને કલ્યાણમંગળને શીઘ્ર મેળવે છે.

(७४) अह पचहिं ठाणेहिं, जेहिं सिक्खा न लब्भई ।
थम्भा कोहा पमाएण, रोगेणाऽऽलस्सएण य ॥३॥
(उत्तरा अ० ११ गा० ३)

૭૪ જે પાંચ કારણોને લીધે મનુષ્ય સાચી વિદ્યા મેળવી શકતો નથી તે આ છે

અભિમાનને લીધે, ક્રોધને લીધે, બેદરકારી અથવા વિષયો તરફના પોતાના વલણને લીધે, કોઢ જેવા ભયંકર રોગો થવાને લીધે અને આળસને લીધે મનુષ્ય સાચી વિદ્યા મેળવી શકતો નથી

(७५-७६) अह अट्ठहिं ठाणेहिं, सिक्खासीलि त्ति वुच्चइ ।
अहस्सिरे सयादन्ते, न य मम्ममुदाहरे ॥४॥
नासीले न विसीले वि, न सिया अइलोलुए ।
अकोहणे सच्चरए, सिक्खासीलि त्ति वुच्चइ ॥ ॥
(उत्तरा० अ० ११ गा० ४, ५)

૭૫-૭૬ જે આઠ કારણોને લીધે મનુષ્ય 'શિક્ષાશીલ કહેવાય છે તે આ છે —

૧ તે વારંવાર હસનારો ન હોય, ૨ નિરંતર ઇંદ્રિયોને કાબૂમાં રાખનારો હોય, ૩ બીજાના મર્મો ભેદાય એવાં વચન બોલનારો ન હોય, ૪ શીલ વિનાનો ન હોય એટલે કે સુશીલ હોય, ૫ શીલ વારંવાર બદલાયા કરે એટલે કે આચાર કેક ક્ષણ ચમત્કારનો હોય એવો પણ ન હોય, ૬ અત્યંત લોલુપ ન હોય, ૭ અક્રોધી-શાન્તવૃત્તિનો હોય, ૮ સત્ય પરાયણ હોય—આવા ગુણોવાળો મનુષ્ય શિક્ષાશીલ' કહેવાય છે

(७७) आणानिद्दसकरे, गुरूणमुववायकारए ।
इंगियागारसंपन्ने से विणीए त्ति वुच्चई ॥६॥
(उत्तरा० अ० १ गा० २)

૭૭. જે મનુષ્ય ગુરુજનની આજ્ઞા પ્રમાણે વર્તતો હોય, ગુરુજનની દેખરેખમાં રહેતો હોય-ગુરુકુળવાસી હોય, ગુરુજનનાં ઇંગિતોને એટલે સંકેતોને બરાબર સારી રીતે સમજતો હોય તથા કાર્ય પ્રસંગે કરવામાં આવતા તેમના (ગુરુજનના) શારીરિક કે મૌખિક આકારોને બરાબર સારી રીતે સમજી લેતો હોય તે મનુષ્ય વિનીત-વિનય સંપન્ન-કહેવાય છે.

(७८-८१) अह पन्नरसहिं ठाणेहिं, सुविणीए त्ति वुच्चई ।
नीयावत्ती अचवले, अमाई अकुऊहले ॥७॥
अप्पं च अहिक्खिवई, पवन्धं च न कुव्वई ।
मेत्तिज्जमाणो भयई, सुयं लद्धुं न मज्जई ॥८॥
न य पावपरिक्खेवी, न य मित्तेसु कुप्पई ।
अप्पियस्साऽवि मित्तस्स, रहे कल्लाण भासई ॥९॥
कलहडमरवज्जिए, बुद्धे अभिजाइए ।
हिरिमं पडिसंलीणे, सुविणीए त्ति वुच्चई ॥१०॥
(उत्तरा० अ० ११ गा० १०,११,१२,१३)

૭૮-૮૧. આ પંદર કારણોને લીધે મનુષ્ય સુવિનીત-વધારે સારી રીતે વિનયવાળો ગણાય છે.

પહેલું નમ્ર હોય એટલે ઉદ્ધત ન હોય, બીજું અચપળ હોય, ત્રીજુ શઠતા-લુચ્ચાઈ-કપટ વિનાનો હોય એટલે કે

સરળ હોય, ચોથું કુતૂહલી ન હોય એટલે ગંભીર હોય, પાંચમું કોઈનું અપમાન ભાગ્યે જ કરતો હોય, છઠ્ઠું જેને ક્રોધ આવ્યા પછી વધારે વખત ન ટકતો હોય અર્થાત્ જે જલદી શાંત થઈ જતો હોય, સાતમું પોતા તરફ મિત્રભાવે વર્તનારા સાથે પૂરા સદ્ભાવથી વર્તતો હોય, આઠમું વિદ્યા મેળવીને અભિમાન ન કરતો હોય, નવમું કોઈના દોષોને બોલ બોલ ન કરતો હોય વા દોષગ્રાહી ન હોય, દસમું મિત્રો તરફ ક્રોધ ન કરતો હોય, અગિયારમું પોતાને ન ગમતા અપ્રિય મિત્રનું પણ તેની પાછવાડે સારું જ બોલતો હોય અર્થાત્ અપ્રિય મિત્રની પણ તેની પાછળ નિંદા ન કરતો હોય, બારમું ઝગડો કે ટંટો ન કરતો હોય, તેરમું બુદ્ધિવાળો હોય-સમજદાર હોય, ચૌદમું અભિજાત-ખાનદાન-હોય, અને પંદરમું આંખની શરમ રાખનારો હોય અને સ્થિર વૃત્તિનો હોય આવા મનુષ્યને સુવિનીત કહેવાય છે

(८२) आणा-निद्देसऽकरे, गुरूणमणुववायकारए ।
पडणीए असंबुद्धे, अविणीए त्ति वुच्चइ ॥११॥
(उत्तरा० अ० १ गा० ३)

૮૨ જે મનુષ્ય ગુરુજનની આજ્ઞા પ્રમાણે વર્તતો ન હોય, ગુરુજનની દેખરેખમાં ન રહેતો હોય-સ્વચ્છંદી હોય, ગુરુજનનો વિરોધી હોય, બેવકૂફ-હોય-સમજ વગરનો હોય તે અવિનીત-વિનય વિનાનો કહેવાય છે

(८३-८५) अभिक्खणं कोही हवइ, पबन्धं च पकुव्वई ।
मेत्तिज्जमाणो वमइ, सुयं लद्धूण मज्जइ ॥१२॥

अवि पावपरिक्खेवी, अवि मित्तेसु कुप्पई ।
सुप्पियस्साऽवि मित्तस्स, रहे भासइ पावगं ॥१३॥

पइण्णवादी दुहिले, थद्धे लुद्धे अणिग्गहे ।
असंविभागी अचियत्ते, अविणीए त्ति वुच्चई ॥१४॥

(उत्तरा० अ० ११ गा० ७, ८, ९)

૮૩–૮૫. જે મનુષ્ય વારંવાર ક્રોધ કરતો હોય, જેનો ક્રોધ જલદી શાંત ન થતો હોય, જે પોતાના મિત્રો તરફ કોપ કરતો હોય, પોતાના સુપ્રિય મિત્રનું પણ પછવાડે ભૂંડું બોલતો હોય, જે બકવાદી હોય-જેમ ફાવે તેમ બોલ બોલ કરતો હોય, દ્રોહી હોય એટલે પોતાના ઉપકારીઓનો પણ દ્રોહ કરતો હોય, અભિમાની-અક્કડ હોય, લાલચુડો હોય, સંયમ વગરનો હોય, પોતે મેળવેલી કોઈ પણ વસ્તુને એટલે અન્ન, પાન, વસ્ત્ર, પાત્ર વગેરે વસ્તુઓને પોતાના સાધર્મિકોને ભાગે પડતી ન આપે અને પોતે એકલો જ રાખે-ભોગવે-એવો હોય અર્થાત વહેંચીને ખાનારો ન હોય અને અપ્રિય લાગે તેવા સ્વભાવવાળો હોય તે અવિનીત-વિનય વગરનો ગણાય છે.

(૮૬) जस्सन्तिए धम्मपयाइं सिक्खे,
तस्सन्तिए वेणइयं पउंजे ।
सक्कारए सिरसा पंजलीओ,
काय-ग्गिरा भो ! मणसा य निच्चं ॥१५॥

૮૬. જેમની પાસેથી ધર્મનાં પદો એટલે ધર્મનાં વચનોને શીખે તેમની પાસે વિનયથી વર્તવું જોઈએ, તેમનો

સત્કાર કરવો જોઈએ, તેમને માથું નમાવીને અને હાથ જોડીને પ્રણામ કરવા જોઈએ, તથા હંમેશા શરીર વડે, વચન વડે, અને મન વડે પોતાને ધર્મશાસ્ત્ર શીખવનાર ગુરુનો હરેક પ્રકારે વિનય કરવો જોઈએ

(८७) थंभा व कोहा व मय-प्पमाया,
गुरुस्सगासे विणयं न सिक्खे ।
सो चेव उ तस्स अभूइभावो,
फलं व कीयस्स वहाय होइ ॥१६॥
(दश० अ० ९ उ० १ गा० १२, १)

૮૭ અભિમાનને લીધે, ક્રોધને લીધે, મદ કે પ્રમાદને લીધે જે શિષ્ય યા વિદ્યાર્થી ગુરુનો [1]વિનય ન કરે-ગુરુની પાસે વિનયથી ન વર્તે, તો જેમ વાંસડાનું ફળ વાંસડાના વિનાશનું કારણ બને છે, તેમ તેનું એ અવિનયી વર્તન જ તેના પોતાના વિનાશનું કારણ બને છે

---

[1] વિનય ન કરે—સરખાવો ધમ્મપદ બારમો આત્મવર્ગ શ્લો० ८

यो सासनं अरहतं अरियानं धम्मजीविनं ।
पटिक्कोसति दुम्मेधो दिट्ठिं निस्साय पापिकं ॥
फलानि कट्ठकस्सेव अत्तघञ्ञाय फल्लति ॥

જે દુર્બુદ્ધિ મનુષ્ય પાપમય દૃષ્ટિ રાખીને ધર્મજીવી આર્ય એવા અરહંતના શાસન ઉપર આક્રોશ કરે અર્થાત્ એવા સન્તનું ભૂંડું બોલે તે, વાંસના ફળની પેઠે પોતાના આત્મઘાતને પામે છે-પોતે જાતે પોતાના વિનાશને નોતરે છે

(८८) विवत्ती अविणीयस्स संपत्ती विणीयस्स य ।
जस्सेयं दुहओ नायं, सिक्खं से अभिगच्छइ ॥१७॥
(दश० अ० ९ उ० २ गा० २१)

૮૮. અવિનયી વિપત્તિ પામે છે અને વિનયી સંપત્તિ પામે છે. આ બે વાતને જેણે બરાબર જાણી લીધી છે તે, શિક્ષાને–વિદ્યાને–મેળવી શકે છે.



: १० :

चाउरंगिज्ज–सुत्तं

(८९) चत्तारि परमंगाणि, दुल्लहाणीह जन्तुणो ।
माणुसत्तं सुई सद्धा संजमम्मि य वीरियं ॥१॥

: ૧૦ :

ચાતુરંગીય–સૂત્ર

૮૯. સંસારમાં પ્રાણી માત્રને આ ચાર ઉત્તમ અંગો મળવાં ઘણાં જ દુર્લભ છે: એક તો મનુષ્યપણું–મનુષ્યનો અવતાર, બીજું શ્રુતિ–સારાં સારાં વચનોનું શ્રવણ, ત્રીજું તે તે સાંભળેલાં સારાં સારાં વચનોમાં શ્રદ્ધા થવી અને ચોથું થયેલી શ્રદ્ધા અનુસારે સંયમની પ્રવૃત્તિમાં પુરુષાર્થ કરવો–શક્તિનો ઉપયોગ કરવો.

(९०) एगया खत्तिओ होइ, तओ चंडाल-वुक्कस ।
तओ कीड-पयंगो य, तओ कुन्थु-पिवीलिया ॥२॥

૯૦ પ્રાણી કોઇકવાર ક્ષત્રિયનો અવતાર પામે છે તો કોઈકવાર ચાડાલનો અને કોઈકવાર વર્ણુસંકરનો વળી, કોઈકવાર કીડો થાય છે, કોઈકવાર પતંગીયું થાય છે તો કોઈકવાર કંથવો થાય છે અને કોઈકવાર કીડી થાય છે

(९१) एवमावट्टजोणीसु पाणिणो कम्मकिब्बिसा ।
न निव्विज्जन्ति ससारे, सव्वट्ठेसु व खत्तिया ॥५॥

૯૧ પાપકર્મ કરનારા પ્રાણીઓ એ પ્રકારે ફરતી ફરતી-જુદી જુદી-યોનિયોમાં જન્મ લીધા કરે છે, છતાં ય જેમ ક્ષત્રિયો મોટા મોટા યુદ્ધો કરવાની ઘણી મહેનત કરી અને પછી તમામ ધણું મળી ગયા પછી પણ ફરીને એવી ઘોર મહેનત કરતા કંટાળતા નથી, તેમ તે પ્રાણીઓ આવા જુદા જુદા અવતારો મેળવીને સંસારથી કંટાળતા નથી, અર્થાત્ ક્ષત્રિયોની જેમ ઉલટા રાજી થાય છે

(९२) कम्मसगेहिं सम्मूढा, दुक्खिया बहुवेयणा ।
अमाणुसासु जोणीसु विणिहम्मन्ति पाणिणो ॥४॥

૯૨.પાપીઓની સોબતને લીધે એટલે વારંવાર પાપમય પ્રવૃત્તિ કર્યા કરવાથી વિશેષ મૂઢ થયેલા, દુઃખી અને ઘણી વેદનાઓને ભોગવતા પ્રાણીઓ, મનુષ્ય સિવાયની બીજી વિવિધ યોનિઓમાં જન્મી જન્મીને વારંવાર હણાયા કરે છે-માર ખાધા કરે છે

(९३) कम्माणं तु पहाणाए, आणुपुव्वी कयाइ उ ।
जीवा सोहिमणुप्पत्ता, आययन्ति मणुस्सयं ॥७॥

૯૬ કદાચ ધર્મમાર્ગના શ્રવણનો પ્રસંગ સાંપડ્યો અને તેમાં શ્રદ્ધા પણ બેઠી તેમ છતાં ય તે પ્રમાણે વર્તવા માટે યોગ્ય પુરુષાર્થ કરવાનું વળી ભારે દુર્ઘટ બને છે ઘણા લોકો એવા હોય છે કે જેઓ 'ધર્મમાર્ગમાં પોતે શ્રદ્ધા તો રાખે છે' એમ કહેતા હોય છે, પણ તે પ્રમાણે વર્તી શકતા નથી અર્થાત્ શ્રદ્ધા થયા પછી તે પ્રમાણે પુરુષાર્થ કરવો ઘણો દુર્લભ બને છે

(९७) माणुसत्तम्मि आयाओ, जो धम्मं सोच्च सद्दहे ।
तवस्सी वीरियं लद्धुं, संवुडे निद्धुणे रयं ॥११॥

૯૭ મનુષ્ય જન્મમાં આવેલો એટલે ખરેખર મનુષ્ય થયેલો તેને જ સમજવો કે જે, ધર્મવચનોને સાંભળે, પછી તેમાં વિશ્વાસ રાખે, પછી તે પ્રમાણે તપસ્વી બની સંવરવાળો થઈ પોતા ઉપર લાગેલા પાપમળને ખંખેરી નાખવાનો પુરુષાર્થ કરે

(९८) सोही उज्जुयभूयस्स धम्मो सुद्धस्स चिट्ठई ।
निव्वाणं परमं जाइ, घयसित्ते व्व पावए ॥१२॥

૯૮ સરળ મનુષ્ય શુદ્ધિ મેળવી શકે છે અને મનુષ્ય શુદ્ધ હોય તેના ચિત્તમાં ધર્મ ટકી શકે છે જેમ ઘી છંટાએલો અગ્નિ તદ્દન શાંત થાય છે તેમ તેવો ધર્મમય મનુષ્ય વિશેષ પ્રકાશમાન થઈ ઉત્તમ નિર્વાણને-પરમ શાંતિને પામે છે

(९९) विगिंच कम्मुणो हेउं, जसं संचिणु खन्तिए ।
सरीरं पाढवं हिच्चा, उड्ढं पक्कमई दिसं ॥११॥

૯૯. પાપકર્મોના હેતુને અર્થાત્ આસક્તિને છેદી નાખે, ક્ષમા-સરળતા વગેરે ગુણો મેળવીને અતિશય જશ પ્રાપ્ત કરે; આ રીતે કરનારો મનુષ્ય આ પાર્થિવ શરીરને છોડીને ઊંચી દિશા તરફ પ્રયાણ કરે છે.

(१००) चउरंगं दुल्लहं मत्ता, संजमं पडिवज्जिया ।
तवसा धुयकम्मंसे, सिद्धे हवइ सासए ॥१२॥
(उत्तरा० अ० ३ गा० १, ४-१३, २०)

૧૦૦. ઉપર કહ્યાં પ્રમાણેનાં એ ચાર અંગોને દુર્લભ માનીને તે અંગો પામ્યા પછી, મનુષ્યે સંયમ માર્ગને સ્વીકારવો જોઈએ. તપ દ્વારા કર્મોને ખંખેરી નાખનારો મનુષ્ય શાશ્વત સિદ્ધ થાય છે.



: ११ :

अप्पमाय-सुत्तं

(१०१) असंखयं जीविय मा पमायए,
जरोवणीयस्स हु नत्थि ताणं ।
एवं विजाणाहि जणे पमत्ते,
कं नु विहिंसा अजया गहिन्ति ? ॥१॥

૧૧

અપ્રમાદ-સૂત્ર

૧૦૧ જીવન તૂટ્યા પછી તેનો સંસ્કાર થઈ શકતો નથી અર્થાત્ તૂટવાની અણી પર આવેલું જીવન સંધાતું નથી, માટે એ બાબત પ્રમાદ ન કરો, વૃદ્ધાવસ્થા આવી પહોંચ્યા પછી તેનાથી બચાવ થઈ શકતો નથી જેઓ સંયમ વગરના છે અને વિવિધ રીતે હિંસા કરનારા છે, તેઓ અંત સમયે કોને શરણે જવાના? પ્રમાદી માણસે આ બધું બરાબર સારી રીતે જાણી લેવું જોઈએ

(૧૦૨) जे पावकम्मेहि धणं मणुस्सा,
समाययन्ती अमयं गहाय ।
पहाय ते पासपयट्टिए नरे,
वेराणुबद्धा नरयं उवेन्ति ॥२॥

૧૦૨ પાપકર્મો દ્વારા એટલે છળકપટ કરીને, છેતરીને, ભેળસેળ કરીને અને આવી બીજી અનેક નહિ કરવા જેવી પ્રવૃત્તિઓ કરીને, જે મનુષ્યો અમૃતની પેઠે ધનને સમજીને પેદા કરે છે–કમાય છે–ભેગું કરે છે, તેઓ ફાંસામાં બંધાએલા હોઈ એટલે રાગદ્વેષ, તૃષ્ણા વગેરે રૂપે ફાંસામાં પડેલા હોઈ છેવટે ધનને છોડીને ચાલી નીકળે છે એવા મનુષ્યો કેટલાયે સમાજમાં વેર બાંધીને અંતે તે નરકગતિને પામે છે

(१०३) वित्तेण ताणं न लभे पमत्ते,
इमम्मि लोए अदुवा परत्था ।
दीवप्पणट्ठे व अणंतमोहे,
नेयाउयं दट्ठुमदट्ठुमेव ॥३॥

૧૦૩. આ રીતે ધનને ભેગું કરનાર પ્રમાદી મનુષ્ય આ લોકમાં અથવા પરલોકમાં ધન વડે પોતાનો બચાવ કરી શકતો[1] નથી. જેમ દીવો હોય ત્યારે બધું પ્રકાશમાન થયેલું દેખાય છે, અને દીવો બુઝાતાં પ્રકાશમાન થયેલું પણ કશું જ દેખાતું નથી, તેમ એવા અનંત મોહવાળા પ્રાણીનો વિવેકદીપક બુઝાતાં તે, પ્રકાશિત–દેખાએલા–ન્યાય માર્ગને પણ જાણે અપ્રકાશિત–અણદેખાએલો–સમજીને ચાલે છે અર્થાત્ એવો મોહી પ્રાણી, ન્યાયમાર્ગ તરફ આંખ આડા કાન કરીને જ કેમ જાણે વર્તતો હોય?

(१०४) तेणे जहा सन्धिमुहे गहीए,
सकम्मुणा किच्चइ पावकारी ।
एवं पया पेच्च इहं च लोए,
कडाण कम्माण न मुक्ख अत्थि ॥४॥

૧૦૪. જેમ ચોર ખાતર પાડવાની જગ્યાએ જ પકડાઈ જઈ પોતાના જ કર્મ વડે પાપકારી થઈને કપાય છે, એ જ રીતે, આ પ્રજા પોતાના જ પાપ વડે પકડાઈ જઈ આ લોકમ

---

૧. સરખાવો બ્રિ૦ પ્રિ૦ પ૦ ઉ૦ ૫ "ભાઈઓ, તમને તમારે પૈસો શાંતિ નહિ આપી શકે; એનું તમે બળ ન માનશો."

અને પરલોકમાં ય કપાયા કરે છે-દુઃખ પામ્યા કરે છે જે જે પાપકર્મો કર્યાં હોય તેના દુષ્પરિણામો ભોગવ્યા સિવાય કોઈનો ય છુટકારો નથી જ

(१०५) संसारमावन्न परस्स अट्ठा,
साहारणं जं च करेइ कम्मं ।
कम्मस्स ते तस्स उ वेयकाले,
न बंधवा बंधवयं उवेन्ति ॥५॥

૧૦૫ સંસારમાં રહેનારો મનુષ્ય સાધારણ રીતે તો, પોતાના કુટુંબ કબીલા વગેરે માટે નઠારામાં નઠારાં કાર્યો કરે છે, પરંતુ જ્યારે તે કર્મોનાં દુષ્પરિણામો આવીને ખડાં થાય અને તેમને ભોગવવાનો સમય આવી પહોંચે છે, ત્યારે એ ભોગવવાને વખતે કોઈ બંધુ પોતાની બંધુતાને દાખવતો નથી અર્થાત્ એ ભોગવવામાં કોઈ સ્વજન પોતાનો ભાગ માગતો નથી-પ્રત્યક્ષ થતાં એ દુષ્પરિણામોને કોઈ સ્વજન પોતે જાતે ઘોડે ઘણું અંશે પણ ઉપાડી લેવા તૈયાર નથી

(१०६) सुत्तेसु यावी पडिबुद्धजीवी,
न वीससे पंडिए आसुपन्ने ।
घोरा मुहुत्ता अबलं सरीरं,
भारंडपक्खी व चरऽप्पमत्ते ॥६॥

૧૦૬ જે મનુષ્ય [२]આશુપ્રજ્ઞ-પંડિત-વિવેકી છે તેને

---

२ આશુપ્રજ્ઞ પંડિત—સરખાવો પ્રકરણ બીજું અપ્રમાદ-નયં શ્લો० ૯ -

અપંડિત–અવિવેકી એટલે મોહ નિદ્રામાં સુતા રહેતા મનુષ્યો વચ્ચે પણ રહેવાનો પ્રસંગ આવે છે, તે વખતે પંડિત પુરુષે બરાબર સાવધાન રહેવું જોઈએ–તે અવિવેકીઓનો જરા પણ વિશ્વાસ ન કરવો જોઈએ. 'કાળ ભયંકર છે અને શરીર દુર્બળ છે' એમ સમજીને તેવે પ્રસંગે પંડિત પુરુષે [૩]ભારુંડપક્ષીની પેઠે બરાબર સાવધાન રહીને વર્તવું જોઈએ.

(१०७) चरे पयाइं परिसंकमाणो,
जं किंचि पासं इह मण्णमाणो ।
लाभन्तरे जीवियं वुहइत्ता,
पच्छा परिन्नाय मलावधंसी ॥७॥

अप्पमत्तो पमत्तेसु, सुत्तेसु वहु जागरो ।

અર્થાત્ પ્રમાદીઓની–પ્રેયાર્થીઓની–સાથે રહેવાનો પ્રસંગ આવે તો ત્યાં અપ્રમત્ત રહેવું અને સૂતેલાઓની–અજ્ઞાનીઓની–સાથે રહેવાનો જોગ થઈ જાય તો તેઓની સાથે વિશેષ જાગતા રહેવું.

૩. **ભારુંડ પક્ષી**—જૈન સૂત્રોમાં ભારુંડ કે ભારંડ નામના પક્ષીનો ઉલ્લેખ જ્યાં અપ્રમત્તતા એટલે સતત સાવધાનતા દર્શાવવી હોય ત્યાં વારંવાર આવે છે કલ્પસૂત્રમાં ભગવાન મહાવીરના શ્રમણજીવનનુ વર્ણન કરતાં કહેવામાં આવ્યું છે કે भारुडपक्खी इव अप्पमत्ते અર્થાત્ શ્રી વર્ધમાન, શ્રમણ થયા પછી ભારુંડ પક્ષીની પેઠે અપ્રમત્ત–સતત સાવધાન–રહેતા.

આશરે છટ્ઠા સૈકામાં રચાએલા વસુદેવહિંડી નામના ગ્રંથમાં (પૃ૦ ૨૪૯) ભારુંડ નામના પક્ષીનો ઉલ્લેખ મળે છે. પણ ત્યાં તેના શરીરના આકાર વિશે કશી નોંધ મળતી નથી. ત્યાં તો માત્ર એટલું લખેલું છે કે "એ પક્ષીઓ રત્નદ્વીપ નામના દ્વીપમાંથી આવે છે. महासरीरा એટલે તેઓ મોટા શરીરવાળા હોય છે, તેઓ વાઘ તથા

૧૦૭ આ જગતમા જે કોઈ ધન, સ્ત્રી, પુત્ર વા બીજી જે કાંઈ સુખની સાધન સામગ્રી છે, તે તમામને એક ફાંસા જેવી માનીને તેના તરફ ફૂંકી ફૂંકીને ડગ ભરવા ઘટે અર્થાત્

રીછ વગેરેનું માંસ ખાય છે ”

વસુદેવહિંડીમાં જે કથા આવે છે તેનો ટૂંક સાર આ છે

“ કોઈ એક વેપારીનો કાફલો પોતાનો માલ વેચવા નવો માલ ખરીદવા અને તે રીતે ધન કમાવા પ્રયાસ કરતો કરતો અજપથ નામના દેશમાં આવ્યો (અજપથ એટલે જે દેશમાં બકરાઓ ઉપર ચડીને પ્રવાસ કરી શકાય તે દેશ, એ દેશમાં બકરાંઓની આંખ પાટા બાંધીને તેમના ઉપર સવારી કરવામાં આવે છે) અજપથ પહોંચી તે કાફલો વજ્ર કોટિસંસ્થિત નામના પર્વતને ઓળંગી ગયો ત્યાં આવતાં સખત ટાઢને લીધે બકરાં થીજી ગયાં તેમની આંખો ઉઘાડી નાખવામાં આવી

પછી તો જેમના ઉપર સવારી કરીને અહીં સુધી પહોંચ્યા તે બકરાંઓને મારી નાખીને તેમનાં ચામડાંની મોટી મોટી મસેાે બનાવવામાં આવે છે અને આ પર્વતથી રત્નદ્વીપ જવા માટે પ્રવાસીઓ ફરી સાથ ચામડાની એ મોટી મોટી મસોમાં બેસી જાય છે મસાને અંદરથી બંધ કરી દેવામાં આવે છે

આ પર્વતમાં ચરવા માટે રત્નદ્વીપમાંથી ભારુંડ પંખીઓ આવે છે અને તેઓ આ મસાને માંસનો મોટો પિંડ-લોચો સમજીને ઉપાડીને રત્નદ્વીપ લઈ જાય છે ભારુંડ પક્ષી મસાને જેવા નીચે મૂકે કે તરત જ અંદર બેઠેલો માણસ છરી વડે મસાને કાપી નાખીને બહાર નીકળી પડે છે પછી રત્નદ્વીપમાંથી રત્નોનો સંગ્રહ કરી ફરી પાછો મસામાં ભરાઈ જાય છે અને એ જ રીતે ભારુંડ પક્ષીઓ વળી પ્રવાસીને પાછા વે પર્વત પાસે લાવે છે

કલ્પસૂત્રની કિરણાવલી ટીકામાં ભારુંડપક્ષીનું જે વર્ણન આપેલ છે તે આ પ્રમાણે છે

તે સચેતન વા અચેતન તમામ સામગ્રીનો સાધન તરીકે ઉપયોગ કરતાં બરાબર સાવધાન રહેવું ઘટે-ક્યાંય એ સામગ્રી

'भारुण्डपक्षिणो किल एकं कलेवरम् पृथग्ग्रीवम् त्रिपाद च स्यात्। यदुक्तम्-

भारुण्डपक्षिण ख्याता त्रिपदा मर्त्यभाषिण ।
द्विजिह्वा द्विमुखाश्चैकोदरा भिन्नफलैषिण. ॥

તથા ઉત્તરાધ્યયનસૂત્ર ચોથા અધ્યયન, ગા૦ ૬ની ટીકામાં ભારુંડ પક્ષી વિશે જે નોંધ છે તે આ પ્રમાણે છે :

एकोदरा. पृथग्ग्रीवा. अन्योन्यफलभक्षिण ।
प्रमत्ता हि विनश्यन्ति भारुण्डा इव पक्षिण ॥

અર્થાત્ એક બીજાં સાથે જોડાયેલાં ભારુંડ નામનાં બે એવાં પક્ષી છે કે જેમને પેટ એક હોય છે, માથાં જુદાં જુદાં હોય છે, ત્રણ પગ હોય છે. બે જીભ હોય છે, બે મોઢાં હોય છે, વાણી મનુષ્યની હોય છે અને તેઓ પરસ્પર ફળ ખાનારાં હોય છે એટલે પેટ એક હોવાથી એક મુખ ફળ ખાય એટલે બન્નેને તૃપ્તિ થઈ જાય જો કે જીભ જુદી જુદી હોવાથી સ્વાદ તો જે જીભ ખાય તે જ લઈ શકે આ વિશે પંચતંત્રના પાંચમા 'અપરીક્ષિતકારક' નામના તંત્રમાં એક કથા આ પ્રમાણે આપેલી છે :

एकोदरा पृथग्ग्रीवा अन्योन्यफलभक्षिण ।
असहता विनश्यन्ति भारण्डा इव पक्षिण ॥

ભારંડ નામના એક બીજા સાથે જોડાયેલાં બે પક્ષીઓ છે. તેમને પેટ એક છે, માથાં જુદાં જુદાં છે. અને તેઓ પરસ્પર ફળ ખાનારાં છે. એટલે એક મુખ ફળ ખાય ત્યારે બીજું મુખ પણ એ જ ફળ ખાય અથવા એક મુખ ફળ ખાય ત્યારે બીજું ખાવાની પ્રવૃત્તિ ન કરે, એમ પોતાનાં બે મુખમાંથી ગમે તે એક વડે તેઓ વારાફરતી ફળ ખાનારાં છે. તથા તે બન્ને સંહત-એક બીજાં જોડાયેલાં છે. જો તેઓ અસંહત બનવાનું એટલે જુદાં જુદાં પડી જવાનું મન કરે તો એ બન્ને તરત જ મરી જાય છે.

પોતાને ફસાવી ન દે–લલચાવી ન પાડે એ જાતની સાવધાની
રાખીને બીતા બીતા એ સામગ્રીનો ઉપયોગ કરવો ઘટે ॥૫॥

એક સરોવરમાં એક પેટવાળો જુદાં જુદાં માથાવાળો એક ભારંડ પક્ષી રહેતો હતો. સમુદ્રને કાંઠે ભમતાં ભમતાં તેને સમુદ્રના મોજાંને લીધે તણાઈને આવેલાં ઘણાં અમૃતફળ મળ્યાં. તેમને તે ખાઈ ગયો અને તે ફળોનો તેને અપૂર્વ સ્વાદ લાગ્યો. પોતે એક મુખ વડે એ ફળો ખાધાં હતાં અને તેમનો સ્વાદ માણ્યો હતો. એ વિશે એણે કરેલું સુંદર સ્વાદવર્ણન સાંભળીને સ્વાદ મેળવવાના લોભથી તેના બીજા મુખે કહ્યું કે જો એ ફળોનો આવો અપૂર્વ સ્વાદ છે તો મને પણ તેમાંથી થોડુંક તો ચાખવા આપ જેથી કરીને બીજું મુખ મને પણ મળે. આ સાંભળીને એ ભારંડ પક્ષી બોલ્યો કે આપણાં બન્નેનું પેટ એક છે માટે મારા ખાવાથી તને પણ તૃપ્તિ થઈ ગઈ છે તેથી વળી જુદું જુદું ખાવાથી શો ફાયદો છે? પણ ફળનો આ જે બાકીનો ભાગ છે તે આપણી પ્રિયા ભારંડીને આપીએ જેથી એ પણ સ્વાદ ચાખીને ખુશી ખુશી થઈ જાય એમ કહીને બાકીનો ભાગ ભારંડીને અર્પ્યો. ભાગ થવાથી બીજું મોઢું હમેશાં ઉદ્વેગવાળું ઉદાસ રહેવા લાગ્યું. પછી ભમનાર એ બીજા મુખને ક્યાંકથી વિષફળ મળ્યું. તેથી તેણે પેલા અમૃતફળ ખાનારા મુખને કહ્યું કે હે નિર્દય અધમ અને નિર્દેશ–બીજાની ગરજ નહીં રાખનારા! મેં આ વિષફળ મેળવ્યું છે. હવે હું તેં કરેલા અપમાનનો બદલો વાળવા તેને ખાઉં છું. પેલું મુખ બોલ્યું અરે મૂર્ખ! એમ ન કર એમ કરવાથી તો આપણે બન્ને મરી જઈશું. આ બીજા મુખે તે ન જ સાંભળ્યું અને અપમાનનું વેર વાળવા તે વિષફળ ખાઈ લીધું જેથી તે બન્ને પણ મરી ગયાં.

આ પછી ભારે ભારુંડ અને ભાર[illegible] એમ બન્ને [illegible] [illegible]યેરાય છે

આચાર્ય હેમચંદ્રે પોતાની દેશીનામમાળામાં (વર્ગ ૬ જો શ્લો. ૧૦૮) કહેલું છે કે

સુધી શરીર સશક્ત હોય ત્યાં સુધી પોતાની ચિત્તશુદ્ધિની સાધનાના ખાસ લાભ માટે જ તેનો વધારેમાં વધારે ઉપયોગ કરવો ઘટે. અર્થાત્ ચિત્તશુદ્ધિની સાધના પૂરતું જ શરીરને સંભાળવું-સાચવવું કે બચાવવું ઘટે, પણ પછી જ્યારે એ શરીર પોતાની એ સાધનામાં ખપ આવે એવું ન જણાય-ઉલટું વિઘ્નકારી લાગે ત્યારે મેલની પેઠે તેનો ત્યાગ કરવો ઘટે.

(१०८) छन्दंनिरोहेण उवेइ मोक्खं,
आसे जहा सिक्खिय-वम्मधारी ।
पुव्वाइ वासाइं चरऽप्पमत्ते,
तम्हा मुणी खिप्पमुवेइ मोक्खं ॥८॥

૧૦૮. જેમ કેળવાયેલો-પલોટાયેલો બખ્તરધારી ઘોડો પોતાના સ્વછંદને રોકયા પછી જ વિજયી થાય છે-સ્વતંત્ર

"भारुडयम्मि भोरुडओ" અર્થાત્ ભોરુડ કે ભોરુડઅ શબ્દ પણ ભારંડપક્ષીના અર્થમાં વપરાય છે.

ઉપર આપેલી કથા અને વર્ણન ઉપરથી એમ માલુમ પડે છે કે ભારંડ નામનાં બે પક્ષીઓ છે; પણ તે બન્ને એક બીજાં પરસ્પર સાથે જોડાયેલા છે અર્થાત્ તેમના શરીરની રચના જ એવા પ્રકારની છે તેમને ત્રણ પગ છે, બે માથાં છે. એક પેટ છે, બે મુખ છે, એ બેમાંથી ગમે તે એક મુખવડે વારાફરતી ખાવાનું ખાય છે અને પેટ એક હોવાથી એક જણ ખાય તો પણ તેઓ બન્ને ખાવાની તૃપ્તિ અનુભવે છે જો તેઓ એક બીજાં વિરુદ્ધ પ્રવૃત્તિ કરે તો તરત જ મરી જાય છે એટલે એ બન્નેએ બરાબર સાવધાન રહેવું પડે છે જેથી તેમની જુદી જુદી વિરુદ્ધ પ્રવૃત્તિ ન થાય. માટે જ કહેવામાં આવેલ છે કે ભારંડ પક્ષીની પેઠે અપ્રમત્ત-બરાબર સાવધાન-રહેવું.

બને છે તેમ સાધક મનુષ્ય પોતાના સ્વછંદ ને રોક્યા પછી* સ્વતંત્ર બની શકે છે અપ્રમત્ત સાધકે ઘણા લાંબા સમય સુધી સંયમને આચરવો–સાચવવો–ધરે આમ વર્તનારો મુનિ શીઘ્ર સ્વતંત્રતાને પામે છે–આ રીતે વર્તતા મુનિને પછી વાસના કે તૃષ્ણા ને પરવશ રહેવું પડતું નથી

(१०९) खिप्पं न सक्केइ विवेगमेउं,
तम्हा समुट्ठाय पहाय कामे ।
समिच्च लोयं समया महेसी,
आयाणुरक्खी चरमप्पमत्ते ॥९॥

૧૦૯ વિવેક જ્ઞાન કાંઈ ઝટ ઝટ પ્રાપ્ત થઈ જતું નથી, તેથી તેને મેળવવા માટે કામોનો–વાસનાઓનો–તૃષ્ણાઓનો ત્યાગ કરીને સારી સાધના કરવાની જરૂર હોય છે પાપમય સ્વાર્થી પ્રવૃત્તિઓમાંથી આત્માને બચાવનારા મહામુનિએ સમભાવે સમસ્ત સંસારને સમજી અપ્રમત્ત ભાવે વિચરવું જોઈએ

આચાર્ય હેમચંદ્ર પોતાના અનેકાર્થસંગ્રહમાં ભારંડ પક્ષીના અર્થમાં ભરુણ્ડ શબ્દ આપેલ છે – भरुण्डा पक्षि-भागे " भरुण्ड ... पक्षी । ... विवर्तिता विहरति व भरुण्डा इव ... "–(કાંડ ૩ શ્લો० ૧૭૩) માત્ર આ ... સિવાય હેમચંદ્ર આ પક્ષી વિશે બીજું કશું જણાવતા નથી

આપણા દેશમાં વર્તમાનમાં ક્યાંય આ પક્ષી જોવામાં આવતું નથી. ... પણ એ પક્ષીની કથા આપેલ છે તેથી ... સમયમાં તે હોય અને વર્તમાનમાં હોય ... હોય.

સુધી શરીર સશક્ત હોય ત્યાં સુધી પોતાની ચિત્તશુદ્ધિની સાધનાના ખાસ લાભ માટે જ તેનો વધારેમાં વધારે ઉપયોગ કરવો ઘટે. અર્થાત્ ચિત્તશુદ્ધિની સાધના પૂરતું જ શરીરને સંભાળવું-સાચવવું કે બચાવવું ઘટે, પણ પછી જ્યારે એ શરીર પોતાની એ સાધનામાં ખપ આવે એવું ન જણાય-ઉલટું વિઘ્નકારી લાગે ત્યારે મેલની પેઠે તેનો ત્યાગ કરવો ઘટે.

(१०८) छन्दंनिरोहेण उवेइ मोक्खं,
आसे जहा सिक्खिय-वम्मधारी ।
पुव्वाइं वासाइं चरऽप्पमत्ते,
तम्हा मुणी खिप्पमुवेइ मोक्खं ॥८॥

૧૦૮. જેમ કેળવાયેલો-પલોટાયેલો બખ્તરધારી ઘોડો પોતાના સ્વચ્છંદને રોકયા પછી જ વિજયી થાય છે-સ્વતંત્ર

"भारुडयम्मि भोरुडओ" અર્થાત્ ભોરુડ કે ભોરુડઅ શબ્દ પણ ભારંડપક્ષીના અર્થમાં વપરાય છે.

ઉપર આપેલી કથા અને વર્ણન ઉપરથી એમ માલુમ પડે છે કે ભારંડ નામનાં બે પક્ષીઓ છે; પણ તે બન્ને એક બીજાં પરસ્પર સાથે જોડાયેલાં છે અર્થાત્ તેમના શરીરની રચના જ એવા પ્રકારની છે તેમને ત્રણ પગ છે, બે માથાં છે એક પેટ છે, બે મુખ છે, એ બેમાંથી ગમે તે એક મુખવડે વારાફરતી ખાવાનું ખાય છે અને પેટ એક હોવાથી એક જણ ખાય તો પણ તેઓ બન્ને ખાવાની તૃપ્તિ અનુભવે છે જો તેઓ એક બીજાં વિરુદ્ધ પ્રવૃત્તિ કરે તો તરત જ મરી જાય છે એટલે એ બન્નેએ બરાબર સાવધાન રહેવું પડે છે જેથી તેમની જુદી જુદી વિરુદ્ધ પ્રવૃત્તિ ન થાય. માટે જ કહેવામાં આવેલ છે કે ભારંડ પક્ષીની પેઠે અપ્રમત્ત-બરાબર સાવધાન-રહેવું.

બને છે તેમ સાધક મનુષ્ય પોતાના સ્વચ્છંદ ને રોકયા પછી જ સ્વતંત્ર બની શકે છે અપ્રમત્ત સાધકે ઘણા લાંબા સમય સુધી સંયમને આચરવો–સાચવવો–ઘટે આમ વર્તનારો મુનિ શીઘ્ર સ્વતંત્રતાને પામે છે–આ રીતે વર્તતા મુનિને પછી વાસના કે તૃષ્ણા ને પરવશ રહેવું પડતું નથી

१०९) छिप्प न सक्केइ विवेगमेउ,
तम्हा समुट्ठाय पहाय कामे ।
समिच्च लोय समया महेसी,
आयाणुरक्खी चरमप्पमत्ते ॥९॥

૧૦૯ વિવેક નાન કાંઈ ઝટ ઝટ નઈ જતું નથી, તેથી તેને મેળવવા માટે કામોનો–વાસનાઓનો–તૃષ્ણાઓનો ત્યાગ કરીને ખારે સાધના કરવાની જરૂર હોય છે પાપમય સ્વાર્થી પ્રવૃત્તિ ઓમાથી આત્માને બચાવનારા મહામુનિએ સમભાવે સમસ્ત સંસારને સમજી અપ્રમત્ત ભાવે વિચરવું જોઈએ

આચાર્ય હેમચંદ્ર પોતાના અનેકાર્થસંગ્રહમાં ભારંડ પક્ષીના અર્થમાં ભેરુણ્ડ શબ્દ આપે છે – भेरुण्डो भीषण–खगे भेरुण्ड खग-पगी । यथा विसहिता विनश्यन्ति भरुण्ड इव पक्षिण "–(કાંડ ૩ શ્લો૦ ૨૭૩) માત્ર આ શબ્દનિર્દેશ સિવાય હેમચંદ્ર આ પક્ષી વિષે બીજું કશું લખતા નથી

આપણા દેશમાં વર્તમાનમાં ક્યાંય આ પક્ષી જોવામાં આવતું નથી. પંચતંત્રમાં પણ એ પક્ષીની કથા આપેલી છે તેથી સંભવ છે કે જુના સમયમાં તે હોય અને વર્તમાનમાં તેનો વંશ નષ્ટ થઈ ગયો હોય.

(११०) मुहुं मुहुं मोहगुणे जयन्तं,
अणेगरूवा समणं चरन्तं
फासा फुसन्ती असमंजसं च,
न तेसि भिक्खू मणसा पउस्से ॥१०॥

૧૧૦. મોહના સ્વભાવ ઉપર જય પ્રાપ્ત કરવાને સારુ સાધના કરતા ભારે પુરુષાર્થી શ્રમણને ઘણીવાર અનેક પ્રકારનાં અનુકૂળ કે પ્રતિકૂળ વિષયોરૂપ [૪]સ્પર્શો અર્થાત્ વિઘ્નો સાધનામાં અવ્યવસ્થા થાય એવી ભારે નડતર ઊભી કરે છે. તેમ છતાં ય મોહ ઉપર વિજય મેળવવા નીકળેલા ભિક્ષુએ, તે વિઘ્નો તરફ મનથી પણ દ્વેષ ન કરવો. અર્થાત્ ભિક્ષુએ, તે વિઘ્નો તરફ ચીડ ન કરતાં પોતાના લક્ષ્ય તરફ જ આગળ વધ્યે જવું.

(१११) मन्दा य फासा बहुलोहणिज्जा,
तहप्पगारेसु मणं न कुज्जा ।
रक्खिज्ज कोहं विणएज्ज माणं,
मायं न सेवे पयहेज्ज लोहं ॥११॥

૧૧૧. ઘણીવાર એ અનુકૂળ સ્પર્શોરૂપ વિઘ્નો મંદ હોવા છતાં ય ભારે લલચાવનારાં હોય છે; માટે તેવા પ્રકારનાં વિઘ્નો

---

૪. સ્પર્શો—મૂળમાં આવેલો સ્પર્શ શબ્દ વિષયોનો—કામભોગોનો સૂચક છે. સરખાવો ગીતાના પાંચમા અધ્યાયના ૨૭મા શ્લોકમાં વપરાયેલો 'સ્પર્શ' શબ્દ :

"स्पर्शान् कृत्वा बहिर्बाह्यान्" । तथा "मात्रास्पर्शास्तु कौन्तेय!" (ગી૦ અ૦ ૨ શ્લો૦ ૧૪) "बाह्यस्पर्शेष्वसक्तात्मा"—(ગી૦ અ૦ ૫ શ્લો૦ ૨૧) ये हि संस्पर्शजा भोगा – (ગી૦ અ૦ ૫ શ્લો૦ ૨૨).

તરફ સાધકે મનને ન જ વાળવુ-મનને જવા જ ન દેવુ ક્રોધથી બચતા રહેવુ, અહંકાર ને દૂર કરવો, માયાનો છાયો પણ ન લેવો અને લોભને તજી જ દેવો

(११२) जे सखया तुच्छ परप्पवाई,
ते पिज्ज-दोसाणुगया परज्झा ।
एए अहम्मे त्ति दुगुछमाणो,
कखे गुणे जाव सरीरभेए ॥१२॥
(उत्तरा० अ० ४ गा० १,२,५,३,४,६,-८,१०-१३)

૧૧૨ જેઓ, ઉપર ઉપરથી સસ્કારવાળા-ટાપટીપ અને ટીલાટપકાવાળા—છે, તેઓ ખરી રીતે તુચ્છ છે, બીજાની નિંદા કરનારા છે, રાગ અને દ્વેષને તાબે પડેલા છે અને પરધ્યાયી છે એટલે 'સ્વ' ને-આત્માને-ભૂલીને 'પર' નુ વાસનાનું-ચિંતન કરનારા છે એવા તેઓ 'અધર્મમય' છે, એમ સમજીને તેમના તરફ દુર્લક્ષ્ય કરતો સાધક મુનિ, શરીરનો નાશ થતા સુધી ગુણો મેળવવાની જ ઇચ્છા કરે.



११-२
अप्पमाय-सुत्त

(११३) दुमपत्तए पडुयए जहा निवडइ राइगणाण अच्चए ।
एव मणुयाण जीविय, समय गोयम ! मा पमायए ॥१॥

૧૧-૨
અપ્રમાદ-સૂત્ર

૧૧૩ રાત્રીઓ વીતતા જેમ વૃક્ષોના પાકાં પીળા પડી ગયેલા પાંદડાઓ આપોઆપ ખરી પડે છે તેમ જ મનુષ્યોનું

જીવન ગમે ત્યારે ખરી પડનારું છે. માટે હે ગૌતમ! એક ક્ષણ માટે પણ પ્રમાદ ન કર.

(११४) कुसग्गे जह ओसविन्दुए, थोवं चिट्ठइ लम्बमाणए।
एवं मणुयाण जीवियं, समयं गोयम ! मा पमायए ॥२॥

૧૧૪. ડાભની અણી ઉપર ઝાકળનું ટીપું પડવાની તૈયારીમાં હોય એમ લટકતું રહે છે એ જ પ્રકારે મનુષ્યનું જીવન પણ ગમે ત્યારે ખરી પડનારું છે માટે હે ગૌતમ! એક ક્ષણ માટે પણ પ્રમાદ ન કર.

(११५) इइ इत्तरियम्मि आउए, जीवियए बहुपच्चवायए।
विहुणाहि रयं पुरेकडं, समयं गोयम ! मा पमायए ॥३॥

૧૧૫. આયુષ્ય એ પ્રમાણે ક્ષણભંગુર છે, જીવન વિઘ્નોથી ભરેલું છે, માટે પહેલાંના સંચિત થએલા કુસંસ્કારોની રજને-મેલને ખંખેરી નાખવાનો જ પ્રયત્ન કર. હે ગૌતમ! એક ક્ષણ માટે પણ પ્રમાદ ન કર.

(११६) दुल्लहे खलु माणुसे भवे, चिरकालेण वि सव्वपाणिणं।
गाढा य विवाग कम्मुणो, समयं गोयम ! मा पमायए ॥४॥

૧૧૬. તમામ પ્રાણીઓને માટે લાંબા કાળ સુધી પણ મનુષ્યનો જન્મ મળવો ખરેખર દુર્લભ છે. મેળવેલા કુસંસ્કારોના પરિણામો ય ઘણા ભયંકર આવે છે, માટે હે ગૌતમ! એક ક્ષણ માટે પણ પ્રમાદ ન કર.

(११७) एवं भवसंसारे संसरइ, सुहासुहेहिं कम्मेहिं।
जीवो पमायबहुलो, समयं गोयम ! मा पमायए ॥५॥

૧૧૭. સારી અને નરસી પ્રવૃત્તિઓ દ્વારા પડેલા વિવિધ

સ્ક રોને લીધે ભારે પ્રમાદી બનેલો પ્રાણી એ પ્રમાણે આ જગતમાં વારંવાર જન્મજન્માન્તર પામતો ફર્યા કરે છે માટે હે ગૌતમ ! એક ક્ષણ માત્ર પણ પ્રમાદ ન કર

(१८) लद्धूण वि माणुसत्तण, आरियत्त पुणरावि दुल्लभ ।
बहवे दसुया मिलक्खुया, समय गोयम ! मा पमायए ॥१६॥

૧૧૮ મનુષ્યનો અવતાર કદાચ મળી ગયો તો પણ આર્યમનુષ્યનો જન્મ મળવો મહા દુર્લભ છે દસ્યુઓ અને મ્લેચ્છ લોકો મનુષ્યો જ હોય છે, છતા તેઓ અનાર્ય હોઇને ધર્માચરણને સમજી શકતા નથી માટે હે ગૌતમ ! એક ક્ષણ માટે પણ પ્રમાદ ન કર

(१९) लद्धूण वि आरियत्तण, अहीणपचिन्दियया हु दुल्हा ।
विगलिन्दियया हु दीसई, समय गोयम ! मा पमायए ॥१७॥

૧૧૯ આર્યકુલમા જન્મ કદાચ મળી ગયો તો પણ પૂરેપૂરી પટુ એવી પાચે ઇન્દ્રિયો મળવી ખરેખર દુર્લભ છે ઘણા મનુષ્યો આર્ય હોવા છતા કોઈ કોઈ ઇન્દ્રિયોથી હીન હોય છે-બહેરા હોય છે, મૂગા હોય છે, આધળા હોય છે, લગ હોય છે આવા આર્ય મનુષ્યો પણ બરાબર ધર્માચરણ સમજી શકતા નથી તેમ કરી પણ શકતા નથી તું આર્ય છે અને સપૂર્ણ પચેદ્રિયસપન્ન છે, માટે હે ગૌતમ ! એક ક્ષણ માટે પણ પ્રમાદ ન કર

२०) अहीणपचेन्दियत्त पि से लहे, उत्तमधम्मसुई हु दुल्हा ।
कुतित्थिनिसेवए जणे, समय गोयम ! मा पमायए ॥१८॥

૧૨૦ પાચે ઇદ્રિયો સપૂર્ણ પટુ એવી મળી ગઈ તો

પણ ઉત્તમ ધર્મનું શ્રવણ ખરેખર દુર્લભ છે. જેમની પાંચે ઇંદ્રિયો સંપૂર્ણ અને પટુ છે એવા ઘણા ય આર્ય મનુષ્યો પાખંડી ધર્મગુરુઓને સેવતા દેખાય છે. માટે હે ગૌતમ! એક ક્ષણ માટે પણ પ્રમાદ ન કર.

(१२१) लद्धूण वि उत्तमं सुइं, सद्दहणा पुणरावि दुल्लहा ।
मिच्छत्तनिसेवए जणे समयं गोयम ! मा पमायए ॥९

૧૨૧. ઉત્તમ ધર્મનું શ્રવણ પણ સાંપડ્યું; છતાં ય તેમાં વિશ્વાસ બેસવો, શ્રદ્ધા જામવી વળી ભારે દુર્લભ છે. ઘણાં આર્ય મનુષ્યો ઉત્તમ ધર્મને સાંભળ્યા પછી પણ અસદાચારને વળગી રહેલા દેખાય છે. તો હે ગૌતમ! એક ક્ષણ માટે પણ પ્રમાદ ન કર.

(१२२) धम्मं पि हु सद्दहन्तया, दुल्लहया काएण फासया ।
इह कामगुणेहि मुच्छिया, समयं गोयम ! मा पमायए ॥१०

૧૨૨. ઉત્તમ ધર્મમાં વિશ્વાસે ય જામી ગયો હોય તેમ છતાં ય વિશ્વાસ પ્રમાણે શરીરથી, વચનથી અને મનથી આચરણ કરવું વળી ભારે કઠણ છે. તેવો પાકો વિશ્વાસ ધરાવનારા ધર્મી લોકો પણ પોતાના અને પરના હિતને વીસરી જઈને આ જગતમાં કામભોગોમાં રચ્યા પચ્યા દેખાય છે. તો હે ગૌતમ! એક ક્ષણ પણ પ્રમાદ ન કર.

(१२३) परिजूरइ ते सरीरयं, केसा पंडुरया हवन्ति ते ।
से सव्वबले य हायई, समयं गोयम ! मा पमायए ॥११

૧૨૩. તારું [1]શરીર જીર્ણ થતું જાય છે. તારા વાળ

---

[1] શરીર જીર્ણ—સરખાવો ધમ્મપદ અઢારમો મલવર્ગ શ્લો૦ ૧ તથા ૩:

...ધા ધોળા થઈ ગયા છે તારુ બધુ બળ પણ ઘસાતું જાય ... તો હે ગૌતમ ! એક ક્ષણ પણ પ્રમાદ ન કર

(२४) अरइ गण्ड विसूइया, आयका विविहा फुसन्ति ते ।
विहडइ विद्धसइ ते सरीरय, समय गोयम ! मा पमायए ॥१२॥

૧૨૪ વિવિધ પ્રકારના રોગો—અરુચી, ગુમડા, કોલેરા, ... વગેરે રોગો તને થવા માડયા છે, તારુ શરીર ...ગડતું ચાલ્યુ છે અને વિનાશની અણી ઉપર આવી પહોચ્યુ ... તો હે ગૌતમ ! એક ક્ષણ પણ પ્રમાદ ન કર

(२५) वोच्छिन्द सिणेहमप्पणो, कुमुय सारइय व पाणिय ।
से सव्वसिणेहवज्जिए, समय गोयम ! मा पमायए ॥१३॥

૧૨૫ [२]શરદઋતુનું કુમુદ જેમ પોતાની ઉપર પાણીને

पडुपत्ताओ व दानि सि यमपुरिसा पि व त उपट्ठिता ।
उय्योगमुस व निट्ठसि पायय्य पि व ते म विज्जति ॥
उपनीतवयो व दानि सि संपयातो सि यमस्स सन्तिके ।
वासो'पि च ते नत्थि अतरा पाथय्य पि च ते न विज्जति ॥

હવે તું ખાખરાના ફીકા પડી ગયેલા પાન જેવો થઈ ગયો છે ...મના માણસો તારી પાસે આવી જ પહોંચ્યા છે અને તું જવાની અણી ...ર છે તથા હવે તારી ઉમર પાકી ગઈ છે યમની પાસે જવાની ...ારી પણ થઈ ચુકી છે વચમાં ક્યાંય તારે રહેવાનુ ઠેકાણું પણ ...ી અને વળી તારી પાસે ભાતું પણ નથી (માટે તું પંડિત થા—...મત થા)

[२] શારદઋતુનુ કુમુદ—સરખાવો ધમ્મપદ વીસમો માર્ગવર્ગ ...ા० ૧૩

उच्छिन्द सिनेहमत्तनो कुमुद सारदिक व पाणिना ।

ચોંટવા દેતું નથી, તેમ તારા ચિત્તમાં રહેલા રાગને-સ્નેહને તું તદ્દન છેદી નાખ, અને તમામ પ્રકારની રાગવૃત્તિ-આસક્તિ-થી રહિત બની જા. એ માટે હે ગૌતમ! ક્ષણ પણ પ્રમાદ ન કર.

(૧૨૬) चिच्चाण धणं च भारियं, पव्वइओ हि सि अणगारियं।
मा वन्तं पुणो वि आविए, समयं गोयम! मा पमायए ॥१४

૧૨૬. તું ધનને અને સ્ત્રીને છોડી દઈને ઘરવાસમાંથી બહાર આવેલો છે, તેમ જ અનગારની પ્રવ્રજ્યામાં દીક્ષિત થએલ છે. જે તે વમી-છોડી-દીધેલ છે, એવી ચીજને તું ફરીને પીવાનું મન ન રાખ. હે ગૌતમ! ક્ષણ પણ પ્રમાદ ન કર.

(૧૨૭) अवउज्झिय मित्तबन्धवं, विउलं चेव धणोहसंचयं।
मा तं विइयं गवेसए, समयं गोयम! मा पमायए ॥१५

૧૨૭. મિત્રો, બંધુઓ તેમ જ ધનના ભેગા થએલા મોટા ઢગલાઓને તજી દઈને તું શ્રમણ માર્ગમાં આવેલ છે,

અર્થાત્ શરદઋતુમાં ખીલેલું કુમુદ એવું કોમળ હોય છે કે તેને જેમ વિશેષ પ્રયાસ વિના હાથ વડે જ કાપી શકાય છે તેમ તું તારો પોતાનો સ્નેહ સહેલાઈથી કાપી નાખ.

આ સ્થળે મહાવીરવાણીમાં पाणियं પાઠ છે અને તેનો અર્થ પાણી-જળ-છે અહીં કાપવાની-છેદી નાખવાની-ક્રિયાની સરખામણી જોતાં જૈનગાથામાં મૂળમાં पाणिणा (નારીજાતિમાં पाणिय) એમ ત્રીજી વિભક્તિવાળા पाणि (એટલે હાથ) શબ્દનું રૂપ હોવું જોઈએ; પરંતુ મૂળ પાઠમાં તેમ મળતું નથી વ્યાખ્યાકારો ય पाणिय નો અર્થ પાણી-જળ-કરે છે.

તો તે તજી દીધેલ ચીજો તરફ તું ફરીવાર નજર ન કર હે ગૌતમ! ક્ષણ પણ પ્રમાદ ન કર

(१२८) अबले जह भारवाहए, मा मग्गे विसमे वगाहिया ।
पच्छा पच्छाणुतावए समय गोयम ! मा पमायए ॥१६॥

૧૨૮ જેના માથે મોટો બોજો છે એવો નબળો મજુર વિષમ માર્ગે ન ચાલે, અને ચાલે તો પાછળથી તેને પસ્તાવું પડે એ જ રીતે, તું ચિત્તશુદ્ધિનો ઉત્તમ ભાર ઉપાડીને અવળે માર્ગે ન ચાલ, અને ચાલીશ તો પાછળથી તારે પસ્તાવું પડશે માટે હે ગૌતમ! ક્ષણ પણ પ્રમાદ ન કર

(१२९) तिण्णो हु सि अण्णव मह, किं पुण चिट्ठसि तीरमागओ ?।
अभितुर पार गमित्तए, समय गोयम ! मा पमायए ॥१७॥

૧૨૯ તું મોટો દરિયો તરી ચુક્યો છે, તો વળી કાંઠે આવીને કેમ બેસી રહ્યો છે–અટકી પડ્યો છે? સામે પાર પહોંચવાને સારુ ત્વરા કર હે ગૌતમ! ક્ષણ પણ પ્રમાદ ન કર

(१३०) बुद्धस्स निसम्म भासिय, सुकहियमट्ठपदोवसोहिय ।
राग दोस च छिन्दिया, सिद्धिगइ गए गोयमे ॥१८॥
(उत्तरा० अ० १० गा० १-४, १५,१६-२०, २६-३०, ३३, ३४, ३७)

૧૩૦ આ રીતે, અર્થ અને પદ જેમાં સુશોભિત છે, તેમ જ જે સારી રીતે કહેવાએલા છે એવા તથા બુદ્ધ-જ્ઞાની-પુરુષે કહેલા વચનો સાંભળીને ગૌતમ, રાગ અને દ્વેષની જડ ઉખેડી નાખીને સિદ્ધિ ગતિને પામ્યા.

: १२ :

पमायट्ठाण-सुत्तं

(१३१) पमायं कम्ममाहंसु, अप्पमायं तहावरं ।
तब्भावादेसओ वावि, बालं पंडियमेव वा ॥१॥

(सूत्र० श्रु० १ अ० ८ गा० ३.

: ૧૨ :

પ્રમાદસ્થાન-સૂત્ર

૧૩૧. આસક્તિને પ્રમાદ કહેવામાં આવે છે, અને (એનાથી બીજી-ઉલટી-વૃત્તિને-અનાસક્તિને અપ્રમાદ કહેવામ આવે છે. એ આસક્તિની અને અનાસક્તિની જ અપેક્ષાએ અનુક્રમે મનુષ્યને બાલ પણ કહેવામાં આવે છે અને પંડિ પણ કહેવામાં આવે છે. અર્થાત્ આસક્ત મનુષ્ય બાલ છે અને અનાસક્ત મનુષ્ય પંડિત છે.

(१३२) जहा य अंडप्पभवा बलागा,
अंडं बलागप्पभवं जहा य ।
एमेव मोहाययणं खु तण्हा,
मोहं च तण्हाययणं वयन्ति ॥२॥

૧૩૨. બગલી ઈંડાંમાંથી જન્મે છે અને ઈંડું બગલીમાંથી જન્મે છે. તેમ જ તૃષ્ણા મોહની માતા છે અને મોહ તૃષ્ણાનો પિતા છે, એમ જ્ઞાની પુરુષો કહે છે.

(१३३) रागो य दोसो वि य कम्मबीयं,
कम्मं च मोहप्पभवं वयन्ति ।

कम्म च जाईमरणस्स मूल,
दुक्ख च जाईमरण वयन्ति ॥३॥

૧૩૩ કર્મનું-કુસસ્કારનું-બીજ રાગ પણ છે અને દ્વેષ પણ છે કુસસ્કાર મોહને લીધે પેદા થાય છે જન્મ અને મરણની મૂળ જડ કુસસ્કાર છે, તથા જન્મ અને મરણ દુખરૂપ છે, એમ કહેવામા આવ્યુ છે

(१३४) दुक्ख हय जस्स न होइ मोहो,
मोहो हओ जस्स न होइ तण्हा ।
तण्हा हया जस्स न होइ लोहो,
लोहो हओ जस्स न किंचणाइ ॥४॥

૧૩૪ જેના ચિત્તમા મોહ નથી તેનુ દુખ હણાઈ ગયું-છેદાઈ ગયું, જેના ચિત્તમા તૃષ્ણા-વાસના-આશા નથી, તેનો મોહ કપાઈ ગયો, જેની તૃષ્ણા કપાઈ ગઈ તેને લોભ થવાનો સભવ નથી, અને જે પોતાની પાસે કશું જ રાખવાની કે લેવાની વૃત્તિ ધરાવતો નથી, તેનો લોભ કપાઈ ગયો-નાશ પામી ગયો

(१३५) रसा पगाम न निसेवियव्वा,
पाय रसा दित्तिकरा नराण ।
दित्त च कामा समभिद्दवन्ति,
दुम जहा साउफल व पक्खी ॥५॥

૧૩૫ દૂધ, દહી, ઘી, માખણ, મલાઈ, ગોળ, સાકર, ખાડ, તેલ, મદ્ય અને માસ વગેરે બધા રસવાળા પદાર્થો

હદ બહાર ઉપયોગ ન કરવો; હદ બહાર ઉપયોગમાં એટલે ખાવાપીવામાં લીધેલા એ પદાર્થો મનુષ્યને ઘણીવાર ઉત્તેજિત કરી મૂકે છે. એવા ઉત્તેજિત થએલા પુરુષ કે સ્ત્રીને વાસનાઓ જેમ સ્વાદિષ્ઠ ફલવાળા વૃક્ષને પક્ષીઓ ઠોલી નાખે છે તેમ હેરાન હેરાન કરી મૂકે છે.

(१३६) रूवेसु जो गिद्धिमुवेइ तिव्वं,
अकालियं पावइ से विणासं ।
रागाउरे से जह वा पयंगे,
आलोयलोले समुवेइ मच्चुं ॥६॥

(उत्तरा० अ० ३२ गा० ६–८, १०, २४)

૧૩૬. પ્રકાશ જોતાં જ ચંચળ–લંપટ–અને રાગાતુર થએલ પતંગિયુ જેમ અકાળે મરણને શરણ થાય છે, તે જ પ્રમાણે મનુષ્ય રૂપો તરફ પ્રબળ આસક્તિ રાખે છે તે પણ અકાળે વિનાશને પામે છે.

(१३७) रूवाणुरत्तस्स नरस्स एवं,
कत्तो सुहं होज्ज कयाइ किंचि ? ।
तत्थोवभोगे वि किलेस-दुक्खं,
निव्वत्तई जस्स कएण दुक्खं ॥७॥

૧૩૭. જે મનુષ્ય એ પ્રમાણે વિવિધ રૂપો તરફ આસક્તિ–અનુરાગ ધરાવે છે, તેને જરાક જેટલું ય કદી પણ સુખ શી રીતે થાય? ખરી વાત તો એમ છે કે, એવાં રૂપોને મેળવવામાં ભારે દુઃખ રહેલું છે અને તેમનો ઉપભોગ કરતી વખતે પણ ક્લેશ અને દુઃખ બંને રહેલાં છે.

(१३८) एमेव रूवम्मि गओ पओसं,
उवेइ दुक्खोहपरंपराओ ।
पदुट्ठचित्तो य चिणाइ कम्मं,
जं से पुणो होइ दुहं विवागे ॥८॥

૧૩૮ એ જ રીતે જે મનુષ્ય, રૂપો તરફ દ્વેષ ધરાવે છે, તે તો વળી ભારે દુઃખની પરંપરાને પામે છે જેના ચિત્તમાં રૂપો તરફ દ્વેષ ભરેલો છે તે ભારે કુસંસ્કારોને પોતાના ચિત્તમાં ભેગા કરે છે અને જ્યારે એ કુસંસ્કારોનું ભયંકર પરિણામ આવીને ખડું થાય છે ત્યારે વળી એ દ્વેષીને દુઃખ, દુઃખ અને દુઃખ જ થાય છે

(१३९) रूवे विरत्तो मणुओ विसोगो,
एएण दुक्खोहपरंपरेण ।
न लिप्पए भवमज्झे वि सन्तो,
जलेण वा पोक्खरिणीपलासं ॥९॥
(उत्तरा० अ० ३२ गा० ३२-३४)

૧૩૯ મનુષ્ય ભલે ને દુનિયાની વચ્ચે રહેતો હોય, તેમ જ ગૃહસ્થાશ્રમી અને કુટુંબકબીલાવાળો હોય, પરન્તુ તેમ છતાં રૂપો તરફ રાગ ન ધરાવતો હોય, તો તેને રૂપો બાબત શોક થતો નથી, અર્થાત્ રૂપો ન ગમતાં તેને અફસોસ કે દ્વેષ થતા નથી, આવો વિરાગી અને વિશોકી પુરુષ, જેમ કમલિનીનું પાંદડું પાણીથી લેપાતું નથી, તેમ દુઃખની પરંપરાઓથી લેપાતો નથી.

(१४०) एविन्दियत्था य मणस्स अत्था,
दुक्खस्स हेउं मणुयस्स रागिणो ।
ते चेव थोवं पि कयाइ दुक्खं,
न वीयरागस्स करेन्ति किंचि ॥१०॥

૧૪૦. રૂપની જ જેમ શબ્દ, ગંધ, રસ અને સ્પર્શ -એ બધા ઇંદ્રિયોના પદાર્થો અને મનના પદાર્થો રાગવાળા આસક્ત મનુષ્યને દુઃખનાં કારણો બને છે. અને તે જ બધા ઇંદ્રિયોના અને મનના પદાર્થો રાગ વગરના-[1] વિરાગી-અનાસક્ત મનુષ્યને કદી ય થોડું ય-જરાક જેટલું પણ દુઃખ પેદા કરતા નથી.

(१४१) न कामभोगा समयं उवेन्ति ।
न यावि भोगा विगइं उवेन्ति ।
जे तप्पओसी य परिग्गही य,
सो तेसु मोहा विगइं उवेइ ॥११॥

---

૧. વિરાગી-અનાસક્ત-સરખાવો ગીતા અ૦ ૨, શ્લો૦ ૬૪ :

रागद्वेषवियुक्तैस्तु विषयानिन्द्रियैश्चरन् ।
आत्मवश्यैर्विधेयात्मा प्रसादमधिगच्छति ॥

ભાવાર્થ એ છે કે જે રાગદ્વેષ વગરનો છે, જેની દશા કેવળ 'વિચરે ઉદય પ્રયોગ' જેવી છે તેવા વીતરાગ પુરુષોને વિષયો ક્લેશનું કારણ નહીં પણ પ્રસન્નતાનુ કારણ બને છે. 'વિચરે ઉદય પ્રયોગ' એટલે ક્યાંય આસક્તિથી વર્તતો નથી માત્ર પ્રારબ્ધને યોગે જ વર્તે છે.

૧૪૧ કેવળ કામભોગો સમતાના કારણુ નથી તેમ વિષમતાના એટલે વિકારના પણુ કારણુ નથી ખરી વાત તો એ છે કે, મનુષ્ય તેમનાં તરફ આસક્તિ રાખીને તેમને ગ્રહણુ કરે છે, અને તે ન મળતા તેમના તરફ દ્વેષ કેળવે છે અને પરિણામે થતા મોહ દ્વારા વિષમતાને-વિકારને પામે છે

(१४२) अणाइकालप्पभवस्स एसो
सव्वस्स दुक्खस्स पमोक्खमग्गो ।
वियाहिओ जं समुविच्च सत्ता,
कमेण अच्चन्तसुही भवन्ति ॥१२॥
(उत्तरा० अ० ३२ गा० १००, १०१, १११)

૧૪૨ અનાદિ કાળથી આપણી વૃત્તિમા પેદા થયેલાં તમામ દુખોને તદ્દન ટાળવાનો આ માર્ગ કહેલો છે, જેને બરાબર સમજીને-આચરીને મનુષ્યો અનુક્રમે વધારેમા વધારે સુખી થાય છે

卐

१३ :

कसाय-सुत्त

(१४३) कोहो य माणो य अणिग्गहीया,
माया य लोभो य पवड्ढमाणा ।
चत्तारि एए कसिणा कसाया,
सिंचन्ति मूलाइ पुणब्भवस्स ॥१॥

: ૧૩ :

કષાય-સૂત્ર

૧૪૩. તાબે કર્યા વિનાના ક્રોધ અને માન-અહંકાર, વધારે વધતાં જતાં કપટ-માયા અને લોભ આ ચારે કાળા[1] કષાયો જન્મજન્માંતરમય સંસારરૂપ વૃક્ષનાં મૂળને પાણી પાયા કરે છે.

---

૧. કાળા કષાયો—ગીતામાં આ કષાયોની જે કાળપ વર્ણવી છે તે અહીં સરખાવવા જેવી છે. જુઓ ગીતા અ૦ ૩ શ્લો૦ ૩૭ થી ૪૧ :

काम एष क्रोध एष रजोगुणसमुद्भवः ।
महाशनो महापाप्मा विद्धि-एनमिह वैरिणम् ॥
धूमेनाऽऽव्रियते वह्निर्यथाऽऽदर्शो मलेन च ।
यथोल्बेनाऽऽवृतो गर्भस्तथा तेनेदमावृतम् ॥
आवृत्त ज्ञानमेतेन ज्ञानिनो नित्यवैरिणा ।
कामरूपेण कौन्तेय! दुष्पूरेणानलेन च ॥
इन्द्रियाणि मनो बुद्धिरस्याधिष्ठानमुच्यते ।
एतैर्विमोहयत्येष ज्ञानमावृत्य देहिनम् ॥
तस्मात् त्वमिन्द्रियाण्यादौ नियम्य भरतर्षभ! ॥
पाप्मानं प्रजहि ह्येनं ज्ञानविज्ञाननाशनम् ॥

ભાવાર્થ એ છે કે રજોગુણને લીધે ઉત્પન્ન થયેલા આ કામ અને આ ક્રોધ મોટા ખાઉધરા છે, મહાપાપરૂપ છે અને દુશ્મનરૂપ છે, જેવી રીતે અગ્નિ ધૂમાડાથી ઢંકાઈ જાય છે. અરીસો મેલથી છવાઈ જાય છે અને ઓરથી ગર્ભ ઢંકાયેલો હોય છે તેમ નિત્યના દુશ્મન અને અગ્નિરૂપ એવા એ કામ અને ક્રોધ વડે જ્ઞાની પુરુષનું જ્ઞાન ઢંકાઈ જાય છે.

(१४४) कोहं माणं च मायं च, लोभं च पाववड्ढणं ।
वमे चत्तारि दोसे उ, इच्छंतो हियमप्पणो ॥८॥

૧૪૪ પોતાના આત્માનુ હિત ઈચ્છતા મનુષ્યે પાપને વધારનારા ક્રોધ, માન, માયા અને લોભ આ ચારે દોષોને તજી દેવા જોઇએ

(१४५) कोहो पीइं पणासेइ माणो विणयनासणो ।
माया मित्ताणि नासेइ, लोभो सव्वविणासणो ॥३॥

૧૪૫ ક્રોધ પ્રીતિનો નાશ કરે છે, માન વિનયગુણનો નાશ કરે છે, શઠતા-કપટ મિત્રોનો નાશ કરે છે અને લોભ તમામ સદ્ગુણોનો નાશ કરે છે

(१४६) उवसमेण हणे कोहं, माणं मद्दवया जिणे ।
मायं चऽज्जवभावेण, लोभं संतोसओ जिणे ॥४॥

(दश० अ० ८ गा० ४०, ३७, ३८, ३९)

૧૪૬ [2]શાંતિના ગુણને કેળવીને ક્રોધને હણવો, મૃદુતાના ગુણને કેળવીને અહંકારને જિતવો, સરળતાના ગુણને કેળવીને

એ નિત્યના દુશ્મન એવા કામક્રોધને રહેવાનાં સ્થાન ઇંદ્રિયો મન અને બુદ્ધિ છે : ઇંદ્રિય મન અને બુદ્ધિ વડે એ દુશ્મન આત્માના જ્ઞાનને ઘેરી લઈને મુંઝવણમાં નાખે છે–મોહમાયામાં ફસાવે છે માટે હે અર્જુન ! તું સૌથી પ્રથમ ઇંદ્રિયોને તાબે કરવાનો પ્રયત્ન કર અને એમ કરીને એ પાપરૂપ અને જ્ઞાન તથા વિજ્ઞાનનો નાશ કરનારા એવા કામ તથા ક્રોધને જડમૂળથી હણી નાખ

૨ શાંતિના ગુણને—સરખાવો ધમ્મપદ સત્તરમો ક્રોધવર્ગ શ્લો૦ ૩

કપટને જિતવું અને સંતોષના ગુણુને કેળવીને લોભ ઉપર જય મેળવવો.

(१४७) कसिणं पि जो इमं लोयं, पडिपुण्ण दलेज्ज इक्कस्स।
तेणाऽवि से न संतुस्से इइ दुप्पूरए इमे आया ॥५॥

૧૪૭. કોઈ એક મનુષ્યને કદાચ તમામ પદાર્થોથી હર્યોભર્યો આ આખો ય લોક દઈ દેવામાં આવે તો પણ તેનાથી મનુષ્યને સંતોષ થતો નથી, અને એ રીતે આ આત્મા ભારે દુષ્પૂર અર્થાત્ આત્માની તૃષ્ણા એવી અગાધ છે કે જેથી તેને ગમે તેટલું મળે કે આપવામાં આવે તો પણ કદી તે સંતોષ પામતી નથી.

अक्कोधेन जिने कोध असाधु साधुना जिने ।
जिने कदरिय दानेन सच्चेन अलीकवादिन ॥

અક્રોધભાવને કેળવીને ક્રોધને જીતવો. સાધુવૃત્તિને કેળવીને અસાધુને જીતવો, દાન વડે સૂમને જીતવો અને સત્ય વડે ખોટાબોલાને જીતવો.

સરખાવો ઈ૦ ખ્રિ૦ ૫૦ ઉ૦ ૧૨ "ભાઈઓ, જેવાની સામે તેવા થવું એ લૌકિક ન્યાય છે; પણ હું તો કહુ છું કે દુષ્ટની સામે પણ દુષ્ટતા ન કરશો. પણ જે તમારા જમણા ગાલ પર તમાચો મારે એને તમે ડાબો પણ અર્પણ કરજો" ઇત્યાદિ.

સરખાવો હ૦ મ૦ ઈ૦ "જે તને અન્યાય કરે તેને તું ક્ષમા આપ, જે તને પોતાથી વિખૂટો કરે તેની સાથે મેળ કર, જે તારા પ્રત્યે બૂરાઈ કરે તેના પ્રત્યે તું ભલાઈ કર" (પૃ૦ ૧૩૬)

મહાવીરવાણીમાં જેમ કષાયસૂત્ર છે તેમ ધમ્મપદમાં સત્તરમો ક્રોધવર્ગ છે. એમાં ક્રોધ વગેરે દુર્ભાવરૂપ કષાયોથી કેવાં કેવાં માઠાં પરિણામ આવે છે તે ઘણું જ સ્પષ્ટ બતાવેલુ છે.

(१४८) जहा लाहो तहा लोहो, लाहा लोहो पवड्ढई ।
दोमासकयं कज्जं, कोडीए वि न निट्ठियं ॥६॥
(उत्तरा० अ० ८ गा० १६, १७)

૧૪૮ જેમ જેમ લાભ મળતો જાય છે તેમ તેમ લોભ [3]વધતો જાય છે, અર્થાત્ લાભ થવાથી સંતોષ ન થતાં લોભ વધારે

---

3 લોભ વધતો—આ પદ કહેનાર કપિલમુનિ છે. તેનો સંક્ષેપમાં વૃત્તાંત આમ છે: કૌશાંબી નગરીમાં (આજકાલ અલ્હાબાદની પાસે આવેલા કોસમગામમાં) સમગ્ર વેદશાસ્ત્રનો પારગામી કાશ્યપ નામે બ્રાહ્મણ રહેતો હતો. તે રાજપુરોહિત હતો અને રાજા તેને વર્ષાસન આપવા ઉપરાંત તેનું બહુમાન કરવા તેને માટે આવવા જવા ખાસ પાલખી સાથે છત્રચામરધારી પોતાના નોકરોને મોકલતો. કાશ્યપની સ્ત્રીનું નામ જશા. તેનો પુત્ર કપિલ. કપિલને નાનો મૂકીને પુરોહિત મરણ પામ્યો. હવે રાજાએ પુરોહિતને સ્થાને મરુક નામના બીજા બ્રાહ્મણને બેસાર્યો. આ મરુકનો ઠાઠમાઠ જોઈને પોતાના પતિને સંભારતી કપિલની મા રોજ મનમાં ઓસવાયા કરે અને રોયા કરે. એક વાર કપિલે તેની માને આમ રોયા કરવાનું કારણ પૂછ્યું. તો માતાએ જણાવ્યું કે તું અભણ હોવાથી તારા બાપનું સ્થાન તને ન મળ્યું અને બીજો બ્રાહ્મણ એ સ્થાને આવી ગયો. એને આપણા ઘર પાસેથી રોજ જતો આવતો જોઈને મને તારા પિતા સાંભર્યા કરે છે અને રોવું ઘણું જ આવી જાય છે. તું અભણ છે એટલે બીજો ઉપાય પણ શો? આ સાંભળી કપિલે ભણવાની તૈયારી બતાવી. તો માતાએ પુત્રના પિતાના મિત્ર ઇન્દ્રદત્ત બ્રાહ્મણની પાસે જવાની તેને ભલામણ કરી. ઇન્દ્રદત્ત શ્રાવસ્તી-સાવત્થી (આજકાલ ફૈઝાબાદ જિલ્લામાં આવેલું સહેટમહેટ ગામ) નગરીમાં રહેતો હતો. કપિલ પગે ચાલતો ચાલતો સાવત્થીમાં

ને વધારે વધ્યા કરે છે. જુઓને; પેલા કપિલ બ્રાહ્મણને કેવળ બે જ માસા સોનાનું કામ હતું, પણ પછી તો કરોડો માસા સોનું મળવા લાગ્યું તો ય સર્યું નહિ.

પહોંચ્યો અને પિતાના મિત્રને ઘેર જઈ પોતાની બધી પરિસ્થિતિની કથા કહી સંભળાવી. ઇન્દ્રદત્ત સાધારણ સ્થિતિનો હતો એટલે તે પોતાને ઘરે કપિલને જમાડી શકવા અસમર્થ હતો, તેથી ત્યાંના એક શાલિભદ્ર શેઠને ઘેર જઈ તેણે કપિલને તેને ત્યાં રહેવાની અને જમવા વગેરેની વ્યવસ્થા કરી આપી અને કપિલ રોજ ઇંદ્રદત્તને ઘરે ભણવા જવા લાગ્યો, એવામાં વાત એમ બની કે શાલિભદ્ર શેઠને ત્યાં જે એક જુવાન દાસી હતી તે એને રોજ પીરસતી અને પીરસતાં પીરસતાં ઘણીવાર તે, એની સાથે હસતી બોલતી તથા ઠઠ્ઠા મશ્કરી પણ કરતી. આવા રોજના પ્રસંગ અને પરિચયને લીધે તે બન્ને વચ્ચે સ્નેહ વધવા લાગ્યો અને છેવટે તે, એ દાસી સાથે ફસાઈ પડ્યો. કપિલ પોતે નિર્ધન હતો એટલે દાસીએ તેને કહ્યું કે જો આપણો સ્નેહ કાયમ રાખવો હોય તો ધન કમાવા માંડો, એ વિના આ સંબંધ ટકી શકશે નહીં. કપિલ બિચારો ગરીબ રહ્યો અને આવી વાતથી પણ વિશેષ અજાણ હતો એટલે એ તો મુંઝાયો સ્નેહ છોડી શકાય એમ ન હતું પણ ધનનું શું કરવું ? તેની તેને ગમ ન પડી ભણતર તો ભણતરને ઠેકાણે રહ્યું. એવામાં ખાસ દાસીઓનો જ એક ઉત્સવ આવ્યો, તે માટે પેલી દાસીએ કપિલની પાસે સારાં સારાં કપડાં વગેરે માગ્યું અને ધન લાવવાનો ઉપાય બતાવતાં કહ્યું કે આ ગામનો રાજા સવારના પહોરમાં પહેલવહેલો જે યાચક તેને મળે તે યાચકને બે માસા સોનું રોજ આપે છે, તો તમે વહેલા ઉઠીને તેની પાસે જાઓ અને બે માસા સોનું માગી લાવો વહેલું ઊઠવાના ફફડાટમાં કપિલને ઊંઘ જ ન આવી અને એ તો અજવાળી રાતને સવાર સમજી મધરાતે જ ઊઠીને રાજા પાસે જવા નીકળી પડ્યો. વચ્ચે તેને

(१८९) अहे वयन्ति कोहेण, माणेण अहमा गइ ।
माया गईपडिग्घाओ लोहाओ दुहओ भय ॥ ७॥

૧૪૯ વારવાર ક્રોધ કરવાની ટેવ પડી જવાથી મનુષ્ય

ચોકીદારે પકડ્યો અને ચોર સમજીને પકડી પોલીસ ચોકીએ બેસારી રાખ્યો. છેવટે સવાર થતાં રાજા પાસે ખડો કર્યો ત્યારે રાજાએ મધરાતે નીકળવાના કારણ વિશે પૂછતાં ભોળા કપિલે જેવું બન્યું હતું તેવું બરાબર બધું કહી સંભળાવ્યું. સાંભળીને રાજાને તેની દયા આવી એટલે તેણે કપિલને કહ્યું કે હે ભૂદેવ! તમારે જે માગવું હોય તે માગી લ્યો. તમે જે માગશો તે આપીશ. આ સાંભળી હવે બે માસા સોનાને બદલે શું માગવું? એવો કપિલને વિચાર આવ્યો અને માગવાનો વિચાર નક્કી કરવા તે રાજાના ઉપવનમાં જઈને બેઠો. બે માસા ઉપરથી ચાર માસા આઠ માસા સોળ માસા એમ કરતાં કરતાં તે ક્રોડ માસા સુધી પહોંચી ગયો. ત્યાં તે કંઈ નક્કી ન કરી શક્યો. છેવટે તેને એ રાજાનું આખું ય રાજ્ય માગી લેવાનો વિચાર પણ આવ્યો. વળી આમ વિચારતાં વિચારતાં તેને એમ ચોકખું સમજાઈ ગયું કે આ તૃષ્ણાનો તો અંત આવે તેમ લાગતું નથી. આખું રાજ્ય માગું તો ય હજી વધારે માગવાનું મન થઈ જાય છે અને આ મારું મન કોઈ રીતે ધરાતું નથી. એમ વિચારતાં તેને તૃષ્ણા તરફ જ તિરસ્કાર આવ્યો અને કશું જ માગવું છોડી દઈને તેણે ત્યાગી વનમાં જવાનો તથા અપરિગ્રહી શ્રમણદીક્ષા લેવાનો દૃઢ સંકલ્પ કર્યો. એથી તેણે રાજા પાસે જઈ પોતાની ન માગવાની અને તેની કારણોને લગતી બધી વિચારધારા કહી સંભળાવી. એટલે આ ગાથામાં કહેવામાં આવ્યું છે કે કેવળ બે જ માસા સોનું માગવા આવ્યો હતો પણ પછી તો ક્રોડ માસા સોનું લેવાનો વિચાર થયો તો પણ મન કેમે ધરાયું નહીં. આ ગાથા ઉપરાંત આની ઉપરની [illegible] ગાથા પણ કપિલ મુનિએ કહેલી છે.

દિવસે દિવસે[4] નીચે પડતો રહે છે—નાલાયક બનતો જાય છે, અહંકારની ટેવ પડી જવાથી મનુષ્ય અધમ દશાએ પહોંચે છે; કપટવૃત્તિની ટેવ પડી જવાથી—હાલતાંચાલતાં લુચ્ચાઈ કરવાનો સ્વભાવ પડી જતાં સદ્ગતિનો નાશ થઈ જાય છે—સદ્ગતિનાં બારણાં બંધ થઈ જાય છે, અને લોભ કરવાનો સ્વભાવ પડી જતાં આ લોકમાં તેમ જ પરલોકમાં પણ ભારે ભય ઉભો થાય છે.

(१५०) सुवण्ण-रुप्पस्स उ पव्वया भवे,
सिया हु केलाससमा असंखया ।
नरस्स लुद्धस्स न तेहि किंचि,
इच्छा हु आगाससमा अणन्तिया ॥८॥

૧૫૦. [5]ચાંદી અને સોનાના પર્વતો પોતાની પાસે ખડકેલા હોય, અરે! તે પણ નાનાસૂના નહિ, હિમાલય

૪. સરખાવો ઇ૦ ખ્રિ૦ ૫૦ ઉ૦ ૧૦ "જો તમે તમારા ભાઈ સામે પણ ગુસ્સો કરો તો હું કહું છું કે તમે નરકના અધિકારી થવાના; જો તમે તમારા ભાઈને ગાળ દેશો, તો પણ તમે અધોગતિને જ પામશો" ઇત્યાદિ

૫. ચાંદી અને સોનાના પર્વતો—નમિ નામનો ક્ષત્રિય રાજર્ષિ ૧૫૦મો અને ૧૫૧મો શ્લોક બોલે છે. નમિનો ટૂંકો વૃત્તાંત આમ છેઃ વિદેહ દેશમાં મિથિલા (દરભંગા પાસે) નગરી. ત્યાં નમિ નામનો રાજા. જેવી વાત જનક રાજા માટે આવે છે તેવી જ વાત આ રાજાની છે. તેને એકવાર દાહજ્વર થયો, તેની શાંતિ માટે ઠંડક કરવા સારુ તેની રાણી ચંદન ઘસવા બેઠેલી. તેણીએ હાથમાં અનેક

જેવા ખરેખર ઊંચા હોય, અરે! એવા બે ચાર પર્વતો નહીં
પણ અસંખ્ય (પર્વતો પોતાની પાસે ખડકેલા) હોય તો

કંકણ પહેરેલાં એટલે જ્યારે ચંદન ઘસવું શરૂ થયું ત્યારે તે કંકણોનો
ભારે ખડખડાટ થવા લાગ્યો અને દાહજ્વરથી પીડાતા રાજાના કાનને
એ ખડખડાટ ભારે વસમો લાગ્યો એટલે તેણે રાણીને ખડખડાટ બંધ
કરવા કહ્યું ત્યારે રાણીએ એક એક હાથમાં ફક્ત એક એક કંકણ રાખી
બીજા બધાં કંકણ ઉતારી નાખ્યાં એટલે તરત જ ખડખડાટ બંધ
થઈ ગયો. તેથી રાજાએ ખડખડાટ બંધ થવાનું કારણ જાણવા માગ્યું
તો રાણીએ કહ્યું કે હાથમાં એકથી વધારે કંકણો હતાં તે બધાં ઉતારી
નાખી ફક્ત એક એક હાથમાં એક એક કંકણ પહેરીને ચંદન ઘસતાં
ખખડાટ બંધ થઈ ગયો. આ સાંભળતાં જ રાજાને વિચાર આવ્યો કે
જ્યાં બહુ હોય ત્યાં ખડખડાટ—ક્લેશ—થાય છે અને જ્યાં એકાકી—એકલો
રહે છે ત્યાં કલેશ થતો નથી. આ વિચારે ચડતાં રાજાએ દૃઢ નિશ્ચય
કર્યો કે આ પીડામાંથી સાજો થઈ જાઉં તો આ મિથિલાનું રાજ્ય
આ અંતઃપુર, ધન સામગ્રી અને ભોગવિલાસ વગેરેને તજી દઈને
અણગારિતા સ્વીકારું. બનવા જોગ કે રાજા એક રાત પસાર થતાં સવાર
પડતાં જ સાજો થઈ ગયો અને એણે સ્મૃતિપુરાણોમાં વર્ણવેલા ક્ષત્રિય
વર્ણના ધર્મને તજી દઈ ભિક્ષુ થવાનું સ્વીકાર્યું. આ જાણી એક જૂનું
પુરોહિત બ્રાહ્મણ તેને ક્ષત્રિયવર્ણના ધર્મને નહીં છોડવા અને ભિક્ષુ થવું
એ તો કાયરનું જ કામ છે એમ સમજાવવા તેની પાસે આવ્યો અને
જે કાંઈ કહેવા લાગ્યો તે બધી હકીકત ઉત્તરાધ્યયનસૂત્રના નવમા નમિ
પ્રવ્રજ્યા નામના અધ્યયનમાં નોંધાયેલ છે. વૈદિક પરંપરાનું ધોરણ
એવું છે કે ક્ષત્રિય સંન્યાસને ન લઈ શકે એ વાતને સમજાવવા પેલો
રાજગુરુ પુરોહિત તેને કહે છે કે હે ક્ષત્રિય! તારે કિલ્લો બાંધીને
નગરની રક્ષા કરવી જોઈએ. અંતઃપુરની સંભાળ લેવી જોઈએ.
બાળકો, વાહનો અને સેનાને વધારી શત્રુઓને કાબૂમાં લાવવા જોઈએ.

પણ લાલચુ–લુબ્ધ–લોભિયો મનુષ્ય તેનાથી ય ધરાતો નથી. એ તો તેને મન 'કશું જ નથી' એમ લાગે છે, કારણ કે

યજ્ઞો કરવા જોઈએ, શ્રમણબ્રાહ્મણોને જમાડવા જોઈએ તેના બદલામાં તું તારાં એ બધાં ફરજરૂપ કર્તવ્યોને છોડી દઈ આમ ભિક્ષુક બનવાનો વિચાર કેમ કરી રહ્યો છે? શું તને બધા આશ્રમોનો આધારરૂપ એવો આ ગૃહસ્થાશ્રમ પાળવો કઠણ લાગ્યો જેથી કાયર લોકો જેમ માગી ખાવાનો ધંધો સ્વીકારે છે તેમ તુ પણ આ ભિક્ષુના માર્ગને સ્વીકારવા તૈયાર થયો છે? આના ઉત્તરમાં નમિ રાજર્ષિ કહે છે કે હે બ્રાહ્મણ! હું મારો ખરો ક્ષત્રિયધર્મ પાળવાને માટે જ ભિક્ષુ થાઉં છું, જો, શ્રદ્ધા એ મારી રાજધાની છે, તેને સાચવવા તપ સદાચાર અને ક્ષમા એ મારો કિલ્લો છે, પરાક્રમ એ મારું ધનુષ છે, વિવેક એ મારી પણછ છે, ધૈર્ય બાણ છે; આ બધી સામગ્રી વડે હુ સત્ય અલોભ વગેરે સુભટોને સાથે રાખીને મારા કામ ક્રોધ મોહ લોભ વગેરે શત્રુઓને હણી નાખવા સંગ્રામ માંડવાની તૈયારી જ કરી રહ્યો છું. છેવટ જેમ જનક રાજા કહે છે કે मिथिलाया दह्यमानाया न मे दह्यते किंचन (મિથિલા નગરી બળતી હોય તો તેમાં મારું કશું જ બળતુ નથી) તેમ આ નમિરાજર્ષિ પણ કહે છે કે मिहिलाए डज्झमाणीए न मे डज्झइ किंचण (મિથિલા નગરી બળતી હોય તો તેમાં મારું કશુ જ બળતુ નથી) તાત્પર્ય એ કે આ સંવાદમાં વૈદિકસંસ્કૃતિ અને શ્રમણસંસ્કૃતિની ચર્ચા છે. પ્રસંગ આવતાં નમિરાજર્ષિ પેલા પુરોહિતને તૃષ્ણાની–આશાની–વાસનાની–અનંતતા અને દુષ્પૂરતા સમજાવવા ૧૫૦મો અને ૧૫૧મો શ્લોક બોલે છે.

૧૫૦મા શ્લોક સાથે સરખાવો બૌદ્ધ મહાયાન પરંપરાનો ગ્રંથ દિવ્યાવદાન પૃ૦ ૨૨૪ માંનો આ શ્લોક :

पर्वतोऽपि सुवर्णस्य समो हिमवता भवेत् ।
नालम् एकस्य तद् वित्तम् इति विद्वान् समाचरेत् ॥

પ્રમા બધી રીતે આકાશ જેવી છે, એટલે લબાઈ, પહોળાઈ ને ઊડાઈમાં અનત છે

(૧) पुढवी साली जवा चेव हिरण्ण पसुभिस्सह ।
पडिपुण्ण नालमेगस्स, इइ विज्जा तव चरे ॥९॥
(उत्तरा० अ० ९ गा० ५४, ४८, ४९)

૧૫૧ [૬] એક જ માણસને માટે પણ ચોખા, જવ, સોનું ને પશુઓથી ભરેલી આ આખી ય પૃથ્વી પૂરતી નથી, ર્થાત્ કોઈ એક પણ લોભિયો આટલાથી સતોષ મેળવી કતો નથી, એમ સમજીને તપ, સયમ તરફ વળવુ જોઈએ પ, સયમનુ આચરણ કરવુ જોઈએ,

(૨) कोह च माण च तहेव माय,
लोभ चउत्थ अज्झत्थदोसा ।
एयाणि वन्ता अरहा महेसी,
न कुव्वई पाव न कारवेई ॥१०॥
(सूत्र० श्रु० १ अ० ६ गा० २६)

૧૫૨ ક્રોધ, માન, માયા અને ચોથો લોભ—આ ચારે વરાત્માના—અધ્યાત્મના—ભયકર દોષો છે અર્હંત્—મહામ

---

૬ સરખાવો વિષ્ણુપુરાણ ૪-૧૦-૧૦
यत् पृथिव्यां व्रीहियवं हिरण्यं पशवः स्त्रियः ।
एकस्यापि न पर्याप्तं तद् इति मत्वा शमं व्रजेत् ॥
આ પૃથિવીમાં જેટલા ચોખા અને જવ પાકે છે તે બધા તથા ણીઓથી મળતુ બધુ સોનું તથા પૃથિવી ઉપર રહેલાં બધાં પશુઓ બધી સ્ત્રીઓ—એ શું બધુ ય એક જણને માટે પણ પૂરતું થતું એમ સમજીને અતિતૃષ્ણાનો ત્યાગ કરવો ઘટે.

પ્રાણીઓની પૂજા કરતો અર્થાત્ તમામ પ્રાણીઓ તરફ સમભાવ કેળવવા મથતો મહર્ષિ આ ચારે દોષોને છોડી કાઢી પાપ પ્રવૃત્તિને કરે[૭] નહિ અને બીજા પાસે કરાવે પણ નહિ.

卐

: १४ :

काम-सुत्तं

(१५३) सल्लं कामा विसं कामा, कामा आसीविसोवमा ।
कामे य पत्थेमाणा, अकामा जन्ति दोग्गइं ॥१॥
(उत्तरा० अ० ९ गा० ५३)

: ૧૪ :

કામ-સૂત્ર

૧૫૩. વાસનાઓ-તૃષ્ણાઓ ભારે શલ્યરૂપ છે, વાસનાઓ ઝેર જેવી છે અને વાસનાઓ 'ભયંકર સર્પ' જેવી છે જેઓ વાસનાઓને વશ પડી કામભોગોને જ ઝંખ્યા' કરે છે-માગ્યા કરે છે અને કામભોગોની વારંવાર પ્રાર્થના કરતાં છતાં ય કામભોગોને પામી શકતા નથી એવા તે અકામો છેવટે દુર્દશાને-દુર્ગતિને પામે છે

(१५४) सव्वं विलवियं गीयं, सव्वं नट्टं विडम्बियं ।
सव्वे आभरणा भारा, सव्वे कामा दुहावहा ॥२॥
(उत्तरा० अ० १३ गा० १६)

૭. સરખાવો ગીતા અ૦ ૧૫ શ્લો૦ ૫:

निर्मानमोहा जितसङ्गदोषा अध्यात्मनित्या विनिवृत्तकामाः ।
द्वन्द्वैर्विमुक्ताः सुखदुःखसंज्ञैर्गच्छन्त्यमूढाः पदमव्ययं तत् ॥

૧૫૪ સંગીતમાત્ર વિલાપ સમાન છે, નાટ્ય માત્ર વિડંબના સમાન છે, આભરણુ માત્ર ભારરૂપ છે વધારે શું, પણુ વાસનામાત્ર દુઃખ દેનારી છે

(१५५) खणमेत्तसोक्खा बहुकालदुक्खा,
पगामदुक्खा अणिगामसोक्खा ।
संसारमोक्खस्स विपक्खभूया,
खाणी अणत्थाण उ कामभोगा ॥३॥
(उत्तरा० अ० १४ गा० १३)

૧૫૫ કામભોગો ક્ષણુમાત્ર સુખ આપનારા છે અને લાંબા સમયસુધી દુઃખ આપનારા છે, કામભોગોને મેળવતા અને ભોગવતા ય દુઃખ વધારેમાં વધારે છે, જ્યારે સુખ તો નજેવું છે આ કામભોગો આત્માની પૂર્ણ સ્વતંત્રતાના ભારે શત્રુઓ છે અને અનર્થોની મોટી ખાણુ સમાન છે

(१५६) जहा किंपागफलाण, परिणामो न सुंदरो ।
एवं भुत्ताण भोगाण, परिणामो न सुंदरो ॥४॥
(उत्तरा० अ० १९ गा० १७)

૧૫૬ કિંપાકના ફળો—ઈંદ્રાવણા—દેખાવમાં બહારે સુંદર હોય છે, પણુ તેમને ખાતા પરિણામ સુંદર નથી અર્થાત્ મોત જ નીપજે છે તે જ પ્રકારે કામભોગો ય ભોગવતા તો શરૂઆતમાં મીઠા લાગે છે, પણુ તે ભોગવેલા કર્મો એનું પરિણામ પાછળથી સુંદર નથી હોતું કર્મો તેની અમર્યાદ ઇચ્છા—અમર્યાદ આશિ જ સંસારમાં વિશ્વભ્રમણ ઉભી કરનારી છે—વેરઝેર—ધર્મવિગ્રહ વગેરે ખતરનાક પરિણામોને [illegible] છે

(१५७) जहा य किंपागफला मणोरमा,
रसेण वण्णेण य भुज्जमाणा ।
ते खुड्डए जीविए पच्चमाणा ।
एसोवमा कामगुणा विवागे ॥५॥
(उत्तरा० अ० ३२ गा० २०)

૧૫૭. કિંપાકનાં ફળો સ્વાદમાં મધુર લાગે છે તેમ જ રૂપે-રંગે પણ મનહર દેખાય છે; પરન્તુ જ્યારે તેમને ખાવામાં આવે છે અને તેમની પૂરેપૂરી અસર શરીર ઉપર થાય છે, ત્યારે તે જ રૂપાળાં અને મીઠાં ફળો જીવનનો નાશ કરી નાખે છે. એ જ પરિણામ કામભોગોની બાબતમાં પણ સમજી લેવાનું છે. ભોગવતી વખતે તો કામભોગો મધુર, મધુરતર અને મધુરતમ લાગે છે. પણ પરિણામે એટલે જ્યારે તેની પૂરેપૂરી અસર આત્મા ઉપર થાય છે ત્યારે તે જ મધુર કામભોગો આત્માનો, કુટુંબનો અને સમાજનો તો ઠીક પણ સમગ્ર વિશ્વનો ય સંહાર કરી નાખે છે.

(१५८) उवलेवो होइ भोगेसु, अभोगी नोवलिप्पई ।
भोगी भमइ संसारे, अभोगी विप्पमुच्चई ॥६॥
(उत्तरा० अ० २५ गा० ३९)

૧૫૮. ભોગોથી દુસ્સંસ્કારોના[1] મેલનો થર જામ્યા કરે છે, ત્યારે જે મનુષ્ય અભોગ છે અર્થાત્ ભોગોથી ઇચ્છાપૂર્વક વિરક્ત છે, તેના ચિત્તમાં એવો દુષ્ટ મેલ જામતો

---

૧. સરખાવો ધ૦ મ૦ ધ્ર૦ "ભોગવિલાસ માણસને સત્યથી ચલિત કરે છે"—(પૃ૦ ૧૪૦)

નથી. ભોગી જ્યારે સંસારમાં ચારે બાજુ આથડ્યા કરે છે, ત્યારે અભોગી પૂર્ણ સ્વતંત્ર બની જાય છે

(१५९) चीराजिण नगिणिण, जडी–सघाडि–मुंडिण ।
एयाणि वि न तायन्ति, दुस्सील परियागय ॥७॥
(उत्तरा० अ० ५ गा० १)

૧૫૯ [2]મૃગચર્મ, નગ્નતા, જટા, સઘાટિકા અને માથનું મુંડન, આ બધાં કાયક્લેશ વા દેહદમન અનાચારી વૃત્તિવાળાને બચાવી શકતા નથી—તેના અનાચારને ઢાંકી શકતા નથી અર્થાત્ અનાચારી વૃત્તિનો મનુષ્ય ભલે મૃગચર્મ પહેરે, નગ્ન રહે, જટા વધારે, સઘાટિકા પહેરે વા માથું મુંડાવે તો પણ તે સદાચારી બની શકતો નથી

(१६०) जे केइ सरीरे सत्ता, वण्णे रूवे य सव्वसो ।
मणसा काय-वक्केण, सव्वे ते दुक्खसभवा ॥८॥
(उत्तरा० अ० ६ गा० १२)

૧૬૦ જે કોઈ મનુષ્યો કેવળ શરીરના જ આસક્ત છે તેમ જ મનવડે, વચન વડે અને કાયા વડે રૂપ અને રંગના જ

---

૨ મૃગચર્મ—સરખાવો ધમ્મપદ દસમો દંડવગ્ગ શ્લો૦ ૧૩
न नग्गचरिया न जटा न पङ्का नानासका थण्डिलसायिका वा ।
रजो च जल्लं उक्कुटिकप्पधानं सोधेन्ति मच्चं अवितिण्णकङ्खं ॥

જે મનુષ્યે તૃષ્ણાને સમૂળગી તજી દીધી નથી તે ભલે નાગો જ રહે જટા રાખે, શરીરે ગારો ચોપડે વા શરીર ઉપરનો મેલ વધાર્યે રાખે, ઉપવાસો કરે સપાટ જમીન ઉપર સૂઈ રહે શરીર ઉપર મેલના થર જામવા દે અને જાગતો જ રહે-મટકું ય ન મારે તો પણ તેની શુદ્ધિ થઈ શકતી નથી.

મોહેલા છે, તેઓ પરિણામે-બધા ય દુઃખને પેદા કરનારા —વધારનારા છે.

(१६१) अच्चेइ कालो तूरन्ति राइओ,
न यावि भोगा पुरिसाण निच्चा ।
उविच्च भोगा पुरिसं चयन्ति,
दुमं जहा खीणफलं व पक्खी ॥९॥
(उत्तरा० अ० १३ गा० ३१)

૧૬૧. સમય ધસારાબંધ વહ્યો જાય છે, રાત્રીઓ ય એક એક કરીને વીતી રહી છે. ધ્યાનમાં રાખો કે પુરુષોએ-મનુષ્યોએ-મેળવેલા આ કામભોગો ય કાયમ રહેનારા નથી. જે વૃક્ષ ઉપર ફળો ન હોય તેવા વૃક્ષને જેમ પક્ષીઓ તજી દે છે તેમજ આ કામભોગો ક્ષીણ શક્તિવાળા મનુષ્યની પાસે આવીને પણ તેને તજી દે છે.

(१६२) अधुवं जीविय नच्चा, सिद्धिमग्गं वियाणिया ।
विणिअट्टेज्ज भोगेसु, आउ परिमिअमप्पणो ॥१०॥
(दश० अ० ८ गा० ३४)

૧૬૨. જીવનને અધ્રુવ જાણીને અને પૂર્ણ સ્વતંત્રતાના માર્ગને બરાબર સમજીને તથા પોતાનું આયુષ્ય બિલકુલ પરિમિત છે એ પણ ધ્યાનમાં રાખીને કામભોગોથી અટકવું જોઈએ-અમર્યાદ અને બાધક કામભોગોથી પાછા હઠવું જોઈએ.

(१६३) पुरिसोरम पावकम्मुणा, पलियन्तं मणुयाण जीवियं ।
सन्ना इह काममुच्छिया, मोहं जन्ति नरा असंवुडा ॥११॥

૧૬૩. હે પુરુષ! મનુષ્યોનું જીવન પલાયમાન-ક્ષણભંગુર છે, માટે તું પાપકર્મોથી અટકી જા. જેઓ વાસનાઓમાં

ખુચી ગયેલા છે અને કામભોગોમા બેહોશ બની ગયા છે એવા સયમ વિનાના મનુષ્યો આ જગતમા વધારે ને વધારે મોહદશાને પામે છે

(૬૪) सबुज्झह ! किं न बुज्झह ?
 संबोही खलु पेच्च दुल्लहा ।
नो हूवणमन्ति राइओ,
 नो सुलभ पुणरावि जीविय ॥१२॥
 (सूत्र० श्रु० १ अ० २ उ० १ गा० १०, १)

૧૬૪ સમજો, એટલુ પણ કેમ સમજતા નથી કે સમ્યગ્જ્ઞાન ભવાતરમા મળવુ ખરેખર ભારે દુર્લભ છે પસાર થઈ ગએલી રાત્રીઓ ફરી જ પાછી ફરતી નથી અને વળી મનુષ્યોનુ જીવને ય ફરી ફરીને સુલભ નથી

(૬૫) दुप्परिच्चया इमे कामा, नो सुजहा अधीरपुरिसेहिं ।
 अह सन्ति सुव्वया साहू, जे तरन्ति अतर वणिया वा ॥१३॥
 (उत्तरा० अ० ८ गा० ६)

૧૬૫ આ કામભોગોનો ત્યાગ કરવો ભારે મુશ્કેલ છે જેઓ [3]અધીર પુરુષો છે તેઓ તો એ કામભોગોને એકદમ સહેલાઈથી છોડી શકતા નથી. પરતુ સારી રીતે મહાવ્રતોને આચરનારા જે સાધુ પુરુષો છે, તેઓ જેમ વ્યવહારી વણિક ન તરી શકાય એવા દરિયાને તરી જાય છે, તેમ આ ન

૩. અધીર પુરુષો—સરખાવો ગીતા અ૦ ૬ શ્લો૦ ૩૧
असंयतात्मना योगो दुष्प्राप इति मे मतिः ।
वश्यात्मना तु यतता शक्योऽवाप्तुमुपायतः ॥

[illegible]

卐

: १५ :

[illegible]

(२३३) [illegible]

[illegible]

([illegible])

: १६ :

[illegible]

[illegible]

[illegible]

[illegible]

१. [illegible]

[illegible]

[illegible]

[illegible]

પશુઓને તથા પોતાના નાતીલાઓને-એ બધાને પોતાના શરણરૂપ માને છે અર્થાત્ એ એમ સમજે છે કે એ બધા પોતાના બચાવના સાધનો છે, એટલુ જ નહિ પણ તે એટલે સુધી માને છે કે 'એ બધા મારા જ છે' અને 'તેઓમા પણ હું જ ઓતપ્રોત થઈ ગયો છુ,' પરન્તુ જ્યારે કોઈ સંકટ આવી પડે છે ત્યારે એ બધામાથી કોઈ એક પણ તેને-અજ્ઞાની મનુષ્યને-શરણરૂપ થતુ નથી-તેની વારે આવી શકતુ નથી. કહેવાનુ તાત્પર્ય એ છે કે અજ્ઞાની મનુષ્ય જ્યારે ભયંકર રીતે બિમાર પડે છે વા જ્યારે મોતના મુખે સપડાય છે ત્યારે ધન ધનને ઠેકાણે પડ્યુ રહે છે, પશુઓ પશુઓને ઠેકાણે પડ્યા રહે છે અને નાતીલા પણ પોતપોતાના સ્થાને પડ્યા રહે છે-એવે વખતે તેને કોઈ કશી પણ મદદ પહોચાડી શકતુ નથી

(१६७) जम्म दुक्खं जरा दुक्खं, रोगाणि मरणाणि य ।
अहो दुक्खो हु ससारो, जत्थ कीसन्ति जन्तवो ॥८॥
(उत्तरा० अ० १९ गा० १५)

૧૬૭ [२]પહેલું તો જનમ ધરવો એ જ દુ ખ છે, પછી એની પાછળ ઘડપણ આવે એ ય દુ ખ છે, રોગો થવા એ ય દુ ખ છે અને વારે વારે મર્યા કરવુ તો ભારે દુ ખ છે અરે! આ આખો ય સસાર એ રીતે દુ ખરૂપ છે કે જ્યા જન્તુઓ ઉપરા હાથે કરીને ક્લેશ પામ્યા જ કરે છે

[२] મા૦ ૧૬૭-સરખાવો દ૦ મ૦ ૪ "આ દુનિયાનો મોહ રાખવો (તેને અપનાવવી) એ જ બધાં પાપોનુ મૂળ છે" (પ૦ ૧૪)

(१६८) इमं सरीरं अणिच्चं, असुइं असुइसंभवं ।
असासयावासमिणं, दुक्ख-केसाण भायणं ॥३॥
(उत्तरा० अ० १९ गा० १२)

૧૬૮. [3]આ શરીર અનિત્ય છે; અશુચિ-ગંદુ છે અને ગંદા પદાર્થોમાંથી બનેલું છે, ભાડુતી ઘર જેવુ કાયમી નથી અને દુઃખ તથા કલેશોનું એક ધામ છે.

(१६९) दाराणि य सुया चेव, मित्ता य तह बन्धवा ।
जीवन्तमणुजीवन्ति, मयं नाणुव्वयन्ति य ॥४॥
(उत्तरा० अ० १८ गा० १४)

૧૬૯. સ્ત્રીઓ, પુત્રો, મિત્રો અને બંધુજનો એ બધાં જીવતાનાં જ સગાં છે, મર્યા પછી કોઇ યે પાછળ ચાલતું નથી-સાથે આવતું નથી.

---

3. **આ શરીર**—સરખાવો ધમ્મપદ અગીયારમો જરાવર્ગ શ્લો૦ ૩, ૪:

पस्स चित्तकत विंबं अरुकाय समुस्सित ।
आतुर वहुसकप्प यस्स नत्थि धुव ठिति ॥
परिजिण्णमिद रूपं रोगनिड्डु पभगुर ।
भिज्जति पूतिसन्दोहो मरणत हि जीवित ॥

જુઓ તો ખરા કે આ શરીરનુ બીબું વિચિત્રરીતે ઢાળેલું-ઉપસાવેલું, ગુમડાંવાળું, રોગી, બહુસંકલ્પવાળું અને જેની સ્થિતિ ચોક્કસ નથી એવું છે તથા આ બીબું જીર્ણ છે, રોગનો માળો છે, ક્ષણભંગુર છે અને ગંદકીનો ઢગલો છે. તે નાશ પામી જવાનુ છે. જીવનનો અંત જ મરણ છે

(१७०) वेया अहीया न भवन्ति ताणं,
भुत्ता दिया निन्ति तमं तमेणं ।
जाया य पुत्ता न हवन्ति ताणं,
को नाम ते अणुमन्नेज्ज एयं ॥५॥
(उत्तरा० अ० १४ गा० १२)

૧૭૦ ખુબ ખુબ ગોખી ગોખીને [૪]કંઠે કરેલા—ભણી નાખેલા વેદો ય અજ્ઞાની મનુષ્યને સંઘરતા નથી—શરણરૂપ નથી. ધરાઈ ધરાઈને જમેલા—જમાડેલા બ્રાહ્મણો તો વળી એક અંધારામાંથી બીજા અંધારામાં અથડાવ્યા કરે છે—અંધારા નરકના ખાડામા લઈ જાય છે અને જેઓ પોતાના જ શરીરદ્વારા જન્મેલા છે એવા પુત્રો ય શરણરૂપ બનતા નથી—બચાવી શકતા નથી તેથી દુનિયામાં રહીને વગર વિવેકે વેદોને ભણવા, બ્રાહ્મણોને જમાડવા, કુલ-વંશને ટકાવવા પ્રજાને પેદા કરવી અને ભોગો ભોગવવા, મોજ કરવી એ બધી તારી વાતને કયો ડાહ્યો માણસ કર્તવ્યરૂપ માની શકે?

---

૪. કંઠે કરેલા—આ ૧૭૦ મું તથા ૧૭ મું બન્ને પદો વિવેક વગરની માત્ર જડ ક્રિયા કે જેમાં સંયમ કે સદાચરણનો અંશ સરખો ન હોય તે બાબત આપણું ધ્યાન ખેંચે છે અર્થાત્ વેદો તો શું પણ જૈન શાસ્ત્રો વા બીજા કોઈ શાસ્ત્રો કેવળ મુખ પાઠ કરવાથી કંઈ વળતું નથી તેમ જ બ્રાહ્મણોને તો શું જૈનોને પણ વા બીજા કોઈ લોકોને પણ કેવળ જમાડવાથી કશું વળતું નથી તાત્પર્ય એ કે ક્રિયા રૂપે સંયમ અને સદાચારનો મેળ હોય તો જ તે ક્રિયા સાકાર છે

જુઓ ધર્મસૂત્ર-ટિપ્પણ ૧૦ મું "હે રાજા" તેમાં ભૃગુપુરોહિતના બે પુત્રો વિષે વાત કરેલી છે તે બન્ને પુત્રો પુરોહિત પિતાને સમજાવવા આ ૧૭૦ મું પદ બોલે છે

(१७१) चिच्चा दुपयं च चउप्पयं च,
खेत्तं गिहं धण-धन्नं च सव्वं ।
कम्मप्पवीओ अवसो पयाइ,
परं भवं सुन्दर पावगं वा ॥६॥

૧૭૧. પોતે વહાલાં માનેલાં દાસ-દાસીઓને કે વિલા
માટે પાળેલાં મેના, પોપટ વગેરે પક્ષીઓને અર્થાત્ એ બધ
બે પગાં પ્રાણીઓને, પોતે વહાલાં માનેલાં હાથી, ઘોડા
ગાય, બળદ વગેરે ચોપગાં પ્રાણીઓને, પોતે વહાલાં માનેલા
ખેતર, વાડી, બાગબગીચાને, ઘરમહેલાતને, દરદાગીના
માલમિલકત, રોકડનાણું વગેરે સંપતને તથા સંઘરેલાં
અનાજના મોટા મોટા કોઠારોને અણછુટકયે અહીં જ
છોડીને-મૂકી દઈને આ પરવશ પડેલો પ્રાણી પોતે સંઘરેલા
સારા અને નરસા સંસ્કારો સાથે સારી કે માઠી ગતિ તરફ
ચાલી નીકળે છે-સારા કે નરસા પરભવે પહોંચી જાય છે.

(१७२) जहेह सीहो व मियं गहाय,
मच्चू नरं नेइ हु अन्तकाले ।
न तस्स माया व पिया व भाया,
कालम्मि तम्मंसहरा भवन्ति ॥७॥
(उत्तरा० अ० १३ गा० २४, २२)

૧૭૨. જેમ [5]સિંહ હરણને પરાણે પકડીને એ ચી જાય
છે તેમ જ મૃત્યુ અંતકાલે મનુષ્યને ઢસડી જાય છે. એ

૫. સિંહ હરણને—સરખાવો મહાભારત-શાંતિધર્મપર્વ,
મોક્ષધર્મપર્વ અધ્યાય ૧૭૫ પૃ૦ ૨૯૯ માંનો શ્લોક ૧૮, ૧૯:

વખતે માતા, પિતા કે ભાઈ વગેરે કોઈ પણ, તે મૃત્યુદ્વારા દબાતા પ્રાણીના દુઃખમાં જરા પણ ભાગ પડાવી શકતાં નથી કે પોતાનું થોડું ઘણું આયુષ્ય આપીને તેને બચાવી શકતા નથી.

૧૭૩) जमिणं जगई पुढो जगा, कम्मेहिं लुप्पन्ति पाणिणो ।
सयमेव कडेहिं गाहई, नो तस्स मुच्चेज्जऽपुट्ठयं ॥८॥
(सूत्र० श्रु० १ अ० २ उ० १ गा० ४)

तं पुत्रपशुसम्पन्नं व्यासक्तमनसं नरम् ।
सुप्तं व्याघ्रो मृगमिव मृत्युरादाय गच्छति ॥
सञ्चिन्वानकमेवैनं कामानामवितृप्तकम् ।
व्याघ्रः पशुमिवादाय मृत्युरादाय गच्छति ॥

સરખાવો ધમ્મપદ ચોથો પુષ્પવર્ગ શ્લો૦ ૪ ૫

पुष्पाणि ह्येव पचिनन्तं व्यासक्तमनसं नरं ।
सुत्तं गामं महोघो व मच्चु आदाय गच्छति ॥
पुष्पाणि ह्येव पचिनन्तं व्यासक्तमनसं नरं ।
अतित्तं येव कामेसु अन्तको कुरुते वसं ॥

જેમ વાઘ મૃગ-પશુને દબાડીને ચાલ્યો જાય છે તેમ પુત્ર અને પશુઓની સંપત્તિરાગાને તથા વાસનાઓમાં જેનું મન ચોંટી ગએલ છે તથા જે હજુ ભોગમાં છે તથા હજુ તો જે કામોનો સંચય કરતો રહે છે અને કામનાથી તૃપ્ત થએલ નથી તેને મૃત્યુ દબાડીને ચાલ્યું જાય છે—(ધ૦ પ્રકરન)

સૂતેલા ગામને જેમ પાણીનું મહાપૂર તાણી જાય છે તેમ કામનાઓમાં જેનું મન ચોંટી ગએલ છે તેવો મનુષ્ય હજુ તો પોતાના મનોરથોનાં ફૂલો જ ચૂંટતો હોય છે ત્યાં જ તેને મૃત્યુ તાણી જાય છે ત્યારે તેવા અને કામોથી હજુ તૃપ્તિ નહીં પામેલા મનુષ્યને મૃત્યુ તાણી લઈ જાય છે—(ધમ્મપદ)

૧૭૩. આ સંસારમાં જે આ જુદા જુદા પ્રાણીઓ છે તે બધાં ય પોતપોતાનાં કર્મોને લીધે—સારા માઠા સંસ્કારોને લીધે જ દુઃખી થાય છે. જે કર્મો પોતે જ કર્યાં છે-જે સંસ્કારોની છાપ પોતાનામાં જ ઉઠવા-પડવા દીધી છે, તેમને ભોગવ્યા વિના—અનુભવ્યા વિના છૂટકારો[૬] જ નથી.

(१७४) असासए सरीरम्मि, रइं नोवलभामहं ।
पच्छा पुरा व चइयव्वे, फेणबुब्बुयसंनिभे ॥९॥
(उत्तरा० अ० १९ गा० १३)

૧૭૪. આ શરીર પાણીના ફીણમાં ઉઠતા પરપોટા જેવું નાશવંત છે, તેને પહેલાં કે પછી ગમે ત્યારે એક વખત છોડવાનું તો છે જ, તો પછી એવા અશાશ્વત શરીરમાં મને ચેન પડતું નથી. અર્થાત્ એવા ગમે ત્યારે, પડી જનાર શરીર તરફ મને પ્રેમ થતો નથી. (એમ સાધક પુરુષ વિચાર કરે છે.)

(१७५) माणुसत्ते असारम्मि, वाहि-रोगाण आलए ।
जरामरणघत्थम्मि, खणं पि न रमामहं ॥१०॥
(उत्तरा० अ० १९ गा० १४)

---

૬. **છૂટકારો જ નથી**—સરખાવો ધમ્મપદ નવમો પાપવર્ગ શ્લો० ૧૨ :

न अंतलिक्खे न समुद्दमज्झे न पव्वतान विवरं पविस्स ।
न विज्जती सो जगतिप्पदेसो यत्रट्ठितो मुच्चेय्य पापकम्मा ॥

પાપકર્મી મનુષ્ય આકાશમાં જાય કે દરિયાની વચ્ચે પેસી જાય વા પર્વતોની ગુફામાં સંતાઈ જાય પરંતુ જગતમાં એવું એક પણ સ્થાન નથી કે જ્યાં ગયેલો પાપકર્મી પ્રાણી પોતાનાં પાપોથી છૂટકારો પામે.

१७५ व्याधि अने भयकर रोगोना घर जेवा आ
प्य देहमा मने जरा य एक क्षण माटे पण चेन पडतुं
। वळी ए देह हमेशा घडपण अने मरणथी तो खवाएलो
राएलो ज छे, एटले एमा रहीने एक क्षण पण लहेर
ानुं मन थतु नथी (एम साधक पुरुष विचारे छे)

) जीवियं चेव रूवं च, विज्जुसपायचचलं ।
जत्थ तं मुज्झसी राय ! पेच्चत्थं नावबुज्झसे ॥११॥

(उत्तरा० अ० १८ गा० १३)

१७६ हे राजा! तु जे [७]दुनियामा राची रह्यो छे–
॥ मोह पामी रह्यो छे एटलु ज नहि पण जेमा
तो अने मोह राखतो तु तारा हितकर अने मगलमय
ध्यना प्रसगो तरफ पण ध्यान आपतो नथी एवा आ
न अने आ रूप बन्ने विजळीना चमकारा जेवा चचळ
क्षण भगुर छे

) न तस्स दुक्खं विभयन्ति नाइओ,
न मित्तवग्गा न सुया न बन्धवा ।
एक्को सयं पच्चणुहोइ दुक्खं,
कत्तारमेव अणुजाई कम्मं ॥१२॥

(उत्तरा० अ० १३ गा० २३)

१७७ बीजाओने ज माटे अर्थात् पोताना मानेला
ने माटे, नातीलाओ माटे, मित्रो माटे, पोताना पुत्रो

---

[७] गा० १७; सरखावो ह० भ० प्र० ' आ दुनिया रहेवानी
" (पृ० १४०)

उव्वेहई लोगमिणं महन्तं,
बुद्धो पमत्तेसु परिव्वएज्जा ॥४॥
(सूत्र० श्रु० १ अ० १२ गा० १८)

૨૦૨. બુદ્ધ–જ્ઞાની–પુરુષે આ આખાય લોકમાં રહેનારાં નાનાં પ્રાણો તરફ અને મોટાં પ્રાણો તરફ આત્મવત્ વર્તવું જોઇએ અર્થાત્ તમામ પ્રાણોને પોતાના આત્માની જેમ જ જોવા જોઈએ અને આ આવડા મોટા લોકનું બરાબર નિરીક્ષણ કરવું જોઈએ, તથા પ્રમત્તો સાથે પણ રહેવાનો પ્રસંગ પડે તોય અપ્રમત્તપણે રહેવું જોઈએ અથવા बुद्धोऽपमत्तेसु એટલે અપ્રમત્તો સાથે અપ્રમત્તપણે રહેવું જોઈએ.

(२०३) जे ममाइअमइं जहाइ, से जहाइ ममाइअं ।
से हु दिट्ठभए मुणी, जस्स नत्थि ममाइअं ॥५॥
(आचा० श्रु० १ अ० २ उ० ६ सू० ९९)

૨૦૩. જે મનુષ્ય મમત્વ બુદ્ધિનો ત્યાગ કરી શકે છે તે જ મનુષ્ય મમત્વનો ત્યાગ કરી શકે છે. તે જ મુનિ સંસારનાં ભય સ્થાનોને જોઈ શકેલ છે કે જેના ચિત્તમાં મમતા નથી.

(२०४) जहा कुम्मे सअंगाइं, सए देहे समाहरे ।
एवं पावाइं मेहावी, अज्झप्पेण समाहरे ॥६॥
(सूत्र० श्रु० १ अ० ८ गा० १६)

૨૦૪. સંકટ આવી પડતાં કાચબો[२] જેમ પોતાનાં

---

૨ કાચબો—સરખાવો ગીતા અ૦ ૨ શ્લો૦ ૫૮ :
यदा संहरते चायं कूर्मोऽङ्गानीव सर्वश ।
इन्द्रिया ेन्द्रियार्थेभ्यस्तस्य प्र । प्रतिष्ठिता ॥

તમામ અંગોને પોતાના દેહમાં સંકોચી સમાવી દે છે, તે જ રીતે મેધાવી-વિવેકી-મનુષ્યે શબ્દાદિ વિષયો તરફ જતી તમામ ઇંદ્રિયોને અધ્યાત્મ દૃષ્ટિ કેળવી તે દ્વારા સંકોચી લેવી ઘટે.

(२०५) जो सहस्सं सहस्साणं, मासे मासे गवं दए ।
तस्स वि संजमो सेयो, अदिन्तस्स वि किंचण ॥७॥
(उत्तरा० अ० ९ गा० ४०)

૨૦૫. જે કોઈ માણસ મહિને[3] મહિને મહિને લાખ લાખ ગાયોનું દાન કરે, તેના કરતા ય જે માણસ કશું ય

જેમ કાચબો પોતાનાં બધાં અંગોને ચારે બાજુથી સંકોડી લે છે તેમ ઇન્દ્રિયોને વિષયોમાંથી જે સંકોડી લે છે તેની પ્રજ્ઞા પ્રતિષ્ઠિત-સ્થિર-છે

3 મહિને મહિને—સરખાવો ધમ્મપદ આઠમો સહસ્સવર્ગ શ્લો० ૭ ૮ ૯

मासे मासे सहस्सेन यो यजेथ सतं समं ।
एकं च भावितत्तानं मुहुत्तमपि पूजये ।
सा एव पूजना सेय्यो यं चे वस्ससतं हुतं ॥
यो च वस्ससतं जन्तु अग्गिं परिचरे वने ।
एकं च भावितत्तानं मुहुत्तमपि पूजये ।
सा एव पूजना सेय्यो यं चे वस्ससतं हुतं ॥
यं किंचि यिट्ठं व हुतं व लोके संवत्सरं यजेथ पुञ्ञपेक्खो ।
सब्बं पि तं न चतुभागमेति अभिवादना उज्जुगतेसु सेय्यो ॥

મહિને મહિને હજારોનું ધન ખરચીને જે મનુષ્ય સો વરસ સુધી યજ્ઞ કર્યા કરે અને એક જ ઘડી કોઈ ભાવિતાત્માની પૂજા કરે તો એ સો વરસ સુધી કરેલા યજ્ઞો કરતાં એ પૂજા જ ઉત્તમ છે ૭

દાન નથી કરતો પણ પોતાની જાતને સંયમમાં રાખે છે તે જ શ્રેય છે.

(२०६) नाणस्स सव्वस्स पगासणाय,
अन्नाणमोहस्स विवज्जणाए ।
रागस्स दोसस्स य संखएणं,
एगन्तसोक्खं समुवेइ मोक्खं ॥८॥

૨૦૬. તમામ જ્ઞાન પ્રકાશમય-નિર્મળ થાય તેથી, અજ્ઞાન અને મોહનો ત્યાગ કરી દેવામાં આવે તેથી, અને રાગ દ્વેષનો સમૂળ ક્ષય થઈ જાય તેથી, મનુષ્ય એવી સ્થિતિને પામે છે કે જે સ્થિતિમાં નર્યું સુખ, સુખ ને સુખ જ છે- જરાક પણ પરવશતા નથી.

(२०७) तस्सेस मग्गो गुरु-विद्धसेवा,
विवज्जणा वालजणस्स दूरा ।
सज्झायएगन्तनिसेवणा य,
सुत्तत्थसंचिन्तणया धिई य ॥९॥

એ જ રીતે જે પ્રાણી સો વરસ સુધી વનમાં અગ્નિની પૂજા-ઉપાસના-કરે અને એક જ ઘડી કોઈ ભાવિતાત્માની-સંતપુરુષની-પૂજા કરે તો પેલી સો વરસ સુધી કરેલી અગ્નિની પૂજા કરતાં-હોમ કરતાં-એ સંતની પૂજા જ ઉત્તમ છે. ૮

કોઈ મનુષ્ય પુણ્યની આશા રાખીને એક વરસ સુધી જે કાંઈ યજન કરે, હોમહવન કરે તો ય સરળ સંતપુરુષોની અભિવાદનાથી જે ફળ થાય છે તેના ચોથા ભાગનું પણ ફળ તે યજન કે હોમ-હવનથી મળતું નથી. ૯

२०७ એવી સુખમય સ્થિતિએ પહોંચવાનો માર્ગ આ છે-સદ્‌ગુરુ તથા અનુભવી વૃદ્ધોની સેવા કરવી, અજ્ઞાની-અસંયમી મનુષ્યની સોબતથી દૂર રહેવું, નિરંતર સ્વાધ્યાય કર્યા કરવો અને એકાંતમાં રહી મનન કર્યા કરવું, તથા શાસ્ત્રના અર્થને વારે વારે વિચાર્યા કરવો અને અડગ ધૈર્ય રાખવું

(२०८) आहारमिच्छे मियमेसणिज्जं,
सहायमिच्छे निउणत्थबुद्धिं ।
निकेयमिच्छेज्ज विवेगजोग्गं,
समाहिकामे समणे तवस्सी ॥१०॥

२०८ જે તપસ્વી શ્રમણ, સમાધિ મેળવવાની વાંછા રાખતો હોય તેણે પરિમિત અને નિર્દોષ આહાર ઇચ્છવો-પસંદ કરવો. નિપુણ બુદ્ધિવાળો અને શાસ્ત્રાભ્યાસી હોય એવાને જ પોતાનો સાથી ઇચ્છવો-રાખવો તથા પોતાની વિવેકભરી સાધનાને યોગ્ય હોય તેવું જ સ્થાન રહેવા માટે ઇચ્છવું-પસંદ કરવું

(२०९) न वा लभेज्जा निउणं सहायं,
गुणाहियं वा गुणओ समं वा ।
एक्को वि पावाइं विवज्जयन्तो,
विहरेज्ज कामेसु असज्जमाणो ॥११॥
(उत्तरा० अ० ३२ गा० ३-५)

२०९ ગુણમાં પોતા કરતાં ચઢિયાતો હોય અથવા

ગુણમાં પોતાની બરોબરનો હોય એવો નિપુણ[4] સાથી જો ન મળે તો સમાધિ સાધવાની વૃત્તિવાળો શ્રમણ કામભોગોમાં અનાસક્ત રહેતો અને પાપકર્મોનો ત્યાગ કરતો ભલેને એકલો જ રહે.

(२१०) न कम्मुणा कम्म खवेन्ति वाला,
अकम्मुणा कम्म खवेन्ति धीरा ।

---

૪ નિપુણ—સરખાવો ધમ્મપદ ૨૩મો નાગવર્ગ શ્લો૦ ૯, ૧૦, ૧૧ :

स चे लभेथ निपक सहाय सद्धिचर साधुविहारिधीर ।
अभिभुय्य सव्वानि परिस्सयानि चरेय्य तेनत्तमनो सतीमा ॥

नो चे लभेथ निपक सहाय सद्धिचर साधुविहारिधीर ।
राजा व रट्ठ विजित पहाय एको चरे मातगरञ्ञे व नागो ॥

एकस्स चरित सेय्यो नत्थि वाले सहायता ।
एको चरे न च पापानि कयिरा अप्पोस्सुक्को मातगरञ्ञे व नागो ॥

સાથી, નિપુણ સાધુવિહારી અને ધીર મળી શકે તો બીજાં તમામ જોખમોને નહીં ગણકારીને ય તેની સાથે જાગૃતિપૂર્વક રહેવું-ફરવું.

એવો નિપુણ સાથી ન મળ્યો હોય તો જેમ હારેલું રાજ્ય છોડીને રાજા એકલો ચાલી નીકળે છે વા માતંગવનમાં જેમ એકલો નાગ-માતંગ-હાથી રહે છે-ફરે છે તેમ એકલા ફરવુ અર્થાત સારા સાથી વિના એકલા જ રહેવુ

માતંગવનમાં હાથી જેમ એકલો રહે છે તેમ એકલા રહેવું ઉત્તમ છે પણ અજ્ઞાનીની-બાલની-સોબત સારી નથી. એકલા રહેતાં બીજા વેગો ઓછા આવે તેમ રહેવું અને પાપોને ન આચરવાં.

मेहाविणो लोभ-भया वईया,
सवोसिणो न पकरेन्ति पावं ॥१२॥
(सूत्र० श्रु० १ अ० १२ गा १५)

૨૧૦ અજ્ઞાની મનુષ્યો કુસંસ્કારો વડે કુસંસ્કારોનો નાશ કરી શકતા નથી જેઓ ધીર પુરુષો છે તેઓ સંયમમય પ્રવૃત્તિઓ દ્વારા કુસંસ્કારોનો નાશ કરી શકે છે જેઓ મેધાવી મનુષ્યો છે તેઓ લોભ અને ભયથી દૂર ખસી ગયા છે, સંતોષી બની ગયા છે અને પાપ કરતા નથી

卐

१८

अप्प-सुत्त

२११) अप्पा नई वेयरणी, अप्पा मे कूडसामली।
अप्पा कामदुहा धणू अप्पा मे नन्दणं ॥१॥

૧૮

આત્મ-સૂત્ર

૨૧૧ આત્મા[1] પોતે વૈતરણી નદી છે આત્મા પોતે કૂટ શાલ્મલી વૃક્ષ છે, આત્મા [illegible] છે અને મારો આત્મા પોતે ન[illegible]

---

૧ આત્મા—[illegible]નો [illegible] આત્મસૂત્ર [illegible] સરખાવો જેવો

સરખાવો ગીતા

માટે અને પોતાના બંધુઓ માટે પણ દુષ્ટ પ્રવૃત્તિને કરનારાએ પોતે જાતે એકલે પંડે જ તે દુષ્ટ પ્રવૃત્તિને લીધે નીપજનારાં બૂરાં પરિણામોને ભોગવવાનાં હોય છે. તે બૂરાં પરિણામોને ભોગવતી વખતે તેમાં બીજું કોઈ ભાગ પડાવતું નથી, અર્થાત્ પોતાનાં માનેલાં સ્વજનો, નાતીલાઓ, મિત્રો, પોતાના ખુદના પુત્રો કે બંધુઓ એ બૂરાં પરિણામોને ભોગવવામાં જરા પણ ભાગ પડાવી શકતાં નથી. કારણ કે મનુષ્ય જે દુષ્ટ સંસ્કારોને કેળવી તેમાં લીન થાય છે, તે જ દુષ્ટ સંસ્કારો તેનો પીછો છોડતા નથી. તે તેની પાછળ ને પાછળ પડછાયાની પેઠે ચાલ્યા જ આવે છે.

(१७८) न चित्ता तायए भासा,
कुओ विज्जाणुसासणं ? ।
विसन्ना पावकम्मेहिं,
बाला पंडियमाणिणो ॥१३॥
(उत्तरा० अ० ६ गा० १०)

૧૭૮. ચિત્ર [૮]વિચિત્ર ભાષાઓ એટલે પંડિતોએ જેનો ખૂબ ખૂબ આદર કરેલો છે એવી વેદની ભાષા, સંસ્કૃત ભાષા,

૮. ચિત્રવિચિત્ર ભાષાઓ—જુઓ ટિપ્પણ ગા૦ ૧૭૦ 'કંઠે કરેલા.' જે લોકો સંયમ કે સદાચારના લક્ષ્ય વિનાના કેવળ પ્રાચીન કે અર્વાચીન કોઈપણ ભાષાના પવિત્રતાના આગ્રહમાં પડ્યા છે અને અમુક રીતે થતાં ઉચ્ચારણો જ સ્વર્ગ કે મોક્ષને આપનારાં છે તથા અમુક રીતે થતાં ઉચ્ચારણો જ અધોગતિએ પહોંચાડનારાં છે એવું માનનારા છે અને સદ્ગુણોની તરફ ધ્યાન ન આપી કેવળ અમુક ભાષા બોલનારો વર્ગ ઉત્તમ અને અમુક ભાષા બોલનારો વર્ગ અધમ એમ માની

છે અને નાશ કરનારો છે સુપ્રસ્થિત-સુમાર્ગગામી-આત્મા મિત્રરૂપ છે, અને દુષ્પ્રસ્થિત-દુર્માર્ગગામી-આત્મા શત્રુરૂપ છે

(૨૧૩) अप्पा चेव दमेयव्वो, अप्पा हु खलु दुद्दमो ।
अप्पा दन्तो सुही होई, अस्सिं लोए परत्थ य ॥३॥

૨૧૩ આત્માને જ[૩] દમવો જોઈએ-સંયમ અને તપની પ્રવૃત્તિ વડે બરાબર પલોટવો જોઈએ ખરેખર, આત્મા પોતે જ દુર્દમ છે-સંયમ અને તપની પ્રવૃત્તિ વડે આત્માને પલોટવાતો નાકે દમ આવી જાય છે, પણ એ રીતે પલોટાએલો આત્મા આ જગતમાં અને બીજે પણ સુખી જ થાય છે

(૨૧૪) वरं मे अप्पा दन्तो, सजमेण तवेण य ।
माऽहं परेहिं दम्मन्तो, बन्धणेहि वहहि य ॥४॥
(उत्तरा० अ० १ गा० १५, १६)

૨૧૪ બીજાઓ કોઈ મારા આત્માને બંધનોમાં નાખી નાખીને અને માર મારીને મારીને પલોટે, એ કરતાં તો હું જાતે પોતે સંયમ અને તપની પ્રવૃત્તિ વડે મારી ઈચ્છાપૂર્વક આત્માને-પોતાને-પલોટું એ જ વધારે ઉત્તમ છે

---

૩ દમવો—સરખાવો ધ૦ ન૦ પ૦ ના આત્મવર્ગ ગા૦ ૩

अत्तानं च तथा कयिरा यथञ्ञमनुसासति ।
सुदन्तो वत दमेथ अत्ता हि किर दुद्दमो ॥

જેમ આપણે બીજાને શિક્ષા કરીએ છીએ તેમ આત્માને શિક્ષા કરી આત્માને એવી રીતે દમવે-પલોટવો-જોઈએ કે જ્યાં તે સુદાંત થાય-જ્યારે ત્યારે તે કાન ન કરે, કારણ કે આત્મા ખરેખર દુર્દમ છે-પોતાની જાતને પલોટવી એ મહામુશ્કેલ કામ છે

વગરનો દુષ્ટ મનુષ્ય જ્યારે કાળના મુખમાં સપડાશે, ત્યારે જ તે પોતાની દુષ્ટતાને જાણશે અને પછી પસ્તાવો કરશે.

(२१९) जस्सेवमप्पा उ हवेज्ज निच्छिओ,
चइज्ज देहं न हु धम्मसासणं ।
तं तारिसं नो पइलेन्ति इन्दिया,
उवितवाया व सुदंसणं गिरिं ॥९॥
(दश० चूलिका १ गा० १७)

૨૧૯. 'દેહને ભલે છોડી દઉં પણ ધર્મના શાસનને તો ન જ છોડું' એવા દૃઢ નિશ્ચયી આત્માને–ભયંકર વાવાઝોડું જેમ મેરુ પર્વતને ડગાવી શકતું નથી તેમ–ઇંદ્રિયો કદી પણ ડગાવી શકતી નથી.

(२२०) अप्पा खलु सययं रक्खियव्वो,
सव्विन्दिएहि सुसमाहिएहिं ।
अरक्खिओ जाइपहं उवेइ,
सुरक्खिओ सव्वदुहाण मुच्चइ ॥१०॥
(दश० चूलिका २ गा० १६)

૨૨૦. પાંચ જ્ઞાનેંદ્રિયો અને પાંચ કર્મેંદ્રિયો તે તમામ ઇંદ્રિયોને બરાબર સમાધિયુક્ત કરીને નિરંતર આત્માને પાપમય

दिसो दिस यं तं कयिरा वेरी वा पन वेरिनं ।
मिच्छापणिहितं चित्तं पापियो नं ततो करे ॥
દુશ્મન જે ભૂંડું દુશ્મનનું કરે છે, વૈરી પોતાના વૈરીનું જે વેર છે, દુષ્ટ રીતે જોડેલું ચિત્ત આત્માનું તેથી પણ વધારે ભૂંડું કરે છે.

(२२४) गइलक्खणो उ धम्मो, अहम्मो ठाणलक्खणो ।
भायणं सव्वदव्वाणं, नहं ओगाहलक्खणं ॥२॥

૨૨૪ ધર્માસ્તિકાયનું[2] લક્ષણ ગતિ છે, [3]અધર્માસ્તિકાયનું

---

૨ ધર્માસ્તિકાય—જૈન પરંપરાએ આ આખા જગતના 'લોકજગત' અને 'અલોકજગત' એવા બે વિભાગ માનેલા છે તેમાં અલોકજગતમાં કેવળ એક આકાશતત્ત્વ છે એ સિવાય ત્યાં બીજું જડ કે ચેતન કોઈ તત્ત્વ નથી જે લોકજગત છે તે આ આપણું બ્રહ્માંડ છે તેમાં-સમગ્ર લોકજગતમાં એક અખંડ પદાર્થ—કોઈ રીતે જેના ખંડ કરી શકાતા નથી—સર્વત્ર સર્વકાળે વિદ્યમાન છે અને જેના આલંબનથી ગતિ કરવાની શક્તિવાળા ચેતન કે જડ પુદ્ગલ-મૂર્ત-પદાર્થોને તેમની ગતિમાં સહાય મળતી રહે છે તેનું નામ ધર્માસ્તિકાય અથવા ધર્મ આ પદાર્થ પોતે જડ છે તો પણ અમૂર્ત છે એટલે રૂપ રસ ગંધ સ્પર્શ કે શબ્દ વિનાનો છે માછલાંમાં પોતામાં જ ગતિ કરવાની શક્તિ છે છતાં તે પાણીની સહાયના વિના ગતિ કરી શકતી નથી તે રીતે ચેતનમાત્રમાં અને પુદ્ગલમાત્રમાં ગતિ કરવાનું સામર્થ્ય તો છે જ પરંતુ તે સામર્થ્યને જો આ ધર્માસ્તિકાયનું આલંબન-નિમિત્ત—ન મળે તો કોઈ પણ પદાર્થ ગતિ કરી શકે નહીં એટલે આ ધર્માસ્તિકાય ગતિમાત્રનું નિમિત્ત કારણ છે—ગતિમાત્રમાં સહાયક છે

આ રીતે એક બીજો 'ધર્મ' શબ્દ સામાન્યરીતે સત્પ્રવૃત્તિના અર્થમાં રૂઢ છે, તેનાથી આ ધર્માસ્તિકાય કે ધર્મ શબ્દને તદ્દન જુદા અર્થમાં સમજવાનો છે અહિંસા સત્ય વગેરે સત્પ્રવૃત્તિના અર્થમાં રૂઢ એવા 'ધર્મ' શબ્દને પણ જૈન પરંપરા માને છે પરંતુ તેનો ઉપયોગ આ સ્થાને નથી. એ ખ્યાલમાં રાખવાનું છે

૩. અધર્માસ્તિકાય—સમગ્ર લોકજગતમાં એક એવો અખંડ પદાર્થ સર્વત્ર સર્વકાળે વિદ્યમાન છે અને જેના આલંબનથી સ્થિતિ

૨૨૨. જે સાધક પ્રવ્રજ્યા લીધા પછી પોતે પ્રમાદમાં પડીને, સ્વીકારેલાં મહાવ્રતોને શુદ્ધ રીતે બરાબર પાળતો નથી-આચરતો નથી, પોતાના આત્માને નિગ્રહમાં-સંયમમાં રાખતો નથી, રસોમાં લાલચુ બને છે તેનાં બંધનો મૂળથી છેદાતાં નથી.



: ૧૯ :

लोगतत्त-सुत्तं

(૨૨૩) धम्मो अहम्मो आगासं, कालो पुग्गल जंतवो ।
एस लोगो त्ति पन्नत्तो, जिणेहिं वरदंसिहिं ॥१॥

: ૧૯ :

[1]લોકતત્ત્વ-સૂત્ર

૨૨૩. ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશાસ્તિકાય, કાળ, પુદ્ગલાસ્તિકાય અને જીવાસ્તિકાય-આત્મા, એ બધાને ઉત્તમ દૃષ્ટિવાળા જિન ભગવંતોએ 'લોક' નામથી જણાવેલ છે.

---

૧. આ જગતમાં કુલ કેટલાં તત્ત્વો-મૂળભૂત પદાર્થો-છે તે બાબત જૈન પરંપરા જે કાંઈ માને છે તે વિશે અને સાથે એ તત્ત્વોનુ જ્ઞાન કરીને શ્રેયાર્થીએ કયાં કયાં સાધનોનુ અવલંબન લઈને શ્રેયની સાધના કરવી જોઈએ; એ વિશે પણ પ્રસ્તુત સૂત્રમાં સંક્ષેપમાં જણાવેલ છે.

(૨૯૪) गइलक्खणो उ धम्मो, अहम्मो ठाणलक्खणो ।
भायणं सव्वदव्वाणं, नहं ओगाहलक्खणं ॥२॥

૨૨૪ ધર્માસ્તિકાયનું [2]લક્ષણ ગતિ છે, [3]અધર્માસ્તિકાયનું

---

૨ ધર્માસ્તિકાય—જૈન પરંપરાએ આ આખા જગતના 'લોકજગત' અને 'અલોકજગત,' એવા બે વિભાગ માનેલા છે તેમાં અલોકજગતમાં કેવળ એક આકાશતત્ત્વ છે એ સિવાય ત્યાં બીજું જડ કે ચેતન કોઈ તત્ત્વ નથી જે લોકજગત છે તે આ આપણું બ્રહ્માંડ છે તેમાં—સમગ્ર લોકજગતમાં એક અખંડ પદાર્થ—કોઈ રીતે જેના ખંડ કરી શકાતા નથી—સર્વત્ર સર્વકાળે વિદ્યમાન છે અને જેના આલંબનથી ગતિ કરવાની શક્તિવાળાં ચેતન કે જડ પુદ્ગલ-મૂર્ત-પદાર્થોને તેમની ગતિમાં સહાય મળતી રહે છે તેનું નામ ધર્માસ્તિકાય અથવા ધર્મ આ પદાર્થ પોતે જડ છે તો પણ અમૂર્ત છે એટલે રૂપ રસ ગંધ સ્પર્શ કે શબ્દ વિનાનો છે માછલીમાં પોતામાં જ ગતિ કરવાની શક્તિ છે છતાં તે પાણીની સહાયતા વિના ગતિ કરી શકતી નથી તે રીતે ચેતનમાત્રમાં અને પુદ્ગલમાત્રમાં ગતિ કરવાનું સામર્થ્ય તો છે જ પરંતુ તે સામર્થ્યને જો આ ધર્માસ્તિકાયનું આલંબન-નિમિત્ત—ન મળે તો કોઈ પણ પદાર્થ ગતિ કરી શકે નહીં એટલે આ ધર્માસ્તિકાય ગતિમાત્રનું નિમિત્ત કારણ છે—ગતિમાત્રમાં સહાયક છે

આ રીતે એક બીજો 'ધર્મ' શબ્દ સામાન્યરીતે વ્યુત્પત્તિના અર્થમાં રૂઢ છે, તેનાથી આ ધર્માસ્તિકાય કે ધર્મ શબ્દને તદ્દન જુદા અર્થમાં સમજવાનો છે અહિંસા સત્ય વગેરે વ્યુત્પત્તિના અર્થમાં રૂઢ એવા 'ધર્મ' શબ્દને પણ જૈન પરંપરા માને છે પરંતુ તેનો ઉપયોગ આ સ્થાને નથી. એ ખ્યાલમાં રાખવાનું છે

૩. અધર્માસ્તિકાય—સમગ્ર લોકજગતમાં એક એવો અખંડ પદાર્થ સર્વત્ર સર્વકાળે વિદ્યમાન છે અને જેના આલંબનથી સ્થિતિ

લક્ષણ સ્થિતિ છે. તમામ દ્રવ્યોનું-પદાર્થોનું ભાજન હોવું અર્થાત્ તમામ પદાર્થોને અવકાશ-અવગાહ-આપવો-સમાવી દેવા એ [4]આકાશાસ્તિકાયનું લક્ષણ છે.

કરવાની શક્તિવાળાં એટલે ગતિને રોકી રાખવાની સ્વયં શક્તિવાળાં ચેતન કે પુદ્ગલ પદાર્થોમાં તેમની સ્થિતિમાં સહાય મળતી રહે છે, તેનું નામ અધર્માસ્તિકાય અથવા અધર્મ. આ પદાર્થ પોતે જડ છે તો પણ અમૂર્ત છે પગે ચાલતા મુસાફરમાં ગતિને રોકી રાખવાની શક્તિ આપોઆપ વિદ્યમાન છે છતાં રસ્તામાં જ્યાં વૃક્ષનો છાંયો આવે ત્યાં જ તે ઊભો રહે છે, તે રીતે ચેતનમાત્રમાં અને પુદ્ગલ-મૂર્ત-પદાર્થ માત્રમાં ગતિને રોકી રાખવાનું સામર્થ્ય તો છે જ, પરંતુ તે સામર્થ્યને જો આ અધર્માસ્તિકાયનું આલંબન-નિમિત્ત-ન મળે તો કોઈ પણ પદાર્થ ગતિને રોકી શકતો નથી-સ્થિતિમાં આવી શકતો નથી એટલે આ અધર્માસ્તિકાય સ્થિતિમાત્રનું નિમિત્ત કારણ છે-સ્થિતિમાત્રમાં સહાયક છે.

આ રીતે, એક બીજો 'અધર્મ' શબ્દ સામાન્યરીતે કુપ્રવૃત્તિના અર્થમાં રૂઢ છે. તેનાથી આ અધર્માસ્તિકાય કે અધર્મ શબ્દને તદ્દન જુદા અર્થમાં સમજવાનો છે. હિંસા અસત્ય વગેરે કુપ્રવૃત્તિના અર્થમાં રૂઢ એવા 'અધર્મ' શબ્દને પણ જૈન પરંપરા માને છે; પરંતુ તેનો ઉપયોગ આ સ્થાને નથી એ ધ્યાનમાં રાખવાનું છે.

૪. **આકાશાસ્તિકાય**—આકાશ, ગગન, ખ, અંતરિક્ષ એ બધા શબ્દો સમાન અર્થના છે-પોલાણમાત્રનું નામ આકાશ છે. આ પદાર્થ લોકજગત અને અલોકજગત એ બન્નેને વ્યાપીને સર્વત્ર સર્વકાળે અખંડભાવે રહેલો છે. એ અમૂર્ત છે, જૈનપરંપરા ઉપરાંત બૌદ્ધ-પરંપરા અને વૈદિક પરંપરા પણ આકાશનું અસ્તિત્વ સ્વીકારે છે. દિશાઓનું અસ્તિત્વ આ તત્ત્વમાં સમાઈ જાય છે. આ તત્ત્વનો

(१२५) वत्तणालक्खणो कालो, जीवो उवओगलक्खणो ।
नाणेण दंसणेण च, सुहेण य दुहेण य ॥१०॥

ધર્મ કે ગુણ ચેતન કે જડ માત્રને પોતામાં સમાવી લેવાનો છે અર્થાત્ અવગાહમાં કે અવગાહમાં આ તત્ત્વ નિમિત્ત છે–સહાયક છે જૈનપરંપરા એમ માને છે કે રૂપ રસ ગંધ સ્પર્શ એ બધા ગુણો મૂર્ત પદાર્થના હોય છે આકાશ તત્ત્વ અમૂર્ત છે આકાશ અને શબ્દ વચ્ચે ગુણગુણીનો અથવા ધર્મધર્મીનો સંબંધ નથી. કારણ કે શબ્દ સ્વયં મૂર્ત પદાર્થ છે ગુણો બધા રૂપાદિ ઇંદ્રિયગ્રાહ્ય છે અને જેમાં ઇંદ્રિયગ્રાહ્ય ગુણો હોય છે તે પદાર્થમાત્ર પણ ઇંદ્રિયગ્રાહ્ય હોય છે. આ અપેક્ષાએ આકાશ, રૂપ વગરનું તત્ત્વ છે માટે ઇંદ્રિયગ્રાહ્ય નથી અને જે ઇંદ્રિયગ્રાહ્ય ન હોય એવા તત્ત્વમાં સ્વભાવે કરીને કોઈ ઇંદ્રિયગ્રાહ્ય ગુણ કદી સંભવી ન શકે માટે જૈનપરંપરા કહે છે કે સ્વભાવે કરીને આકાશતત્ત્વનો ગુણ શબ્દ નથી. હા એ વાત ખરી છે કે શબ્દ–ધ્વનિ, આકાશ વિના સંભવી શકતો નથી–રહી શકતો નથી. પણ એનો અર્થ એમ નહીં કરી શકાય કે શબ્દ એ આકાશનો ધર્મ કે ગુણ છે એ તો જેમ વાટકો કે એવા કોઈ બીજા આધાર વિના પાણી રહી શકતું નથી તેનો અર્થ એમ નહીં કરી શકાય કે પાણી એ વાટકો કે એવા કોઈ બીજા આધારભૂત સાધનોનો ધર્મ કે ગુણ છે અને એ જ રીતે શબ્દ પણ આકાશના આધાર વિના રહી શકતો નથી, વા સંભવી શકતો નથી એટલે વાટકો અને પાણીની પેઠે જ શબ્દ અને આકાશ વચ્ચે આધારઆધેયનો સંબંધ ઘટાવી શકાય, નહીં કે ગુણગુણીનો અથવા ધર્મધર્મીનો.

આકાશ આધાર છે અને શબ્દ આધેય છે આકાશ વાટકાની જગ્યાએ છે અને શબ્દ પાણીની જગ્યાએ છે. સો પછી શબ્દનું મૂળ કારણ શું? જૈનપરંપરા એમ કહે છે કે સઘન લોકરૂપ આકાશમાં શબ્દની વર્ગણાઓ જે પુદ્ગલવર્ગણાનો જ એક પ્રકાર છે, સ્વત: જ

૨૨૫. કાળનું[5] લક્ષણ વર્તના-વર્તવું-છે, આત્મા-જીવનું
લક્ષણ ઉપયોગ[6] છે. જ્ઞાન દ્વારા, દર્શન દ્વારા, સુખ દ્વારા અને

ભરી ઘડી છે. શબ્દની વર્ગણાઓ એટલે શબ્દનાં પરમાણુઓ. જે સંભળાય છે તે ધ્વનિ, શબ્દની વર્ગણાઓનો એક પરિણામ છે. એ વર્ગણાઓમાં રૂપ રસ ગંધ અને સ્પર્શ એ ચારે ગુણો હોવા ઉપરાંત ધ્વનિરૂપે થવાનો પણ તેનો સ્વભાવ છે. નિમિત્ત મળતાં એ વર્ગણાઓમાંથી ધ્વનિરૂપ શબ્દ ઉપજે છે. જૈનપરંપરા શબ્દની ગતિ અને વજન પણ માને છે. આપણા સ્થૂલ તોલાંથી એનું વજન કળી શકાતુ નથી. જેમ વરાળનું વજન છે, પવનનું વજન છે એમ શબ્દનું વજન છે. તથા શબ્દની ગતિ ઘણી ઝડપવાળી છે એમ જૈનપરંપરા માને છે. પૂરજોસથી બરાબર પેદા થયેલો ધ્વનિ લોક-આકાશના છેડા સુધી પહોંચી જાય છે એ હકીકત પણ જૈનપરંપરા કહે છે. શબ્દમાં પવનની ગતિ પ્રમાણે ફેલાવાની પણ શક્તિ છે અને વિખરાઈ જવાની પણ શક્તિ છે. આ રીતે શબ્દ, મૂર્ત જડ પુદ્ગલ છે; પણ આકાશનો ગુણ ધર્મ કે સ્વભાવ નથી. આ જોતાં વેદાનુસારી ન્યાય-વૈશેશિક પરંપરા કરતા જૈનપરંપરાની માન્યતા શબ્દના સ્વરૂપ વિશે જુદા પ્રકારની છે. ન્યાય વૈશેષિક પરંપરામાં શબ્દને આકાશનો ગુણ માનવામાં આવેલ છે.

૫. કાળ—વસ્તુમાત્રનાં જે જે વિવિધ પરિણામો-વિવિધ રૂપાંતરો-થાય છે તેનું નિમિત્ત કારણ કાળ તત્ત્વ છે.

આત્મા જે વિવિધ પરિણામોને પામ્યા કરે છે અને જડ દ્રવ્યો પણ જે વિવિધ રૂપાંતરોને પામ્યા કરે છે તે કાળતત્ત્વ વિના ન સંભવે. વર્તના એટલે વર્તવું-વર્તમાન ભૂત અને ભવિષ્ય રૂપે વર્તવુ આચાર્ય હેમચંદ્રે પોતાના યોગશાસ્ત્રમાં કાલતત્ત્વનો વિચાર બતાવતાં "कालस्य अणव." એમ કહીને કાળના અનેક અણુઓ-પરમાણુઓ-હોવાનું જણાવેલ છે. વૈદિકપરંપરા પણ આ કાળ દ્રવ્યને સ્વીકારે છે

૬. ઉપયોગ—એટલે અનુભવ-સુખ દુઃખ જ્ઞાન અજ્ઞાન ક્રોધ અક્રોધ વગેરેનો અનુભવ.

દુખ દ્વારા ઉપયોગ લક્ષણવાળા આત્માને ઓળખી શકાય છે

(१६) नाणं च दंसणं चेव, चरित्तं च तवो तहा ।
वीरियं उवओगो य, एयं जीवस्स लक्खणं ॥४॥

૨૨૬ જ્ઞાન,[७] દર્શન,[८] સંયમ, તપ, વીર્ય-શક્તિ-સામર્થ્ય અને ઉપયોગ એ બધા જીવના[९] લક્ષણ છે

(१७) सद्दऽधयार उज्जोओ, पहा छायाऽऽतवे इ वा ।
वण्ण-रस गन्ध-फासा, पुग्गलाणं तु लक्खणं ॥५॥
(उत्तरा० अ० २८ गा० ७, ९-१२)

---

૭. જ્ઞાન—'આ કંઈક છે' એવું તદ્દન સામાન્ય જ્ઞાન થયા પછી વિશેષ જિજ્ઞાસા થતાં તે બાબત જે વધુ માહિતી થાય તેનું નામ જ્ઞાન. જેમકે 'આ કંઈક છે' એવો બોધ થયા પછી એ જ બાબત 'એ તો માણસ છે' 'એનું નામ શરસિંહ છે' જાતે ક્ષત્રિય છે' 'ભારે બહાદુર છે' 'મારો પાગોથી છે' અને ખાસ સ્નેહી છે' એવા પ્રકારના બોધનું નામ જ્ઞાન

૮ દર્શન—વસ્તુમાત્ર વિશે તદ્દન સામાન્ય જ્ઞાન એટલે 'આ કંઈક છે' એવું ભાન અર્થાત આવા સામાન્ય જ્ઞાનમાં જાતિ નામ, ગુણ વગેરેની ખબર ન પડે. આવું સામાન્યજ્ઞાન કોઈ પ્રવૃત્તિમાં કારણ બનવાનો સંભવ ઘણો ઓછો છે માત્ર આવું સામાન્યજ્ઞાન જિજ્ઞાસા હોય તો વિશેષજ્ઞાનનું પહેલું પગથીયું બને છે એટલે આ સામાન્યજ્ઞાન વિશેષજ્ઞાનનું કારણ બની શકે છે એ જ એનું મૂલ્ય છે જ્ઞાન અને દર્શન બન્ને બોધરૂપ છે છતાં તેમાં ઉપર જણાવ્યા પ્રમાણેનો તફાવત સમજવાનો છે

૯ જીવના—જ્ઞાન દર્શન સુખ દુ ખ દ્વેષ વગેરે વૃત્તિઓ જીવ સિવાય બીજે ક્યાંય સંભવતી નથી ફક્ત જીવમાં જ એ સંભવે છે માટે તેમને જીવનાં લક્ષણ સમજવાનાં છે અર્થાત એ ગુણો જીવ ઓળખવાનાં નિશાન-એંધાણ-રૂપ છે

૨૨૭. શબ્દ,[10] અંધકાર,[11] ઉદ્દ્યોત-પ્રકાશ-ચળ-

---

૧૦. શબ્દ—જુઓ લોકતત્ત્વસૂત્ર ટિપ્પણ—૪-આકાશાસ્તિકાય.

૧૧. અંધકાર—જેમ શબ્દ, જડ મૂર્ત દ્રવ્ય છે તેમ અંધકાર પણ જડ મૂર્ત દ્રવ્ય છે. જગતમાં એક પણ જડ મૂર્તપદાર્થ ન હોય તો અંધકાર, છાંયો કે પડછાયો સંભવી શકતો નથી. જીવાસ્તિકાય-આત્મા, ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય અને આકાશાસ્તિકાય એ બધાં સ્વભાવે અમૂર્ત છે. તેમનો પડછાયો સંભવી શકતો નથી તેમ તેઓ અંધકારના નિમિત્ત થઈ શકતાં નથી. આમ છે માટે તે અમૂર્ત તત્ત્વો સાથે પડછાયા કે અંધકારનો સંબંધ કોઈ પણ રીતે સંભવી શકતો નથી તેથી અંધકાર કે પડછાંયો તેમનો ગુણ હોઈ શકતો નથી. અંધકાર કે પડછાંયો આંખવડે જોઈ શકાય છે, આંખ ન હોય તો જોઈ શકાતો નથી માટે ઇંદ્રિયગ્રાહ્ય છે અને ઇંદ્રિયગ્રાહ્ય હોવાથી જ તે, અમૂર્ત નથી અને અમૂર્ત નથી એટલે મૂર્ત છે માટે જ તે, આત્મા આકાશ વગેરે અમૂર્તપદાર્થનો ગુણ ધર્મ કે સ્વભાવ હોઈ શકે નહીં. જ્યારે જોવાની વસ્તુ સાથે ઇંદ્રિયનો સંયોગસંબંધ થાય ત્યારે જ તેને જોઈ શકાય છે. સંયોગસંબંધ એ મૂર્તવસ્તુનો જ સંભવે; એ રીતે પણ અંધકાર કે પડછાયો મૂર્તરૂપ છે અંધકાર કે પડછાયો મૂર્ત ન હોય તો તેનો ઇંદ્રિય સાથે સંબંધ કેમ કરીને થાય? સંબંધ ન થાય તો તે દેખાય પણ શી રીતે? જન્મથી આંધળો માણસ અંધારું કે પડછાંયાને જોઈ શકતો નથી એ જાણિતી વાત છે. આ ઉપરથી તાત્પર્ય એ સમજવાનું કે અંધકાર કે પડછાંયો કાંઈ અવસ્તુ નથી. અભાવરૂપ નથી કિંતુ મૂર્ત જડવસ્તુ-પુદ્ગલ-રૂપ હોઈ ઘટાદિ વગેરેની પેઠે વસ્તુરૂપ છે અને ભાવરૂપ છે, વૈદિકપરંપરામાં વૈશેષિક દર્શન, અંધકાર અને પડછાંયાને અભાવરૂપ માને છે; વસ્તુરૂપ નથી માનતું. એ રીતે અંધકાર અને પડછાંયાના સ્વરૂપ વિશે જૈનપરંપરા અને વૈશેષિકદર્શન જુદી જુદી વિચારસરણી ધરાવે છે.

માગધી ભાષા, અર્ધમાગધી ભાષા, અવેસ્તા ભાષા, હિબ્રુભાષા, અરબી ભાષા કે એવી કોઈ બીજી જૂની કે નવી ભાષાઓ બગડતા મનુષ્યને બચાવી શકતી નથી, તો પછી વિવિધ પ્રકારની વિદ્યાઓ એટલે મંત્રવિદ્યા, શિલ્પવિદ્યા, ઔષધીવિદ્યા વગેરે જુદી જુદી જ્ઞાનશાખાઓને લગતી આધુનિક કે પ્રાચીન વિદ્યાઓ પણ બગડતા મનુષ્યને શી રીતે બચાવે ? પાપ પ્રવૃત્તિઓમા ખુંચી ગયેલા જેઓ માત્ર એવી એવી ભાષા ઓના જ્ઞાનનો ફાંકો રાખી વા માત્ર એવી એવી વિવિધ વિદ્યાઓ પોતાને આવડે છે એવો ઘમંડ રાખી પોતાની જાતને પંડિત માને છે-વિવેકી વા જ્ઞાની સમજે છે તેઓ નર્યાં બાળ જીવો છે—અજ્ઞાની પ્રાણીઓ છે

• १६ •

बाल-सुत्त

(१७९) भोगामिसदोसविसन्ने, हियनिस्सेयसबुद्धिवोच्चत्थे ।
बाले य मन्दिए मूढ, बज्झइ मच्छिया व खेलम्मि ॥१॥
(उत्तरा० अ० ८ गा० ५)

१६

બાલ-સૂત્ર

૧૭૯ કામભોગોની મોહ પમાડે એવી પ્રવૃત્તિના ખુંચી ગયેલો તથા પોતાના હિત અને કલ્યાણની બુદ્ધિને ખોઈ

મનુષ્યોના માન અપમાન કરનારા છે તેમને લક્ષ્યમાં રાખીને આ પદનો આશય સમજવાનો છે તથા સંયમ સદાચરણ વગેરે સદ્‌વૃત્તિઓ વિનાની કેવળ શુષ્કવિદ્યાઓ પણ જેવી અને જેટલી થવી જોઈએ તેવી અને તેટલી લાભકર થતી નથી એમ પણ સૂચવે છે

અર્થ 'મૂળભૂત પદાર્થ' છે. એ રીતે જૈનોનાં મૂળભૂત પદાર્થ તો આત્મા ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશાસ્તિકાય પુદ્‌ગલાસ્તિકાય અને કાળ છે; પુણ્ય પાપ આસ્રવ સંવર નિર્જરા બંધ કે મોક્ષ એ કોઈ મૂળભૂત પદાર્થ નથી. એ પુણ્ય કે મોક્ષ વગેરે તો બધાં આત્માની એક પ્રકારની પરિસ્થિતિરૂપ છે; તેમ છતાં વીતરાગદશાને અને એની પછી આવતી નિર્વાણદશાને મેળવવા માટેની પ્રક્રિયામાં એ પુણ્ય પાપ વગેરેને અવશ્ય સમજી લેવાં જરૂરી છે માટે તેમને પણ અહીં 'તત્ત્વ' રૂપે જણાવેલાં છે અને એ દૃષ્ટિએ આ ગાથામાં નવ તથ્યોને તત્ત્વોને-સૂચવેલાં છે.

૧૪. **આસ્રવ**—આસ્રવના બે પ્રકાર છે : અશુભઆસ્રવ અને શુભઆસ્રવ. અશુભઆસ્રવનું સ્વરૂપ આ છે : હિંસા અસત્ય ચોરી અબ્રહ્મચર્ય પરિગ્રહ છળકપટ લોભ દ્વેષ વૈર ક્રોધ વગેરે વિવિધ કુપ્રવૃત્તિઓનું નામ અશુભઆસ્રવ છે. આ કુપ્રવૃત્તિઓ આત્માની દુષ્ટ વૃત્તિઓને લીધે થાય છે અને જેમ જેમ આ કુપ્રવૃત્તિઓ વધુને વધુ પ્રમાણમાં ચાલે છે તેમ તેમ આત્મામાં દુર્વૃત્તિઓ-દુષ્ટ વૃત્તિઓ-વધતી જાય છે દુર્વૃત્તિઓ મજબૂત બનતી જાય છે અને તેના સંસ્કારો એવા દૃઢમૂળ બને છે કે જેમને કાઢવા ભારે કઠણ પડે છે. આ સંસ્કારો કાઢ્યા વિના આત્મા ખરી માનવતાને અને માનવતાના પૂર્ણ વિકાસરૂપ વીતરાગભાવને પામી શકતો નથી. એથી ખરી માનવતાનો અને વીતરાગભાવનો વિરોધી એવો આ અશુભઆસ્રવ પાપબંધનનું કારણ છે માટે તે સદા સર્વદા સર્વથા અને સર્વત્ર હેય હેય ને હેય જ છે.

શુભઆસ્રવનું સ્વરૂપ આ છે : અહિંસા સત્ય અચૌર્ય બ્રહ્મચર્ય દાન દયા ત્યાગ સરળતા સંતોષ અદ્વેષ સમતા વગેરે વિવિધ સુપ્રવૃત્તિઓનુ કે શુભપ્રવૃત્તિઓનું નામ શુભઆસ્રવ છે. મનુષ્ય શરૂ-શરૂમાં જ્યારે આવી બધી સુપ્રવૃત્તિઓ કરતો હોય છે ત્યારે એ પ્રવૃત્તિઓ સાથે બદલાની કોઈ ને કોઈ સ્થૂલ કે સૂક્ષ્મ આશા લાગેલી હોય છે:

કીર્તિ, પ્રતિષ્ઠા, પુત્રલાભ, ધનનો વૈભવ સ્વર્ગનો વૈભવ વા સામાજિક દેખાવ વા દબાણથી કેટલીકવાર એ સુપ્રવૃત્તિઓ ચાલતી હોય છે તેમ છતાં એ પ્રવૃત્તિઓ થોડે ઘણે અંશે પ્રવૃત્તિ કરનારને શુભકર નીવડે છે એથી એનું નામ શુભઆસ્રવ છે આ શુભઆસ્રવ પુણ્યબંધનું કારણ છે અને તે સામાજિક દૃષ્ટિએ જરૂર હમેશા આચરવા જેવો છે

જ્યારે એમ કહેવામાં આવે છે કે માનવતાના પૂર્ણ વિકાસરૂપ વીતરાગતા મેળવવી એ માનવજીવનનું પ્રમુખ સાધ્ય છે તો પછી જેમ અશુભઆસ્રવ વીતરાગતાનો વિરોધી છે તેમ શુભઆસ્રવ પણ વીતરાગતાનો વિરોધી છે તો પછી અશુભઆસ્રવનો ત્યાગ કરવાની ભલામણ કરવામાં આવે છે તેમ શુભઆસ્રવનો પણ ત્યાગ કરવાની ભલામણ કેમ કરવામાં નથી આવતી ? આ વિશે સ્પષ્ટ સમજુતી આ પ્રમાણે છે જ્યાં સુધી માનવ પ્રેયલક્ષી હોય ત્યાં સુધી એ જે જે શુભ પ્રવૃત્તિઓ કરે છે તે દ્વારા તે તેના પ્રેયના લક્ષ્યને પુષ્ટ કરે છે પરંતુ જ્યારે માનવને પોતાના આત્માની માનવતા લક્ષી શુભ પ્રવૃત્તિઓનું ભાન થાય છે ત્યારે ભોગવિલાસોના પરિણામે બંધનો વધે છે' તેનો સ્પષ્ટ ખ્યાલ આવે છે અને આત્માની શુદ્ધિ અર્થે જ પ્રવૃત્તિ કરવાની વૃત્તિ થાય છે ત્યારે તેનું લક્ષ્ય પ્રેય મટીને શ્રેય બને છે આવો શ્રેયલક્ષી મનુષ્ય દયા દાન પરોપકાર બ્રહ્મચર્ય મોદાની મ વજન સત્યવાણી અચૌર્ય અહિંસા ત્યાગ સમતા સંતોષ વગેરેને માટે જે જે પ્રવૃત્તિઓ કરે છે તે બધી હવે તેના શ્રેયના લક્ષ્યને પોષનારી નીવડે છે શુભ પ્રવૃત્તિઓ કરનાર શ્રેયલક્ષી મનુષ્ય [illegible] કે ભલે ય તેની તે પ્રવૃત્તિઓ તેના શ્રેય મંદ કરવામાં કારણરૂપ બને છે અને એ રીતે તે હવે આ પ્રવૃત્તિઓના આરંભમાં બીજા કોઈ સ્થૂલ લાભો કરતાં વિશેષ આત્મ પચાવવાના લાભને જ વધારે ઇચ્છે છે એટલે દાન કરતાં કરતાં તે હવે કીર્તિ પ્રતિષ્ઠાને ટાળે અને પ્રવૃત્તિને કેળવવા પ્રયત્ન કરે છે દયા કરતાં કરતાં તે સર્વ-

આત્મસમભાવનાને કેળવવા પ્રયત્ન કરે છે; એ જ રીતે માંદાની માવજત, અશક્તોને સહાયતા, પરોપકાર, તરસ્યાંને માટે પાણીની સગવડ, ભુખ્યાને માટે અન્નની સગવડ, અજ્ઞાનીઓને માટે વિદ્યાનાં સાધનોની સગવડ, નવસ્ત્રાં ટાઢથી થરથરતાં માટે વસ્ત્રોની સગવડ વગેરે જે જે સત્પ્રવૃત્તિઓ થાય છે તે દ્વારા પ્રવૃત્તિ કરનાર કોઈ ને કોઈ ઉચ્ચગુણનો લાભ મેળવવા બરાબર લક્ષ્ય રાખે છે. એથી જ એ પ્રવૃત્તિઓ સાથે મોહભાવ વા કષાયભાવ રહેલ છે, છતાં તેનું ઝેર એ પ્રવૃત્તિ કરનારને ઘણું ઓછું હાનિકર થાય છે અને શ્રેયના લક્ષ્યમાં બરાબર દક્ષતાપૂર્વક સ્થિર રહેવામાં આવે તો એ જ પ્રવૃત્તિઓ વીતરાગભાવનો લાભ મેળવવામાં પણ ભારે સહાય કરે છે એટલે એ શુભપ્રવૃત્તિરૂપ શુભઆસ્રવ સદા સર્વદા સર્વત્ર અને સર્વથા આચરવા જેવો છે. કહેવાનું તાત્પર્ય એ છે કે શુભપ્રવૃત્તિઓ સાથે મોહભાવનો વા કષાયભાવનો સંબંધ હોવા છતાં ય સાવધાનતા પૂર્વક આત્મભાવપ્રાપ્તિના લક્ષ્યથી કરવામાં આવતી તે શુભપ્રવૃત્તિઓ પણ વીતરાગ ભાવને પોષનારી અને પમાડનારી નીવડે છે એ હકીકત સૌ કોઈના અનુભવસિદ્ધ છે.

આમ છતાં ય આ બાબત કોઈ એમ માને કે જ્યારે હું મારું સ્વરૂપ સમજી લઉં ત્યારે જ એ પ્રવૃત્તિઓને કરવાનો અધિકાર મેળવી શકું, સ્વરૂપ સમજ્યા વિના જો એ શુભપ્રવૃત્તિઓને કરું તો કષાય-ભાવવાળો હોવાથી વા મોહભાવવાળો હોવાથી મને એ શુભ પ્રવૃત્તિઓ બંધનરૂપ થવાની. માટે મારે મારું સ્વરૂપ સમજું ત્યાં સુધી એ શુભપ્રવૃત્તિઓને અશુભપ્રવૃત્તિઓની પેઠે જ છોડી દેવી રહી. એ વિચારધારા માનવને માનવતાના ગુણથી વિમુખ કરનારી છે એથી ખામીવાળી જણાય છે.

આ અંગે અહીં વિચારવાનું છે કે માનવનો સાધારણ સ્વભાવ અશુભપ્રવૃત્તિઓ તરફ વળેલો હોય છે. ખાવુંપીવું એશઆરામ, ભોગવિલાસ, બીજાની મહેનતનો લાભ, પોતે મહેનત ન કરવી આ

બધુ માણસમાં વગર શિખ્યે જ હોય છે–સહજ હોય છે અને વધારે ટકા માણસો આવી આવી અશુભપ્રવૃત્તિઓ તરફ વળેલા હોય છે આ માણસો એમ સમજે અથવા એમને એમ સમજાવવામાં આવે કે મોહવાળા વા કષાયભાવવાળા વા નિશ્ચય સમકિત વિનાના ગૃહસ્થો શુભપ્રવૃત્તિઓના અધિકારી નથી તો પછી તેઓ નિરંતર અશુભ પ્રવૃત્તિઓમાં પડયા જ રહેવાના અને એથી તેમનામાં હિંસાના અસત્યના, ચોરીના અબ્રહ્મચર્યના, આરંભસમારંભના ક્રૂરતાના દ્વેષના, લોભના અને એવી બીજી અનેક દુષ્પ્રવૃત્તિઓના જ સંસ્કારો પોષાવાના અને મજબૂત બનવાના આ રીતે આ માણસો બદતર થઈ જવાના અને એમનો કદી પણ આરો આવવાનો નહીં કેમકે એ ગૃહસ્થો દયા દાન પરોપકાર વગેરે જે જે શુભપ્રવૃત્તિઓ છે તેઓને કરવાના નથી અને તેથી તેમનામાંથી પ્રેયનુ લક્ષ્ય જવાનુ નથી અને શ્રેયનું લક્ષ્ય આવવાનું નથી એટલે તે ગૃહસ્થોમાં સત્પ્રવૃત્તિના સંસ્કારો પોષાવાનો સંભવ ઘણો જ ઓછો છે અને તેથી જ તેમનો નિસ્તાર થવો સંભવિત નથી જો તેઓ પૂર્વોક્ત શુભપ્રવૃત્તિઓ કરે અને તેમ કરતાં કરતાં પોતાનુ પ્રેયનુ લક્ષ્ય તજી શ્રેયના લક્ષ્ય લાગી વળે અને તેમ કરતાં કરતાં અભ્યાસથી જ્યારે તેમનુ શ્રેયનુ લક્ષ્ય દૃઢ થાય ત્યારે જ તેમનો વિકાસ થાય અને સંભવ છે કે ત્યારે તેમને નિશ્ચય સમકિતની નિકટની ભૂમિકાની પ્રાપ્તિ થાય પણ તેમને તો મૂળથી જ શુભ પ્રવૃત્તિઓ કરવા માટે અધિકારી મનવામાં આવતા ન હોવાથી તેમની શ્રેયલક્ષી પ્રગતિ રુંધાઈ જાય છે આમ છતાં એમ મનવામાં આવતું હોય કે જો તે ગૃહસ્થો શ્રમણધર્મને–અન્ય સધર્મને સ્વીકારે તો તેમનો નિસ્તાર થવાનો માર્ગ ઉઘડે પરંતુ આ જાતની દુષ્પ્રવૃત્તિઓના દૃઢ સંસ્કારવાળા લોકોના મનમાં પવિત્રતમ અને સંયમપ્રધાન શ્રમણધર્મ તરફ વલણ જ અશક્ય જેવું છે તેમ છતાં તેઓ જેવા છે તેવી જ પરિસ્થિતિમાં રૂઢ થઈ જાય છે. પણ

તેમનું કશું શ્રેય થવું સંભવિત નથી. મૂળદુષ્ટ સંસ્કારો ન બદલાય અને માત્ર કપડાં બદલાય એટલા માત્રથી કોઈનું શ્રેય થયું નથી, થવાનુ ય નથી.

વળી, જૈનપરિભાષા પ્રમાણે આ કાળે આ ક્ષેત્રમાં સમોહ સંયમ જ શક્ય હોવાથી સમોહ અનુકંપાની પેઠે એ (સંયમ) પણ બંધન-કર્તા જ નિવડવાનો એટલે અહિંસાને નામે દયાદાનનો નિષેધ કરનારા દીક્ષરૂપ સંયમને પણ ધારણ કેમ કરી શકે?

આ હકીકતને બીજા બીજા અનેક દૃષ્ટાંતોથી આ રીતે વધુ સ્પષ્ટ કરી શકાય:

એક બાળક કે જેને ચાલતાં આવડતું નથી તેને ચાલવાનું શિખવવા સારું ચાલણ ગાડીનો ઉપયોગ જરૂરી છે; પરંતુ જ્યારે તે બાળક ચાલણ ગાડી મારફત ચાલવા લાગે છે ત્યારે વારંવાર પડી જાય છે અને વળી ઊભું થઈને ચાલવા લાગે છે છતાં તે ચાલવા કરતાં વારંવાર પડ્યા જ કરે છે આ જોઈને તેના માબાપ એમ ધારે કે આ ચાલણગાડી જ બાળકને પાડી નાખે છે માટે જ્યારે બાળક એક વાર પણ પડ્યા વિના ચાલવા શક્તિમાન થાય ત્યારે જ તેને ચાલતાં શિખવવું; તો શું એ બાળક કદી પણ ચાલતાં શીખી શકે ખરું? પ્રસ્તુતમાં બાળકને સ્થાને ગૃહસ્થો છે. ચાલણ ગાડીને સ્થાન શુભ-પ્રવૃત્તિઓ છે અને ચાલવાના પ્રયત્નને સ્થાને પ્રેયનુ લક્ષ્ય છોડી શ્રેયનું વલણ કરવાનો પ્રયાસ છે તથા માબાપને સ્થાને ધર્મગુરુઓ છે આ ધર્મગુરુઓ બાળકરૂપ ગૃહસ્થો પાસેથી શુભપ્રવૃત્તિઓરૂપ ચાલણ ગાડી છોડાવી દે તો કોઈ પણ જાતનો પ્રયાસ ન કરનારા એ બાળકરૂપ ગૃહસ્થો પોતાનુ પ્રેયનુ લક્ષ્ય તજી શ્રેયના લક્ષ્યે ભણી વળવા સમર્થ થાય એવો કદી સંભવ છે ખરો?

માણસ કપડાં પહેરે છે. પરસેવો થતાં તે મેલાં થાય છે, તેમાં

જૂઓ પણ પડે છે એટલે માણસ એમ નક્કી કરે કે આ કપડાં જ ન પહેરવાં કેમકે પહેરવાથી તેમાં મેલ થાય છે અને પછી જૂઓ પડે છે માટે જ્યાં સુધી શરીર ઉપર પરસેવો ન જ વળે એવી સિદ્ધિ પ્રાપ્ત ન થાય ત્યાં સુધી કપડાં ન જ પહેરવાં આ પરિસ્થિતિ કદી સંભવિત છે ખરી ? આનો ખરો ઉપાય તો કપડાં નિયમિત રીતે સાફ કર્યા કરવાં અને શરીરને પણ નિયમિત રીતે ચોકખું રાખવું છતાં જે જરા થોડો પરસેવો જ ન વળે એવી સિદ્ધિની રાહ જોઈને બેસી રહે તેમને સોગાદ દઈને કોઈ કપડાં પહેરાવી શકાય ?

પ્રસ્તુતમાં કપડાંને સ્થાને શુભપ્રવૃત્તિઓ છે મેલને સ્થાને વા જૂઓને સ્થાને મોહભાવ છે એટલે શુભપ્રવૃત્તિઓ કરતાં કરતાં મનને વાર વાર શોધ્યા કરવું એ જ તેને–મોહ મેલને–દૂર કરવાનો ખરો ઉપાય છે છતાં જેઓ એમ માનીને બેઠા રહે કે મોહભાવ ન જ થાય એવી સિદ્ધિ મળ્યા પછી શુભપ્રવૃત્તિઓ કરવી પણ મોહભાવને પહેલેથી દૂર કરવા કશો પ્રયત્ન ન જ કરવો એમને કેવા કહેવા ?

છોકરાને નિશાળે પહેલવહેલો બેસાડ્યો તે બિચારો તો પાટી ઉપર આડા અવળા લીટા દોર્યાં કરે છે અને એમ રોજ ચાલ્યા કરે છે આ સ્થિતિમાં માબાપ એમ ધારે કે છોકરાને નિશાળેથી ઉઠાડી મૂકો કેમકે એ તો ત્યાં એકડો કાઢતો નથી અને નર્યાં લીટા જ દોર્યાં કરે છે તો શું એ છોકરો કદી એકડો કાઢવાનો ખરો ? એનો ખરો ઉપાય તો છોકરા પાસે બેસીને છોકરાના હાથને એકડો કાઢવાનો વળાંક આપી તેમ કરવાની ટેવ પાડવી એમ ન કરતાં તેને નિશાળેથી જ ઉઠાડી મૂકવા જતાં શું કશું બીજું પરિણામ આવવાનું ?

પ્રસ્તુતમાં અનન્તાનુબંધી કષાયવાળો વા [illegible] [illegible] [illegible] મોહવાળો ગૃહસ્થ બાળક છે આડા અવળા લીટા દોરવારૂપ શુભપ્રવૃત્તિઓ છે શુભપ્રવૃત્તિઓ કરતાં જ્યાં કોઈ દોષ દેખાય ત્યાં તો વે તેને બતાવી તેનાથી બચીને ચાલવા વિષે વળાંક આપવો ને જોને

અભ્યાસ ન કરાવવો અને તેને શુભપ્રવૃત્તિઓથી તદ્દન વિમુખ કરી દેવો એમાં તેનો વિનાશ નથી તો બીજું શું છે?

જ્યાં પાણીની ઘણી જ તાણ છે ત્યાં પાણી માટે અનેક મનુષ્યો પશુપંખીઓ વલખાં માર્યાં કરે છે અને પાણી વિના તરફડી તરફડીને મરી જાય છે, તે જોઈને એક ગૃહસ્થને વિચાર આવ્યો કે એ સ્થળે એક સારો એવો જળાશય બંધાવવો અને એ માટે પાવડા કોદાળા લઈને એ ગૃહસ્થ પોતે જ જમીનને ખોદવા લાગ્યો. ખોદતાં ખોદતાં તેના શરીર ઉપર ધૂળ જામવા માંડી અને પછી તો ગારો પણ ચોંટવા લાગ્યો. એવામાં જડ એવા બીજા કોઈએ તેને કહ્યું કે અરે! આ તો તમે મેલા થવાનો ધંધો માંડયો, તમને જ્યારે એવું ખોદતાં આવડે કે ખોદતાં ખોદતાં શરીર ઉપર ધૂળ ન જામે અને ગારો પણ ન ચોંટે ત્યારે જ આ કામ કરવું, હમણાં બંધ કરો અને જે આ મનુષ્યો અને પશુપંખીઓ મરી રહ્યા છે તેઓ તેમના કર્મના ભોગે મરી રહ્યા છે, એમાં તમે શું કરો? એમ કહીને પેલા સજ્જનને કૂવો ખોદતાં અટકાવી દીધો. હવે આ અટકી જનાર ગૃહસ્થ ખોદતાં ખોદતાં શરીર ઉપર ધૂળ ન જામે અને શરીરે ગારો પણ ન ચોંટે એ રીતે ખોદવાની કળા કદી પણ મેળવી શકવાનો ખરો? અને એ રીતે ક્યારે પણ કૂવો ખોદી શકવાનો ખરો?

હવે પેલા અટકી જનાર ગૃહસ્થને કોઈ બીજા સજ્જને પોતાની અનુભવેલી વાત કહીને સમજાવ્યું કે ભાઈ! તમે ખોદવું બંધ ન કરો પણ પૂરા ઉત્સાહથી વધારે ઊંડું ખોદવા પ્રયત્ન કરો, એમ કરતાં પાણી નિકળતાં જ તમારા શરીર ઉપરની ધૂળ અને આ ગારો બધું જ નીકળી જશે, તમે પોતે સાફ થશો અને ઠંડા શીતળ સ્વસ્થ બની જશો. એટલે તે ખોદનારે તેમ કર્યું તો તેણે ખરેખર પેલા ગૃહસ્થે જેવું કહ્યું હતું તેવું જ અનુભવ્યું.

પ્રસ્તુતમાં ખોદનારને સ્થાને ગૃહસ્થ છે, ખોદવાનાં સાધનો અને ખોદવાની પ્રવૃત્તિને સ્થાને શુભ પ્રવૃત્તિઓનાં સાધનો અને શુભ પ્રવૃત્તિઓ છે ધૂળ અને ગારાને સ્થાને નિશ્ચય સમકિત વગરનો ચિત્તસ્થિત મોહભાવ છે, પેલા જડ ગૃહસ્થને સ્થાને જડ ધર્મગુરુ છે સજ્જનને સ્થાને વિચારક ધાર્મિક સજ્જન છે પૂરા ઉત્સાહ સાથે વધારે ઊંડું ખોદવાને સ્થાને ધ્યેયના લક્ષ્યપૂર્વક અંતરનું નિરીક્ષણ છે અને પાણીને સ્થાને કશા બગડવાની આશા વગરની કેવળ ફળ ભાવના છે

આમ અનેક વ્યાવહારિક ઉદાહરણો આપીને શુભ પ્રવૃત્તિઓ–શુભ આસ્રવ વિશે કર્તવ્યનિષ્ઠા કેળવવાનું સમજી–સમજાવી શકાય એમ છે

ખેતરમાં બી વાવ્યા પછી બી ઉગવા સાથે બીજું નકામું ઘાસ પણ ઉગી જાય છે તો શું એવો કોઈ ખેડૂત આ દુનિયામાં છે કે જે એમ ધારે કે બીજું ફાલતુ ઘાસ ઉગી જાય છે માટે ખેતરમાં બી ન જ વાવવાં? પણ શાણો ખેડૂત બી તો વાવે છે જ અને તેની સાથે નકામા ઉગેલા ઘાસને વારંવાર નિંદી નાખે છે અને બીથી ઉગેલા છોડ બરાબર વધે એની વિશેષ કાળજી રાખે છે

એ જ રીતે શુભપ્રવૃત્તિઓ રૂપ બી વાવતાં અનંતાનુબંધી કષાયોને લીધે જે કોઈ નકામું ઘાસ તેની સાથે ઉગી નીકળે તેને વાર વાર હટાવ્યા જ કરવું અને ચિત્તવૃત્તિને ધ્યેયના લક્ષ્યમાં દૃઢ કરી એ શુભ પ્રવૃત્તિઓથી ઉગેલા કર્તવ્યનિષ્ઠાના છોડને બરાબર કાળજીથી સાચવવો એ જ વિચારક શ્રેયાર્થીનું કર્તવ્ય છે નહીં કે ઘાસના ભયથી ડરીને બીજોને ન જ વાવવાં.

જૈન પરંપરાના અહિંસાના પરમ ઉચ્ચ સિદ્ધાંતને જીવનમાં ઉતાર્યા વિના જેઓ તેને કેવળ કલ્પનાથી જ સ્પર્શેલા છે અને માત્ર સ્વપક્ષને લીધે જેમણે તેમાંથી એટલે અહિંસામાંથી વેર ક્રૂરતાના

જેવો વિપરીત અર્થ કાઢયો છે તેવા પોતાને જૈનપરંપરાના માનતા કેટલાક લોકો ગૃહસ્થોને મોહભાવનો ડર બતાવી આ શુભ પ્રવૃત્તિઓ કરવાનો નિષેધ કરી રહ્યા છે અને માનવતાના નિશાનરૂપ પરોપકાર,દાન દયા દુઃખીઓને જોતાં થઈ આવતી અનુકંપા વગેરે જેવી શુભ પ્રવૃત્તિઓને અનર્થનું કારણ બતાવી રહ્યા છે. માથામાં જૂઓ પડે છે માટે માથાને સાફ રાખવાનો પ્રયત્ન ન કરતાં માથું જ કાપી નાખવું એવી તે એ લોકોની આ માન્યતા છે. આ કાળે વીતરાગ સંયમ શકય નથી તેથી શું સરાગ સંયમની પણ આરાધના ન કરવી? નિર્મોહ દયા, કરુણા, અનુકંપા શકય ન દેખાય તો સમોહ, દયા, કરુણા પણ ન કરવી? ખરી રીતે તો સમોહ સ્થિતિએ રહીને પણ સદ્‌ગુણો કેળવવાની આદત પાડવાથી ધીરે ધીરે અનાસક્ત દશા સુધી પહોંચી શકાય છે.

જેમ કોઈ મનુષ્યને મહેલ ઉપર ચડવું હોય પણ તે નિસરણી વિના ચડી શકે તેમ નથી તેમ વિશુદ્ધ ધર્મના મહેલ ઉપર ચડવા માટે શુભપ્રવૃત્તિઓ નિસરણીરૂપ છે. જેઓ આ શુભ પ્રવૃત્તિઓનો નિષેધ કરે છે તેઓ નિસરણી વિના જ ઉપર ચડવાની વાત કરે છે.

ખુબી તો એ છે કે આવી વાત કરનારા ખુદ, સમાજના દાન ઉપર જ નભે છે છતાં ય આશ્ચર્ય છે કે તેઓ જ દાનાદિકનો નિષેધ કરવા નીકળ્યા છે.

આ ચર્ચામાં વિશેષ પારિભાષિકપણું ન આવે એવો ખ્યાલ તો રાખેલ છે તેમ છતાં તે થોડું ઘણું લાવવું જ પડયું છે પણ એ નડતરરૂપ લાગશે નહિ.

એટલે માણુસ, ભલે કોઈ પ્રકારની પોતાની ચતુરાઈને લીધે પોતાની જાતને ભારે કુશળ વા પંડિત કોટિની માનતો હોય, તો પણ જ્ઞાની મનુષ્યો તો એને [1]બાળજીવ–અજ્ઞાની પ્રાણી, મંદ પ્રાણી અને મૂઢ પ્રાણી જ માને છે; અને એવો અજ્ઞાની

---

[1] બાળ જીવ–બારમા પ્રમાદ-સ્થાન સૂત્રમાં પ્રમાદમાં એટલે વિષયોમાં અને કષાયોમાં રસ લેનારે પ્રમાદીને 'બાલ' કહ્યો છે તથા તેમાં રસ નહીં લેનારને એટલે અપ્રમાદીને 'પંડિત' કહ્યો છે; એ દૃષ્ટિએ આ બાલસૂત્રના 'બાલ' શબ્દનો અર્થ સમજવાનો છે. ગીતામાં અને ધમ્મપદમાં પણ 'બાલ' અને 'પંડિત'ની આવી જ વ્યાખ્યા છે. સરખાવો ગીતા અ૦ ૪ શ્લો૦ ૧૯ :

પંડિત– यस्य सर्वे समारम्भा कामसंकल्पवर्जिता ।
ज्ञानाग्निदग्धकर्माणं तमाहु पण्डितं बुधाः ॥

જેમની બધી પ્રવૃત્તિઓ કામનાના સંકલ્પ વિનાની છે અને જેમનાં કર્મો જ્ઞાનરૂપ અગ્નિથી બળી ગયેલાં છે તેમને ડાહ્યા પુરુષો 'પંડિત' કહે છે.

બાલ– साङ्ख्ययोगौ पृथग् बाला. प्रवदन्ति न पण्डिता ।
(ગીતા અ૦ ૫, શ્લો૦ ૪)

અર્થાત બાલા એટલે અજ્ઞાનીઓ, સાંખ્ય અને યોગને જૂદા જુદા કહે છે પણ પંડિતો તેમ કહેતા નથી.

સરખાવો ધમ્મપદ ૬ઠ્ઠો પંડિત વર્ગ શ્લો૦ ૧ :

પંડિત– निग्गय्हवादि मेधाविं तादिसं पडितं भजे ।
तादिसं भजमानस्स सेय्यो होति न पापियो ॥

ભાષા ઉપર સંયમ રાખીને બોલનારા, મેધાવી એવા પંડિત પુરુષનો સહવાસ–ઉપાસના–કરવાં ઘટે. એવા પંડિતની ઉપાસના કરનારનું શ્રેય થાય છે, અશ્રેય થતું નથી.

સંવર,[15] નિર્જરા[16] અને મોક્ષ[17] એ નવ તત્ત્વો તથ્ય-સત્ય છે—સદ્ભૂત છે

(२२९) तहियाणं तु भावाणं, सब्भावे उवएसणं ।
भावेणं सद्दहन्तस्स, सम्मत्तं तं वियाहियं ॥७॥
(उत्तरा० अ० २८ गा० १४,१५)

૨૨૯ એ તથ્ય-સત્ય-પદાર્થોની ખરી અસ્તિતાના ઉપદેશ વિષે જેના ચિત્તમાં પાકો વિશ્વાસ હોય—પાકી શ્રદ્ધા હોય તેનામાં સમ્યક્ત્વનો ગુણ પ્રગટે છે એમ કહેલું છે, અર્થાત્ એ ઉપદેશ વિષે અચળ શ્રદ્ધા રાખવી તેનું જ નામ સમ્યક્ત્વ

(२३०) नाणेण जाणइ भावे, दंसणेण य सद्दहे ।
चरित्तेण निगिण्हाइ, तवेण, परिसुज्झइ ॥८॥
(उत्तरा० अ० २८ गा० ३५)

---

૧૫. સંવર—વિવિધ શુભ પ્રવૃત્તિઓ કે સત્પ્રવૃત્તિઓ કરવા છતાં આત્મા સ્વસ્થ રહે, પ્રસન્ન રહે બીજી કોઈ વિકૃતિઓ સાથે ન ભળતાં નિર્મળ રહે અર્થાત્ જેટલે અંશે દૂષણો વગરનો રહે તે પરિસ્થિતિનું નામ સંવર સંવર એટલે રોકવું અર્થાત્ જે પ્રવૃત્તિથી વિકૃતિઓ કોઈ અંશ—દૂર હટી જાય તેનું નામ સંવર

૧૬ નિર્જરા—ઉક્ત સંવર ભાવે વારંવાર આત્માને કેળવતાં જેટલે જેટલે અંશે રાગદ્વેષ વગેરે વિકૃતિઓના સંસ્કારો આત્મા ઉપરથી ખરવા માંડે—જરવા માંડે તેટલે તેટલે અંશે નિર્મળ થયેલ આત્માની પરિસ્થિતિનું નામ નિર્જરા

૧૭. મોક્ષ—સંપૂર્ણ વીતરાગતા સંપૂર્ણ સમદર્શિતા—માન અપમાન સુખદુઃખ, જીવનમરણ, વા મરણોત્તર કષ્ટ તથા જન્માન્તરમાં માનપૂજા [illegible] એવી તમામ પરિસ્થિતિઓમાં આત્માનું એક રૂપ રહે [illegible] કે એવી રાગદ્વેષ વા હર્ષ શોક વગરની સર્વ પ્રકારે સ્વસ્થાવસ્થા તે [illegible] સદેહાવસ્થામાં પણ જે અનુભવ થાય તે મોક્ષ

૨૩૦. સાધક મનુષ્ય પોતે જ્ઞાનવડે એ તથ્ય ભાવોને જાણી લે છે–સમજી લે છે પછી દર્શન વડે એટલે જાણી લીધેલા તે ભાવોનું જાણપણું ચિત્તમાં સ્થિરભાવે જામી જતાં તે ભાવો વિશે સાધકને પાકી શ્રદ્ધા થાય છે–વિશ્વાસ જામે છે. પાકી શ્રદ્ધા થયા પછી એ શ્રદ્ધામાં જે પોતાને ભાસેલ છે તેને આચરણમાં લાવવાની ઉલ્લાસમય અપૂર્વ તાલાવેલી આત્માને થાય છે. આ તાલાવેલીનું જ નામ ચારિત્ર છે. એવા ચારિત્રવડે–આચરણો દ્વારા સાધક પોતાનાં મન, વચન અને શરીરને નિયમનમાં–નિગ્રહમાં–રાખવા તત્પર થાય છે અને એ નિગ્રહરૂપ તપ દ્વારા સાધક, પોતે શુદ્ધ–પવિત્ર–બને છે–વાસનાં વગરનો–કષાયો વગરનો સ્થિતપ્રજ્ઞ થઈ વીતરાગની ભૂમિકાએ પહોંચે છે.

(२३१) नाणं च दंसणं चेव, चरित्तं च तवो तहा ।
एयं मग्गमणुप्पत्ता, जीवा गच्छन्ति सोग्गइं ॥९॥

૨૩૧. જ્ઞાન અને દર્શન, ચારિત્ર અને તપ–એ માર્ગને બરાબર પામેલા જીવો, એ માર્ગનું બરાબર આચરણ કર્યા પછી સારી ગતિને–સારી દશાને–વીતરાગ[૧૮] દશાને પામે છે.

(२३२) तत्थ पंचविहं नाणं, सुयं आभिनिबोहियं ।
ओहिनाणं तु तइयं, मणनाणं च केवलं ॥१०॥
(उत्तरा० अ० २८ गा० ३,४)

---

૧૮ વીતરાગ દશા—સરખાવો ધમ્મપદ સાતમો અરહંત વર્ગ શ્લોક૦ ૪:

यस्सासवा परिक्खीणा आहारे च अनिस्सितो ।

જેના આસ્રવો સર્વથા ક્ષીણ થઈ ગયા છે અને જે આહારમાં અનાસક્ત છે.

૨૩૨ તેમાં, જ્ઞાન પાંચ પ્રકારનું છે શ્રુતજ્ઞાન, મતિજ્ઞાન-આભિનિબોધિકજ્ઞાન, ત્રીજું અવધિજ્ઞાન, મનઃજ્ઞાન અને કેવળજ્ઞાન

(૨૩૩-૨૩૪) नाणस्सावरणिज्जं, दंसणावरणं तहा ।
वेयणिज्जं तहा मोहं, आउकम्मं तहेव य ॥११॥
नामकम्मं च गोत्तं च, अन्तरायं तहेव य ।
एवमेयाइं कम्माइं, अट्ठेव उ समासओ ॥१२॥
(उत्तरा० अ० ३३ गा० २,३)

૨૩૩-૨૩૪ જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય તથા વેદનીય અને મોહ-મોહનીય, આયુષ્ય કર્મ અને નામ કર્મ તથા ગોત્ર કર્મ અને અંતરાય કર્મ, એ પ્રમાણે સંક્ષેપથી તો એ આઠ જ[૧૯] કર્મોને બતાવેલાં છે

(૨૫) सो तवो दुविहो वुत्तो बाहिरब्भन्तरो तहा ।
बाहिरो छव्विहो वुत्तो, एवमब्भन्तरो तवो ॥१३॥

---

૧૯ આઠ જ કર્મોને—આત્માના શુદ્ધ ચૈતન્ય સ્વરૂપને ઢાંકી દેનાર એવા જે સંસ્કારો અનાદિ કાળથી આત્મા ઉપર પડેલા છે અને તેમાં વળી અજ્ઞાન મોહ પ્રમાદ વગેરેની પ્રવૃત્તિઓ દ્વારા જે ઉમેરો થઈને વધારો કરે છે તે તમામ સંસ્કારોનું વર્ગીકરણ કરીને તેમને અહીં આ આઠ કર્મોમાં સમાવી દીધા છે જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય, અંતરાય અને મોહનીય એ ચાર કર્મો આત્માના શુદ્ધ ચૈતન્ય સ્વરૂપનો ઘાત કરનારાં હોવાથી 'ઘાતીકર્મ' કહેવાય છે અને બાકીનાં ચાર આયુષ્યકર્મ, નામકર્મ, ગોત્રકર્મ અને વેદનીયકર્મ 'અઘાતીકર્મ' કહેવાય છે. ઘાતીકર્મોનો સર્વથા નાશ થયે વીતરાગતાનો ભાવ આત્મામાં પ્રગટે છે.

૨૩૫. દેહ અને ચિત્તને શુદ્ધ કરવા માટે તે નિગ્રહરૂપ તપના બે પ્રકાર કહેલા છેઃ બાહ્ય તપ અને આંતરિક તપ. નિગ્રહરૂપ બાહ્યતપના છ પ્રકાર કહેલા છે અને એવા જ આંતરિક તપના છ પ્રકાર બતાવેલા છે.

(२३६) अणसणमूणोयरिया, भिक्खायरिया य रसपरिच्चाओ ।
कायकिलेसो संलीणया य, बज्झो तवो होई ॥१४॥
(उत्तरा० अ० ३० गा० ७,८)

૨૩૬. બાહ્ય તપના છ પ્રકાર આમ સમજવાઃ ૧ અનશન,[૨૦] ૨ ઊનોદરિકા, ૩ ભિક્ષુચર્યા,[૨૧] ૪ રસપરિત્યાગ, ૫ કાયક્લેશ, અને ૬ સંલીનતા.

---

૨૦ **અનશન**—આ છએ પ્રકારના બાહ્યતપના પરિચય માટે જુઓ ધર્મસૂત્ર ટિપ્પણ ૪-તપ

૨૧ **ભિક્ષાચર્યા**—ગૃહસ્થો માટેના બાહ્યતપમાં 'કાયક્લેશ' ને ત્રીજું બાહ્યતપ ગણાવેલ છે ત્યારે મુનિઓ માટેના બાહ્યતપમાં 'ભિક્ષાચર્યા' ને ત્રીજું બાહ્ય તપ ગણાવેલ છે. ભિક્ષાચર્યાનું સ્વરૂપ આ છેઃ ચિત્તશુદ્ધિના સાધક મુનિ શ્રમણ કે ભિક્ષુને પોતાની સાધનામાં શરીરની મદદ લેવી પડે છે. અને એ જ એક કારણે શરીરને ટકાવી રાખવાની તેને જરૂર છે. અન્નજળ વગેરે સામગ્રી સિવાય શરીર ટકી શકે નહીં માટે તેણે ભિક્ષાચર્યા દ્વારા તે બધી સામગ્રી મેળવી લેવાની હોય છે. સાધક અહિંસાને આચરનારો હોય છે એટલે એણે અહિંસક પદ્ધતિએ ભિક્ષાચર્યા કરવાની રહી. ભિક્ષાચર્યા, મધુકરી અને ગોચરી એ બધા શબ્દોનો ભાવ એક સરખો છે. ભિક્ષાચર્યામાં ઘરે ઘરે ફરવાનું હોય છે. જેમ ભ્રમરો ફૂલોમાંથી રસ મેળવવા જુદાં જુદાં અનેક ફૂલો

(१२७) पायच्छित्तं विणओ, वेयावच्चं तहेव सज्झाओ ।
झाणं च विओस्सग्गो, एसो अब्भिन्तरो तवो ॥१५॥
(उत्तरा० अ० ३० गा० ३०)

ઉપર બેસે છે, તે રીતે મુનિ જુદે જુદે ઘેર ફરીને ભિક્ષા મેળવે છે તેનું નામ મધુકરી (મધુકર એટલે ભમરો) તથા જેમ ગાય ચરવા માટે જુદી જુદી જગ્યાએ ફર્યા જ કરે છે તે રીતે મુનિ ભિક્ષા માટે ફર્યા કરે છે માટે તેનું નામ ગોચરી. આ સંબંધી વિશેષ જ્ઞાન માટે જુઓ પાનું ૫૪ તથા ૫૬ સાતમું પરિગ્રહસૂત્ર તથા ગા૦ ૬૫ મી અને તે ઉપરનું ટિપ્પણ ભમરો તથા જુઓ બત્રીશમું ભિક્ષુસૂત્ર.

ભિક્ષાચર્યા માટે જે નિયમો જૈન આગમોમાં છે તેવા જ નિયમો બૌદ્ધ પિટકોમાં છે અને તેવા જ નિયમો મનુસ્મૃતિમાં પણ છે તે માટે મહાભારત શાંતિપર્વ અધ્યાય નવમામાં જે શ્લોકો આપેલા છે તે અને મનુસ્મૃતિ-અધ્યાય છઠ્ઠામાં ૫૫ થી ૫૭ સુધીના જે શ્લોકો આપેલા છે તે આ છે

विधूमे न्यस्तमुसले व्यङ्गारे भुक्तवज्जने ।
अतीतपात्रसंचारे काले विगतभिक्षुके ॥
एककालं चरन् भैक्ष्यं त्रीनथ द्वे च पञ्च वा ।
श्लो० २२, २३ (महाभा०)

एककालं चरेद् भैक्ष्यं न प्रसज्जेत विस्तरे ।
भैक्ष्ये प्रसक्तो हि यतिर्विषयेष्वपि सज्जति ॥ ५५
विधूमे सन्नमुसले व्यङ्गारे भुक्तवज्जने ।
वृत्ते शरावसंपाते भिक्षां नित्यं यतिश्चरेत् ॥ ५६
अलाभे न विषादी स्यात् लाभे चैव न हर्षयेत् ।
प्राणयात्रिकमात्रः स्यात् मात्रासङ्गाद् विनिर्गतः ॥ ५७

૨૩૭. આંતરિક તપના છ પ્રકાર આમ સમજવા: ૧ પ્રાયશ્ચિત્ત.[૨૨] ૨ વિનય. ૩ વૈયાવૃત્ય. ૪. સ્વાધ્યાય ૫ ધ્યાન અને ૬ વ્યુત્સર્ગ.

(२३८) किण्हा नीला य काऊ य, तेऊ पम्हा तहेव य।
सुक्कलेसा य छट्ठा य, नामाइं तु जहक्कमं ॥१६॥
(उत्तरा० अ० ३४ गा० ३)

૨૩૮. લેશ્યા એટલે ચિત્તની વૃત્તિ–આત્માને પરિણામ–અધ્યવસાય, લેશ્યાઓ છ છે અને તેમનાં નામો અનુક્રમે

ભિક્ષા માટે એક વખત ફરવું અર્થાત એક વખત ખાવું, ભિક્ષાથી મળેલા ભોજનમાં આસક્તિ ન રાખવી, ગામમાંથી રાંધણિયાનો ધુમાડો દેખાતો બંધ થઈ ગયો હોય, રાંધવાને લગતાં પીસવા વાટવા ખાંડવા કે દળવા વગેરેનાં કામો બંધ પડી ગયાં હોય, રાંધવાના ખપ માટેના અંગારા બુઝાઈ ગયા હોય, ઘરનાં તમામ લોકો ખાઈ ચૂકયા હોય અને વાસણો માંજવા માટે નીકળી ગયાં હોય ત્યારે–ત્રીજે પહોરે મુનિએ ભિક્ષા માટે નીકળવું. ભિક્ષા ન મળે તો ખેદ ન કરવો અને મળી જાય તો રાજી ન થવું અને કેવળ સાધના સારુ જરૂરી એવી પ્રાણયાત્રા ચાલે માટે જ ભિક્ષા લેવી અને ભિક્ષુએ પોતાનાં બીજાં ઉપકરણો તુંબીપાત્ર દંડ વગેરે બાબત પણ આસક્તિ ન રાખવી

જૈનાચાર્ય હરિભદ્રસૂરિ કહે છે કે જવાબદારી માથા ઉપર ન રખાતી હોય અને પોતાના લક્ષ્ય તરફ બેદરકારી હોય ત્યારે આ ભિક્ષાવૃત્તિ પૌરુષઘ્ની બને છે એટલે પરિશ્રમ કર્યા વિના બેઠા બેઠા ખાવાની વૃત્તિ મનુષ્યના પુરુષાર્થને હણનારી થઈ જાય છે.

૨૨ પ્રાયશ્ચિત્ત—આ છએ પ્રકારના આંતરિક તપનો પરિચય માટે જુઓ ધર્મસૂત્ર ટિપ્પણ ૪–તપ પાનું ૧૩ મું.

આ છે કૃષ્ણ[23] લેશ્યા, નીલ લેશ્યા, કાપોત લેશ્યા, તેજો-લેશ્યા, પદ્મ લેશ્યા અને શુક્લ[23] લેશ્યા

(૨૩૯) किण्हा नीला काऊ, तिन्नि वि एयाओ अहम्मलेसाओ ।
एयाहि तिहि वि जीवो, दुग्गइ उववज्जई ॥१७॥

૨૩૯ કૃષ્ણ લેશ્યા, નીલ લેશ્યા અને કાપોત લેશ્યા એ શરૂ શરૂની ત્રણ લેશ્યા અધર્મ લેશ્યાઓ છે આ ત્રણે લેશ્યાયુક્ત ચિત્તવૃત્તિમાં વ્યક્તિગત સ્વાર્થરૂપ અધર્મનો આશય પ્રધાન-મુખ્ય-હોય છે, માટે તે ત્રણેને અધર્મ લેશ્યા કહેલી છે જે જીવની ચિત્તવૃત્તિમાં તરતમ ભાવે જેટલે જેટલે અંશે આ ત્રણ લેશ્યા પ્રમાણે વિચારધારા હોય છે, તે જીવ તેટલે તેટલે અંશે પ્રત્યક્ષમાં તો દુર્ગતિ-દુર્દશા-દુઃખમય-દશાને જ પામે છે અને ભવાંતરમાં ય તે જીવ દુર્ગતિને પામે છે

---

૨૩ કૃષ્ણલેશ્યા-શુક્લલેશ્યા-સરખાવો ગીતા અધ્યાય આઠમો શ્લોક૦ ૨૬

शुक्ल-कृष्णे गती ह्येते जगतः शाश्वते मते ।
एकया याति अनावृत्ति अन्ययावर्तते पुन ॥

શુક્લગતિ અને કૃષ્ણગતિ આ બે ગતિઓ જગતની સ્થિર ગતિઓ છે શુક્લગતિવાળો ફરી ફરીને જન્મતો નથી ત્યારે કૃષ્ણ-ગતિવાળો ફરી ફરીને જન્મે છે

સરખાવો ધમ્મપદ ગા૦ પંડિત વર્ગ ગા૦ ૧૨

कण्हं धम्मं विप्पहाय सुक्कं भावेथ पण्डितो ।

પંડિત પુરુષે કૃષ્ણધર્મને છોડી દઈને શુક્લધર્મનું જ ભાવન કરવું

(२४०) तेऊ पम्हा सुक्का, तिन्नि वि एयाओ धम्मलेसाओ ।
एयाहि तिहि वि जीवो, सुग्गइं उववज्जई ॥१८॥
(उत्तरा० अ० ३४ गा० ५६,५७)

૨૪૦. પાછલી ત્રણે લેશ્યાઓ એટલે તેજો લેશ્યા, પદ્મ લેશ્યા અને શુકલ લેશ્યા એ ત્રણે ધર્મ લેશ્યાઓ છે. આ ત્રણે લેશ્યાયુક્ત ચિત્તમાં સમૂહગત સ્વાર્થરૂપ ધર્મનો આશય પ્રધાન–મુખ્ય–હોય છે. માટે તે ત્રણેને ધર્મલેશ્યા કહેલી છે. જે જીવની ચિત્તવૃત્તિમાં તરતમ ભાવે જેટલે જેટલે અંશે આ ધર્મલેશ્યા પ્રમાણે સામુદાયિક હિતની વિચારધારા હોય છે તે જીવ તેટલે તેટલે અંશે વર્તમાનમાં –પ્રત્યક્ષમાં તો જરૂર સદ્ગતિ–સદ્દશા–સુખમય દશાને જ પામે છે અને જન્માંતરમાં ય તે જીવ સદ્ગતિને પામે છે.

(२४१) अट्ठ पवयणमायाओ, समिई गुत्ती तहेव य ।
पंचेव य समिईओ, तओ गुत्तीओ आहिया ॥१९॥

૨૪૧. પ્રવચનની માતાઓ આઠ છે:—પ્રવચન એટલે જૈનશાસન. તેને ટકાવી રાખનારી જે જે આચરણાઓ છે તેમને પ્રવચનની માતા કહી છે, તે આ છે: પાંચ સમિતિ અને ત્રણ ગુપ્તિ. સમિતિ એટલે શરીર, વાણી અને વિચારની દરેક પ્રવૃત્તિમાં સાવધાનતા–સંગતતા–એકરૂપતા. અને ગુપ્તિ એટલે એ એકરૂપતા મેળવવા અને મેળવેલી હોય તો તેને સાચવવા શરીર, વાણી અને વિચારનું ગોપન–રક્ષણ અર્થાત નિગ્રહ–સંયમ–મર્યાદીકરણ. તાત્પર્ય એ કે સંત પુરુષોએ પોતપોતાની અનુભવવાણીમાં ધર્માચરણની

પ્રવૃત્તિરૂપે આઠ પ્રવચન માતાઓને કહેલી છે, તે સમિતિરૂપે અને ગુપ્તિરૂપે છે તેમા સમિતિને પાચ પ્રકારે કહેલી છે અને ગુપ્તિને ત્રણ પ્રકારે કહેલી છે આ સમિતિ અને ગુપ્તિનો વ્યવહાર એક સાથે જ હોય છે—સમિતિ વિના ગુપ્તિ ન સભવે અને ગુપ્તિ વિના સમિતિ ન સભવે એ ધ્યાનમાં રાખવાનું છે એકલી ગુપ્તિનું આચરણ સદાચારને ટકાવવા પૂરતું નથી તેમ એકલી સમિતિનુ આચરણ પણ સદાચારને ટકાવી શકતું નથી, એ હકીકત પણ ભૂલવી જોઈતી નથી

(૨૪૨) इरियाभासेसणादाणे, उच्चार समिइ इय ।
मणगुत्ती वयगुत्ती, कायगुत्ती य अट्ठमा ॥२०॥
(उत्तरा० अ० २४ गा० १,२)

૨૪૨ પાચ સમિતિના નામ આ છે (૧) [24]ઇર્યા સમિતિ (૨) ભાષા સમિતિ (૩) એષણા સમિતિ (૪) આદાન સમિતિ (૫) ઉચ્ચાર[25] પ્રસ્રવણ સમિતિ ત્રણ ગુપ્તિના નામ આ છે (૧) મનોગુપ્તિ (૨) વચનગુપ્તિ, (૩) કાયગુપ્તિ.

---

૨૪ ઇર્યાસમિતિ—બીજા કોઈને ક્લેશ ન થાય એવુ જતન ધ્યાન રાખીને સયમને ટકાવવા સારુ જે કોઈ ગતિપ્રધાન પ્રવૃત્તિ કરવી તે ઇર્યાસમિતિ બીજા કોઈને ક્લેશ ન થાય એવુ જતન ધ્યાન રાખીને સયમને પોષે એવી વચનપ્રધાન પ્રવૃત્તિ તે ભાષાસમિતિ એષણાસમિતિ માટે જુઓ [illegible] ટિપ્પણ ૪ [illegible] વસ્તુઓ [illegible] સમિતિ બીજા કોઈને ક્લેશ ન થાય એવુ પ્રથમ જતન રાખીને સયમના પોષણ માટે તેના સાધનોને લેવા મૂકવાની સાવધાની ભરી પ્રવૃત્તિ

૨૫ ઉચ્ચાર-પ્રસ્રવણસમિતિ—શરીરના મળો-મૂત્ર [illegible] ઉચ્ચાર-ઝાડાનો મળ અને પ્રસ્રવણ-પેશાબ તથા [illegible]

(२४३) एयाओ पंच समिईओ, चरणस्स य पवत्तणे ।
गुत्ती नियत्तणे वुत्ता, असुभत्थेसु सव्वसो ॥२१॥

પાણી અથવા એવુ ફેંકવાનુ બીજા કોઈ પ્રકારનું મેલું પાણી વગેરેને એવી જગ્યાએ નાંખવા કે જ્યાં કોઈ જતુ આવતું ન હોય, જ્યાં કોઈ તેને દેખતુ ન હોય, જ્યાં નાખતાં કોઈને કશી તકલીફ થવાની ન હોય અર્થાત અહિંસક આચાર સચવાય તે રીતે શરીરના મળોને નાખવાના છે પણ ગમે ત્યાં અને ગમે તેમ નાખવાના નથી. તથા જે જગ્યા ખાડાખડિયાવાળી હોય ત્યાં ન નાખતાં સમતલ જગ્યા ઉપર એ મળોને નાખવાના છે. તથા કોઈ પોલા તાજા થએલા દરમાં કે તાજા પડેલા કાણામાં કે એવી બીજી પોલી જગ્યામાં તે મળોને નાખવા નહી, પહોળી જગ્યામાં મળોને નાખવા તથા જ્યા વસ્તીનો સંચાર હોય તેવા ગામ, બગીચા વગેરે સ્થળોથી દૂર દૂરને સ્થળે મળોને નાખવા અને જે જગ્યાએ કોઈ પ્રાણી કે જીવજંતુ હરતુ ફરતુ હોય ત્યાં મળોને ન નાખવા. આ બાબત ઉત્તરાધ્યયનસૂત્રના ચોવીશમા સમિતિ અધ્યયનની ગા० ૧૭ તથા ૧૮માં સવિશેષ જણાવેલી છે. તાત્પર્ય એ છે કે અહિંસાની સાધના કરનારે વા અહિંસાને પાળનારે પોતાના મળોને ક્યાં કેવી રીતે નાખવા એ વિશે અહિંસા સચવાય તે રીતે વર્તવાનુ છે, પણ જ્યાં ત્યાં ગંદકી કરવાની નથી જ્યાં ત્યાં ગંદકી કરવાથી તો નરી હિંસા જ થાય છે અને વધે છે માટે જ એ બાબત ખાસ મૂળસૂત્રમાં ચર્ચવામાં આવેલી છે

વર્તમાનમાં શાસ્ત્રનુ નામ લઈને જૈન સાધુઓ જે મકાનમાં રહે છે તેની આસપાસ જ ગંદકી કરી મૂકે છે. તથા પેશાબ ગંદુ પાણી વગેરેને રસ્તા ઉપર ઠલવે છે. અને શૌચ માટે વાડાઓમાં જાય છે તે સ્થિતિ અહિંસાના આચરણનો નાશ કરનારી છે. અને એકદમ શાસ્ત્રના નિયમથી વિરુદ્ધ છે એ ધ્યાનમા રાખવાનુ છે.

[illegible] [illegible] છે [illegible]
[illegible] [illegible] થાય છે [illegible]
[illegible]
[illegible] છે, [illegible]
[illegible] થાય છે

(૧૮) [illegible] ।
[illegible] ॥

૧૮૦ [illegible] છે
[illegible] છે [illegible]
[illegible]
[illegible] છે, [illegible]

[illegible] ।
[illegible] ॥
([illegible])

[illegible]
[illegible]
[illegible]
[illegible]

[illegible]
[illegible] છે [illegible]
[illegible] ([illegible]) [illegible] છે

[illegible]
[illegible] છે [illegible]
[illegible]

૨૪૩ વ્યક્તિગત વા સમૂહગત સદાચારની પ્રવૃત્તિ કરવામા અર્થાત્ વ્યક્તિને વા જૂથને સદાચારી રહેવા માટે આ પાચ સમિતિઓ ખાસ સહાયક છે અને વ્યક્તિગત કે સમૂહગત અસદાચારથી અટકવાની પરિસ્થિતિ ઉભી કરવા માટે અર્થાત્ અસદાચારથી દૂર રહેવા માટે—અહિતકર એવા અશુભ વિષયોથી—અશુભ પ્રવૃત્તિઓથી અટકવા માટે આ ત્રણ ગુપ્તિઓ ખાસ વધારે સહાયક છે

(२४४) एसा पवयणमाया, जे सम्म आयरे मुणी ।
से खिप्प सव्वससारा, विप्पमुच्चई पडिए ॥२२॥
(उत्तरा० अ० २४ गा० २६,२७)

૨૪૪ જે સાધક, મુનિ હોય કે ગૃહસ્થી હોય તે જો આ સમિતિઓને અને ગુપ્તિઓને એટલે પ્રવચનની માતાઓને વિવેકપૂર્વક સારી રીતે આચરવા લાગે તો તે પડિત સાધક જગતના તમામ પ્રપચોથી શીઘ્ર છુટકારો પામી શકે છે—અર્થાત્ આઠ પ્રવચન માતાના ખોળામા જે રહેતો હોય તે, વ્યક્તિગત વા સમૂહગત દુખ ઉભુ કરવામા નિમિત્ત બનતો નથી અને સમગ્ર વ્યવહારનું યોગક્ષેમ બરાબર સાચવી શકે છે



२०

पुज्ज-सुत्तं

(२४५) आयारमट्ठा विणय पउजे,

जहोवइट्ठं अभिकंखमाणो,
गुरुं तु नासाययई स पुज्जो ॥१॥

: २० :

[1]પૂજ્ય-સૂત્ર

૨૪૫. જે કોઈ સાધક આચારની પ્રાપ્તિ માટે વિનયનો પ્રયોગ કરે છે તથા ગુરુના વાક્યને ધ્યાનપૂર્વક સાંભળવાની

---

૧. પૂજ્ય-સૂત્ર–ધમ્મપદનો સાતમો અરહતવર્ગ, ચૌદમો બુદ્ધવર્ગ, અને ઓગણીસમો ધર્મસ્થવર્ગ આ ત્રણે વર્ગો પૂજ્યસૂત્ર સાથે સરખાવવા જેવા છે. વિશેષ વિસ્તાર ન થાય માટે તે તે વર્ગની એક એક ગાથા આ નીચે આપેલી છે:

यस्सिद्रियानि समथ गतानि अस्सा यथा सारथिना सुदता ।
पहीनमानस्स अनासवस्स देवा पि तस्स पिहयंति तादिनो ॥

(અરહતવર્ગ શ્લો૦ ૫)

જેમ સારથિએ પલોટેલા ઘોડા શાંત હોય છે તેમ જેની ઇંદ્રિયો શાંત બનેલી છે, જે અહંકાર વિનાનો છે, આસ્રવો–દોષો–વિનાનો છે તેવા કરુણાવાળા અરહંતની તો દેવો પણ સ્પૃહા કરે છે.

अनूपवादो अनूपघातो पातिमोक्खे च सवरो ।
मत्तञ्ञुता च भत्तस्मि पतं च सयनासन ।
अधिचित्ते च आयोगो एत बुद्धान सासन ॥

(બુદ્ધવર્ગ શ્લો૦ ૭)

બીજા કોઈ સાથે ઝગડો ન કરવો, કોઈનો ઘાત ન કરવો, ભિક્ષુના આપવાદિક નિયમોમાં સંયમ સાચવવો, ખાવાપીવાનું માપ બરાબર જાણી લેવું, જુનાંપાનાં આસન અને પથારી મેળવવાં અને

ઇચ્છા કરતો, તે વાક્યને બરાબર સ્વીકારીને ગુરુના ઉપદેશને અનુસરતો રહે છે અને કદી પણ ગુરુની આશાતના કરતો નથી તેને 'પૂજ્ય' કહેવો.

(૨૪૬) अन्नायउंछं चरई विसुद्धं,
जवणट्ठया समुयाणं च निच्चं ।
अलद्धुयं नो परिदेवएज्जा,
लद्धुं न विकत्थइ स पुज्जो ॥२॥

૨૪૬ પોતાના સંયમના નિર્વાહ માટે, પરિચય વિનાના જુદા જુદા સ્થળોમાં જઈને વિશુદ્ધ રીતે [२]ઉંછવૃત્તિએ, જે નિત્યપ્રતિ ભિક્ષા માટે ફરે છે, અને એમ કરતાં ય જો કશું ય ન મળે તો પણ ખેદ કરતો નથી અને મળે તો ફુલાતો ય નથી તેને 'પૂજ્ય' કહેવો.

એકાંતમાં રહેવું તથા ચિત્તશુદ્ધિ માટે પ્રયત્ન કરવો એ બુદ્ધોની આજ્ઞા છે.

न तावता धम्मधरो यावता बहु भासति ।
यो च अप्पं पि सुत्वान धम्मं कायेन पस्सति ।
स वे धम्मधरो होति यो धम्मं न प्पमज्जति ॥

(ધમ્મટ્ઠવગ્ગ શ્લો॰ ૪)

ધર્મ વિશે બહુ બોલ બોલ કરે એટલા જ થી ધર્મધર થવાતું નથી થોડું પણ સાંભળીને જે ધર્મને શરીર વડે આચરમાં લાવે અને જે, ધર્મ બાબત પ્રમાદ કરતો નથી તે ખરેખર ધર્મધર કહી શકે છે.

૨ પારેવાં જેમ ફરતાં ફરતાં ધાન્યના કણે કણે ચણે છે તેમ જુદે જુદે સ્થળેથી ફરે જઈને ભિક્ષા મેળવી તેનું નામ ઉંછ છે

(२४७) संथारसेज्जासणभत्तपाणे,

अप्पिच्छया अइलाभे वि सन्ते ।

जो एवमप्पाणऽभितोसएज्जा,

संतोसपाहन्नरए स पुज्जो ॥३॥

૨૪૭. સંથારો, શય્યા, આસન તથા ભાત પાણી ઘણાં વધારે મળતાં હોય તો ય તેમને લેવાની વિશેષ ઈચ્છા ન રાખે અર્થાત્ એ બાબતની ઓછી ઈચ્છા રાખે અને એ ભાત પાણી વગેરેની સામગ્રીને પોતાના ખપ પૂરતી જ લે. જે એ રીતે પોતાના આત્માને સંતુષ્ટ રાખે તથા સંતોષ પ્રધાન જીવનમાં મસ્ત રહે તેને 'પૂજ્ય' કહેવો.

(२४८) सक्का सहेउं आसाइ कंटया,

अओमया उच्छहया नरेण ।

अणासए जो उ सहेज्ज कंटए,

वईमए कण्णसरे स पुज्जो ॥४॥

૨૪૮. વાહ વાહ થશે, શરીર સુખમાં રહેશે, ઇંદ્રિયો મજા માણશે એવી એવી આશાઓ રાખીને તો [3]લોહમય કાંટાની—લોઢાનાં ભાલાંની અણીઓ ઉપર પણ સુવાનું કે બેસવાનું હોંશે હોંશે સહી શકાય છે; પરંતુ જે સાધક કોઈ પણ પ્રકારની આશા રાખ્યા વિના જ કાનમાં પેસતાં વચન બાણોને—

3. ઘણા સાધુઓ લોઢાના ભાલાની અણી ઉપર આખો દિવસ બેસી રહે છે, સખત તાપમાં, ઉની ઉની રેતી કે પતરાં ઉપર સુઈ રહે છે, અથવા ઘણી લાંઘણો ય ખેંચી કાઢે છે. એ જાતના કાયાક્લેશનો આ નિર્દેશ છે.

વચનના ભાલાઓને શાંત ભાવે-ધીર ભાવે-સહન કરે તેને 'પૂજ્ય' કહેવો.

(२४९) समावयन्ता वयणाभिघाया,
कण्णं गया दुम्मणियं जणन्ति ।
धम्मो त्ति किच्चा परमग्गसूरे,
जिइन्दिए जो सहई स पुज्जो ॥५॥

૨૪૯ સામેથી આવી પડતા મર્મભેદી વચનના ઘા જ્યારે કાન સુધી આવી પહોંચે છે ત્યારે ભારે પીડા પેદા કરે છે—તે સાંભળનારનું જ મન દુર્મન થઈ જાય છે, એવી પરિસ્થિતિમાં એ ભયાનક વચનના ઘાને શાંતિપૂર્વક સહન કરવાનો મારો 'ધર્મ' છે એમ સમજીને ક્ષમાના માર્ગે ચાલનાર જે શૂરવીર જિતેંદ્રિય મનુષ્ય તેમને સહન કરે છે તેને '[४]પૂજ્ય' કહેવો.

(२५०) अवण्णवायं च परम्मुहस्स,
पच्चक्खओ पडिणीयं च भासं ।
ओहारिणिं अप्पियकारिणिं च,
भासं न भासेज्ज सया स पुज्जो ॥६॥

૨૫૦ સત્ય હિત જે કહેવું હોય તે સદા સામે જ કહે પણ કોઈની પાછળ નિંદા ન કરે અને સામે પણ ઉગ્રતાવાળી ભાષા ન બોલે તથા 'આ તો નાલાયક જ છે'

---

૪ પૂજ્ય—સરખાવો ૬૦ બિ૦ ૫૦ ઉ૦ ૪ "જ્યારે લોકો તમારી નિંદા કરે તમારા ઉપર જુલમ ગુજારે, ખોટી રીતે ઘેરા આરોપો મૂકે ત્યારે તમે પોતાને નસીબદાર સમજજો" ઇત્યાદિ.

: २१ :

माहण-सुत्तं

(२५५) जो न सज्जइ आगन्तुं, पव्वयन्तो न सोयई ।
रमई अज्जवयणम्मि, तं वयं बूम माहणं ॥१॥

: २१ :

[1]બ્રાહ્મણ-સૂત્ર

૨૫૫. પોતાના સ્નેહી-સ્વજનોમાં આવીને જે આસક્ત થતો નથી, તેમ તેમનાથી છૂટો પડીને-દૂર જઈને જે શોક કરતો નથી, આર્યજનોનાં વચનોમાં જે રુચિ રાખે છે તેને અમે 'બ્રાહ્મણ' કહીએ છીએ.

(२५६) जायरूवं जहामट्ठं, निद्धन्तमल-पावगं ।
राग-दोस-भयाईयं, तं वयं बूम माहणं ॥२॥

૨૫૬. અગ્નિમાં નાખીને ધમેલા અને શુદ્ધ કરેલા તદ્દન ચોકખા સોળવલ્લા સોનાની પેઠે જે તદ્દન શુદ્ધ છે, નિષ્પાપ છે; તથા રાગ, દ્વેષ અને ભયથી રહિત છે તેને અમે 'બ્રાહ્મણ' કહીએ છીએ.

(२५७) तवस्सियं किसं दन्तं, अवचियमंससोणियं ।
सुव्वयं पत्तनिव्वाणं, तं वयं बूम माहणं ॥३॥

---

[1] બ્રાહ્મણ સૂત્ર—સરખાવો ધમ્મપદનો છવ્વીશમો આખો બ્રાહ્મણ-વર્ગ પ્રસ્તુત બ્રાહ્મણસૂત્રના તમામ પદ્યોનાં છેલ્લા ચરણમાં 'तं वयं बूम माहणं' એવું વાકય આવે છે ત્યારે ધમ્મપ બ્રાહ્મણવર્ગના તમામ શ્લોકોના છેલ્લા ચરણમાં 'तं अहं ब्रूमि ब्राह्मण' એવુ વાકય આવે છે.

(२५९) कोहा वा जइ वा हासा, लोहा वा जइ वा भया ।
मुसं न वयई जो उ, तं वयं बूम माहणं ॥५॥

૨૫૯. ⁴ક્રોધને લીધે કે હાંસીને લીધે કે લોભને લીધ કે બીકને લીધે જે અસત્ય બોલતો નથી–ખોટું–મિથ્યા વચન કાઢતો નથી, તેને અમે 'બ્રાહ્મણ' કહીએ છીએ.

(२६०) चित्तमन्तमचित्तं वा, अप्पं वा जइ वा बहुं ।
न गिण्हाइ अदत्तं जे, तं वयं बूम माहणं ॥६॥

૨૬૦. ⁵સચેતન એવાં દાસ દાસી વગેરે મનુષ્યો અને અચેતન એવા પોતાને ખપમાં આવે તેવા પદાર્થો; એમાંનું થોડું કે ઘણું કશું જ કોઈના આપ્યા સિવાય જે પોતે સ્વીકારતો નથી અર્થાત્ જે ચોરી કરતો નથી તેને અમે 'બ્રાહ્મણ' કહીએ છીએ.

---

૪. ક્રોધને—अकक्कसं विञ्ञापनिं गिर सच्च उदीरये ।
याय नाभिसजे किंचि तमहं ब्रूमि ब्राह्मणं ॥

અકઠોર, સ્પષ્ટ અર્થવાળી એવી સત્યવાણી જે બોલે છે તથા વાણી વડે જે કોઈ ઊપર આક્ષેપ કરતો નથી તેને હું બ્રાહ્મણ કહું છું.

૫. સચેતન—योऽव दीघं वा रस्सं वा अणुं थूलं सुभासुभं ।
लोके अदिन्नं नादियति तमहं ब्रूमि ब्राह्मणं ॥ २७

આ જગતમાં મોટી કે નાની, સૂક્ષ્મ કે સ્થૂલ તથા શુભ કે અશુભ એવી કોઈપણ ચીજને જે આપ્યા વિના લેતો નથી અર્થાત્ જે ચોરી કરતો નથી તેને હું બ્રાહ્મણ કહું છું.

ને બધુજનોના પૂર્વ સબધને છોડયા પછી જે ભોગોમા આસક્ત થતો નથી તેને અમે 'બ્રાહ્મણ' કહીએ છીએ

(५) न मुण्डिएण समणो न ओंकारेण बम्भणो ।
न मुणी रण्णवासेण, कुसचीरेण न तावसो ॥३१॥

२६५ કેવળ [8]માથુ મુડાવ્યેથી કોઈ શ્રમણ થવાતું નથી,

---

८. માથુ મુડાવ્યેથી—સરખાવો ધમ્મપ૦ ઓગણીશમો [illegible] વર્ગ

न मुण्डकेन समणो अब्बतो अलिकं भणं ।
इच्छालोभसमापन्नो समणो किं भविस्सति ? ॥

કેવળ માથે મુંડો કરાવ્યેથી કોઈ શ્રમણ થવાતુ નથી જે વ્રત [illegible], ખોટાબોલો અને ઇચ્છા તથા લોભથી ઘેરાયેલો છે તે કેવી [illegible] શ્રમણ થઈ શકે ?

[illegible] ભિક્ષુ થવાતું નથી—

न तेन भिक्खु सो होति यावता भिक्खते परे ।
विस्सं धम्मं समादाय भिक्खु होति न तावता ॥ ११

[illegible] પાસે કેવળ ભીખ માગ્યેથી ભિક્ષુ થવાતું નથી તેમ [illegible] કરેલાં બીજા પ્રકારની વિષમ રીતભાતો રાખવાથી પણ ભિક્ષુ [illegible]

[illegible] થવાતુ નથી—

मोनेन मुनि [illegible] मूळहरूपो अविद्दसु । ११
[illegible] જેવા રહેવાથી અને મૌન ધારણ કરવા

[illegible] [illegible] । १२
[illegible] નથી

૨૬૩. જે [7]અલોલુપ છે, જે અનાસક્ત છે–અર્થાત્ દોષ-પોષક સ્વાર્થ રાખ્યા વિના જીવનને નભાવે છે, જે અનગાર છે–માલિકીના ઘર વગરનો છે, જે અકિંચન છે અને જે ગૃહસ્થો સાથેના સંબંધમાં અલિપ્ત છે તેને અમે 'બ્રાહ્મણ' કહીએ છીએ.

(२६४) जहित्ता पुव्वसंजोगं, नाइसंगे य बन्धवे ।
जो न सज्जइ भोगेसु, तं वयं बूम माहणं ॥१०॥

૨૬૪. પોતાનાં સ્રી પુત્ર વગેરે સગાં સંબંધીઓ સાથેના પહેલાંના સંબંધને છોડયા પછી તેમ જ પોતાનાં નાતિલાઓના

---

૭. જે અલોલુપ—असंसट्ठं गहट्ठेहि अनागारेहि चूभयं ।
अनोकसारिं अप्पिच्छं तमहं ब्रूमि ब्राह्मणं ॥

ઘરવાળા ગૃહસ્થો અને ઘરબાર વિનાના ભિક્ષુઓ એમ બન્ને સાથે જે રાગના સંસર્ગ વિનાનો છે, ભિક્ષુઓના માર્ગને અનુસરનારો છે અને ઓછી ઇચ્છાવાળો છે તેને હું બ્રાહ્મણ કહું છું.

यस्स कायेन वाचाय मनसा नत्थि दुक्कतं ।
संवुतं तीहि ठानेहि तमहं ब्रूमि ब्राह्मणं ॥

જે શરીરવડે દુષ્ટ કામ કરતો નથી, વાણીવડે દુષ્ટ વચન બોલતો નથી અને મનવડે દુષ્ટ સંકલ્પ કરતો નથી તથા એવી રીતે જે મન, વચન અને શરીર એમ ત્રણે સ્થાને સંવરવાળો છે તેને હું બ્રાહ્મણ કહું છું.

यस्स रागो च दोसो च मानो मक्खो च पातितो ।
सासपोरिव आरग्गा तमहं ब्रूमि ब्राह्मणं ॥

જેમ આરની અણી ઉપરથી સરસવ પડી જાય છે તેમ જેના રાગ દ્વેષ અભિમાન અને તિરસ્કારભાવ વગેરે દોષો પડી ગયા છે અર્થાત્ જેણે એ દોષોને પાડી નાખ્યા છે તેને હું બ્રાહ્મણ કહું છું.

એઠેલો માણુસ, ભલે કોઈ પ્રકારની પોતાની ચતુરાઈને લીધે પોતાની જાતને ભારે કુશળ વા પંડિત કોટિની માનતો હોય, તો પણ જ્ઞાની મનુષ્યો તો એને [1]બાળજીવ–અજ્ઞાની પ્રાણી, મંદ પ્રાણી અને મૂઢ પ્રાણી જ માને છે; અને એવો અજ્ઞાની

---

[1] બાળ જીવ–બારમા प्रमाद–स्थान સૂત્રમાં પ્રમાદમાં એટલે વિષયોમાં અને કષાયોમાં રસ લેનારે પ્રમાદીને 'બાલ' કહ્યો છે તથા તેમાં રસ નહીં લેનારને એટલે અપ્રમાદીને 'પંડિત' કહ્યો છે; એ દૃષ્ટિએ આ બાલસૂત્રના 'બાલ' શબ્દનો અર્થ સમજવાનો છે. ગીતામાં અને ધમ્મપદમાં પણ 'બાલ' અને 'પંડિત'ની આવી જ વ્યાખ્યા છે. સરખાવો ગીતા અ૦ ૪ શ્લો૦ ૧૯ :

પંડિત– यस्य सर्वे समारम्भा कामसंकल्पवर्जिता ।
ज्ञानाग्निदग्धकर्माण तमाहु. पण्डित बुधाः ॥

જેમની બધી પ્રવૃત્તિઓ કામનાના સંકલ્પ વિનાની છે અને જેમનાં કર્મો જ્ઞાનરૂપ અગ્નિથી બળી ગયેલાં છે તેમને ડાહ્યા પુરુષો 'પંડિત' કહે છે.

બાલ– साख्ययोगौ पृथग् वाला प्रवदन्ति न पण्डिता ।
(ગીતા અ૦ ૫, શ્લો૦ ૪)

અર્થાત वाला એટલે અજ્ઞાનીઓ, સાંખ્ય અને યોગને જૂદા જુદા કહે છે પણ પંડિતો તેમ કહેતા નથી.

સરખાવો ધમ્મપદ છઠ્ઠો પંડિત વર્ગ શ્લો૦ ૧ :

પંડિત– निगय्हवादिं मेहाविं तादिस पडित भजे ।
तादिस भजमानस्स सेय्यो होति न पापियो ॥

ભાષા ઉપર સંયમ રાખીને બોલનારા, મેધાવી એવા પંડિત પુરુષનો સહવાસ–ઉપાસના–કરવાં ઘટે. એવા પંડિતની ઉપાસના કરનારનું શ્રેય થાય છે, અશ્રેય થતું નથી.

અને બંધુજનોના પૂર્વ સંબંધને છોડયા પછી જે ભોગોમાં આસક્ત થતો નથી તેને અમે 'બ્રાહ્મણ' કહીએ છીએ.

(१६५) न मुण्डिएण समणो न ओंकारेण बंभणो ।

न मुणी रण्णवासेण, कुसचीरेण न तावसो ॥११॥

૨૬૫. કેવળ ^[८]માથું મુંડાવ્યેથી કોઈ શ્રમણ થવાતું નથી,

---

[८] માથું મુંડાવ્યેથી—સરખાવો ધમ્મપદ ઓગણીશમો ધમ્મટ્ઠ વર્ગ

न मुण्डकेन समणो अब्बतो अलिकं भणं ।

इच्छालोभसमापन्नो समणो किं भविस्सति ? ॥

કેવળ માથે મુંડો કરાવેથી કોઈ શ્રમણ થવાતું નથી જે વ્રત વગરનો, ખોટાબોલો અને ઈચ્છા તથા લોભથી ઘેરાયેલો છે તે કેવી રીતે શ્રમણ થઈ શકે ?

ભિક્ષુ થવાતું નથી—

न तेन भिक्खु सो होति यावता भिक्खते परे ।

विस्सं धम्मं समादाय भिक्खु होति न तावता ॥ ११

બીજા પાસે કેવળ ભીખ માગ્યેથી ભિક્ષુ થવાતું નથી તેમ જ પુરીનતાને કરતાં બીજા પ્રકારની વિષમ રીતભાતો રાખવાથી પણ ભિક્ષુ થવાતું નથી.

મુનિ થવાતું નથી—

न मोनेन मुनि होति मूळ्हरूपो अविद्दसु । ११

કેવળ મૂઢરૂપે જડસા જેવા રહેવાથી અને મૌન ધારણ કરવા માત્રથી મુનિ થવાતું નથી

न तेन अरियो होति येन पाणानि हिंसति । १२

પ્રાણીઓની હિંસા કરવાથી આર્ય થવાતું નથી

કેવળ 'ઓમ્' 'ઓમ્'નો જાપ કરવાથી કાંઈ[૯]બ્રાહ્મણ થવાતું નથી, કેવળ વનમાં વાસ કરવા માત્રથી કાંઈ મુનિ થવાતું નથી અને કેવળ ડાભ કે એવા બીજા ઘાસનાં કે છાલનાં બનેલાં વસ્ત્રો પહેરવા માત્રથી કાંઈ તાપસ થવાતું નથી.

(२६६) समयाए समणो होइ, बंभचेरेण बंभणो ।
नाणेण उ मुणी होइ, तवेण होइ तावसो ॥१२॥

---

૯. બ્રાહ્મણ થવાતું નથી—સરખાવો ધમ્મપદ છવ્વીશમો બ્રાહ્મણ વર્ગ :

न जटाहि न गोत्तेन न जच्चा होति ब्राह्मणो । ११

કેવળ જટાઓ વધાર્યેથી, કેવળ ગોત્રને લીધે કે કેવળ બ્રાહ્મણને ઘરે જનમવાને લીધે બ્રાહ્મણ થવાતું નથી.

किं ते जटाहि दुम्मेध ! किं ते अजिनसाटिया ।
अब्भंतरं ते गहनं बाहिरं परिमज्जसि ॥ १२

હે દુર્બુદ્ધિ ! જટાઓ વધાર્યે તારું શું વળવાનું છે? તેમ મૃગછાલા પહેર્યેથી પણ તારું શું વળવાનું છે? તારું અંતર ગહન—મેલું—છે અને તું બહાર ધોયા કરે છે અર્થાત્ ઉપલક ઉપલક ચોકખાઈ રાખ્યા કરે છે.

न चाहं ब्राह्मणं ब्रूमि योनिजं मत्तिसंभवं ।

કેવળ બ્રાહ્મણની જાતિમાં જન્મેલાને હું બ્રાહ્મણ કહેતો નથી તેમ કેવળ બ્રાહ્મણમાતાને પેટે અવતરેલાને હું બ્રાહ્મણ કહેતો નથી.

૧૬ [illegible] જુદું કરવાથી [illegible] થઈ શકે છે, [illegible] થઈ શકે છે, [illegible] ચિંતન કરવાથી [illegible] થઈ શકે છે અને [illegible] ચિંતવવાના [illegible] પણ [illegible] થઈ શકે છે

---

૧૦ શ્રમણ—સરખાવો [illegible] ધમ્મપદ [illegible]

यो च समेति पापानि अणुं थूलानि सब्बसो ।
समितत्ता हि पापानं समणो ति पवुच्चति ॥ १०

નાનાં મોટાં સ્થૂલ સૂક્ષ્મ એવાં તમામ [illegible] જે પાપોને શમાવી દેવાથી જ શ્રમણ કહેવાય છે

ભિક્ષુ—योध पुञ्ञं च पापं च बाहेत्वा ब्रह्मचरियवा ।
सङ्खाय लोके चरति स वे भिक्खू ति वुच्चति ॥ १२

જે પોતે બ્રહ્મચારી હોઈને પુણ્ય અને પાપ બન્નેને ત્યાગીને [illegible] વિવેક સાથે લોકમાં રહે છે તેવો તે ભિક્ષુ કહેવાય છે.

૧૧ મુનિ—यो च तुलं व पग्गय्ह वरमादाय पण्डितो ॥ १३
पापानि परिवज्जेति स मुनि तेन सो मुनी ।
यो मुनाति उभो लोके मुनी तेन पवुच्चति ॥ १४

જેમ કોઈ ત્રાજવું લઈને [illegible] ગ્રહણ કરે પાપોને છોડી દે તે મુનિ છે અને [illegible] મુનિ કહેવાય છે, વળી જે બન્ને લોકોને માપે છે—જાણે છે—તેથી તે મુનિ કહેવાય છે

આર્ય—अहिंसा सब्बपाणानं अरियो ति पवुच्चति । १५

જે તમામ પ્રાણીઓ પ્રત્યે અહિંસાભાવે વર્તે છે તે આર્ય કહેવાય છે

(२६७) कम्मुणा वंभणो होइ, कम्मुणा होइ खत्तिओ ।
वइसो कम्मुणा होइ, सुद्दो हवइ कम्मुणा ॥१३॥

૨૬૭. માણુસ પોતાનાં પ્રત્યક્ષ કર્મોને લીધે બ્રાહ્મણ[12] બને છે, માણુસ પોતાનાં પ્રત્યક્ષ કર્મોને લીધે ક્ષત્રિય

---

૧૨. બ્રાહ્મણ—સરખાવો ધમ્મપદ છવ્વીશમો બ્રાહ્મણવર્ગ :

यम्हि सच्च च धम्मो च सो सुची सो च ब्राह्मणो ॥ ११

જેના ચિત્તમાં સત્ય છે અને ધર્મ છે તે શુચિ-પવિત્ર છે અને તે બ્રાહ્મણ છે.

अकिचन अनादानं तमह ब्रूमि ब्राह्मण ॥ १४

જે અકિંચન છે-પરિગ્રહ વગરનો છે અને લાલચ રાખીને લેવાની વૃત્તિવાળો નથી તેને હું બ્રાહ્મણ કહું છું

પ્રસ્તુત બ્રાહ્મણસૂત્રમાં અને ધમ્મપદના બ્રાહ્મણવર્ગમાં બ્રાહ્મણનું જેવુ સ્વરૂપ બતાવેલું છે તેવું તેનું સ્વરૂપ મહાભારતના શાંતિપર્વમાં આવેલા મોક્ષધર્મપર્વના અધ્યાય ૨૪૫મામાં બતાવેલું છે. ત્યાં દરેક શ્લોકના ચોથા ચરણમાં त देवा ब्राह्मण विदु: અર્થાત્ 'દેવો તેમને બ્રાહ્મણ તરીકે જાણે છે' એવું વાકય આવે છે. તેમાંના થોડાક શ્લોકો આ પ્રમાણે છે :

न क्रुध्येत् न प्रहृष्येच्च मानितोऽमानितश्च य. ।
सर्वभूतेष्वभयदस्तं देवा ब्राह्मण विदु. ॥ १४

नाभिनन्देत मरण नाभिनन्देत जीवितम् ।
कालमेव प्रतीक्षेत निदेश भृतको यथा ॥ १५

विमुक्तं सर्वसगेभ्य. मुनिमाकाशवत् स्थितम् ।
अस्वमेकचरं शान्त त देवा ब्राह्मण विदु' ॥ २२

બને છે, માણસ પોતાના પ્રત્યક્ષ કર્મોને લીધે વૈશ્ય બને છે અને માણસ પોતાના [13]પ્રત્યક્ષ કર્મોને લીધે શૂદ્ર બને છે અર્થાત્ વર્ણોનો ભેદ જન્મથી હોતો નથી કે વર્ણને લીધે મહત્તા કે નીચતા જન્મથી મળતા નથી-જે જેવું કામ કરે તે તેવો

निराशिषमनारम्भं निर्नमस्कारमस्तुतिम् ।
निर्मुक्तं बन्धनैः सर्वैः तं देवा ब्राह्मणं विदुः ॥ २८

અપમાનિત થયો હોય ત્યાં જે ક્રોધ કરતો નથી અને માન પામેલો હોય ત્યાં જે રાગ કરતો નથી તથા તમામ ભૂતોને અભય આપનારો છે તેને દેવો બ્રાહ્મણ જાણે છે ૧૮

જે મરણનું અભિનંદન કરતો નથી તેમ જીવિતનું પણ અભિનંદન કરતો નથી અને જેમ નોકર પોતાના શેઠના હુકમની રાહ જોતો રહે તેમ કાળના હુકમની રાહ જોતો રહે ૧૫ તથા જે તમામ કષાયો-રાગદ્વેષવાળા સંબંધોથી-વિમુક્ત છે મુનિ છે આકાશની પેઠે અપ્રતિષ્ઠિત છે, અસ્વ-નિર્ધન છે, એકાકી છે એટલે કેવલ આત્માવલંબી છે અને શાંત છે તેને દેવો બ્રાહ્મણ જાણે છે ૨૨ યાચકને વશ થઈને કોઈને જે આશીર્વાદ આપતો નથી બંધનરૂપ એવું કશું જે આરંભન કરતો નથી દીનભાવે નમસ્કાર કરતો નથી તેમ સ્તુતિ કરતો નથી અર્થાત્ કોઈની ખુશામત કરતો નથી તથા તમામ બંધનોથી જે મુક્ત છે તેને દેવો બ્રાહ્મણ જાણે છે ૨૮

૧૩. પ્રત્યક્ષ કર્મોને—સરખાવો ગીતા અ૦ ૪ શ્લો૦ ૧૩ :

चातुर्वर्ण्यं मया सृष्टं गुणकर्मविभागशः ।

ગુણ અને કર્મના વિભાગ પાડીને મેં ચાર વર્ણની રચના કરી છે અર્થાત્ અમુક ગુણવાળો અમુક કર્મ-પ્રવૃત્તિ-કરે અને અમુક ગુણવાળા અમુક કર્મ કરે. એટલે વર્ણવ્યવસ્થા કેવળ જન્મ ઉપર નિર્ભર નથી.

બને છે-સારાં કામ કરનારો-ગુણવાળો માણસ મહાન બને છે અને નઠારાં કામ કરનારો-ગુણ વગરનો માણસ હલકો બને છે.

(२६८) एवं गुणसमाउत्ता, जे भवन्ति दिउत्तमा ।
ते समत्था समुद्धत्तुं, परमप्पाणमेव च ॥१४॥

[उत्तरा० अ० २५ गा० २०-२९,३१,३२,३३,३५]

૨૬૮, એ પ્રકારે જેઓ ગુણોથી-પવિત્ર ગુણોથી-યુક્ત છે તેઓ જ દ્વિજોત્તમ છે-ઉત્તમ બ્રાહ્મણ છે; અને જેઓ એવા નથી તેઓ નામના દ્વિજ છે-કહેવા પૂરતા જ બ્રાહ્મણ છે. ખરી રીતે એવા ગુણના ભંડાર સમા બ્રાહ્મણો જ પોતાનો અને પરનો પણ ઉદ્ધાર કરવાને સમર્થ છે ત્યારે કહેવા પૂરતા નામના જ બ્રાહ્મણો પોતાને અને બીજાને પણ ડુબાડે છે.

: २२ :

भिक्खु-सुत्तं

(२६९) रोइअनायपुत्तवयणे,
अप्पसमे मन्नेज्ज छप्पि काए ।
पंच य फासे महव्वयाइं,
पंचासवसंवरे जे स भिक्खू ॥१॥

૨૨

[1]ભિક્ષુ-સૂત્ર

૨૬૯ જ્ઞાતપુત્ર ભગવાન મહાવીરના વચનોના જેને અસાધારણ રુચિ છે અને એને લીધે જ જે છએ પ્રકારના જીવોને પોતાના આત્મા સમાન માને છે અર્થાત્ કોઈ પણ જીવને દુઃખ થાય તેવી જેની પ્રવૃત્તિ નથી તથા જે પૂરેપૂરા પાંચ મહાવ્રતોને સાવધાનતાપૂર્વક સ્પર્શે છે—આચરે છે અને જે પાંચે આસ્રવોથી દૂર રહે છે તેને "ભિક્ષુ[2]" કહેવો

(૧) चत्तारि वमे सया कसाए,
धुवजोगी य हविज्ज बुद्धवयणे ।
अहणे निज्जायरूव-रयए,
गिहिजोगं परिवज्जए जे स भिक्खू ॥

---

૧. ભિક્ષુસૂત્ર સાથે ધમ્મપદનો પચીશમો ભિક્ષુવર્ગ સરખાવવા જેવો છે

૨ ભિક્ષુ—સરખાવો ધમ્મપદ દંડવર્ગ શ્લો० ૧૪

अलङ्कतो चे पि समं चरेय्य
सन्तो दन्तो नियतो ब्रह्मचारी ।
सब्बेसु भूतेसु निधाय दण्डं
सो ब्राह्मणो सो समणो स भिक्खु ॥

ભલે શરીરથી અલંકૃત હોય તો પણ જે સમભાવે વર્તે છે, શાંત દાંત નિયમવત અને બ્રહ્મચારી છે તમામ જીવો તરફ જેણે દંડને—હિંસાને છોડી દીધો છે તે બ્રાહ્મણ છે, તે શ્રમણ છે અને તે ભિક્ષુ છે

જુઓ ભિક્ષુસૂત્ર ટિપ્પણ ૮ ભિક્ષુ ઘરાઉ નથી

૨૭૦. ક્રોધ, માન, માયા અને લોભ એ ચારે કષાયોનો જેણે સદાને માટે ત્યાગ કરી દીધો છે, જ્ઞાની પુરૂષનાં વચનોમાં જેનું મન ધ્રુવ છે, વચન અને શરીર પણ એવું જ ધ્રુવ છે. અર્થાત્ જેના મન, વચન અને શરીર જ્ઞાની પુરુષનાં વચન પ્રમાણે જ, ધ્રુવ થઈને વર્તે છે તથા જે ધનની અપેક્ષા વિનાનો છે-પોતાની પાસે સોનું-રૂપુ કે બીજું ચલણી નાણું રાખતો નથી અને ગૃહસ્થના પ્રપંચવાળા સંબંધને જે અનુસરતો નથી તેને 'ભિક્ષુ' કહેવો.

(२७१) सम्मदिट्ठि सया अमूढे,
अत्थि हु नाणे तवे संजमे य ।
तवसा धुणइ पुराणपावगं,
मण-वय-कायसुसंवुडे जे स भिक्खू ॥३॥

૨૭૧. જે સમ્યગ્દર્શી છે-સત્ય અસત્યનો જાણકાર છે, જે સદા પોતાનાં જ્ઞાન, તપ અને સંયમનાં કર્તવ્યો વિશે મોહ વગરનો છે, તથા પાપનો નાશ કરવાના સંકલ્પ સાથે તપ તપીને જે પોતાનાં પુરાણાં પાપોને ખંખેરી નાખે છે અને મન, વચન તથા શરીરને સંયમમાં રાખે છે તેને 'ભિક્ષુ' કહેવો.

(२७२) न य वुग्गहियं कहं कहिज्जा,
न य कुप्पे निहुइन्दिए पसन्ते ।
संजमे धुवं जोगेण जुत्ते,
उवसंते अविहेडए जे स भिक्खू ॥४॥

૨૭૨ લડાઈ-ઝગડો થાય એવી-કથા-વાત-જ જે કરતો નથી, કોઈના ઉપર ગુસ્સો કરતો નથી, પાચે ઇંદ્રિયોને સંયમમાં રાખનાર છે, શાંત વૃત્તિવાળો છે, જેના મન વચન અને શરીર ધ્રુવપણે સંયમમાં જ જોડાએલા છે, કોઈ નિમિત્તને લીધે જે ગભરાતોનથી—ઉપશાંત છે અને કોઈનો અનાદર કરતો નથી, તેને 'ભિક્ષુ' કહેવો.

(२७३) जो सहइ हु गामकंटए,
अक्कोस-पहार-तज्जणाओ य ।
भय-भेरव-सद्द-सप्पहासे,
समसुह-दुक्खसहे अ जे स भिक्खू ॥११॥

૨૭૩ સ્પર્શ, જીભ, નાક, આંખ તથા કાન અને મન, એમને અણગમતા વિવિધ પ્રસંગો આવતા જે શાંત ભાવે સહન કરે છે અર્થાત્ કોઈ ગુસ્સો કરે-વઢે, કોઈ માર મારે કે કોઈ તિરસ્કાર-અપમાન કરે તે તમામને શાંત ભાવે જે સહન કરે છે તથા ભયંકરના ભયંકર શબ્દોને અને અટ્ટહાસ્ય હાસવાળા અવાજોને જે સમભાવે સહન કરે છે, દુઃખને અને સુખને સમભાવે સહે છે તેમ જ દુઃખને પણ સમભાવે જે સહે છે તેને 'ભિક્ષુ' કહેવો.

(२७४) अभिभूय काएण परीसहाइं,
समुद्धरे जाइपहाउ अप्पयं ।
विइत्तु [illegible] जाइमरणं,
[illegible] तवे [illegible] जे स भिक्खू ॥१२॥

૨૭૪. સંયમની સાધનામાં વિઘ્નરૂપ આવતા પરિષહોને શરીર વડે સમભાવે સહન કરે છે અને એ રીતે સહન કરીને, એ પરિષહોને હઠાવીને આ પ્રપંચમય વાતાવરણમાંથી પોતાને જે બચાવતો રહે છે, અને જન્મ મરણના ફેરાને મહાભયરૂપ સમજીને શ્રમણધર્મને દૃઢ કરનારા તપમાં જે તત્પર રહે છે તેને 'ભિક્ષુ' કહેવો.

(૨૭૫) हत्थसंजए पायसंजए,
वायसंजए संजइन्दिए ।
अज्झप्परए सुसमाहिअप्पा,
सुत्तत्थं च वियाणइ जे स भिक्खू ॥७॥

૨૭૫. [૩]હાથે જે સંયમપૂર્વકના વર્તનવાળો છે, એ જ રીતે પગે અને વચને તથા ઇંદ્રિયો દ્વારા સુદ્ધાં સંયમપૂર્વકના

---

૩. હાથે સંયમવાળો—સરખાવો ધમ્મપદ પચ્ચીશમો ભિક્ષુ વર્ગ શ્લો૦ ૩, ૪, ૨, ૧ :

हत्थसयतो पादसंयतो वाचाय सयतो सयतुत्तमो ।
अज्झत्तरतो समाहितो एको सतुसितो तमाहु भिक्खु ॥

यो मुखसंयतो भिक्खु मतभाणी अनुद्धतो ।
अत्थ धम्म च दीपेति मधुरं तस्स भासित ॥

कायेन सवरो साधु साधु वाचाय सवरो ।
मनसा सवरो साधु साधु सव्वत्थ सवरो ।
सव्वत्थ संवुतो भिक्खु सव्वदुक्खा पमुच्चति ॥

चक्खुना सवरो साधु साधु सोतेन सवरो ।
घानेन सवरो साधु साधु जिव्हाय सवरो ॥

પ્રાણી વિષયવિલાસોમા જ ચોંટી રહે છે જેમ કફના બળખા ઉપર માખી ચોંટી જાય છે તેમ અર્થાત્ જેમ માખી બળખામાથી છૂટી થઈ શકતી નથી અને ત્યાને ત્યાજ રામ-શરણ થાય છે, તેમ એ અનાડી, મોજશોખોમા એવો ચોંટી રહે છે કે તેમા ને તેમા જ રહી મૃત્યુને શરણે થાય છે

(૧૮૦) जे गिद्ध कामभोगेसु, एगे कूडाय गच्छई ।
न मे दिट्ठे परे लोए, चक्खुदिट्ठा इमा रई ॥५॥

૧૮૦ જે કેટલાક માણસો કામભોગોના લાલચુ બને છે તેઓ ધીરે ધીરે ખોટે માર્ગે[1] વળે છે ખોટા રસ્તા ભણી જતા અચકાતા નથી પછી તો એઓ એમ પણ કહેવા લાગે છે કે આ જે પ્રત્યક્ષ[2] કામભોગો છે એ જ સુખરૂપ છે, મે

બાલ- दीघा जागरतो रत्ती दीघं सन्तस्स योजनं ।
दीघो बालानं संसारो सद्धम्मं अविजानतं ॥

(ધમ્મ૦ પાંચમો બાલવર્ગ શ્લો૦ ૧)

જાગતાની રાત લાંબી નીવડે છે થાકેલાને યોજન લાંબુ લાગે છે એ જ પ્રમાણે સદ્ધર્મને નહીં જાણનારા બાલોનો—અજ્ઞાનીઓનો સંસાર લાંબો હોય છે એટલે બાલ જીવો ઝટ ઝટ નિર્વાણનો લાભ મેળવી શકતા નથી.

મહાવીરવાણીના બાલસૂત્ર સાથે ધમ્મપદનો પાંચમો આખો બાલવર્ગ સરખાવવા જેવો છે જૈનઆગમોમાં અને બૌદ્ધપિટકોમાં બાલ[1] માટે પુગ્ગલ કે પુથુજ્જન (પૃથગ્જન) શબ્દો પણ વપરાએલા છે

૨ મારે સારુ તો કામભોગોનો આ આનંદ જ સમુદ્દિષ્ટ છે—આપે છેમ ? એવો ઉત્તર? જોએલો છે આ આનંદની આડે આવે એવો બીજો કોઈ લોક એટલે મારા સિવાયનો પર લોક મેં કદી જોયેલો નથી.



હોય તથા રાગવાળા તમામ સંબંધોથી દૂરને દૂર રહેતો હોય તેને 'ભિક્ષુ' કહેવો.

(२७७) अलोल भिक्खू न रसेसु गिद्धे,
उंछं चरे जीविय नाभिकंखे ।
इड्ढिं च सक्कारण-पूयणं च,
चए ठियप्पा अणिहे जे स भिक्खू ॥९॥

૨૭૭. ભિક્ષુ થયા પછી જે અચપળ રહે છે, રસોનો લાલચુ નથી, ભિક્ષા સારુ ઉછવૃત્તિથી ફરતો રહે છે, જીવવા વિશે મોહવાળી તત્પરતા દાખવતો નથી, પોતાના ધામધૂમ, સત્કાર, સામૈયાં અને [4]પૂજાનો ત્યાગ કરે છે, જેનો આત્મા સ્થિર છે અને આકાંક્ષા વગરનો છે તેને ખરો 'ભિક્ષુ' કહેવો.

---

૪. પૂજાનો ત્યાગ કરે છે—સરખાવો ધમ્મપદ પાંચમો બાલવર્ગ શ્લો० ૧૪, ૧૫, ૧૬.

असत भावनमिच्छेय्य पुरेक्खार च भिक्खुसु ।
आवासेसु इस्सरिय पूजा परकुलेसु च ॥
ममेव कत मञ्ञतु गिही पव्वजिता उभो ।
ममेवातिवसा अस्सु किच्चाकिच्चेसु किस्मिचि ।
इति वालस्स सकप्पो इच्छा मानो च वड्ढति ॥
अञ्ञा हि लाभूपनिसा अञ्ञा निव्वानगामिनी ।
एवमेतं अभिञ्ञाय भिक्खु वुद्धस्स सावको ।
सक्कार नाभिनदेय्य विवेकमनुब्रूहये ॥

'જે સુંદર ભાવના પોતામાં નથી છતાં તે પોતામાં છે એમ લોકો માને' એવું જે ઇચ્છે, તથા 'ભિક્ષુઓ પોતાનો ખુબ પુરસ્કાર—

१८) न परं वइज्जासि अयं कुसीले,
जेण च कुप्पेज्ज न तं वएज्जा ।
जाणिय पत्तेय पुण्ण-पावं,
अत्ताणं न समुक्कसे जे स भिक्खू ॥१८॥

[illegible] સત્કાર કરે' એવું જે ઇચ્છે ત્યાં પોતે રહેતો હોય ત્યાં પોતાનું [illegible] થાય એવું ઐશ્વર્ય જે ઇચ્છે તથા બીજા કુળવાળાઓ પોતાની [illegible] કરે-માનસન્માન કરે એવું જે ઇચ્છે ૧૪

જે આ ગૃહસ્થો છે અને ભિક્ષુઓ છે તે બન્ને મારું જ [illegible]લું માને એટલે તેઓ મારી જ આજ્ઞા માને અને તે બધા કોઈપણ [illegible]ર્યો કરવાનાં વા ન કરવાનાં કામકાજમાં મારે જ તાબે રહીને હું [illegible] તેમ કરે આવું આવું જે ઇચ્છે તો તેની આ ઇચ્છાને બાલકો- [illegible]ાનીને-સંકલ્પ સમજવો તથા આવા સંકલ્પથી અજ્ઞાનીની તૃષ્ણા [illegible]ને અહંકાર પણ વધુ વધે છે

ધન માલ પૂજા પ્રતિષ્ઠા ઐશ્વર્ય વગેરેના લાભનો રસ્તો જુદો છે અને નિર્વાણ પામવાનો રસ્તો જુદો છે એમ સમજીને બુદ્ધનો [illegible] સત્કાર સન્માનનું અભિનંદન ન કરે અને વિવેકનું ગૌરવ કરે એટલે એકાંતમાં રહીને [illegible] મહત્ત્વ કરે

સરખાવો ધ૦ પ્રિ૦ પ૦ ઉ૦ ૭ "તમે [illegible] [illegible] કારણ કે [illegible] તમને સાધુના [illegible] નહિ [illegible]"

સરખાવો ઉ૦ મ૦ ધ૦ "[illegible] [illegible] નાનો બનીને રહે [illegible] ન થઈ [illegible] તેમજ [illegible] કરતાં [illegible] ન કરે"—(પૃ૦ ૧૨૮)

૨૭૮. '⁵આ કુશીલ છે' એમ જે બીજાને ન કહેતો હોય, સામો માણસ જેથી ક્રોધે ભરાય એવાં વચન ન બોલતો હોય, પ્રત્યેક આત્મા પોતે કરેલાં પુણ્ય કે પાપનાં સંસ્કાર પ્રમાણે ઘડાય છે એમ જે જાણતો હોય અને તેથી જ જે પોતાની જાતનો ગર્વ—બડાઈ—ન કરતો હોય તેને 'ભિક્ષુ' કહેવો.

(૨૭૯) न जाइमत्ते न य रूवमत्ते,
न लाभमत्ते न सुएण मत्ते ।
मयाणि सव्वाणि विवज्जइत्ता,
धम्मज्झाणरए जे स भिक्खू ॥११॥

૨૭૯. 'હું અમુક ઉત્તમ જાતનો છું' એમ જે જાતિમદ ન કરતો હોય, 'હું ઘણો રૂપાળો છું' એમ જે રૂપમદ ન કરતો હોય, 'મને જ્યારે જે જોઈએ તે બધું બરાબર મળ્યા કરે છે' એમ જે લાભનો મદ ન કરતો હોય, 'હું જ ખુબાખુબ શાસ્ત્રોને ભણેલ છું' એમ જે શાસ્ત્રજ્ઞાનનો પણ મદ ન કરતો હોય—આ પ્રમાણે તમામ પ્રકારનાં મદોને જે

---

૫. **આ કુશીલ** છે—સરખાવો ધમ્મપદ દસમો દંડવર્ગ શ્લો૦ ૫ :

मा वोच फरुस कंचि वुत्ता पटिवदेय्यु तं ।
दुक्खा हि सारम्भकथा पटिदण्डा फुसेय्यु तं ॥

કોઈને કઠોર વચન ન કહીશ, જેને કહીશ તે, તને સામું કઠોર વચન કહેશે. સામુ આવેલું કઠોર વચન દુઃખકર હોય છે. કઠોર વચન બોલવાથી તને સામો આઘાત થશે

વર્તતો રહેતો હોય અને ધર્મધ્યાનમાં સવિશેષ સાવધાન હોય તેને 'ભિક્ષુ' કહેવો.

(२०) पवेयए अज्जपय महामुणी,
धम्मे ठिओ ठावयई पर पि ।
निक्खम्म वज्जेज्ज कुसीललिंग,
न यावि हासकुहए जे स भिक्खू ॥२०॥

૨૮૦ જે મહામુનિ આર્યપદનો—આર્યમાર્ગનો ઉપદેશક હોય અને તેમ કરીને પોતે સંયમ ધર્મમાં સ્થિર રહેતો હોય અને બીજાને પણ સંયમધર્મમાં સ્થિર રાખતો હોય, ઘર બહાર નીકળ્યા પછી એટલે સંસારનો ત્યાગ કર્યા પછી દુરાચારીનો વેશ ધારણ ન કરતો હોય તથા કોઈની હાંસી-મશ્કરી ન કરતો હોય તેને 'ભિક્ષુ' કહેવો.

(२१) त देहवास असुइ असासय,
सया चए निच्चहियट्ठियप्पा ।
छिंदित्तु जाईमरणस्स बधण,
उवेइ भिक्खू अपुणागम गइ ॥२१॥

[दश० अ० १० गा० [illegible]]

૨૮૧ જે ભિક્ષુ નિત્ય [illegible] હિત [illegible] સ્થિર રહેતો હોય [illegible] દેહને [illegible] અનિત્ય સમજીને તે [illegible] ત્યાગ કરતો હોય અને [illegible]

તજી દેવા માટે પણ તત્પર હોય એવો તે ભિક્ષુ બંધનરૂપ જનમ-મરણના ફેરાને કાપી નાખીને; જે સ્થિતિએ પહોંચ્યા પછી ફરીવાર આવાગમન નથી થતું એ સ્થિતિએ પહોંચી જાય છે-નિર્વાણ પામે છે.



: २३ :

मोक्खमग्ग-सुत्तं

(२८२) कहं चरे ? कहं चिट्ठे ? कहमासे ? कहं सए ?
कहं भुंजन्तो भासन्तो पावं कम्मं न बन्धई ? ॥१॥

: ૨૩ :

[1]મોક્ષમાર્ગ-સૂત્ર

૨૮૨. સાધક કેવી[2] રીતે ચાલે? કેવી રીતે ઉભો રહે? કેવી રીતે બેસે? કેવી રીતે સુવે? કેવી રીતે ખાય? અને કેવી રીતે બોલે? જેથી તેને પાપકર્મનું બંધન ન થાય.

---

૧. જૈન પરંપરામાં એક એવી કલ્પના રૂઢ થયેલ છે કે પ્રવૃત્તિ માત્ર બંધનનુ કારણ છે. આ કલ્પના જે અપેક્ષાએ નિરાધાર છે તે અપેક્ષા આ સૂત્રમાં ચર્ચેલ છે

૨. **કેવી રીતે ચાલે**-સરખાવો ગીતાના અધ્યાય બીજાનો ચોપનમો શ્લોક. લોકો એમ માની બેઠેલા છે કે સ્થિર બુદ્ધિવાળા સમાધિમાં રહેનાર ત્યાગપરાયણ મનુષ્યો તો કશી પ્રવૃત્તિ નહીં

(२८३) जय चरे जय चिट्ठे जयमासे जय सए।
जय भुञ्जन्तो भासन्तो पाव कम्म न बन्धइ ॥१॥

૨૮૩ સાધક વિવેકથી ચાલે, વિવેકથી ઊભો રહે, વિવેકથી બેસે, વિવેકથી સુવે, વિવેકથી ખાય અને વિવેકથી બોલે તો તેને પાપકર્મનું બંધન ન થાય

(२८४) सव्वभूयप्पभूयस्स सम्म भूयाइ पासओ।
पिहियासवस्स दन्तस्स पाव कम्म न बन्धइ ॥२॥

૨૮। હોય એવો તો માન પામ્યા રહેતા હશે તેવા તેનું નિરાકરણ કરવા ગીતામાં આ વ્યાખ્યાન થયેલ છે ગીતાના ૨-૫૪માં અનુરોધ છે કે સમાધિમાં સ્થિર રહેવા સ્થિતપ્રજ્ઞ પુરુષની ભાષા કેવી હોય ? તે કેવી રીતે બોલે ? કેવી રીતે બેસે ? અને કેવી રીતે ચાલે ?

स्थितप्रज्ञस्य का भाषा समाधिस्थस्य केशव ।
स्थितधीः किं प्रभाषेत किमासीत व्रजेत किम् ॥

તે જ રીતે આ પ્રસ્તુત ૨૮૨મા પદમાં એમ પૂછવામાં આવેલ છે કે સાધક મનુષ્ય કેમ ચાલે ? કેમ ઊભો રહે ? કેમ બેસે ? કેમ સૂવે ? કેમ ખાય ? અને કેમ બોલે ? કે જેથી તે પાપકર્મનું બંધન ન કરે

આના ઉત્તરમાં ગીતાના બીજા અધ્યાયમાં શ્લોક ૫૫ થી બોંતેર સુધી જે કાંઈ કહેવામાં આવેલ છે તે જ ઉત્તર અહીં પ્રથમ અને બીજા પદમાં સંક્ષેપમાં કહેવામાં આવેલ છે

૨૮૪. નાનામોટા તમામ જીવોને જે પોતાના [3]આત્મા-સમાન બરાબર સમજતો હોય અર્થાત્ 'પોતે સર્વભૂતમય છે' એમ બરાબર જે જાણતો હોય, જેને મારા તારાનો ભેદ વા

---

૩. આત્માસમાન—આ માટે પદ્યમાં મૂળ सव्वभूयप्पभूय- (सर्वभूतात्मभूत અથવા सर्वभूतात्मभूय) શબ્દ છે.

સરખાવો ગીતા અ૦ ૫ શ્લો૦ ૭

योगयुक्तो विशुद्धात्मा विजितात्मा जितेन्द्रिय ।
सर्वभूतात्मभूतात्मा कुर्वन्नपि न लिप्यते ॥

યોગયુક્ત, વિશુદ્ધ આત્મા, જેણે આત્મા ઉપર તથા ઇંદ્રિયો ઉપર વિજય મેળવેલ છે તે વિજિત આત્મા, જિતેંદ્રિય અને જેનો આત્મા પ્રાણી માત્રના આત્મારૂપ બની ગયેલ છે એટલે જે સર્વાત્મભાવને પામેલ છે–અભેદાનુભવી છે તે, પ્રવૃત્તિને કરતો છતાં ય લેપાતો નથી તથા સરખાવો અ૦ ૬ શ્લો૦ ૨૯ :

सर्वभूतस्थमात्मान सर्वभूतानि चात्मनि ।
ईक्षते योगयुक्तात्मा सर्वत्र समदर्शन. ॥

તથા સરખાવો ૩૨ :

आत्मौपम्येन सर्वत्र सम पश्यति योऽर्जुन ! ।
सुख वा यदि वा दुःख स योगी परमो मत. ॥

જે યોગયુક્ત આત્મા છે, જે સમદર્શી છે તે, પોતાના આત્માને તમામ પ્રાણીઓના આત્મામાં રહેલો જુએ છે અને પોતાના આત્મામાં તમામ પ્રાણીઓના આત્માને રહેલો જુએ છે.

હે અર્જુન ! જે યોગી પોતાના આત્માની સાથે સરખામણી કરીને સર્વત્ર એક સરખું જુએ છે, પછી તે સુખ હોય કે દુઃખ હોય. આવો સમદર્શી યોગી સૌથી ઉત્તમ છે

ધારકો પોતાનાનો ભાવ જુદલ નથી એવાને તથા ઇંદ્રિયનિગ્રહી અને ફરીવાર ન ઊખળે એ રીતે દોષસ્થાનોને દાટી દેનારા સાધકને પાપકર્મનું બંધન થતું નથી

(૮૫) पढम नाण तओ दया एव चिट्ठइ सव्वसजए ।
अन्नाणी किं काही किंवा नाहिइ छेय-पावग ? ॥४॥

૨૮૫ સાધનામાં [4]પ્રથમ સ્થાન જ્ઞાનનું છે અને તે પછીનું સ્થાન દયાનું છે આ રીતે એટલે પહેલા જાણકાર થયા પછી જ અહિંસાના મતને સ્વીકારીને તમામ સંયમી સાધકો પોતાના સંયમ ઉપર ખડા રહી શકે છે અજ્ઞાની શું કરી

---

૪ પ્રથમ સ્થાન—સરખાવો ગીતા અ૦ ૪ શ્લો૦ ૩૮ ૪૦

न हि ज्ञानेन सदृश पवित्रमिह विद्यते ।

આ જગતમાં જ્ઞાનની જેવું બીજું કંઈ પવિત્ર નથી

श्रद्धावान् लभते ज्ञान तत्पर सयतेन्द्रिय ।
ज्ञान लब्ध्वा परां शान्तिमचिरेणाधिगच्छति ॥

શ્રદ્ધાવાન તત્પર અને જિતેન્દ્રિય મનુષ્ય જ્ઞાનને પામે છે જ્ઞાનને એ શીઘ્ર પરમ શાંતિને પ્રાપ્ત કરે છે

अज्ञश्च अश्रद्दधानश्च सशयात्मा विनश्यति ।
नाय लोकोऽस्ति न परो न सुख सशयात्मन ॥

જે અજ્ઞાની છે શ્રદ્ધાવિહીન છે અને સંશયાત્મા છે તેનો નાશ થાય છે સંશયાત્માને આ લોક નથી પરલોક નથી સુખ

શકે? અર્થાત્ જ્ઞાન વગરનો સાધક દયાપ્રધાન સંયમને શી રીતે પાળી શકે? અથવા 'આ શ્રેય છે' અને 'આ અશ્રેય છે–પાપ છે, એમ અજ્ઞાની શી રીતે જાણી શકે?

(२८६) सोच्चा जाणइ कल्लाणं सोच्चा जाणइ पावगं ।
उभयं पि जाणइ सोच्चा. जं छेयं तं समायरे ॥५॥

૨૮૬. સાધક, સંત પુરુષોનાં વચનોને [5]સાંભળીને શ્રેયકર માર્ગને જાણી શકે છે. એ જ રીતે (સંત પુરુષોનાં વચનોને) સાંભળીને પાપકર માર્ગને પણ જાણી શકે છે. એ બંને માર્ગને સાંભળ્યા પછી જ તેમનું ખરું જ્ઞાન મળી રહે છે. માટે પ્રથમ શ્રવણ તરફ લક્ષ્ય કરવું અને પછી મનન તરફ સાવધાન બનવું. આમ કર્યા પછી જે શ્રેયરૂપ માર્ગ છે તેનું આચરણ કરવું.

---

૫. **સાંભળીને**—સરખાવો ગીતા અ૦ તેરમો શ્લો૦ ૨૫:

अन्ये त्वेवमजानन्त. श्रुत्वाऽन्येभ्य उपासते ।
तेऽपि चातितरन्त्येव मृत्यु श्रुतिपरायणा ॥

અર્થાત્ જે લોકોને આ પ્રકારની સમજણ નથી એવા અજાણ્યા બીજા લોકો, એવી સમજણ ધરાવનારા પાસેથી સાંભળીને આત્મા વિશે વિચાર કરે છે અને એ રીતે સાંભળવામાં તત્પર બનેલા તેઓ પણ મૃત્યુને તરી જ જાય છે.

જેમ મહાવીરવાણીના આ પદ્યમાં શ્રવણને કલ્યાણના જ્ઞાનનુ અને અકલ્યાણના જ્ઞાનનુ કારણ બતાવ્યુ છે તેમ ગીતામાં પણ ઉપરના પદ્યમાં શ્રવણની અગત્ય ઉપર ભાર મૂક્યો છે અને તેને મૃત્યુને તરી જવાનું નિમિત્ત બતાવ્યુ છે.

પુનર્જન્મ કે પરલોક જોયો નથી, એટલું જ નહિ પણ તે પોતાની ભોગપરાયણ કુટેવને લીધે પોતાના જેવા જ મનુષ્યો તરફ તદ્દન બેદરકાર બને છે અને પોતાની લાલસા પૂરી કરવા જતાં બીજાં મનુષ્યો વગેરે પ્રાણીઓ દુઃખી દુઃખી થતા હોય તેની પણ પરવા કરતો નથી.

(१८१) हत्थागया इमे कामा कालिया जे अणागया ।
को जाणइ परे लोए, अत्थि वा नत्थि वा पुणो ? ॥३॥

૧૮૧. જેઓ કામભોગોના લાલચુ બનેલા છે તેઓ આમ પણ ધારે છે કે 'આ કામભોગો તો હાથમાં આવેલા છે–પ્રત્યક્ષ છે અને કામભોગોનો સંયમ કરવાથી જે સારાં સારાં પરિણામો અમુક વખતે આવનારાં છે તે બધાં ય ભવિષ્યના ગર્ભમાં છે. અર્થાત્ તે કોણે જોયાં છે ? વળી, તે ભોગપરાયણ લોકો એમ પણ માનવાને કે કહેવાને અચકાતા નથી કે 'આ લોક સિવાય બીજો પણ કોઈ લોક છે અથવા આ લોક સિવાય બીજો પણ કોઈ લોક નથી એમ પણ કોણ જાણી શકે છે ?' અર્થાત્ ભોગી મનુષ્ય કામભોગોની આડે તેનાં ભવિષ્યનાં અનિષ્ટ પરિણામોની કશી પંચાતમાં પડતો જ નથી.

અર્થાત્ મારા આ આનંદમાં વિઘ્ન કરે એવાં જેઓ મારી નજીકમાં નજીક કે આસપાસ વા તેથી ય વધારે દૂર વસનારાં બીજાં મનુષ્યો વગેરે જે વિવિધ પ્રાણીઓ છે તેમનાં થોડાં ઘણા પણ સુખ સગવડ બાબત મેં કદી ય દરકાર કરેલી નથી–દરકાર કરવાનુ યોગ્ય પણ માન્યું નથી. ઉલટું મારી આ આનંદદાયક ભોગસામગ્રીની આડે આવનારાં બીજાં ...ષ્ય સુદ્ધાંનાં તમામ પ્રાણીઓનો જાણ્યે–અજાણ્યે વિનાશ કરતાં ય હું ...કાયો નથી' આમ આ બીજો અર્થ પણ બરાબર ઘટાવી શકાય.

(१८७) जो जीवे वि न जाणेइ, अजीव वि न जाणई ।
जीवाऽजीवे अयाणतो कह सो नाहिइ सजम ? ॥६॥

૨૮૭ ચેતન તત્ત્વને-જીવોને પણ જે જાણતો નથી અને અજીવોને પણ જે જાણતો નથી, તો પછી, જીવોને અને અજીવોને ન જાણતો-ન ઓળખતો એવો તે-સંયમના માર્ગને શી રીતે જાણી શકવાનો ?

(१८८) जो जीवे वि वियाणाइ, अजीवे वि वियाणइ ।
जीवाऽजीवे वियाणतो, सो हु नाहिइ सजम ॥७॥

૨૮૮ જે જીવોને પણ બરાબર જાણે છે અને અજીવોને પણ બરાબર જાણે છે, એમ જીવો અને અજીવોને બરાબર જાણતો એવો તે ખરેખર સંયમના માર્ગને સમજી શકે છે

(१८९) जया जीवमजीवे य, दो वि एए वियाणए ।
तया गइ बहुविह, सव्वजीयाण जाणइ ॥८॥

૨૮૯ જ્યારે જીવ તત્ત્વ અને અજીવ તત્ત્વ એ બન્નેને પણ જે સારી રીતે જાણે છે ત્યારે તે, તમામ જીવોની બહુ પ્રકારની ગતિને પણ બરાબર સમજી શકે છે અર્થાત્ જીવો પોતપોતાના વિવિધ સંસ્કારોને લીધે વિવિધ જન્મો ધારણ કરે છે તે હકીકત તેના ધ્યાનમાં આવે છે

(१९०) जया गइ बहुविह सव्वजीवाण जाणइ ।
तया पुण्ण च पाव च बध मोक्ख च जाणइ ॥९॥

૨૯૦ જ્યારે તમામ જીવોની બહુ પ્રકારની ગતિને જે જાણે છે તે જ, પુણ્ય અને પાપ તથા બંધ અને મોક્ષ સ્વરૂપને સમજી શકે છે.

(२९१) जया पुण्णं च पावं च बंधं मोक्खं च जाणइ ।
तया निव्विंदए भोए जे दिव्वे जे य माणुसे ॥१०॥

૨૯૧. જ્યારે પુણ્ય અને પાપનું તથા બંધ અને મોક્ષનું સ્વરૂપ બરાબર જાણવામાં આવે છે, ત્યારે જ સ્વર્ગીય ભોગો તરફ તથા માનવી ભોગો તરફ અરુચિ થાય છે– કંટાળો આવે છે; અર્થાત્ 'તે બને જાતના ભોગો સાર વગરના છે' એમ બરાબર સમજાય છે.

(२९२) जया निव्विंदए भोए जे दिव्वे जे य माणुसे ।
तया चयइ सजोगं सब्भिन्तरबाहिरं ॥११॥

૨૯૨. જ્યારે સ્વર્ગીય ભોગો ય સાર વગરના છે અને માનવી ભોગો ય સાર વગરના છે એમ બરાબર સમજમાં આવે છે, ત્યારે જ રાગદ્વેષોથી થતો આંતર સંબંધ અને બહારનો પણ સંબંધ આપોઆપ છૂટી જાય છે—તજી દેવાય છે.

(२९३) जया चयइ संजोगं सब्भिन्तरबाहिरं ।
तया मुण्डे भवित्ताणं पव्वयइ अणगारियं ॥१२॥

૨૯૩. જ્યારે રાગદ્વેષોથી થતો આંતર સંબંધ અને બહારનો સંકુચિત કૌટુંબિક સંબંધ પણ આપોઆપ છુટી જાય છે ત્યારે સાધક, માથું મુંડાવીને–સઘળા શણગાર છોડી દઈને અનગાર ભાવની પ્રવ્રજ્યાને સ્વીકારે છે. —અનગારની જેમ અનાસક્ત થઈને રહે છે.

(२९४) जया मुण्डे भवित्ताण पव्वयइ अणगारिय ।
तया सवरमुक्किट्ठ धम्म फासे अणुत्तर ॥१३॥

२९४ જ્યારે તે, માથુ મુડાવીને અને મનને પણ મુડાવીને અનગાર ભાવની પ્રવજ્યાને સ્વીકારે છે ત્યારે જ ઉત્તમોત્તમ સવરરૂપ ધર્મને સ્પર્શી શકે છે–અડકી–આચરી–શકે છે, અર્થાત્ ત્યારે જ અનાસક્ત રહીને પોતાની જીવનયાત્રાને બરાબર નભાવી શકે છે

(२९५) जया सवरमुक्किट्ठ धम्म फासे अणुत्तर ।
तया धुणइ कम्मरय अबोहिकलुस कड ॥१४॥

२९५. જ્યારે અનાસક્ત રહીને પોતાની જીવનયાત્રાને બરાબર નભાવી શકે છે ત્યારે જ તે અજ્ઞાનને લીધે જે જે ઘણા જુના એવા રાગદ્વેષમય જે સકુચિત સસ્કારો ચિત્તમા પડેલા હોય છે તે તમામને ખ ખેરી કાઢે છે અર્થાત્ અનાસક્ત ભાવે રહેનારના જીવનમા જ અહિસા વગેરેના આચરો વણુઈ જતા પછી ચિત્તમા વિશ્વબધુત્વનો ભાવ પ્રગટ થાય છે, અને એમ થયા પછી મારુ તારુ અથવા પોતાનુ પારકુ એવો ભાવ આપોઆપ છુટી જાય છે.

(२९६) जया धुणइ कम्मरय अबोहिकलुस कड ।
तया सव्वत्त्ग नाण दसण चाभिगच्छइ ॥१५॥

२९६ જ્યારે અજ્ઞાનને લીધે પેદા થએલ ઘણા જુના રાગદ્વેષમય એવા સકુચિત સસ્કારને ચિત્તમાથી ખ ખેરી કાઢે છે ત્યારે જ તે સર્વવ્યાપી જ્ઞાનને અને સર્વવ્યાપી દર્શનને મેળવી શકે છે.

(२९७) जया सव्वत्तगं नाणं दंसणं चाभिगच्छइ ।
तया लोगमलोगं च जिणो जाणइ केवली ॥१६॥

૨૯૭. સર્વવ્યાપી જ્ઞાનને અને સર્વવ્યાપી દર્શનને જ્યારે મેળવી શકે છે ત્યારે જ તે, જિન થાય છે–રાગદ્વેષો ઉપર સંપૂર્ણ જય મેળવે છે, કેવળી થાય છે–કેવળ આત્મામય થાય છે અને લોક તથા અલોકના સ્વરૂપને જાણી શકે છે.

(२९८) जया लोगमलोगं च जिणो जाणइ केवली ।
तया जोगे निरुंभित्ता सेलेसिं पडिवज्जइ ॥१७॥

૨૯૮. જ્યારે જિન થાય છે, કેવળી થાય છે અને લોક તથા અલોકના સ્વરૂપને જાણી લ્યે છે ત્યારે જ તે પોતાના મનની, પોતાના વચનની અને પોતાની કાયાની તમામ પ્રવૃત્તિઓને રોકી દઈને શૈલેશી દશાને એટલે હિમાલય પર્વત જેવી સ્થિર દશાને–અકંપ દશાને પામે છે.

(२९९) जया जोगे निरुंभित्ता सेलेसिं पडिवज्जइ ।
तया कम्मं खवित्ताणं सिद्धिं गच्छइ नीरओ ॥१८॥

૨૯૯. જ્યારે પોતાના મનની, પોતાના વચનની અને પોતાની કાયાની તમામ પ્રવૃત્તિઓને રોકી દઈને શૈલેશી દશાને પામે છે ત્યારે જ પોતાના તમામ મલિન સંસ્કારોનો–સંકુચિત સંસ્કારોનો–સમૂળ નાશ કરીને પૂર્ણ નિર્મળ થયેલો તે સિદ્ધિને પામે છે.

(३००) जया कम्मं खवित्ताणं सिद्धिं गच्छइ नीरओ ।
तया लोगमत्थयत्थो सिद्धो हवइ सासओ ॥१९॥

૩૦૦ અને જ્યારે પોતાના તમામ મલિન સંસ્કારોનો સમૂળ નાશ કરીને પૂર્ણ નિર્મળ થયેલો સાધક સિદ્ધિને—કૃતકૃત્યતાને—પામે છે ત્યારે જ તે સમગ્ર લોકના માથા ઉપર રહેનારો એવો શાશ્વત સિદ્ધ બને છે અર્થાત્ કૃતકૃત્યતાના ભાવને પામેલો સાધક સમસ્ત લોકનો શિરોમણિ બને છે અને કાયમી—જેનો કદી વિનાશ નથી એવો—સિદ્ધ બને છે

(१०१) सुहसायगस्स समणस्स सायाउलगस्स निगामसाइस्स ।
उच्छोलणापहोविस्स दुल्लहा सोग्गई तारिसगस्स ॥ ॥

૩૦૧ જે શ્રમણ, કેવળ પોતાના શરીરના[1] સુખોનો જ સ્વાદીયો છે, તે માટે જ વ્યાકુળ રહ્યા કરે છે અને જ્યારે જુઓ ત્યારે ખૂબ ખઈ પીને રાતો માતો રહી [illegible] ઊંઘ્યા કરે છે તથા શરીરની જ [illegible] ખણ્યું દોડ્યા કરે છે, એટલે હાથ [illegible] કરવા સારુ, [illegible] કરવા સારુ, મુખ સાફ કરવા સારુ, [illegible] કરવા સારુ, કપડાં સાફ કરવા સારુ તથા સુંદર દેખાવ [illegible], એમ વિવિધ પ્રવૃત્તિઓ માટે જ [illegible] કર્યા કરે છે તેવા

---

[1] શરીરના સુખોનો જ—[illegible] વગેરેને [illegible] સરખાવો ।

[illegible] ।
[illegible] ॥

જે [illegible] [illegible] લોકોને [illegible] હોય [illegible] એવો હોય તે [illegible] છે

શ્રમણુને માટે જીવઅજીવનું જાણપણું કે બંધમોક્ષની સમજ હોવી ય ભારે દુર્લભ છે. તો પછી સુગતિની કે સિદ્ધ થવાની તો શી વાત ?

(૩૦૨) तवोगुणपहाणस्स उज्जुमइखन्तिसंजमरयस्स ।
परीसहे जिणन्तस्स सुलहा सोग्गई तारिसगस्स ॥२१॥
[दश० अ० ४ गा० ७-२७]

૩૦૨. જે [૭]શ્રમણુની સાધના તપપ્રધાન છે, એટલે જે શ્રમણુ સંકલ્પપૂર્વક મનને, વચનને અને શરીરને રાગદ્વેષોથી કોરાં રાખે છે અને એ જ સાધ્યની સિદ્ધિ માટે તમામ પ્રકારનો શ્રમ કરે છે, સરળ બુદ્ધિનો છે, ક્ષમાવાન છે અને નિરંતર સંયમને કેળવવામાં જ લક્ષ્યવંત છે તથા એમ સાધના કરતાં કરતાં જે કોઈ પરિષહો આવી પડે, વિઘ્નો આવી પડે તેના ઉપર સદા જય મેળવતો રહે છે-વિઘ્નોથી કદી પાછો હઠતો નથી તેવો જ શ્રમણુ જીવઅજીવનો જાણુ કહેવાય, બંધ-મોક્ષના સ્વરૂપને સમજનારો ગણાય અને એવા શ્રમણુને માટે સિદ્ધ થવું કાંઈ કઠણુ નથી; ઉલટું ભારે સુલભ છે.

卐

૭. સરખાવો ઈ૦ ખ્રિ૦ પ૦ ઉ૦ ૨ "આ સંસારમાં જે દીન, દુ:ખી, નમ્ર, સ્વધર્મના ભૂખ્યા, દયાવંત, પવિત્ર મનના અને શાંતિ તથા સંપને વધારવાવાળા છે તે જ ખરેખરા ધન્ય છે; એ જ મોક્ષના અધિકારી છે; એ જ શાંતિ પ્રાપ્ત કરી શકવાના છે."

સરખાવો હ૦ મ૦ ઈ૦ "હુ કહું છુ કે કોઈ માણસ જે શાંત, સદાચારી અને બીજાના સુખે સુખી રહે છે તે નરકમાં નથી જતો. (પૃ૦ ૧૩૯)

२४

जातिमदनिवारण-सुत्त

(१०१) एगमेगे खलु जीवे अईअद्धाए असइं उच्चागोए,
असइं नीयागोए। × × ×

नो हीणे, नो अइरित्ते, इति संखाए के गोयावाई? के माणावाई?
कंसि वा एगे गिज्झे? तम्हा पंडिए नो हरिसे नो कुज्झे।
भूएहिं जाण पडिलेह सायं समिए एयाणुपस्सी ॥१॥
[आचारांग सूत्र, द्वि० अध्ययन, उद्देशक ३०, सूत्र १-२ ३]

२४

[1]જાતિમદનિવારણ-સૂત્ર

૩૦૩ ભૂતકાળમાં આ એકેએક જીવ ખરેખર અનેકવાર ઊંચ ગોત્રમાં ય જન્મેલો છે, અને ખરેખર અનેકવાર નીચ ગોત્રમાં ય જન્મેલો છે આ વાસ્તવિક હકીકતને ધ્યાનમાં રાખીએ તો પછી કોઈ મહત્તા દીધી નથી—ઓછો નથી—હીણો [illegible] પણ નથી તેમ જ કોઈ ઊંચો નથી—ઊંચી જાતનો નથી

1. કોઈ જાતિ [illegible] કે [illegible] આપ [illegible] [illegible] અથવા અનુપયમ [illegible] [illegible] [illegible] [illegible] પૂરતી જ નથી [illegible] અને [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] મહાવીર તો [illegible] [illegible] [illegible] [illegible] જુઓ ૨૧ મું [illegible]

આવું બરાબર સમજ્યા પછી કોણ ગોત્રવાદી બને? અર્થાત્ ગોત્રવાદને કોણ મહત્ત્વ આપે? તેમ જ કોણ માનવાદી બને? અર્થાત્ ગોત્રને લીધે અહંકારની વાત કોણ કરે–ઊંચા ગણાવાની વાત કોણ કરે? અથવા કેવળ ગોત્રને લીધે કોઈ એક પ્રાણી બીજા કોનામાં મમતા રાખે? બીજા કયા પ્રાણીમાં રાગ રાખે? માટે ખરી વાત એમ છે કે પંડિત પુરુષે–સમજુ મનુષ્યે–કેવળ ગોત્રવાદને લીધે ક્યાંય ફુલાવું નહિ, તેમ જ કોઈ ઉપર ગુસ્સો કરવો નહિ–ધુવાં ફુવાં થવું નહિ. જે માનવો આ હકીકતને સ્વાનુભવથી સમજે છે તેઓ તમામ પ્રાણીઓ તરફ સુખદુઃખની સ્થિતિમાં સહાનુભૂતિવાળા રહે અને આમ જોનારા–વર્તનારા–જ માનવો સમદર્શી કહેવાય.

(३०४) जे माहणे खत्तियजायए वा,
तहुग्गपुत्ते तह लेच्छई वा ।
जे पव्वइए परदत्तभोई,
गोत्ते ण जे थब्भति माणबद्धे ॥२॥

૩૦૪. જે કોઈ મનુષ્ય, ભિક્ષુ થએલો હોય અને બીજા પાસેથી ભિક્ષા મેળવીને પોતાની સંયમસાધના કરતો હોય તે, ભિક્ષુ થયા પહેલાં ભલેને બ્રાહ્મણ જાતનો હોય, ક્ષત્રિય જાતનો હોય, ઉગ્રવંશનો હોય કે કોઈ લિચ્છવીનો બેટો હોય તો પણ ભિક્ષુ થયા પછી પોતાની જાતનો, પોતાના ગોત્રનો ગર્વ ન કરે,–પોતાની જાતના કે પોતાના ગોત્રના અહંકારમાં બંધાએલો ન રહે.

(३०५) जे आवि अप्पं वसुमं ति मत्ता,
संखायवायं अपरिक्ख कुज्जा ।

वयण धाऽइ सद्दिउ त्ति मत्ता,
अण्ण जण पस्सति बिंबभूय ॥३॥

૩૦૫ 'આ બીજા કોઈ સંયમવાળા નથી, ફક્ત એકલો હું જ સંયમવાળો છું' એમ સમજીને જે, ગર્વ કરે અને પોતાની જાતને પૂરી રીતે ઓળખ્યા વિના જે પોતાને જ્ઞાની અને અથવા પોતે એકલો જ તપસ્વી છે, અને આ જે બીજાઓ છે તે તો ખેતરમાં ઉભા કરેલા ઘાસના ચાડીયાના જેવા છે એમ સમજે તે, 'શ્રમણ' નામને બિલકુલ લાયક નથી.

(१६) न तस्स जाइ व कुल व ताण,
णण्णत्थ विज्जाचरण सुचिण्ण ।
णिक्खम्म से सेवइऽगारिकम्म,
ण से पारए होइ विमोयणाए ॥८॥

૩૦૬ વિદ્યા એટલે જ્ઞાનસંપત્તિ અને આચરણસંપત્તિ એટલે સારી રીતે આચરેલા આચારોની સંપત્તિ. આ બે સિવાય બીજું કોઈ એવું શરણ નથી જે ભિક્ષુને દુઃખ ચક્રથી બચાવી શકે અર્થાત્ અભિમાની ભિક્ષુને તેના દુઃખ ચક્રથી તેની જાત કે તેનું કુળ, શરણ બચાવી શકતું નથી. આવું બધું સમજ્યા પછી પણ જે ભિક્ષુ જાતનું કે કુળનું કે ધનનું કે કુળનું અભિમાન કરે અને એમ કરીને બીજા ગૃહસ્થને ઉપદેશ માનવાનું પણ ન ચૂકે તે ભિક્ષુ, ભિક્ષુ નથી પણ ગૃહસ્થ છે—ગૃહવાસના પ્રપંચમાં પડેલો જ છે, એટલે જ એવો ભિક્ષુ તે (ભિક્ષુ), સંસારથી છૂટવાને ધર્મોપદેશના બહાને પણ મુક્તિને પામવા સમર્થ થઈ શકતો નથી.

(३०७) णिक्किंचणे भिक्खू सुलूहजीवी,
जे गारवं होइ सलोगगामी ।
आजीवमेयं तु अबुज्झमाणे,
पुणो पुणो विप्परियासुवेंति ॥५॥

૩૦૭. જે ભિક્ષુ અકિંચન છે, લૂખું-સૂકું ખાઈને પોતાની સાધના કરતો રહે છે છતાં ય જો તે, ગૃહસ્થોને ત્યાં ભિક્ષા માગવા જતાં પોતાની સુખ સગવડ માટે પોતાના ઊંચા ગણાતા કુલનો, વંશનો, ગોત્રનો કે જાતનો ગૌરવ કરે છે અર્થાત્ પોતે અમુક ઉત્તમ કુળનો છે વા અમુક ઉત્તમ વંશનો છે વા અમુક ઉત્તમ ગોત્રનો છે વા અમુક ઉત્તમ જાતનો છે એવું કહેતો ફરી પોતાની બડાઈ બતાવી ખાવાપીવા વગેરેની સગવડ મેળવવા પ્રયાસ કરે છે તો તે સંયમમય આજીવિકાને બરાબર સમજ્યો જ નથી અને એમ અભિમાન કરતો તે વારંવાર ભુલાવામાં પડે છે. અર્થાત પેટભરો બની ધ્યેયને ભૂલી જાય છે.

(३०८) पन्नामयं चेव तवोमयं च,
णिन्नामए गोयमयं च भिक्खू ।
आजीवगं चेव चउत्थमाहु,
से पंडिए उत्तमपोग्गले से ॥६॥

૩૦૮. જે સંયમપરાયણ ભિક્ષુ પ્રજ્ઞામદને નમાવે છે અર્થાત્ તદ્દન તજી દે છે તથા તપમદને નમાવે છે, ગોત્રમદને નમાવે છે અને ચોથા આજીવિકાના મદને નમાવે છે તે ભિક્ષુ, પંડિત છે અને ઉત્તમ કોટિનો આત્મા છે.

(१८२) जणेण सद्धिं होक्खामि, इइ बाले पगब्भई ।
कामभोगाणुराएण, केसं संपडिवज्जई ॥४॥

૧૮૨ વળી, તે અજ્ઞાની ભોગી એમ પણ કહેવાને જરા પણ ખચકાતો નથી કે 'આ દુનિયામાં હું એકલો જ ભોગી છું એમ તો નથી, બીજા પણ હજારો લોકો ભોગપરાયણ છે એટલે ભોગોનું જે કાંઈ અનિષ્ટ માઠું ફળ આવવાનું હશે તો તે બધાને જ એક સરખું આવશે, મારે માટે તો ભોગોનું અનિષ્ટ ફળ આવે અને બીજાઓ માટે ઇષ્ટ ફળ આવે એમ તો બનવાનું નથી, એટલે કેવળ મારે માટે જ ભોગોનું અનિષ્ટ ફળ આવે એમ તો થોડું જ બનવાનું છે અર્થાત્ જે[3] સૌનું થશે એ જ મારૂં પણ થશે ' એમ ધારીને વધુ બેશરમ બનેલો તે કામભોગી કામભોગોમાં પોતાનો વધુ વધુ રસ-રાગ-અનુરાગ બતાવી વિશેષ ક્લેશ પામે છે અને બીજાઓને પણ વિશેષ ક્લેશ થાય એમ વર્તે છે

(१८३) तओ से दंडं समारभई, तसेसु थावरेसु य ।
अट्ठाए य अणट्ठाए, भूयगामं विहिंसई ॥५॥

૧૮૩ એવું એવું નફફટ પણે વિચારી વધારે નફફટ બનેલો એ ભોગી મનુષ્ય, હાલતા ચાલતા એવા ત્રસ પ્રાણો તરફ ભારે ક્રૂરતાથી વર્તવાનું શરૂ કરે છે, તેમનો ઘાત સુદ્ધાં કરી નાખે છે અને જે પ્રાણીઓ ગતિ વગરના છે-સ્થાવર છે, તેમનો પણ ઘાત કરે છે પોતાનું કાંઈ પ્રયોજન સરતું હોય કે ન સરતું હોય તો પણ તે ભોગી એ રીતે તમામ પ્રાણીઓનો ઘાત કર્યા જ કરે છે

૩ 'સૌનું થાય તે વહુનું પણ થાય' એ કહેવત પ્રસિદ્ધ છે.

(१०९) एयाइं मयाइं विगिंच धीरा ।
ण ताणि सेवंति सुधीरधम्मा ।
ते सव्वगोत्तावगया महेसी,
उच्चं अगोत्तं च गतिं वयंति ॥७॥

[सूत्रकृ० श्रु० १, अ० १३,
गा० १०,८,११,१२,१५,१६]

૩૦૯ હે ધીર સાધક, તું એ તમામ મદોને કાપી નાખ–
કેમકે દૂર કર સુધીરતાના ધર્મને વરેલા સાધકો એ
મદોને રાખતા નથી તમામ ગોત્રોથી દૂર થએલ તે મહર્ષિઓ
ઉચ્ચ વગરની ઉત્તમ ગતિને પામે છે



२५

खामणा-सुत्त

(११०) सव्वस्स जीवरासिस्स भावओ धम्मनिहिअनियचित्तो ।
सव्वे खमावइत्ता खमामि सव्वस्स अहयं पि ॥१॥

૨૫

[1]ક્ષામણા-સૂત્ર

૩૧૦ ધર્માનુસારી [illegible] સ્થિર થઈને
હું મેં કરેલા અપરાધોની તમામ જીવો પાસે ક્ષમા

---

૧ ક્ષામણા—એટલે ક્ષમા [illegible]
[illegible]

માગું છું અને પછી તેમણે કરેલા અપરાધોની તેમને ક્ષમા આપું છું

મનથી, વચનથી કે શરીરથી જે પોતાના અપરાધો થયા હોય તેની ક્ષમા માગી લેવી અને ક્ષમા આપવી

આ પદ્ધતિ વૈદિક પરંપરામાં અને પારસી ધર્મની પરંપરામાં પણ છે. સરખાવો.

करचरणकृत वाक्कायज कर्मज वा
श्रवणनयनज वा मानसं वाऽपरावम् ।
विहितम् अविहिन वा सर्वम् एतत् क्षमस्व
जय जय करुणाब्धे ! श्रीमहादेव ! शम्भो ! ॥ ६

(આશ્રમ ભજનાવલિ–સવારની પ્રાર્થના)

હે કરુણાસાગર કલ્યાણકારી મહાદેવ ! જે અપરાધ હાથે થયો હોય, પગે થયો હોય, બોલવાથી થયો હોય, શરીરથી થયો હોય, કામ કરવાથી થયો હોય, કાનવડે થયો હોય, આંખવડે થયો હોય, મન વડે થયો હોય, વિધિ કરતાં થયો હોય વા અવિધિને લીધે થયો હોય તે તમામ જાતના અપરાધ માટે મને ક્ષમા કરો, તારો જય જયકાર થાઓ

ખોરદેહ અવેસ્તા નામના પારસી ધર્મગ્રંથમાં પૃ ૧૦૮ ઉપર 'પતેત પશેમાની' નામનું એક પ્રકરણ છે. તેમાં સર્વપ્રકારના દુષ્ટ વિચારો (हर्वस्तीन् दुष्मत–सर्व दुर्मत) દુષ્ટ વચનો (दुजूख्त–दुरुक्त) તથા દુષ્ટ વર્તન (दुज्वर्श्त–दुर्वृत्त) જે મન સંબંધી હોય–(मनश्नी) વચન સંબંધી હોય–(गवश्नी) અને કર્મ–કાર્ય–પ્રવૃત્તિ–સંબંધી હોય–(कुनश्नी) તથા જે અપરાધો શારીરિક હોય–(तनी) આત્માને લગતા હોય–(रवानी) આ જગત સંબધી હોય–(गेती) કે પરલોક સંબંધી હોય–(मीनोआनी) તે તમામની પરમેશ્વર પાસે મનથી, વચનથી અને શરીરથી ક્ષમા માગીને પવિત્ર થવાની હકીકત નોંધેલી છે.

सव्वस्स समणसंघस्स भगवओ अंजलिं करिअ सीसे।
सव्वं खमावइत्ता खमामि सव्वस्स अहयं पि ॥२॥

311 માથા ઉપર હાથ જોડીને નમ્રતાપૂર્વક સમસ્ત શ્રમણ સંઘની પાસે પહેલા જ મારા અપરાધોની ક્ષમા માગું છું અને પછી તેમણે કરેલા અપરાધોની નત મસ્તકે તેમને ક્ષમા આપું છું

आयरिए उवज्झाए सीसे साहम्मिए कुल-गणे य।
जे मे केइ कसाया सव्वे तिविहेण खामेमि ॥१॥

[आवश्यक सूत्र आयरिअसु० गा० ३, २, १]

312 આચાર્ય ભગવંત, ઉપાધ્યાય ભગવંત, શિષ્યગણ, સાધર્મિક બંધુઓ, શ્રમણોનું કુળ તથા શ્રમણોનો ગણ એ બધા પરત્વે મેં જે કોઈ પ્રકારના કષાયભાવો દેખાડ્યા હોય— ક્રોધ કર્યો હોય, અભિમાન બતાવ્યું હોય, લોભ કર્યો હોય અને માયા કપટ કર્યું હોય તો હું તે તમામ કષાયોને મન વચન અને કાયાએ એમ ત્રિવિધે ત્રિવિધે ખમાવું છું

खामेमि सव्वे जीवे सव्वे जीवा खमन्तु मे।
मित्ती मे सव्वभूएसु वेरं मज्झ न केणइ ॥४॥

[आवश्यक सूत्र वंदित्तुसू० गा० ४९]

313 હું તમામ જીવો પાસે મારા અપરાધોની ક્ષમા માગું છું અને એ તમામ જીવો અને પણ તેમના દ્વારા

મારા અપરાધોની ક્ષમા આપો. તમામ જીવો તરફ મારો [2]મૈત્રીભાવ છે અને મારે કોઈ પણ જીવની સાથે વેરઝેર નથી.

(૩૧૪) जं जं मणेण बद्धं जं जं वायाए भासिअं पावं ।
जं जं काएण कयं मिच्छा मि दुक्कडं तस्स ॥५॥
[आवश्यक सूत्र संथारासू० अंतिम गाथा]

૩૧૪. જે જે પાપપ્રવૃત્તિઓને મેં મનમાં સંકલ્પેલી હોય, જે જે પાપપ્રવૃત્તિઓને મેં વાણીથી કહી બતાવી હોય અને જે જે પાપપ્રવૃત્તિઓને મેં શરીર દ્વારા આચરી બતાવી હોય તે મારી તમામ પ્રવૃત્તિઓ અર્થાત્ તે મારાં તમામ પાપો-પાપમય આચરણો વિફળ બની જાઓ-મારું દુષ્કૃત મિથ્યા થાઓ—મિથ્યા મે દુષ્કૃતમ્—

---

૨. મૈત્રીભાવ—સરખાવો બૌદ્ધપરંપરાના લઘુપાઠમાં આવેલ મેત્તસૂત્રના શ્લોક :

माता यथा निय पुत्त सायुसा एकपुत्तमनुरक्खे ।
एव पि सव्वभूतेसु मानस भावये अपरिमाणं ॥
मेत्त च सव्वलोकस्मि मानस भावये अपरिमाण ।
उद्ध अधो च तिरिय य असबाधं अवेरं असपत्त ॥

જેમ માતા પોતાના પુત્રને-એકના એક પુત્રને પોતાનું આયુષ્ય આપીને પણ બચાવે એ જ પ્રમાણે વિશાળ મન રાખીને તમામ જીવોના કલ્યાણની ભાવના કરવી જોઈએ.

ઉપર-ઊંચે નીચે અને તિરછે એમ આખા ય લોકમાં બાધા વગરના-વૈર વગરના અસાધારણ મિત્રતાયુક્ત વિશાળ ચિત્તની ભાવના રાખવી જોઈએ.

महावीर-वाणी समाप्त.

प्रथम परिशिष्ट

[संस्कृतानुवादः]

: १ :

मङ्गल-सूत्रम्[1]

नमस्कारः

नमः अर्हद्भ्यः	(अर्हताम्) ।
नमः सिद्धेभ्यः	(सिद्धानाम्) ।
नमः आचार्येभ्यः	(आचार्याणाम्) ।
नमः उपाध्यायेभ्यः	(उपाध्यायानाम्) ।
नमः लोके सर्वसाधुभ्यः	(सर्वसाधूनाम्) ।

एष पञ्च-नमस्कारः सर्वपापप्रणाशनः ।
मङ्गलानां च सर्वेषाम् प्रथमं भवति मङ्गलम् ॥

मङ्गलम्

अर्हन्तः	मङ्गलम् ।
सिद्धाः	मङ्गलम् ।
साधवः	मङ्गलम् ।
केवलिप्रज्ञप्तः धर्मः	मङ्गलम् ।

१ 'सुत्त' इत्यस्य सूत्रम् इति ।

लोकोत्तमा.

अर्हन्तः लोकोत्तमाः ।
सिद्धाः लोकोत्तमाः ।
साधवः लोकोत्तमाः ।
केवलिप्रज्ञप्तः धर्मः लोकोत्तमः ।

शरणम्

अर्हतः शरणं प्रपद्ये ।
सिद्धान् शरणं प्रपद्ये ।
साधून् शरणं प्रपद्ये ।
केवलिप्रज्ञप्तं धर्म शरणं प्रपद्ये ।

: २ :

धर्म—सूत्रम्

धर्मः मङ्गलम् उत्कृष्टम् अहिंसा संयमः तपः ।
देवाः अपि तं नमस्यन्ति यस्य धर्मे सदा मनः ॥ १ ॥

अहिंसा सत्यं च अस्तेनकं च,
ततश्च ब्रह्म अपरिग्रहश्च ।
प्रतिपद्य पञ्च महाव्रतानि,
चरेत् धर्म जिनदेशितं विदुः ॥ २ ॥

प्राणान् च नातिपातयेत् अदत्तम् अपि च नाददीत ।
सादिकं[1] न मृषा ब्रूयात् एष धर्मः वृषीमतः[2] ॥ ३ ॥

जरा-मरणवेगेन उह्यमानानां प्राणिनाम् ।
धर्मः द्वीपः प्रतिष्ठा च गतिः शरणम् उत्तमम् ॥ ४ ॥

यथा शाकटिकः जानन् समं हित्वा महापथम् ।
विषमम् मार्गम् अवतीर्णः अक्षे भग्ने शोचति ॥ ५ ॥

एवं धर्मं व्युत्क्रम्य अधर्मं प्रतिपद्य ।
बालः मृत्युमुखं प्राप्तः अक्षे भग्ने[3] इव शोचति ॥ ६ ॥

या या व्रजति रजनी न सा प्रतिनिवर्तते ।
अधर्मं कुर्वाणस्य अफला यान्ति रात्रयः ॥ ७ ॥

या या व्रजति रजनी न सा प्रतिनिवर्तते ।
धर्मं च कुर्वाणस्य सफला यान्ति रात्रयः ॥ ८ ॥

जरा यावत् न पीडयति व्याधिः यावत् न वर्धते ।
यावद् इन्द्रियाणि न हीयन्ते तावद् धर्मं समाचरेत् ॥ ९ ॥

मरिष्यसि राजन्! यदा तदा वा
मनोरमान् कामगुणान् विहाय ।
एकः खलु धर्मः नरदेव! त्राणम्
न विद्यते अन्यदिह किञ्चित् ॥ १० ॥

१ [illegible] । २ [illegible] । ३ इव अर्थे ।

: ३ :

अहिंसा-सूत्रम्

तत्रेदं प्रथमं स्थानं महावीरेण देशितम् ।
अहिंसा निपुणा दृष्टा सर्वभूतेषु संयमः ॥ ११ ॥
यावन्तः लोके प्राणाः त्रसाः अथवा स्थावराः ।
तान् जानन् अजानन् वा न हन्यात् नोऽपि घातयेत् ॥ १२ ॥
स्वयम् अतिपातयेत् प्राणान् अथवा अन्यैः घातयेत् ।
घ्नन्तं वा अनुजानाति वैरं वर्धयति आत्मनः ॥ १३ ॥
जगन्निश्रितैः भूतैः त्रसनामभिः स्थावरैश्च ।
नो तेषामारभेत दण्डं मनसा वचसा कायश्चैव ॥ १४ ॥
सर्वे जीवा अपि इच्छन्ति जीवितुं न मर्तुम् ।
तस्मात् प्राणिवधं घोरं निर्ग्रन्था वर्जयन्ति णं[1] ॥ १५ ॥
अध्यात्म सर्वतः सर्वं दृष्ट्वा प्राणान् प्रियात्मकान् ।
न हन्यात् प्राणिनः प्राणान् भय-वैरात् उपरतः ॥ १६ ॥
सर्वाभिः अनुयुक्तिभिः मतिमान् प्रतिलेख्य[2] ।
सर्वे अकान्त(आक्रान्त)दुःखाश्च अतः सर्वान् न हिंस्यात् ॥ १७ ॥
एतत् खलु ज्ञानिनः सारं यत् न हिंसति[3] किंचन ।
अहिंसासमयं चैव एतावन्तं विजानीयात् ॥ १८ ॥

---

१ अलंकारसूचको निपात । २ पर्यालोच्य । ३ एतत् छान्दसं रूपं 'हिनस्ति' इत्यर्थे ।

संबुध्यमानः तु नरः मतिमान्,
पापात् आत्मानं निवर्तयेत् ।
हिंसाप्रसूतानि दुःखानि मत्वा,
वैरानुबन्धीनि महाभयानि ॥ १९ ॥

समता सर्वभूतेषु शत्रु-मित्रेषु वा जगति ।
प्राणातिपातविरतिः यावज्जीवं दुष्करम् ॥ २० ॥

• ४ •

सत्य-सूत्रम्

नित्यकालाऽप्रमत्तेन मृषावादविवर्जनम् ।
भाषितव्यं हितं सत्यं नित्याऽऽयुक्तेन दुष्करम् ॥ १ ॥

आत्मार्थं परार्थं वा क्रोधात् वा यदि वा भयात् ।
हिंसकं न मृषा ब्रूयात् नोऽपि अन्यं वादयेत् ॥ २ ॥

मृषावादश्च लोके सर्वसाधुभिर्गर्हितः ।
अविश्वास्यश्च भूतानाम् तस्मात् मृषा विवर्जयेत् ॥ ३ ॥

न लपेत् पृष्टः सावद्यं न निरर्थं न मर्मगम् ।
आत्मार्थं परार्थं वा उभयस्यान्तरेण वा ॥ ४ ॥

तथैव सावद्यानुमोदनी गिरा ।
अवधारिणी या च परोपघातिनी ॥
स क्रोधात् लोभात् भयात् हास्यात् मानवः ।
न हसमानः (हसन्नपि) अपि गिरं वदेत् ॥ ५ ॥

दृष्टां मिताम् असंदिग्धां प्रतिपूर्णां व्यक्ताम् ।
अजल्पनाम् अनुद्विग्नां भाषां निसृज आत्मवान् ॥ २६ ॥

भाषायाः दोषांश्च गुणांश्च ज्ञात्वा (अथवा जानीयात्),
तस्याश्च दुष्टान् परिवर्जयेत् सदा ।
षट्सु संयतः श्रामण्ये सदा यतः,
वदेत् बुद्धः हितम् आनुलोमिकम् ॥ २७ ॥

स्वयं समेत्य अदो वाऽपि(अथवाऽपि) श्रुत्वा,
भाषेत धर्मं हितदं प्रजानाम् ।
ये गर्हिताः सनिदानप्रयोगाः[1]
न तान् सेवन्ते सुधीरधर्माः ॥ २८ ॥

स्ववाक्य-शुद्धिं समुत्प्रेक्ष्य मुनिः,
गिरं च दुष्टां परिवर्जयेत् सदा ।
मिताम् अदुष्टाम् अनुविच्य[2] भाषते,
सतां मध्ये लभते प्रशंसनम् ॥ २९ ॥

तथैव काणं काणः इति पण्डगं पण्डगः इति वा ।
व्याधितं वाऽपि रोगी इति स्तेनं चौरः इति नो वदेत् ॥ ३० ॥

वितथाम् अपि तथामूर्तिं यां गिरं भाषते नरः ।
तस्मात् स स्पृष्ट पापेन किं पुनः यः मृषा वदेत् ? ॥ ३१ ॥

---

१ धर्मप्रभावेण 'अहं धनपतिर्भवेयम्, राजा देवो वा भवेयम्' इत्यादिका आसक्तिप्रधाना आशातृष्णाप्रेरिता प्रयोगाः । २ सविशेषं सविवेकं चिन्तयित्वा ।

(१८४) हिंसे बाले मुसावाई, माइल्ले पिसुणे सढे ।
भुंजमाणे सुरं मंसं, सेयमेयं ति मन्नई ॥६॥

૧૮૪. આમ કરતો કરતો એ અજ્ઞાની ભોગી, [4]ભારે હિંસક બની જાય છે, ખોટું બોલવાનો આદી થઈ જાય છે, દંભી બની જાય છે, ચાડીયો થાય છે અને શઠતા સુધી પહોંચી જાય છે, તથા તે, એટલે સુધી અવળે માર્ગે ચડી જાય છે કે માંસ ખાતો અને દારૂ પીતો તે, પોતાને સારુ એ શ્રેયરૂપ છે-કલ્યાણરૂપ છે-હિતકર છે એમ માનતો થઈ જાય છે.

(१८५) कायसा वयसा मत्ते, वित्ते गिद्धे य इत्थिसु ।
दुहओ मलं संचिणइ, सिसुनागु व्व मट्टियं ॥७॥

૧૮૫. ધનમાં અને સ્ત્રીઓમાં [5]તનથી અને વચનથી આસક્ત બનેલો તે, અળસિયાની પેઠે બહારથી અને અંદરથી

---

૪ ભારે હિંસક—સરખાવો ધમ્મપદ અઢારમો મલવર્ગ શ્લો० ૧૨, ૧૩ :

यो पाणमतिपातेति मुसावाद च भासति ।
लोके अदिन्न आदियति परदारं च गच्छति ॥
सुरामेरयपान च यो नरो अनुयुञ्जति ।
इधेवमेसो लोकस्मि मूल खणति अत्तनो ॥

જીવને જે મારે છે, અસત્ય બોલે છે, ચોરી કરે છે, પરદારગમન કરે છે, મદ્યપાન તથા મધુપાનમાં લાગેલો છે, તે આ જીવનમાં જ પોતાનાં મૂળિયાં ખોદે છે.

[5] તનથી આસક્ત થવું એટલે સ્ત્રીઓ સાથે અમર્યાદ શરીર-
[illegible] અથવા સ્ત્રીઓનાં શરીર ઉપર અત્યંત રાગ રાખવો.
[illegible]સક્ત થવું એટલે વાણી પણ સ્ત્રીમય બની જવી.

: ६ :

ब्रह्मचर्य-सूत्रम्

विरतिः अब्रह्मचर्यस्य कामभोगरसज्ञेन ।
उग्रं महाव्रतं ब्रह्म धारयितव्यं सुदुष्करम् ॥ ३८ ॥

अब्रह्मचर्यं घोरं प्रमादं दुरधिष्ठितम् ।
नाऽऽचरन्ति मुनयः लोके भेदायतनवर्जिनः ॥ ३९ ॥

मूलमेतद् अधर्मस्य महादोषसमुच्छ्रयम् ।
तस्मात् मैथुनसंसर्गं निर्ग्रन्थाः वर्जयन्ति तम् ॥ ४० ॥

विभूषा स्त्री-संसर्गः प्रणीतं रसभोजनम् ।
नरस्यात्मगवेषिणः विषं तालपुटं यथा ॥ ४१ ॥

न रूपलावण्यविलासहासं,
न जल्पितम् इङ्गित-प्रेक्षितं वा ।
स्त्रीणां चित्ते निवेशयित्वा,
द्रष्टुं व्यवस्येत् श्रमणः तपस्वी ॥ ४२ ॥

अदर्शनं चैव अप्रार्थनं च,
अचिन्तनं चैव अकीर्तनं च ।
स्त्रीजनस्याऽऽर्यध्यानयोग्यं,
हितं सदा ब्रह्मव्रते रतानाम् ॥ ४३ ॥

मनःप्रह्लादजननीम् कामरागविवर्धनीम् ।
ब्रह्मचर्यरतः भिक्षुः स्त्रीकथां तु विवर्जयेत् ॥ ४४ ॥

समं च संस्तवं स्त्रीभिः संकथां च अभीक्ष्णम् ।
ब्रह्मचर्यरतः भिक्षुः नित्यशः परिवर्जयेत् ॥ ४५ ॥

अङ्गप्रत्यङ्गसंस्थानं चारूल्लपित-प्रेक्षितम् ।
ब्रह्मचर्यरतः स्त्रीणां चक्षुर्ग्राह्यं विवर्जयेत् ॥ ४६ ॥

कूजितं रुदितं गीतं हसितं स्तनितं क्रन्दितम् ।
ब्रह्मचर्यरतः स्त्रीणां श्रोत्रग्राह्यं विवर्जयेत् ॥ ४७ ॥

हास्यं क्रीडां रतिं दर्पं सहसाऽवत्रासितानि च ।
ब्रह्मचर्यरतः स्त्रीणां नानुचिन्तयेत् कदाचिदपि ॥ ४८ ॥

प्रणीतं भक्तपानं तु क्षिप्रं मदविवर्धनम् ।
ब्रह्मचर्यरतः भिक्षुः नित्यशः परिवर्जयेत् ॥ ४९ ॥

धर्मलब्धं मितं काले यात्रार्थं प्रणिधानवान् ।
नातिमात्रं तु भुञ्जीत ब्रह्मचर्यरतः सदा ॥ ५० ॥

यथा दवाग्निः प्रचुरेन्धने वने,
समारुतः नोपशमम् उपैति ।
एवमिन्द्रियाग्निः अपि प्रकामभोजिनः
न ब्रह्मचारिणः हिताय कस्यचित् ॥ ५१ ॥

विभूषां परिवर्जयेत् शरीरपरिमण्डनम् ।
ब्रह्मचर्यरतः भिक्षुः शृङ्गारार्थं न धारयेत् ॥ ५२ ॥

[illegible]
[illegible]

दुर्जयान् कामभोगान् च नित्यशः परिवर्जयेत् ।
शङ्कास्थानानि सर्वाणि वर्जयेत् प्रणिधानवान् ॥ ५४ ॥

कामानुगृद्धिप्रभवं खलु दुःखम्,
सर्वस्य लोकस्य सदेवकस्य ।
यत् कायिकं मानसिकं च किंचित्,
तस्याऽन्तकं गच्छति वीतरागः ॥ ५५ ॥

देवदानवगान्धर्वाः यक्षराक्षसकिन्नराः ।
ब्रह्मचारिणं नमस्यन्ति दुष्करं ये करन्ति तत् ॥ ५६ ॥

एष धर्मः ध्रुवः नित्य· शाश्वतः जिनदेशितः ।
सिद्धाः सिध्यन्ति चानेन सेत्स्यन्ति तथा परे ॥ ५७ ॥

: ७ :

अपरिग्रह-सूत्रम्

न सः परिग्रहः प्रोक्तः ज्ञातपुत्रेण तायिना ।
मूर्छा परिग्रहः प्रोक्तः इति प्रोक्तं महर्षिणा ॥ ५८ ॥

धन-धान्य-प्रेष्यवर्गेषु परिग्रहविवर्जनम् ।
सर्वारम्भपरित्यागः निर्ममत्वं सुदुष्करम् ॥ ५९ ॥

विडमुद्भेदिमं लवणं तैलं सर्पिश्च फाणितम् ।
न ते सन्निधिमिच्छन्ति ज्ञातपुत्रवचोरताः ॥ ६० ॥

यदपि वस्त्रं च पात्रं वा कम्बलं पादप्रोञ्छनम् ।
तदपि संयमलज्जार्थं धारयन्ति परिहरन्ति च ॥ ६१ ॥

वस्त्रादिना मुख्याः संरक्षण-परिग्रहे ।
अपि आत्मनोऽपि देहे नाचरन्ति ममायितम् (ममत्विकम्)॥ ६२ ॥

लोभस्यैव अनुस्पर्शः मन्ये अन्यतरमपि ।
यः स्यात् सन्निधिकामः गृही प्रव्रजितः न सः ॥ ६२ ॥

चित्तवत् अचित्तं वा परिगृह्य कृशमपि ।
अन्यं वा अनुजानाति एवं दुःखात् न मुच्यते ॥ ६४ ॥

यथा द्रुमस्य पुष्पेषु भ्रमरः आपिबति रसम् ।
न च पुष्पं क्लामयति स च प्रीणयति आत्मानम् ॥ ६५ ॥

: ८ :

अरात्रिभोजन-सूत्रम्

अस्तंगते आदित्ये पुरस्तात् च अनुद्गते ।
आहारमादिकं सर्वं मनसाऽपि न प्रार्थयेत् ॥ ६६ ॥

सन्तीमे सूक्ष्माः प्राणाः त्रसा अथवा स्थावराः ।
यान् रात्रौ अपश्यन् कथमेषणीयं चरेत् ? ॥ ६७ ॥

उदकार्द्रं बीजसंसक्तं प्राणाः निपतिता मह्याम् ।
दिवा तानि विवर्जयेत् रात्रौ तत्र कथं चरेत् ? ॥ ६८ ॥

एतं च दोषं दृष्ट्वा ज्ञातपुत्रेण भाषितम् ।
सर्वाहारं न भुञ्जन्ति निर्ग्रन्था रात्रिभोजनम् ॥ ६९ ॥

चतुर्विधेऽपि आहारे रात्रिभोजनवर्जना ।
सन्निधि-संचयश्चैव वर्जितव्यः सुदुष्करम् ॥ ७० ॥

प्राणिवध-मृषावादा-ऽदत्त-मैथुन-परिग्रहात् विरतः ।
रात्रिभोजनविरतः जीवो भवति अनास्रवः ॥ ७१ ॥

: ९ :

विनय-सूत्रम्

मूलात् स्कन्धप्रभवः द्रुमस्य
स्कन्धात् पश्चात् समुपयन्ति शाखाः ।
शाखाप्रशाखाभ्यः विरोहन्ति पत्राणि
ततश्च तस्य पुष्पं फलं रसश्च ॥ ७२ ॥

एवं धर्मस्य विनयः मूलं परमः तस्य मोक्षः ।
येन कीर्तिंश्रुतं श्लाघ्यं (शीघ्रं) निश्शेषं चाभिगच्छति ॥ ७३ ॥

अथ पञ्चभिः स्थानैः यैः शिक्षा न लभ्यते ।
स्तम्भात् क्रोधात् प्रमादेन रोगेणाऽऽलस्यकेन च ॥ ८४ ॥

अथ अष्टभिः स्थानैः शिक्षाशील इति उच्यते ।
अहसनः सदादान्तः न च मर्म उदाहरेत् ॥ ७५ ॥

नाशीलः न विशीलः न स्यात् अतिलोलुप ।
अक्रोधनः सत्यरतः शिक्षाशील इति उच्यते ॥ ७६ ॥

आज्ञानिर्देशकरः गुरूणामुपपातकारकः ।
इङ्गिताकारसंप्रज्ञः स विनीत इति उच्यते ॥ ७७ ॥

अथ पञ्चदशभिः स्थानैः सुविनीत इति उच्यते ।
नीचवृत्तिः अचपलः अमायी अकुतूहलः ॥ ७८ ॥

अल्पं चाधिक्षिपति प्रबन्धं च न करोति ।
मित्रीयमाणो भजति श्रुतं लब्ध्वा न माद्यति ॥ ७९ ॥

न च पापपरिक्षेपी न च मित्रेषु कुप्यति ।
अप्रियस्यापि मित्रस्य रहसि कल्याणं भाषते ॥ ८० ॥

कलहडमरवर्जकः बुद्धः अभिजातिकः ।
ह्रीमान् प्रतिसंलीनः सुविनीत इति उच्यते ॥ ८१ ॥

आज्ञानिर्देशकरः गुरूणामनुपपातकारकः ।
प्रत्यनीकः असंबुद्धः अविनीत इति उच्यते ॥ ८२ ॥

अभीक्ष्णं क्रोधी भवति प्रबन्धं च प्रकरोति ।
मित्रीयमाणो वमति श्रुतं लब्ध्वा माद्यति ॥ ८३ ॥

अपि पापपरिक्षेपी अपि मित्रेषु कुप्यति ।
सुप्रियस्यापि मित्रस्य रहसि भाषते पापकम् ॥ ८४ ॥

प्रकीर्णवादी द्रोही स्तब्धो लुब्धोऽनिग्रहः ।
असंविभागी अचियत्तः अविनीत इति उच्यते ॥ ८५ ॥

[illegible]
[illegible]

[illegible]

सत्कारयेत् शिरसा प्राञ्जलिकः
काय-गिरा भोः ! मनसा च नित्यम् ॥ ८६ ॥

स्तम्भात् वा क्रोधात् वा मद-प्रमादात्,
गुरुसकाशे विनयं न शिक्षेत ।

स चैव तु तस्य अभूतिभाव·
फलं च [1]कीचस्य वधाय भवति ॥ ८७ ॥

विपत्तिः अविनीतस्य संपत्तिः विनीतस्य च ।
यस्यैतत् द्विधा ज्ञातं शिक्षां स अभिगच्छति ॥ ८८ ॥

: १० :

चातुरङ्गीय–सूत्रम्

